

# ભાવયાત્રા
# વંદના-સંવેદના

- પં. મુનીશરત્ન વિજય
- પં. જીવેશરત્ન વિજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તસ્મૈ શ્રી ગુરવે નમઃ

ઋણ સ્મૃતિ

પાંપણ ઝૂકે ને તમને નમન થઈ જાય છે
મસ્તક ઝૂકે ને તમને વંદન થઈ જાય છે.



આ. પ્રેમસૂરિજી મ. સા.



આ. ભુવનભાનુસૂરિજી મ.



આ. જયઘોષસૂરિજી મ.



આ. જિતેન્દ્રસૂરિજી મ.

પથ્થર સરીખા અમતણા આપ કુશળ શિલ્પી બન્યા
પ્રેમના હથોડા મારી અમારા ઘાટ ઘડ્યા
સમતાથી સમજાવ્યા... ભાવથી ભણાવ્યા અને વાત્સલ્ય નીરે નવરાવ્યા
એ ઉપકાર શેં ભૂલાય ???



વિદ્યાદાતા ગુરુદેવ
મોક્ષરત્ન વિજયજી મ.



દીક્ષાદાતા ગુરુદેવ
આ. ગુણરત્નસૂરિજી મ.



વિદ્યા દાતા ગુરુદેવ
આ. રશ્મિરત્નસૂરિજી મ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# તુભ્યં સમર્પણમ્

"અખંડ નિર્મળ સંયમ જેનું, સદા સુવાસિત ચંદન,
પરમગુરુશ્રી પ્રેમસૂરિજીને નિત નિત મારા વંદન,
ભુવનભાનુ - જયઘોષ - જિતેન્દ્ર, નામ છે પાપ નિકંદન,
ગુણરત્નાકર ગુણરત્નસૂરિજીને, શ્રદ્ધાથી કરું વંદન"

પૂ. આ. ગુણરત્નસુરિજી આચાર્યપદ રજત જયંતિ વર્ષ

દેહાતિત બનવાની સાધના માટે દેહ અર્પણ કરનારા
ભાવયાત્રા તથા જાપ વડે, ગુરુકૃપાએ સંયમ સૌંદર્ય સર્જનારા







દીક્ષા
રજત જયંતિ વર્ષ

પૂ. ભાગ્યેશરત્ન વિ. મ.
(પિતાજી મ.)

પૂ. સા. ગીર્વાણ રેખાશ્રીજી મ.
(માતુશ્રી મ.)

આપના આશીર્વાદની વૃષ્ટિથી અમારી જીવન સૃષ્ટિ
સાધનાની સુવાસ અને પવિત્રતાની પરિમલથી સદાય સુવાસિત રહે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ભાવયાત્રા - વંદના - સંવેદના

હૃદયસ્પર્શી ભાવયાત્રા, સંવેદના, વંદનાવલી
તથા હોટ ફેવરીટ ગીતોયુક્ત ઓલ ઈન વન નવલું નજરાણું

**સંપાદક**

દીક્ષા દાનેશ્વરી પૂ. આ. ભ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્નો
પંન્યાસ મુનીશરત્ન વિજય
પંન્યાસ જીવેશરત્ન વિજય

## પ્રાપ્તિસ્થાન

**વિક્રમકુમાર ભોગીલાલ સલોત**
૧૦૨, માધવ શાંતિ એપાર્ટમેન્ટ, શિલ્પી નગર,
કાળા નાળા, ભાવનગર (સૌરાષ્ટ્ર) - ૩૬૪૦૦૧
મો. ૯૪૨૭૭ ૫૫૪૧૪ (વિક્રમભાઈ)
૯૪૨૮૫ ૮૯૮૭૮ (રૂષભભાઈ)

**વિશાલ જગદીશભાઈ મહેતા**
મહેતા એન્ટરપ્રાઈઝ
ઈ-૫, ન્યુ માધુપુરા માર્કેટ,
કમિશનર ઓફિસ પાસે, શાહીબાગ,
અમદાવાદ - ૩૮૦૦૦૪
મો. ૯૮૯૮૯૨૪૯૨૪, ૮૦૦૦૦૮૫૩૫૧,
૯૪૨૬૫૧૦૧૭૨, ૨૨૮૬૬૧૫૯

**જીતેન્દ્રકુમાર મહેતા**
ક્લીન્ટ એપાર્ટમેન્ટ,
'એ' વીંગ, પહેલે માળે, ૬૦ ફુટ રોડ,
બાવન જિનાલય પાસે, ભાઈન્દર (વેસ્ટ),
મુંબઈ-૪૦૧૧૦૧
મો. ૦૯૮૯૨૭૧૩૧૨૮

**સંકલ્પ : પુસ્તકનો હું રોજ ઉપયોગ કરીશ.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાના આશીર્વચન



વાચક શ્રી વિમલના રામ ભગવાનને રિઝવતા કહે છે કે 'અમે ભક્તિ યોગે આણશું મનમંદિર તુમ આજ.' તો વળી મહોપાધ્યાય યશોવિજય ગણીશ્રી કહે છે - 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી.' શ્રી આનંદઘનજી મ. કહે છે - 'ઋષભ જિનેશ્વર પ્રીતમ મારો ઓર ન ચાહું રે કંત' આવી અનેક રીતે ભક્તહૃદય ધરનારા કવિ મહાપુરુષોએ માત્ર ભગવાનનાં નહી, ભક્તિના પણ વખાણ કર્યા છે.

ભીની માટીમાંથી જ તમે કોઈ પણ મનગમતું રમકડું - શિલ્પ નિપજાવી શકો, હૃદયમાં ભક્તિની ભીનાશ હોય તો જ તમે ભગવાનની ઉપાસનાનું બેનમૂન શિલ્પ કંડારી શકો.

ચિત્તશુદ્ધી વગર સાધનાના માર્ગે પ્રગતિ શક્ય છે? ના. ભક્તિના જલથી ધોવાય તો જ ચિત્તની દિવાલ ઉજળી બને, એના વગર દિવાલ ઉપર કરેલું ચીતરામણ છાર પર લીપણા જેવું થાય.

આ પ્રસ્તુત ગ્રન્થ, શુષ્ક હૃદયવાળા સાધકને ઉપાસનાના માર્ગે પ્રગતિ કરવા માટે ઉત્તમ કોટિનું ભક્તિબળ પૂરું પાડે એટલું સક્ષમ છે. ક્યારેક કોઈ દેરાસરમાં જઈને બેસી જાઓ, બે ચાર પાંચ ભાવયાત્રાઓ કરતાં કરતાં ભક્તિરસમાં ડૂબી જાઓ એ જ શુભકામના.

આ. જયસુંદરસૂરિ

**રત્નત્રયી આરાધના માટે**
**સાદર સમર્પણ**

આ. જયઘોષસૂરિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શુભાશીર્વાદ





ભક્તિ કો પ્રેમ મેં બહા દો, કૃષ્ણ બન જાઓગે,
ભક્તિ કો ધ્યાન મેં બહા દો, બુદ્ધ બન જાઓગે,
ભક્તિ કો કરુણા મેં બહા દો, મહાવીર બન જાઓગે,
ભક્તિ કો પ્રભુ મેં બહા દો, ભગવાન બન જાઓગે.



શુદ્ધાતમ ઉપયોગને પ્રગટ કરવા વિરતિમાં ડાહ્યા બનવાનું છે અને ભક્તિમાં ગાંડા બનવાનું છે. ભક્તિ અને વિરતિની પાંખે જીવાત્મા મુક્તિ તરફ ઉડ્ડયન કરે છે. જિનશાસનનાં અસંખ્યયોગોમાં આબાલ-ગોપાલ જોડાઈ શકે તેવો યોગ ભક્તિયોગ છે!

જે સમયમાં બાળકો લેશનમાં, યુવાનો વ્યસનમાં, બ્હેનો ફેશનમાં અને ભાઈઓ ટેન્શનમાં ડુબી રહ્યા હોય... ચારેય બાજુ "ડુબાણં ડોલયાણં" નો હાહાકાર મચ્યો હોય ત્યારે "તિણ્ણાણં તારયાણં" એવા પરમાત્માને શરણે જવા... રહેવા... પરમાત્માને મળવા... પરમાત્મામાં ભળવા પંન્યાસશ્રી મુનીશરત્નવિજયજી અને પંન્યાસશ્રી જીવેશરત્નવિજયજી દ્વારા સંપાદિત, આ પુસ્તિકા ઉપયોગી બનશે.

એમણે અપાર પરિશ્રમ કરી અનેકવિધ વંદનાવલીઓની સંકલના કરી છે. એની અનેક આવૃત્તિઓ છપાઈ ચૂકી છે. અંતે પરમાત્મ ભક્તિમાં ઓળઘોળ થઈ વિરતિના પંથે સહ મુક્તિ વરે... એજ શુભમંગલકામના...



**આચાર્ય ગુણરત્નસૂરિ**

**આચાર્ય રશ્મિરત્નસૂરિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પુસ્તક વિમોચન



મણીલાલભાઈ

## મણીલાલ લાલચંદ દોશી
## ગળીવાળા (દાઠાવાળા) પરિવાર



રંભાબેન



હર્ષદરાય મણીલાલ



વિલાસબેન હર્ષદરાય



હેમેન્દ્ર મણીલાલ



ઈન્દુમતી હેમેન્દ્ર



મનહરભાઈ મણીલાલ



રેખાબેન મનહરભાઈ



પ્રફુલભાઈ મણીલાલ



મીતાબેન પ્રફુલભાઈ

દાન ધર્મનો
જય જયકાર
તપ ધર્મનો
જય જયકાર



જયપ્રકાશ મણીલાલ



હર્ષાબેન જયપ્રકાશ

વર્ષિતપના તપસ્વી
અમર રહો

ધન્ય છે ચાંદી યુક્ત મીનાકારી કટોરીવાળા જિનાલયથી શોભતી દાઠા નગરીના સપુતોને !!! જેઓશ્રીએ શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાલિત યાત્રા સંઘ, ફા.સુ. ૧૩ પાલીતાણા છગાંઉની યાત્રામાં પાણીની વ્યવસ્થા, ઘોઘારી જ્ઞાતિ સમાજ માટે શ્રી સમેત શીખરજી યાત્રાના મુખ્ય સંઘપતિ આદિ અનેક સુકૃતોનો લાભ લીધેલ છે. તેની ભૂરિ ભૂરિ અનુમોદના...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પુસ્તક વિમોચન



સ્વ. રતિલાલ જીવરાજભાઈ



સ્વ. અજીતભાઈ રતિલાલ



સ્વ. કમળાબેન રતિલાલ

## સ્વ. કમળાબેન રતિલાલ જીવરાજ શાહ (મહુવાવાળા) પરિવાર

હસમુખભાઈ રતિલાલ શાહ
કાન્તાબેન હસમુખભાઈ શાહ

ચંદ્રકાંતભાઈ રતિલાલ શાહ
રમાબેન ચંદ્રકાન્તભાઈ શાહ

શૈલેષભાઈ રતિલાલ શાહ
ઈલાબેન શૈલેષભાઈ શાહ



હર્ષદભાઈ રતીલાલ



અરૂણાબેન હર્ષદભાઈ



કેવિન હર્ષદભાઈ



તેજલબેન કેવિનભાઈ



શ્રેય કેવિનભાઈ



રોહિતકુમાર રતીલાલ



કાશ્મીરાબેન રોહિતકુમાર



કૃણાલકુમાર



ફેમિનાબેન



જાન્વી



યાના



ભાવિકકુમાર



ભૂમિકાબેન



ખુશી

શત્રુંજય મહાતીર્થ તથા શંખેશ્વર તીર્થની પંચતીર્થીની યાત્રાઓ કરાવી.
શ્રી સિદ્ધચક્ર - ભક્તામર આદિ પૂજનો
ઘોઘારી જ્ઞાતી સમાજમાં કેળવણીમાં વિશેષ યોગદાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણેક સ્થંભ

કેસર કંકુના છાંટણા


સ્વ. જયંતીલાલ બાપાલાલ


સ્વ. જસુમતીબેન જયંતીલાલ


યોગેશ જયંતીલાલ શાહ


ભારતી યોગેશ શાહ

સ્વ. જસુમતીબેન
જયંતીલાલ
બાપાલાલ
શાહ
(વરતેજવાળા)
પરિવાર


જીલ યોગેશ શાહ


મનાલી યોગેશ શાહ


વિપુલ જયંતીલાલ શાહ


બિનાબેન વિપુલ શાહ


જૈની વિપુલ શાહ


મીત વિપુલ શાહ

રત્ન સ્થંભ

ગુરૂ મ.સા.ને
અર્પણ


જસવંતભાઈ જેઠાલાલ શાહ ❖ નયનાબેન જસવંતભાઈ (દાઠાવાળા)


સમીર જે. શાહ


પરીતા એસ. શાહ

સ્તુતિ એસ.
યસ્વિ એસ.
લબ્ધિ વી.
જિનાંગ વી
જિનય વી.


વિશાલ જે. શાહ


નમ્રતા વી. શાહ

સુવર્ણ સ્થંભ ❖ સાધ્વીજી ભ.ને અર્પણ


સ્વ. જયંતિલાલ તારાચંદ શાહ

પીયુષ જયંતિલાલ શાહ
કલ્પના પીયુષકુમાર શાહ
શ્રદ્ધા, પ્રીયા, અનેરી

ચેતન જયંતિલાલ શાહ
ચારૂ ચેતનકુમાર શાહ
અભિષેક, પૂજન

દાઠાવાળા પરિવાર


પુષ્પાબેન જયંતિલાલ શાહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુવર્ણ સ્થંભ

## સ્વ. લીલાવતીબેન ખીમચંદ શાહ (દાઠાવાળા)

સોના રૂપાના ફુલડે વધામણાં





વીનોદચંદ્ર ખીમચંદ શાહ, તનુમતિબેન વીનોદચંદ્ર શાહ, સેજલબેન દક્ષેશભાઈ શાહ, ધ્રુવીન, હર્ષલ

## સુવર્ણ સ્થંભ ✧ સોના રૂપાના ફુલડે વધામણાં



શાહ પરમાનંદદાસ વનમાળીદાસ
તળાજાવાળા



શાહ રંભાબેન
પરમાનંદદાસ



શાહ હીંમતલાલ
પરમાનંદદાસ



શાહ દલીચંદ પરમાનંદદાસ
શાહ ઉષાબેન દલીચંદ
ચન્દ્રકાન્ત-જયેશ

અનુમોદના : માતાપિતાના આશીર્વાદથી ઉષાબેને ૪૫ ઉપવાસ, ૧૦૮ અઠ્ઠમ, ૨૨૯ છઠ્ઠ આદિ અનેક તપ કરેલ છે.

## સુવર્ણ સ્થંભ ✧ અક્ષત મોતીએ વધામણા



હીમતલાલ અમરચંદ મહેતા

તરૂલત્તાબેન નરેશચંદ્ર મહેતા

ભાવનાબેન હસમુખભાઈ મહેતા

જ્યોતીબેન જીતેન્દ્રભાઈ મહેતા

પાલીતાણાવાળા



ચંપાબેન હીમતલાલ મહેતા

## સુવર્ણ સ્થંભ ✧ અક્ષત મોતીએ વધામણા



નિરંજનભાઈ નગીનદાસ કાપડીયા

રાજીવ એન. કાપડીયા
સુરેખા આર. કાપડીયા
નિકેત આર. કાપડીયા
શ્વેતા એન. કાપડીયા
હાર્દીક આર. કાપડીયા
મૈત્રી એચ. કાપડીયા
(ફીઝીયોથેરાપીસ્ટ)



શશીબેન નિરંજનભાઈ કાપડીયા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુવર્ણ સ્થંભ

## રજનીકાન્ત શાંતિલાલ શાહ (ભાવનગરવાળા)

ફુલોથી વધામણાં



હરેન્દ્ર આર., નરેશ આર., ડૉ. રચીત એમ., ડૉ. મુકેશ આર., કિંજલ એચ., ડૉ. નીલાબેન આર, કેતન આર.

સુવર્ણ સ્થંભ

## સ્વ. નગીનદાસ છગનલાલ શાહ
## સ્વ. ચંદ્રાબેન નગીનદાસ શાહ (તળાજાવાળા)

શ્રાવકનું બહુમાન



ડ. પ્રદીપભાઈ નગીનદાસ શાહ
પ્રફુલાબેન પ્રદીપભાઈ શાહ
જીગર પ્રદીપભાઈ શાહ
શ્રદ્ધા પ્રદીપભાઈ શાહ

હ. કિરિટભાઈ નગીનદાસ શાહ
વંદનાબેન કિરિટભાઈ શાહ
સમકીત કિરિટભાઈ શાહ
અભિષેક કિરિટભાઈ શાહ

## સુવર્ણ સ્થંભ ❖ લાભાર્થી પરિવારનું બહુમાન



જીતેન્દ્રભાઈ પ્રાગજીભાઈ શાહ

સુધાંશુ જીતેન્દ્રભાઈ શાહ
નીકીતાબેન સુધાંશુભાઈ શાહ
કિંજલબેન પ્રતિકકુમાર
પૌત્ર : કૃતાર્થ - વીર
(અણીડાવાળા)



ઈલાબેન જીતેન્દ્રભાઈ શાહ

## રજત સ્થંભ ❖ શ્રાવિકાનું બહુમાન



. નાગરદાસ દેવચંદભાઈ મહેતા

હ. સુધાબેન ધનસુખભાઈ મહેતા
ઈલાબેન વિનોદભાઈ મહેતા
દિપિકાબેન મહેન્દ્રભાઈ મહેતા
ભાવનાબેન મુકેશભાઈ મહેતા

(ઘેટીવાળા પરિવાર)



સ્વ. હીરાબેન નાગરદાસ મહેતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## રજત સ્થંભ ❖ વાસક્ષેપ પૂજન

### શ્રીમતી વસંતબેન જશવંતલાલ વ્રજલાલ કોઠારી

પુત્રો : નીતિનભાઈ, અશોકભાઈ, ડૉ. શૈલેષભાઈ
પુત્રવધુ : હીનાબેન, રેખાબેન, ડૉ. પ્રીતિબેન
પૌત્ર/પૌત્રી : ઈશાન, કૈવલ, જીનાલી, જૈની, તીથી
પૌત્રવધુ : સોનાલી, પ્રપૌત્રી : આહાના

સંતાનોમાં આધ્યાત્મિક સુસંસ્કારોનું સિંચન કરનાર માતાપિતા તથા ડૉ. શૈલેષભાઈની સાધુ-સાધ્વી ભ.ની વૈયાવચ્ચની તેમજ ડૉ. પ્રીતિબેનના સિદ્ધિતપની અનુમોદના...



રમણલાલ મૂળચંદ સંઘવી

## રજત સ્થંભ ❖ વાસક્ષેપ પૂજન

રમણલાલ મૂળચંદભાઈ સંઘવી
ચંદ્રાવતીબેન રમણલાલ સંઘવી
મુકેશભાઈ, હર્ષાબેન, મૈત્રીક,
વિરલ (વાળુકડવાળા)



ચંદ્રાવતીબેન રમણલાલ સંઘવી



## રજત સ્થંભ ❖ વાસક્ષેપ પૂજન

### નિલમબેન ભીખુભાઈ દોશી
### ભીખુભાઈ દલીચંદભાઈ દોશી

(મહુવાવાળા પરિવાર)

હ. કાજલ વૈભવભાઈ દોશી
ચિ. રૂપલ, ચિ. મોનીકા, ચિ. રિયા

## શ્રુત પ્રેમી પરિવાર



હર્ષાબેન રમેશભાઈ મહેતા
રમેશભાઈ વ્રજલાલ મહેતા
(અમરેલીવાળા)
[illegible]



કોમલબેન રાજનભાઈ શાહ
રાજનભાઈ મહેન્દ્રભાઈ શાહ
(પાલીતાણાવાળા)
[illegible]



સ્વ. બકુલભાઈ ગીરધરલાલ મહેતા
હ. મીનાબેન, કોમલ,
રૂપેશભાઈ, ચાર્મી,
[illegible]



કોકીલાબેન ધીરેન્દ્રભાઈ શેઠ
ધીરેન્દ્રભાઈ કાંતિલાલ શેઠ
(સાવરકુંડલાવાળા)
[illegible]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી ઘોઘારી વિસા શ્રીમાળી જૈન મહિલા મંડળના હોદ્દેદારો


હર્ષાબેન


જ્યોતિબેન


મીનાબેન


દિપીકાબેન


હર્ષાબેન


રશ્મિબેન


રેખાબેન


મીનલબેન


સોનલબેન


પારૂલબેન


રેખાબેન


વિલાસબેન


કોકીલાબેનં


શકુંતલાબેન


રંજનબેન

પ્રભુ શાસનને પામવા પુણ્યથી **Smart Body** તથા **Sharp Mind** મળ્યા પછી પણ વિશેષ જરૂરી છે. **Soft Heart** એટલે કે દેવ-ગુરૂ પ્રત્યે ઉછળતો અહોભાવ...

આ ગુણ જેઓમાં તરવરે છે એવા શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ (અમદાવાદ) ના હોદ્દેદારો તેમજ વિશેષે કરીને પ્રમુખ હર્ષાબેન તથા દિપીકાબેને જ્ઞાનપ્રત્યે રસ દાખવી **"ભાવયાત્રા વંદના સંવેદના"** પુસ્તકનો વિશેષ પ્રચાર-પ્રસાર થાય તે માટેનું કાર્ય સંભાળ્યું તેની વિશેષ અનુમોદના...

**પં. મુનીશરત્ન વિજય મ.**

## શુભેચ્છક

(૧) રસીલાબેન નાથાલાલ વોરા
(૨) નયનાબેન જયેશભાઈ મહેતા
(૩) પૂર્વાંગભાઈ જયેશભાઈ શાહ
(૪) તનીષાબેન પ્રતીકભાઈ શાહ
(૫) હીધાનભાઈ ચીરાગકુમાર શાહ
(૬) જયાબેન પન્નાલાલ શાહ
(૭) સરલાબેન શશીકાંત મહેતા
(૮) વર્ષાબેન મહેન્દ્રભાઈ મહેતા
(૯) હેતલબેન પંકજભાઈ મહેતા
(૧૦) સ્વ. પંકજભાઈ રમણલાલ શાહ
(૧૧) ધીરજલાલ ત્રીભોવનદાસ શાહ
(૧૨) મંજૂલાબેન ચુનીલાલ મહેતા
(૧૩) લલીતાબેન મનસુખલાલ મહેતા
(૧૪) છાયાબેન રમણીકલાલ મહેતા
(૧૫) શારદાબેન ચંપકલાલ મહેતા
(૧૬) રેખાબેન હર્ષદભાઈ ભીમાણી
(૧૭) હર્ષાબેન હર્ષદભાઈ શાહ
(૧૮) પ્રવિણભાઈ રસીકલાલ શાહ
(૧૯) રજનીભાઈ પરમાનંદદાસ શાહ (તળાજાવાળા)
(૨૦) પ્રભાવતીબેન રાયચંદ શાહ

**અમોને કિરિટકુમાર નગીનદાસ શાહ તથા વિજયકુમાર મહિપતરાય ગાંધીનો સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ છે.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-જિતેન્દ્ર-ગુણરત્નસૂરિ સદ્ગુરુભ્યો નમઃ




## ભક્તિની ચિનગારી




આવશ્યક સૂત્રમાં જણાવ્યું છે કે, "જિનેશ્વરોની ભાવપૂર્વક કરેલી ભક્તિથી અનેક ભવોમાં બાંધેલા પાપકર્મોનો ક્ષય થાય છે, તેથી ચાતુર્માસમાં, મહોત્સવ દરમ્યાન તથા દરરોજ થઈ શકે તેવા પ્રભુ ભક્તિના અનુષ્ઠાનોને લક્ષ્યમાં રાખી ઓલ ઈન વન **"ભાવયાત્રા-વંદના-સંવેદના"** પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

જૈનશાસનમાં ધ્યાનયોગ, જ્ઞાનયોગ આદિ અનેક યોગ છે, તેમાં પરમાનંદ - મોક્ષનું મૂળ કારણ એવા ભક્તિયોગની ઉપાસના આબાલવૃદ્ધ સૌને માટે સરળ છે. ભક્તિયોગ મુક્તિમાર્ગના પ્રવાસી અને મુક્તિના નિવાસી બનાવનાર છે. દેવાધિદેવને દિલના દેવાલયમાં બિરાજમાન કરવા, વીતરાગને વહાલા થવા જિનભક્તિ એ અનુપમ નિમિત્ત છે. સંસારરૂપી સાગરમાં મુક્તિમંઝિલે પહોંચવા પરમાત્મભક્તિ એ દીવાદાંડી સમાન છે. તે માટે આ **"ભાવયાત્રા-વંદના-સંવેદ્ના"** પુસ્તક શ્રેષ્ઠ આલંબન પુરવાર થશે.

પુસ્તકમાં હૃદયસ્પર્શી ભાવયાત્રા-વંદનાવલીઓ તથા ભાવસભર ગીતોના સંગમે ભક્તિસરિતામાં સ્નાન કરી ચિરકાળપર્યંત સ્વરૂપ રમણતારૂપ અખંડ આનંદના ભોક્તા બનીએ એ જ શુભ કામના.






પં. મુનીશરત્નવિજય ગણિ    પં. જીવેશરત્નવિજય ગણિ

Jain Education International    For Personal & Private Use Only    www.jainelibrary.org



## ભક્તિનો સંગ મુક્તિનો રંગ



ઉત્તરાધ્યયનાદિ આગમ ગ્રંથોમાં ભક્તિયોગને મુક્તિ સેતુ સ્વરૂપ સરળ યોગ જણાવ્યો છે.

ભગવાનની પાસે ભક્ત બની આપણે એ જ માંગણી કરવી છે કે મારા ભવરોગને દૂર કરવા તું નિષ્ણાત ડૉક્ટર છે જેથી મારી આંખોમાં તું એવા Eyedrops નાંખી દે કે મારી દોષદૃષ્ટિ ચાલી જાય. મારા મુખમાં તું એવી Capsule મૂકી દે કે પરદોષ કથનનો રોગ ચાલ્યો જાય. અરે ! મારા કાનમાં તું એવા Eardrops નાંખી દે કે પરનિંદાશ્રવણ દૂર ભાગી જાય. અરે ! મારા Heart નું એવું સફળ Operation કરી દે કે મલિનભાવો નાશ પામી જાય.

**"ભાવયાત્રા - વંદના - સંવેદના"** પુસ્તકમાં સ્વ-પર રચિત વંદનાવલી તથા અનેક તીર્થોની ભાવયાત્રાઓ પ્રસ્તુત છે...અન્ય કૃતિકારોનો આવકાર સહ આભાર. આ અવસરે સંપાદક પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી મુનીશરત્ન વિજયજી મ.સા. તથા તેઓશ્રીના શિષ્યરત્ન પ. પૂ. પંન્યાસશ્રી જીવેશરત્ન વિજયજી મ.સા., ભાવયાત્રા પ્રેમી પૂ. મુનિશ્રી ભાગ્યેશરત્ન વિ. મ., અધ્યાત્મ પ્રેમી પૂ. મુનિશ્રી યોગેશરત્ન વિ. મ., તપ પ્રેમી પૂ. મિનુશ્રી દક્ષેશરત્ન વિ. મ., અધ્યયન પ્રેમી પૂ. મુનિશ્રી તીર્થેશરત્ન વિ. મ., પ્રભુ પ્રેમી પૂ. મુનિશ્રી કૃપેશરત્ન વિ. મ., વૈયાવચ્ચ પ્રેમી પૂ. મુનિશ્રી પ્રિયેશરત્ન વિ. મ. સા. તથા પૂ. સહાયપ્રેમી શ્રી લેખેશરત્ન વિ.મ. આદિ શિષ્ય - પ્રશિષ્ય મુનિ ભ. ને આ પ્રસંગે સ્મૃતિ પટ પર લાવીએ છીએ. અંતરના અહોભાવથી આ પુસ્તકને ખુબ મહેનત કરી આકર્ષક બનાવવા બદલ આદિશ્વર મલ્ટી પ્રિન્ટવાળા જતીનભાઈ શાહ, આશીતભાઈ શાહ તથા અપૂર્વભાઈ શાહ તેમજ રથીન સંઘવીનો આભાર માનીએ છીએ.

પુસ્તકમાં આશીર્વાદ પ્રદાન કરનાર પૂ. ગચ્છાધિપતિશ્રી તથા પૂ. ગુરુદેવશ્રીના અમે ઋણી છીએ. આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો તે બદલ ક્ષમા યાચના. પ્રેસ કે દૃષ્ટિ દોષથી રહેલ ભૂલો સુધારીને વાંચવી.

*લિ. ગુરુ ગુણ ભાગ્ય પરિવાર*

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# અનુક્રમણિકા




| ક્રમ. | કાર્યક્રમ | પેજ નં. |
|---|---|---|
| ૧. | સ્તુતિ સંવેદના | ૦૦૧ |
| ૨. | અરિહંત વંદનાવલી | ૦૦૪ |
| ૩. | અષ્ટ મહાપ્રાતિહાર્ય યુક્ત વીતરાગ વંદના | ૦૧૩ |
| ૪. | ચોત્રીશ અતિશય અલંકૃત તીર્થંકર વંદના | ૦૧૫ |
| ૫. | ઋષભની શોભા શી કહું ? | ૦૨૦ |
| ૬. | વરસોપવાસી ઋષભ વંદના | ૦૨૪ |
| ૭. | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ વંદનાવલી | ૦૨૮ |
| ૮. | પાર્શ્વ પંચ કલ્યાણક વંદના | ૦૩૨ |
| ૯. | શ્રી પ્રભુ વીર વંદનાવલી | ૦૩૭ |
| ૧૦. | શ્રી સમવસરણ વંદના | ૦૪૧ |
| ૧૧. | શ્રી ગૌતમસ્વામી વંદનાવલી | ૦૪૩ |
| | હે ગૌતમ ગણધરા, રંગાઈ જાને રંગમા | ૪૫-૪૬ |
| | ગૌતમસ્વામી અષ્ટક | ૦૪૭ |
| ૧૨. | ૪૫ આગમ વંદનાવલી | ૦૪૮ |
| ૧૩. | વીશ સ્થાનક વંદના | ૦૫૨ |
| ૧૪. | નવકાર ચતુર્દશી | ૦૫૭ |
| | વજ્ર પંજર સ્તોત્ર | ૦૫૯ |
| | ગીતો - હજારો મંત્ર, મંત્ર નવકાર, જેના હૈયે શ્રીનવકાર, મહામંત્ર છે મોટો જગમાં, નવકાર જપને સે, ધૂન | ૬૦-૬૨ |
| ૧૫. | નવપદ વંદના | ૦૬૩ |
| ૧૬. | તપો વંદના | ૦૭૧ |
| ૧૭. | તપસ્વી વંદના | ૦૭૨ |
| | ગાઓ રે ગીતડા, વર્ષીતપના પારણાનું ગીત | ૭૩-૭૪ |
| ૧૮. | રત્નાકર પચ્ચીશી | ૦૭૫ |
| ૧૯. | રાજા કુમારપાળ આત્મનિંદા બત્રીશી | ૦૮૦ |
| ૨૦. | અઢાર પાપસ્થાનક સંવેદના | ૦૮૫ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા


| ક્રમ. | કાર્યક્રમ | પેજ નં. |
|---|---|---|
| ૨૧. | સંયમ ઉપકરણ વંદના | ૦૮૯ |
| ૨૨. | શ્રમણ વંદના | ૦૯૨ |
| ૨૩. | શ્રમણી વંદના | ૦૯૫ |
| ૨૪. | ચારિત્ર મનોરથ માળા | ૦૯૭ |
| ૨૫. | બાવીશ પરિષહ સંવેદના | ૧૦૩ |
| ૨૬. | શ્રી સીમંધર વંદનાવલી | ૧૦૭ |
| ૨૭. | શ્રી સીમંધરસ્વામીની ભાવયાત્રા | ૧૧૦ |
| | મહાભારતનું ગીત, હેલો, | |
| | સીમંધર વિચરે વિદેહમાં, પ્રભુજી માંગુ તારી પાસ | ૧૧૨-૧૧૮ |
| ૨૮. | શ્રી શત્રુંજય વંદનાવલી | ૧૧૯ |
| ૨૯. | શ્રી શત્રુંજયની ભાવયાત્રા | ૧૨૩ |
| | ગીતોઃ- ગરવા ગિરીરાજને, પૂજો ગિરીરાજને, ધૂન | ૧૩૫ |
| | તું મને ગિરીરાજ, ધૂન, | ૧૩૬ |
| | શેત્રુંજાવાલે ઋષભદેવા | ૧૩૭ |
| ૩૦. | શ્રી નેમીજિન વંદનાવલી | ૧૩૮ |
| ૩૧. | શ્રી ગીરનાર તીર્થની ભાવયાત્રા | ૧૪૧ |
| | ગીતો :- રાજુલ કી નગરી, ગિરનાર કે નિવાસી | ૧૪૬ |
| | ચાલો આજે સહુ મળી, ગાતાં ગવાય નહિ | ૧૪૭ |
| ૩૨. | શ્રી સમેતશિખરજી તીર્થ વંદના | ૧૪૮ |
| ૩૩. | શ્રી સમેતશિખરજી તીર્થની ભાવયાત્રા | ૧૪૯ |
| | ગીત :- શિખરજી વાલે પારસદાદા | ૧૫૭ |
| ૩૪. | શ્રી અષ્ટાપદજીતીર્થ વંદના | ૧૫૮ |
| ૩૫. | શ્રી અષ્ટાપદજીતીર્થની ભાવયાત્રા | ૧૬૧ |
| ૩૬. | શ્રી શાશ્વતચૈત્યોની ભાવયાત્રા | ૧૬૩ |
| ૩૭. | શ્રી નંદીશ્વરદ્વીપની ભાવયાત્રા | ૧૬૭ |
| ૩૮. | શ્રી અડસઠતીર્થની ભાવયાત્રા | ૧૬૯ |
| ૩૯. | સંઘપતિ વંદના | ૧૮૩ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા


| ક્રમ. | કાર્યક્રમ | પેજ નં. |
|---|---|---|
| ૪૦. | સૂરિ પ્રેમ વંદનાવલી | ૧૮૬ |
| ૪૧. | સૂરિ ભુવનભાનુ વંદનાવલી | ૧૮૮ |
| | ગીતો :- યુગો સુધી ઝળહળશે | ૧૯૦ |
| ૪૨. | સૂરિ જિતેન્દ્ર વંદનાવલી | ૧૯૩ |
| ૪૩. | શ્રી ભાવાચાર્ય વંદના | ૧૯૫ |
| ૪૪. | ગુરુ ગુણ સંવેદના છત્રીસી | ૨૦૩ |
| ૪૫. | મહાવ્રતવંદના | ૨૦૮ |
| | ઓઘો છે અણમૂલો... | ૨૧૦ |
| ૪૬. | પંચસૂત્ર પરિભાવના | ૨૧૧ |
| ૪૭. | સમતા સમાધિ યાચના | ૨૧૭ |
| | સમાધિ દાયક ગીતો:-ચાર દિવસના, આટલું તો આપજે<br>એક પંખી આવીને, મારું આયખું ખૂટે સમતાથી દર્દ સહુ | ૨૧૮-૨૨૧ |
| ૪૮. | માતૃવંદના | ૨૨૨ |
| | ગીતો:-ઉપકાર કર્યા મુજ પર, યાદ આવે મોરી માં<br>મારી માવડી એકે હજાર, ભુલો ભલે બીજુ બધું<br>જો માં કી ન સુનેગા, મીઠા મધુ ને મીઠા મેહુલા | ૨૨૩-૨૨૬ |
| ૪૯ | શ્રી સરસ્વતિ વંદના | ૩૦૨ |
| | ગીત :- હે શારદેમાં..., હું કરૂ વિનંતી માં... | ૩૦૩ |
| ૫૦ | અષ્ટપ્રકારી પૂજા સંવેદના | ૨૨૭ |
| ૫૧ | પ્રભુ પાસે યાચના | ૩૧૨ |


### વિભાગ-૧ - હોટ ફેવરીટ ભક્તિ ગીતો


| | | | |
|---|---|---|---|
| કૃપા કરો કૃપા કરો... | ૨૩૦ | અજવાળાં દેખાડો... | ૨૩૩ |
| દૂર દૂરથી તારા દરબારે... | ૨૩૧ | દીવડો ધરો રે પ્રભુ... | ૨૩૪ |
| મને વ્હાલું લાગે... | ૨૩૨ | આંખડી મારી પ્રભુ... | ૨૩૪ |
| તારે દ્વારે આવીને... | ૨૩૩ | આવ્યો દાદાને દરબાર... | ૨૩૫ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# અનુક્રમણિકા



## વિભાગ-૨ - હૃદયસ્પર્શી વેદનાશીલ ગીતો


| | | | |
|---|---|---|---|
| કર્મો કરેલા મુજને... | ૨૩૬ | મારા વ્હાલા પ્રભુ... | ૨૪૧ |
| એક ઘડી પ્રભુ... | ૨૩૬ | તુજને જોયા કરું... | ૨૪૧ |
| પ્રભુ એ વિનંતી... | ૨૩૭ | યુગોથી હું પુકારું છું... | ૨૪૨ |
| હે કરુણાના કરનારા... | ૨૩૮ | તમે મન મુકીને વરસ્યા... | ૨૪૨ |
| અવતાર માનવીનો... | ૨૩૮ | મંદિર પધારો સ્વામી... | ૨૪૩ |
| બધી મિલકત... | ૨૩૯ | દુર્ગુણને કોઈ કહી આવો... | ૨૪૪ |
| પ્રભુ તે મને જે આપ્યું છે... | ૨૪૦ | તારા ગુણોનો સ્પર્શ... | ૨૪૪ |
| તારા શરણે આવ્યો છું... | ૨૪૦ | કેવાં કેવાં દુઃખડા સ્વામી... | ૨૪૫ |


## વિભાગ-3 - ભાવયાત્રાના સુપરહીટ ભક્તિગીતો


| | | | |
|---|---|---|---|
| ચલો બુલાવા આયા હૈ... | ૨૪૭ | તમારી ભક્તિ હો... | ૨૫૩ |
| આ તો મારા પ્રભુજીનો... | ૨૪૭ | આ ભવ મળીયાને... | ૨૫૩ |
| ઝગમગતા તારલાનું... | ૨૪૮ | હૈયાની નૈયામાં આવોને... | ૨૫૪ |
| ઊંચા અંબરથી... | ૨૪૯ | દાદા તેરે ચરણો કી... | ૨૫૪ |
| તુ તારજે કે મારજે... | ૨૪૯ | રજા આપો હવે દાદા... | ૨૫૫ |
| મનનો મોરલીયો... | ૨૫૦ | પ્રભુ ! તારુમંદિર તો... | ૨૫૬ |
| આજના અવસરનો... | ૨૫૦ | સંઘવીજી સંઘને યાત્રા... | ૨૫૭ |
| પકડો પકડો પ્રભુજી... | ૨૫૧ | ઊંટગાડી આવી... | ૨૫૭ |
| પ્રભુ ! મારો હાથ ઝાલી... | ૨૫૧ | સેવા હો મુક્તિ મેવા... | ૨૫૮ |
| દાદાજીના દેરા ઉપર... | ૨૫૨ | મુક્તિમળે કે ના મળે... | ૨૫૮ |
| બોલો ! Thank you... | ૨૫૨ | | |


## વિભાગ-૪ - પ્રભુ મિલન ના ગીતો


| | | | |
|---|---|---|---|
| મેરે દોનો હાથોમેં... | ૨૫૯ | અમારી નાવને... | ૨૬૪ |
| ભટકુ છુ ભવની વાટમાં... | ૨૬૦ | ઓ પાલનહારે... | ૨૬૪ |
| સમજુ ને શુ કહેવાય?... | ૨૬૦ | ખુલ્લા મુક્યા છે મેં તો... | ૨૬૫ |
| તું મને ભગવાન... | ૨૬૧ | લગની લાગી છે... | ૨૬૭ |
| તારી જ્યોતિને મેં જોઈ... | ૨૬૧ | સહેલી નથી મારી સફર... | ૨૬૬ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## અનુક્રમણિકા




| | | | |
|---|---|---|---|
| દાસને પ્રભુનો જવાબ... | ૨૬૨ | શંખેશ્વરના સ્વામી મારા... | ૨૬૬ |
| મેરા છોટા સા જીવન... | ૨૬૩ | તુજ કરૂણાધાર માં... | ૨૬૭ |
| દેવાધિદેવ તણાં... | ૨૬૩ | ઓમ્ શંખેશ્વરાય... | ૨૬૭ |

### વિભાગ-૫ - શંખેશ્વર પાર્શ્વપ્રભુના ભક્તિગીતો

| | | | |
|---|---|---|---|
| હે શંખેશ્વર સ્વામી... | ૨૬૮ | તમે દર્શન વહેલા દેજો... | ૨૭૩ |
| કહું છું શંખેશ્વર પાર્શ્વજીની | ૨૬૯ | આણી શુદ્ધ મન આલતા... | ૨૭૩ |
| આ પારસ મારા પોતાના | ૨૬૯ | શંખેશ્વર કા નાથ હૈ હમારા. | ૨૭૪ |
| આંખ મારી ઉઘડેત્યાં... | ૨૭૦ | પાર્શ્વનાથ દાદા તારી... | ૨૭૪ |
| આશ ધરીને આવ્યો સ્વામી | ૨૭૧ | ધૂન..જય જયશ્રી... | ૨૭૫ |
| તને રાત દિવસ હું... | ૨૭૧ | ધૂન..તાળી પાડીને તમે... | ૨૭૫ |
| મારી આંખોમાં... | ૨૭૨ | ધૂન.. ૐ નમો ભગવતે ... | ૨૭૫ |
| અમી ભરેલી નજરો... | ૨૭૨ | | |

### વિભાગ - ૬ - પ્રભુવીર જીવન ઝરમર ગીતો

| | | | |
|---|---|---|---|
| હે ત્રિશલાના જાયા... | ૨૭૬ | ભગવાન ની દયાનો... | ૨૭૯ |
| એક જન્મ્યો રાજ... | ૨૭૭ | છોટી છોટી અખિયા... | ૨૭૯ |
| મારા પ્રભુજી નાના... | ૨૭૭ | અમને અમારા પ્રભુજી... | ૨૭૯ |
| હે વીર.... મહાવીર... | ૨૭૮ | મારા હૈયે વિરાજતા... | ૨૮૦ |
| ઝૂલો રે ઝૂલો થતો... | ૨૭૮ | એ મનડો લાગ્યો રે... | ૨૮૦ |

### વિભાગ - ૭ - પશ્ચાતાપ ની પાવનગંગા

| | | | |
|---|---|---|---|
| પાપકર્મની પાછા ફરવું.... | ૨૮૧ | પાપ કરતાં માપ રાખ્યું... | ૨૮૩ |
| મૈલીચાદર ઓઢકે... | ૨૮૨ | પાપ અને પ્રાયશ્ચીતનો... | ૨૮૪ |
| મિચ્છામિ દુક્કડમ્... | ૨૮૨ | પાપ બધાથી થાય છે... | ૨૮૪ |
| પાપીને તું પ્યાર... | ૨૮૩ | | |

### વિભાગ - ૮- ટોપમોસ્ટ હિન્દી ભક્તિ ગીતો

| | | | |
|---|---|---|---|
| યહ હૈ પાવન ભૂમિ... | ૨૮૫ | મેરા જીવન તેરે હવાલે... | ૨૮૬ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## અનુક્રમણિકા




| | | | |
|---|---|---|---|
| મેરે સરપે રખદો પ્રભુજી... | ૨૮૫ | આશરા ઈસ જહાં કા... | ૨૮૭ |
| નામ હૈ તેરા તારણહારા... | ૨૮૬ | | |

### વિભાગ - ૯ - ગુરુ ગુણ સ્તવના

| | | | |
|---|---|---|---|
| ઐસા ચિદ્રસ દિયોગુરુ... | ૨૮૮ | ગુણરત્નસૂરિજી કો માના... | ૨૯૨ |
| ઓ મારા ગુરૂદેવ... | ૨૮૮ | થોડા ધ્યાન લગા... | ૨૯૨ |
| શ્વાસોની માળામાં... | ૨૮૯ | ગુરૂપ્રેમ રોગ હૈ.... | ૨૯૩ |
| ગુરૂમા તેરે ચરણોં કી... | ૨૮૯ | મોહે લાગી લગન... | ૨૯૩ |
| ગુરૂમા તેરે આંસુ કી... | ૨૯૦ | ચરણો મેં તેરે રહ કર ... | ૨૯૩ |
| ગુરૂદેવ..! ગુરૂદેવ !... | ૨૯૧ | | |

### વિભાગ - ૧૦ - વૈરાગ્યસભર દીક્ષા પ્રસંગના ગીતો

| | | | |
|---|---|---|---|
| જા સંયમપંથે દીક્ષાર્થી... | ૨૯૪ | સાધુ બને કોઈ... | ૨૯૮ |
| સાધના ના પંથે આજે... | ૨૯૫ | યૌવન વયમાં... | ૨૯૮ |
| ધૂન.જયજયકાર શ્રમણે... | ૨૯૫ | જિનશાસનમાં જન્મધરીને... | ૨૯૯ |
| ક્યારે બનીશ હું... | ૨૯૬ | આકેશનું લુંચન છે... | ૨૯૯ |
| રૂડા રાજમહેલને ત્યાગી... | ૨૯૬ | મને વેશ શ્રમણનો... | ૩૦૦ |
| સંયમ જીવનનો લીધે... | ૨૯૬ | ગુરૂજી ! માંગુતારી... | ૩૦૧ |
| વિરતીધરનો વેશ... | ૩૦૧ | ભગવાન મેરી નૈયા... | ૩૦૧ |
| જેના રોમ રોમથી ત્યાગ... | ૨૯૭ | ઓ સંયમસાધક... | ૩૦૧ |

### વિભાગ - ૧૧ - શિબીર તથા જિનશાસન ના ક્ષૌર્યવંતા ગીતો

| | | | |
|---|---|---|---|
| શાસનધ્વજવંદન... | ૩૦૪ | આ વાત કહેના ભુલાય... | ૩૦૮ |
| મહાવીર કે સંતાન હૈ હમ... | ૩૦૫ | કમકમ કમકમ જિનેશ્વરી... | ૩૧૦ |
| ઓ વીર તારું શાસન... | ૩૦૬ | અંગ્રેજીમેં કહતે હૈ... | ૩૧૦ |
| વીર બાળકો.... | ૩૦૭ | એ. બી. સી. ડી. ... | ૩૧૦ |
| ગાજે રે ગાજે... | ૩૦૭ | હે વીર પ્રભુના પુત્રો... | ૩૧૧ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# સ્તુતિ સંવેદના



મુખ મલકતું લોચન ચળકતાં, નૂર નિખરે બદન પર
ઝળકે અપાર પ્રસન્નતા, તુજ પ્રેમ ભીના વદન પર
કામણ કરે છે રૂપ તારૂ, નાથ ! મારા નયન પર
પ્રભુ તું છવાયો નયન પર, મન પર મનન પર વચન પર...૧

દર્શન તમારૂં નાથ! મુજ પાતિકને ખંડીત કરે
પૂજન તમારૂં નાથ! વાંછિત દેઈને ચિંતા હરે,
શુભ લક્ષ્મીની પૂરક તમારી પૂજના કરૂં શુભ મને
સુરવૃક્ષ છે સાક્ષાત્ તું તો! તુજ થકી શું નવિ બને...૨

હે નાથ! તારૂં નામ મારા રોમે રોમે ગુંજતું
જેના પ્રચંડ પ્રભાવથી દુષ્કર્મ નું દળ ધ્રુજતું,
સ્વામી! તમારૂં રૂપ આંખે એવું અંજન આંજતું
જ્યાં જ્યાં નજર મારી ઠરે દીસે બધે તુંહી જ તું...૩

આનંદ આપે દુઃખ કાપે આપની પ્રતિમા ખરે,
સૌ જીવને શાતા કરે નિહાળતા નયનો ઠરે,
વળી પુણ્ય ની રાશિ વધે શુભ ધ્યાન ધરતાં ભવ તરે,
આવી ક્ષણો માંગું સદા ઘટમાળ જે સાર્થક કરે...૪

સંતપ્ત આ સંસારમાં કરૂણા ની જલધારા તમે
ચંદા તમે સુરજ તમે, તપ તેજધર તારા તમે,
સહુ જીવથી ન્યારા તમે,સહુ જીવના પ્યારા તમે
હે નાથ ! હૈયું દઈ દીધું , હવે આજથી મારા તમે...૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રોગો ભલે મુજ જાય ના, મુજ રાગને પ્રભુ ટાળજે,
દુઃખો ભલે મુજ જાય ના, મુજ દોષને પ્રભુ ટાળજે,
કર્મો ભલે મુજ જાય ના, અંતર કષાયને ટાળજે,
દુર્ગતિ ભલે મુજ જાય ના, દુર્મતિ પ્રભુ મુજ ટાળજે...૬

મનમાં સ્મૃતિ મૂર્તિ નયનમાં વચનમાં સ્તવના રહે,
મુજ રક્તના હરબુંદમાં જિનરાજ તુજ આણા વહે,
પહોંચાડશે મોક્ષે મને જિનધર્મ એવી ખાતરી,
પ્રભુ આટલું જનમો જનમ દેજે મને કરૂણા કરી...૭

મેં નરક નિગોદે સહ્યા દુઃખો ઘણા સમજણ વિના,
સમજણ મળી મુજને હવે સિદ્ધિ નથી શુદ્ધિ વિના,
પણ શુદ્ધિકર બાવીશ પરિષહ લાગે અતિશય આકરા,
સુખ થી ડરું દુઃખને વરું દે સન્મતિ મુજને જરા...૮

ક્યારે પ્રભુ! ષટકાયના જીવનાં વધ થકી હું વિરમું?
ક્યારે પ્રભુ! રત્નત્રયી આરાધવા ઉજવળ બનું?
ક્યારે પ્રભુ! મદમાન મુકી સમતા રસમાં લીન બનું?
ક્યારે પ્રભુ! તુજ ભક્તિ પામી મુક્તિગામી હું બનું ?...૯

ગિરુઆ ગુણો તુજ કેટલા ગુણસાગરો ઓછા પડે,
લાવણ્ય તારૂં કેટલું , રૂપ સાગરો ઓછા પડે,
સામર્થ્ય એવું અજોડ છે, સહુ શક્તિઓ ઝાંખી પડે,
તારાં ગુણાનુવાદ માં, માં શારદા પાછી પડે...૧૦

સવિ જીવ કરું શાસનરસી, આ ભાવના હૈયે વહું
કરુણાઝરણમાં રાતદિન હું, જીવનભર વહેતો રહું,
શણગાર સંયમનો સજુ, ઝંખુ સદા શિવસુંદરી,
પ્રભુ! આટલું જનમોજનમ દેજે મને કરૂણા કરી...૧૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ના તેજ હો નયને પરંતુ, નિર્વિકાર રહો સદા,
હૈયે રહે ના હર્ષ કિંતુ, સદ્‌વિચાર રહો સદા,
સૌંદર્ય દેહે ના રહે પણ, શીલ ભાર રહો સદા,
મુજ સ્મરણમાં હે નાથ, તુજ પરમોપકાર રહે સદા...૧૨

ભવોભવ તમારા ચરણ પામી, શરણમાં બેસી રહું,
ભવોભવ તમારી આણ પામી, કર્મનો કાંટો દહું,
ભવોભવ તમારો સાથ મળજો, એક છે મુજ પ્રાર્થના,
ભવોભવ તમારું પામું શાસન, એક એ અભ્યર્થના...૧૩

તુજ દષ્ટી થી દષ્ટી મિલે, તો દષ્ટીદોષ ટળે બધા,
તુજ મુરતીમાં મન ભળે, મન નિર્વિકારી બને સદા,
તુજ સ્પર્શથી મહાબ્રહ્મની, સિદ્ધિ સદાએ સર્વથા,
કરૂ નમન સવિ જિનચરણમાં, સ્મરણમાં રહેજો સદા...૧૪

શબ્દો તણો વૈભવ નથી, ભાવો નો વૈભવ આપજો,
શક્તિ તણો વૈભવ નથી, ભક્તિનો વૈભવ આપજો,
બુદ્ધિ તણો વૈભવ નથી, શ્રદ્ધાનો વૈભવ આપજો,
વિજ્ઞાનનો વૈભવ નથી, વૈરાગ્યનો વૈભવ આપજો...૧૫

હું કદી ભુલી જાઉં તો પ્રભુ! તું મને સંભારજે,
હું કદી ડૂબી જાઉં તો પ્રભુ! તું મને ઉગારજે,
હું તો વસ્યો છું રાગમાં ને તું વસે વૈરાગ્યમાં,
આ રાગમાં ડૂબેલ ને, ભવપાર તું ઉતારજે...૧૬

ના જોઈએ ધન વૈભવો, સંતોષ મુજને આપજે,
ના જોઈએ સુખ-સાધનો, મન સંયમે મુજ સ્થાપજે,
ના જોઈએ અનુકુળતા, સુખરાગ મારો કાપજે
મુજ જીવનઘર માં હે પ્રભુ! તુજ પ્રેમસૌરભ આપજે...૧૭


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







# અરિહંત વંદનાવલી

## માતાને હર્ષ

જે ચૌદ મહાસ્વપ્નો થકી, નિજ માતને હરખાવતાં,
વળી ગર્ભમાંહી જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા;
ને જન્મતાં પહેલા જ ચોંસઠ, ઈન્દ્ર જેને વંદતા,
**એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું...૧**

## જન્મ કલ્યાણક

મહાયોગના સામ્રાજ્યમાં, જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતાં ત્રણ લોકમાં, મહાસૂર્ય સમ પ્રકાશતા;
જે જન્મ કલ્યાણક વડે, સૌ જીવને સુખ અર્પતા. **એવા...૨**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

  

## જન્મોત્સવ

છપ્પન દિગ્કુમરી તણી, સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપૂટ મહીં, ધારી જગત હરખાવતા;
મેરુ શિખર સિંહાસને જે, નાથ જગના શોભતા. **એવા..૩**

કુસુમાંજલિથી સુરઅસુર જે, ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણજલથી, દેવ જેને સિંચતા;
વળી દેવદુંદુભિ નાદ ગજવી, દેવતાઓ રીઝતા. **એવા..૪**

મઘમઘ થતાં ગોશીર્ષ ચંદનથી, વિલેપન પામતાં,
દેવેન્દ્ર દેવી પુષ્પની, માળા ગળે આરોપતા;
કુંડલ કડાં મણિમય ચમકતાં, હાર મુકુટે શોભતા. **એવા..૫**

ને શ્રેષ્ઠ વેણુ-મોરલી, વીણા મૃદુંગતણાં ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી, કિન્નરીઓ સ્વર્ગની;
હર્ષેભરી દેવાંગનાઓ, નમન કરતી લળી લળી. **એવા..૬**

જયનાદ કરતાં દેવતાઓ, હર્ષના અતિરેકમાં,
પધરામણી કરતાં, જનેતાના મહાપ્રસાદમાં;
જે ઈન્દ્રપુરિત વરસુધાને, ચૂસતાં અંગૂષ્ઠમાં. **એવા..૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અતિશયવંત પ્રભુ

આહાર ને નિહાર જેના, છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના, અંગને સ્પર્શે નહિ;
સ્વર્ણેનુ દુગ્ધ સમા રુધિરને, માંસ જેના તનમહીં. એવા..૮

મંદાર પારિજાત સૌરભ, શ્વાસ ને ઉચ્છ્વાસમાં,
ને છત્રચામર જયપતાકા, સ્તંભ જવ કરપાદમાં;
પૂરા સહસ્ત્ર વિશેષ અષ્ટક, લક્ષણો જ્યાં શોભતાં. એવા..૯

દેવાંગનાઓ પાંચ આજ્ઞા, ઈન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે, કૃતકૃત્યતા અનુભાવતી;
વળી બાલક્રીડા દેવગણના, કુંવરો સંગે થતી. એવા..૧૦

## અદ્ભુત ગુણો

જે બાલ્ય વયમાં પ્રૌઢજ્ઞાને, મુગ્ધ કરતા લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા, સારને અવધારીને;
ત્રણલોકમાં વિસ્મય સમા, ગુણરૂપ યૌવનયુક્ત જે. એવા..૧૧

## સંસારથી નિર્લેપ

મૈથુન પરીષહથી રહિત જે, નંદતા નિજભાવમાં,
જે ભોગકર્મ નિવારવા, વિવાહ કંકણ ધારતાં;
બ્રહ્મચર્ય તણો જગાવ્યો, નાદ જેણે વિશ્વમાં. એવા..૧૨

## રાજ્યાવસ્થા

મૂર્ચ્છા નથી પામ્યા મનુજના, પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજ્યનીતિથી, પ્રજા સુખચેનમાં;
વળી શુદ્ધ અધ્યવસાય થી, જે લીન છે નિજભાવમાં. એવા..૧૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મહાવિરાગી

પામ્યા સ્વયં સંબુદ્ધપદ જે, સહજ વર વિરાગવંત,
ને દેવ લોકાંતિક ધણી, ભક્તિ થકી કરતા નમન;
જેને નમી કૃતાર્થ બનતા, ચાર ગતિના જીવગણ. એવા..૧૪

મહાદાન





દીક્ષા કલ્યાણક



આવો પધારો ઈષ્ટવસ્તુ, પામવા નરનારીઓ,
એ ઘોષણાથી અર્પતા, સાંવત્સરિક મહાદાનને;
ને છેદતા દારિદ્ર સૌનું, દાનના મહાકલ્પથી. એવા..૧૫

દીક્ષા તણો અભિષેક જેનો, યોજતા ઈન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં, વિરાજતા ભગવંત શ્રી;
અશોકપુન્નગ તિલક ચંપા, વૃક્ષ શોભિત વનમહીં. એવા..૧૬

શ્રી વ્રજધર ઈન્દ્રે રચેલા, ભવ્ય આસન ઉપરે,
બેસી અંલકારો ત્યજે, દીક્ષા સમય ભગવંત જે;
જે પંચમુષ્ટિ લોચ કરતા, કેશ વિભુ નિજ કર વડે. એવા..૧૭

લોકાગ્રગત ભગવંત સર્વે, સિદ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપયોગોના, કરે પચ્ચક્ખાણને;
જે જ્ઞાન-દર્શનને મહા, ચારિત્ર રત્નત્રયી ગ્રહે. એવા..૧૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિર્મલ વિપુલમતિ મનઃપર્યવ, જ્ઞાન સહજે દીપતા,
જે પંચ સમિતિ ગુપ્તિ ત્રયની, રયણમાળા ધારતા;
દશ ભેદથી જે શ્રમણ સુંદર, ધર્મનું પાલન કરે. એવા..૧૯

## આત્મવિકાસ

પુષ્કર કમલના પત્રની, ભ્રાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત, વરગતિએ વિચરે;
આકાશની જેમ નિરાલંબન, ગુણ થકી જે ઓપતા. એવા..૨૦

ને અસ્ખલિત વાયુસમૂહની, જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેના, ગુપ્ત ઈન્દ્રિય દેહ છે;
નિસ્સંગતા ય વિહંગશી, જેનો અમુલખ ગુણ છે. એવા..૨૧

ખડ્ગીતણાં વરશૃંગ જેવા, ભાવથી એકાકી જે,
ભારંડ પંખી સારિખા, ગુણગાન અપ્રમત્ત છે;
વ્રતભાર વહેતા વર વૃષભની, જેમ જેહ સમર્થ છે. એવા..૨૨

કુંજરસમા શૂરવીર જે છે, સિંહ સમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી, જેના હૃદયને છે વરી;
જેના સ્વભાવે સૌમ્યતા છે, પૂર્ણિમાના ચંદ્રની. એવા..૨૩

આકાશ ભૂષણ સૂર્ય જેવા, દીપતા તપતેજથી,
વળી પૂરતા દિગંતને, કરુણા ઉપેક્ષા મૈત્રીથી;
હરખાવતા જે વિશ્વને, મુદિતા તણાં સંદેશથી. એવા..૨૪

જે શરદઋતુના જળસમા, નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતાં, જે વિભિન્ન સ્થળો વિષે;
જેની સહનશક્તિ સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે. એવા..૨૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બહુ પુણ્યનો જ્યાં ઉદય છે, એવા ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ, છઠ્ઠ અઠ્ઠમ પારણે;
સ્વીકારતા આહાર બેતાલીસ દોષવિહીન જે. એવા..૨૬

ઉપવાસ માસખમણ સમા તપ, આકરાં તપતા વિભુ,
વીરાસનાદિ આસને, સ્થિરતા ધરે જગના પ્રભુ;
બાવીસ પરિષહને સહંતા, ખૂબ જે અદ્ભુત વિભુ. એવા..૨૭

બાહ્ય અભ્યંતર બધા, પરિગ્રહથકી જે મુક્ત છે,
પ્રતિમા વહન વળી શુક્લધ્યાને, જે સદાય નિમગ્ન છે;
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા, મોહમલ્લ વિદારીને. એવા..૨૮

જે પૂર્ણ કેવળજ્ઞાન, લોકાલોકને અજવાળતું,
જેના મહા સામર્થ્ય કેરો, પાર કો નવ પામતું;
એ પ્રાપ્ત જેણે ચાર ઘાતી, કર્મને છેદી કર્યું. એવા..૨૯

ભાવ અરિહંત

સમવસરણની શોભા





કેવલજ્ઞાન

કલ્યાણક



જે રજત સોનાને અનુપમ, રત્નના ત્રણ ગઢ મહીં,
સુવર્ણના નવપદ્મમાં, પદકમળને સ્થાપન કરી;
ચારે દિશા મુખ ચાર ચાર, સિંહાસને જે શોભતા. એવા..૩૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યાં છત્ર પંદર ઉજ્જવલા, શોભી રહ્યાં શિર ઉપરે,
ને દેવદેવી રત્ન ચામર, વીંઝતા કરદ્વય વડે;
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ, અશોકથી ય પૂજાય છે. એવા..૩૧

મહાસૂર્ય સમ તેજસ્વી શોભે, ધર્મચક્ર સમીપમાં;
ભામંડલે પ્રભુપીઠથી, આભા પ્રસારી દિગંતમાં;
ચોમેર જાનુપ્રમાણ પુષ્પો, અર્ઘ્ય જિનને અર્પતા. એવા..૩૨

જ્યાં દેવદુંદુભિ ઘોષ ગજવે, ઘોષણા ત્રણ લોકમાં,
ત્રિભુવન તણાં સ્વામી તણી, સૌએ સુણે શુભદેશના;
પ્રતિબોધ કરતા દેવ-માનવને વળી તિર્યંચને. એવા..૩૩

## લોકોપકાર

જ્યાં ભવ્ય જીવોના અવિકસિત, ખીલતાં પ્રજ્ઞાકમલ,
ભગવંતવાણી દિવ્યસ્પર્શે, દૂર થતાં મિથ્યા વમળ;
ને દેવ દાનવ ભવ્યમાનવ, ઝંખતા જેનું શરણ. એવા..૩૪

જે બીજભૂત ગણાય છે, ત્રણ પદ ચતુર્દશપૂર્વના,
ઉપેન્નેઈ વા વિગમેઈ વા, ધુવેઈ વા મહાતત્ત્વના;
એ દાન સુશ્રુતજ્ઞાનનું, દેનાર ત્રણ જગનાથ જે. એવા..૩૫

એ ચૌદ પૂર્વોને રચે છે, સૂત્ર સુંદર સાર્થ જે,
તે શિષ્યગણને સ્થાપતા, ગણધર પદે જગનાથ જે;
ખોલે ખજાનો ગૂઢ માનવ, જાતના હિત કારણે.એવા..૩૬

જે ધર્મ તીર્થંકર ચતુર્વિધ, સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને, સુર અસુર સહુ વંદન કરે;
ને સર્વજીવો - ભૂતપ્રાણી - સત્ત્વ શું કરુણા ધરે.એવા..૩૭


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જેને નમે છે ઈન્દ્ર વાસુદેવ ને બલભદ્ર સહુ,
જેના ચરણને ચક્રવર્તી, પૂજતાં ભાવે બહુ;
જેણે અનુત્તર વિમાનવાસી, દેવના સંશય હણ્યા એવા..૩૮

જે છે પ્રકાશક સૌ પદાર્થો, જડ તથા ચૈતન્યના,
વર શુક્લ લેશ્યા તેરમે, ગુણસ્થાનકે પરમાતમા;
જે અંત આયુષ્યકર્મનો, કરતા પરમ ઉપકારથી. એવા..૩૯

લોકાગ્રભાવે પહોંચવાને, યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધનાં સુખ અર્પતી, અંતિમ તપસ્યા જે કરે;
જે ચૌદમા ગુણસ્થાનકે, સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ. એવા..૪૦

હર્ષે ભરેલા દેવનિર્મિત, અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંતપરમાત્મા, જગતઘર આંગણે;
જે નામના સંસ્મરણથી, વિખરાય વાદળ દુ:ખનાં. એવા..૪૧

જે કર્મનો સંયોગ, વળગેલો અનાદિકાળથી,
તેથી થયા જે મુક્ત પૂરણ, સર્વથા સદ્ભાવથી;
રમમાણ જે નિજરૂપમાં, સર્વજગનું હિત કરે. એવા..૪૨

જે નાથ ઔદારિક વળી, તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહીં, પામ્યા પરમપદ શાશ્વતું;
જે રાગદ્વેષ જળે ભર્યા, સંસારસાગરને તર્યા. એવા..૪૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શૈલેશીકરણે ભાગ ત્રીજે, શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવના ઘન કરી, વળી પૂર્વધ્યાન પ્રયોગથી;
ધનુષ્યથી છૂટેલ બાણ, તણી પરે શિવગતિ લહી. એવા..૪૪

નિર્વિઘ્ન સ્થિરને અચલ અક્ષય, સિદ્ધિગતિ એ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જયાંથી, નહિ પુનઃ ફરવાપણું;
એ સ્થાનને પામ્યા અનંતા, ને વળી જે પામશે. એવા..૪૫

આ સ્તોત્રને પ્રાકૃતગિરામાં, વર્ણવ્યું ભક્તિબળે,
અજ્ઞાત ને પ્રાચીન મહામના, કો મુનીશ્વર બહુશ્રુતે,
પદપદ મહીં જેના મહાસામર્થ્યનો મહિમા મળે. એવા..૪૬

જે નમસ્કાર સ્વાધ્યાયમાં, પ્રેક્ષી હૃદય ગદ્ ગદ્ બન્યું,
'શ્રીચંદ્ર' નાચ્યો ગ્રંથ લઈ, મહાભાગનું શરણું મળ્યું;
કીધી કરાવી અલ્પભક્તિ, હોંશનું તરણું ફળ્યું. એવા..૪૭

જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહીં કે, નાથ સમ કો'છે નહિ;
જેના સહારે ક્રોડ તરીયા, મુક્તિ મુજ નિશ્ચય સહી. એવા..૪૮

જે નાથ છે ત્રણ ભુવનના, કરુણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં, સદ્ભાવની સરણી વહે,
આપે વચન 'શ્રીચંદ્ર' જગને, એ જ નિશ્ચય તારશે. એવા..૪૯

-: રચયિતા :- (શ્રી ચન્દ્ર) સ્વ. ચંદુલાલ શક્કરચંદ શાહ





પાનસર તીર્થ - મહાવીર સ્વામી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







# અષ્ટ મહાપ્રાતિહાર્ય યુક્ત વિતરાગ વંદના

**અશોકવૃક્ષ**

જાણે કરે છે નૃત્ય ફરફરતાં સરસ પર્ણો અહીં
જાણે કરે છે ગાન રણઝણતાં ભ્રમર - વૃન્દો અહીં
આપે અશોકતરુ જગતને પ્રેમભીનો આશરો !
હે નાથ ! તુજ સૌંદર્યલીલા મુજ નયનમાં અવતરો !..૧

**પુષ્પવૃષ્ટિ**

ઊંચા ગગનના ગોખથી આ પુષ્પ રિમઝિમ વરસતાં !
ફેલાવતાં વાતાવરણમાં સ્નિગ્ધ સુંદર સરસતા !
રેલાવતાં સુરભિભર્યાં રંગોભરેલાં સરવરો ! હે નાથ !..૨

**દિવ્યધ્વનિ**

"આવો પધારો પરમપદ પામો મહાશય માનવો !
ને ત્યાં તમે શાશ્વતસમય શાશ્વતસુખોને અનુભવો !"
જાણે કહે છે આમ આ દિવ્યધ્વનિના સુસ્વરો ! હે નાથ !..૩

**ચામર**

ખેલે અહો ! આ હંસ જાણે મુખકમલ પાસે અહીં !
મુખકાંતિ લેવા ચાંદસૂરજ સેવતા પાસે રહી !
ઈન્દ્રો સ્વયં ઢાળી રહ્યા આ શ્વેતઉજ્જવલ ચામરો ! હે નાથ !..૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સિંહાસન**

'ત્રૈલોક્ય મહાસામ્રાજ્યના સ્વામી હવે છો પ્રભુ ! તમે
દેવો કહે : 'આ સૂચવવા સિંહાસન નિર્મ્યું અમે
સિંહાસને બેસો પ્રભુ ! આ સૃષ્ટિનું મંગલ કરો !'
હે નાથ ! તુજ સૌંદર્યલીલા મુજ નયનમાં અવતરો !..૫

**ભામંડલ**

આ દિવ્યભામંડલ અહો ! સૂર્યપ્રભામંડલ સમું
ભીતર-બહાર બધે જ અજવાળાં અજબ ફેલાવતું
સૌના હૃદયમાં આ વહાવે હર્ષનો અમૃતઝરો ! હે નાથ !..૬

**દુંદુભિ**

જે દિવ્યદુંદુભિનાદ દેવોએ કર્યો તે સાંભળી,
સૌએ વિચાર્યું, 'શું અષાઢી ગરજતી આ વાદળી ?
શું ખળભળ્યા આજે અચાનક સામટા સૌ સાગરો ?' હે નાથ !..૭

**છત્રત્રયી**

રત્નોથકી ઝળહળ અને ઝગમગ સુવર્ણરજતથકી
આ ઉત્તરોત્તરપુણ્યવૃદ્ધિ સૂચવતા ત્રણ છત્રથી
ત્રણ લોકને પ્રભુ ! આપ આપો છો મજાનો છાંયડો ! હે નાથ !..૮

**અપાયાપગમાતિશય**

દોષો નહીં દુરિતો નહીં દુર્ગુણ અહીં એકે નહીં !
છલકે અનન્તાનન્ત ગુણ, એની સુરભિ મહેંકે અહીં !
તુજ આસપાસ વહે સદાય પ્રસન્નતાનો વાયરો ! હે નાથ !..૯

**જ્ઞાનાતિશય**

આ વિશ્વ આખું હરપળે તુજ જ્ઞાનમાં ઝીલાય છે !
રે ! સર્વદ્રવ્યોના સકલપર્યાય ત્યાં ઝીલાય છે !
તું પૂર્ણજ્ઞાની તુજ કને પશુહીન છે સૌ સુરનરો ! હે નાથ !..૧૦

**પૂજાતિશય**

આ અતિશયો ને પ્રાતિહાર્યો તુજકને નિત ઝળહળે !
ને કોટિકોટિ દેવદેવેન્દ્રો સદા સેવા કરે !
ચૂમે નિરંતર ચરણને સૌ નરવરો સૌ સુરવરો ! હે નાથ !..૧૧

**વચનાતિશય**

અમૃતમધુર રણઝણિત યોજનગામિની વાણી વહે !
સુર-નર-પશુ સૌ સાંભળે, સમજે અને શાતા લહે !
છે સર્વલોકાશ્ચર્યકર તુજ વચનના આડમ્બરો ! હે નાથ !..૧૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# ૩૪ અતિશય અલંકૃત તીર્થંકર વંદના



## (જન્મથી ચાર અતિશયો)

રૂપવાન દેહ

ના રોગ ના પ્રસ્વેદ ના મલ કોઈ તુજ તનને નડે
તુજ રૂપની આ જગતમાં કોઈ જ ઉપમા ના જડે !
સૌંદર્ય મઘમઘતું તને આ જન્મથી પ્રભુ ! સાંપડે
**અરિહંત ! તુજ આર્હન્ત્ય આ મુજ નયનને પાવન કરો ! ૧**

શ્વેતરક્તમાંસ

દુર્ગંધ કે બીભત્સતા તુજ માંસશોણિતમાં નહીં !
ચૈતન્યમાં છે સ્વસ્થતા ને સ્વચ્છતા કાયામહીં
સંપૂર્ણ શુભલક્ષણતણી શ્રેણી અહો ! આવી અહીં **અરિહંત.૨**

પદ્મગંધિશ્વાસ

સૃષ્ટિ સરોવર છે અને તેમાં પ્રભુ ! તું કમલ છે !
તેથી જ તુજ કાયા અને નિઃશ્વાસ સૌરભસભર છે !
ને દેવદેવી ઈન્દ્રઈન્દ્રાણી સહુ ત્યાં ભ્રમર છે **અરિહંત.૩**

અદૃશ્યઆહાર-નિહાર

આહાર ને નીહાર માનવ કોઈ જોઈ ના શકે !
અસ્તિત્વ ને વ્યક્તિત્વ તુજ સમ કોઈ હોઈ ના શકે !
તુજ પ્રીતનો જે રંગ હૈયે કોઈ ધોઈ ના શકે ! **અરિહંત.૪**

## (કર્મક્ષયથી અગિયાર અતિશયો)

કોટિજીવ સમાવેશ

સવિજીવની હિતકામના તુજ હૃદયમાં જે પાંગરી
તેના પ્રભાવે સમવસરણે આ ચમત્કૃતિ પાથરી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોટિજીવો સહેલાઈથી બેસી શકે અહીં મનભરી !
અરિહંત ! તુજ આર્હન્ત્યનું ઐશ્વર્ય સર્વોદય કરે ! ૫

**અમોઘદેશના**

તુજ એક વચને ભવિહૃદયને ભવ્ય સુખશાંતિ મળે !
'સુખ એક પુદ્ગલભોગમાં છે' – આ મહાભ્રાંતિ ટળે !
ને અંતરાત્મામાં અનેરી ઝગઝગિત કાન્તિ ભળે અરિહંત.૬

**સુગમવાણી**

તું અર્ધમાગધ એક ભાષામાં જ ધર્મકથા કહે
સુરનર અને તિર્યંચ કિન્તુ અર્થમર્મ સકલ લહે !
સંગીતમય લયપૂર્ણ યોજનગામિની વાણી વહે ! અરિહંત.૭

**રોગશાન્તિ**

જ્યારે કરે છે નાથ ! ગામેગામ તું ગમનાગમન
ત્યારે સવાસો યોજનો રોગો સકલ પામે શમન !
આરોગ્ય તે અવિનાશ પામે જે કરે તુજને નમન ! અરિહંત.૮

**વૈરશમન**

ભાર્યા - ભૂમી - ભૂષણતણા કારણથકી પ્રગટ્યો હતો
જે વૈરનો મહાઅગ્નિ ચારેકોર સૌને બાળતો
તુજ આગમનથી હે કૃપાસાગર! તરત તે શમી જતો ! અરિહંત.૯

**ઇતિઉપદ્રવનાશ**

જે જે સ્થળે વિચરણ કરે ત્રિભુવનવિભુ તે તે સ્થળે
ઉંદર વગેરે જીવનનાશક જીવનો ઉપદ્રવ ટળે !
જેના હૃદયમાં તું વસે શાશ્વતજીવન તેને મળે ! અરિહંત.૧૦

**મહામારિઅભાવ**

જે ધન્ય ધરતી પર અહો ! પરમેશ ! તારાં ચરણ છે
મરકી અને મહામારીનું ચારેતરફ ત્યાં મરણ છે !
તુજ ચરણ જાણે હે જિનેશ્વર! અમૃતકેરાં ઝરણ છે! અરિહંત.૧૧

**અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ**

જે જગત જળબંબોળ કરતા મેઘ તે ફાવે નહીં
ને જે જરાયે ના વરસતા મેઘ તે આવે નહીં
તે જ્યાં રહે કુદરત જિનેશ્વર ! દુઃખ ત્યાં લાવે નહીં! અરિહંત.૧૨


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુર્ભિક્ષ ક્ષય

જ્યાં તું પ્રભુ ! આવી વસે ત્યાં અન્નજલ આવી વસે !
તે ભૂમિમાંથી દુર્દશા દુર્ભિક્ષ દુઃખ દૂરે ખસે !
નિરખી તને સૌ લોકનાં લોચનકમલ ખિલખિલ હસે !
**અરિહંત ! તુજ આર્હન્ત્યનું ઐશ્વર્ય સર્વોદય કરે ! ૧૩**

આક્રમણ મુક્તિ

પધરામણી તુજ થાય જ્યાં ત્યાં થાય પૂરી અટકળો
બળવો કરી ન શકે નગરમાં બાહ્યઆંતર પરિબળો !
વિખરાય છે તોફાન ને રમખાણનાં સૌ મૃગજળો ! **અરિહંત.૧૪**

ભામંડલ

તેજસ અને સૌંદર્યની સ્પર્ધા હતી તુજ અંગમાં !
'પ્રભુને નહીં જોઈ શકે જન, ભંગ પડશે રંગમાં'
એવું વિચારી તેજ શિર પાછળ રહ્યું તુજ સંગમાં **અરિહંત.૧૫**

**(દેવકૃત ઓગણીશ અતિશયો)**

ધર્મચક્ર

લાગે કુદષ્ટિને સળગતા સૂર્ય જેવી રોશની
લાગે સુદષ્ટિને ચમકતા ચંદ્ર જેવી ચાંદની
એવું અજાયબ ધર્મચક્ર સમીપમાં છે આપની
**અરિહંત ! તુજ આર્હન્ત્ય મંગલ વિશ્વમાં વિલસી રહો! અરિ.૧૬**

ચામર

સમવસરણે જે ચામરો ઈન્દ્રો સ્વયં ઢાળી રહે
ચાલે પ્રભુ ! તું જો, ચલાવ્યા વગર તે ચાલી રહે !
તુજ ધ્યાન જેવી ધવલતાથી જગત અજવાળી રહે ! **અરિહંત.૧૭**

સિંહાસન

તુજ સ્વર્ણવિરચિત રત્નખચિત ઝળાહળા સિંહાસને
અત્યંત તેજસ્વી છતાં અતિસૌમ્ય આ મૃગરાજને
આરાધવા જાણે મૃગો આવ્યા અહીં સમવસરણે ! **અરિહંત.૧૮**

છત્રત્રયી

તુજ શિર ઉપર ઝગમગ ઝળાઝળ ચોતરફ ત્રણ છત્ર છે
ત્રણ જગતનું જાણે અખિલ ઐશ્વર્ય અહીં એકત્ર છે !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઇન્દ્રધ્વજ**

હે નાથ ! તુજ મીઠોમજાનો છાંયડો સર્વત્ર છે !
અરિહંત ! તુજ આર્હન્ત્ય મંગલ વિશ્વમાં વિલસી રહો! ૧૯

જયાં ઘંટડીઓ રણઝણે, જયાં રંગ રૂડા ફરફરે
ઊંચાઈનાં જે અવનવાં પરમોચ્ચ શિખરો સર કરે
આ ઈન્દ્રધ્વજ લઈ જાય છે જાણે ઉપર ઈશ્વર-ઘરે ! અરિહંત.૨૦

**સુવર્ણકમળ**

લક્ષ્મી વસે છે જિનચરણમાં - એવું કૈં સમજાવવા
દેવો રચે તુજ ચરણનીચે સ્વર્ણકમલો નવનવાં !
તુજ પુણ્યકેરા છે ચમત્કારો ખરેખર આગવા ! અરિહંત.૨૧

**પ્રાકારત્રય**

ત્રણ જગતનું તું મોહ-રાગ-દ્વેષ આ ત્રણ દોષથી -
રક્ષણ કરે, ચારિત્ર-દર્શન-જ્ઞાનના ત્રણ ઘોષથી !
દેવો રચે ત્રણ રત્ન-સ્વર્ણ-રજતતણા ગઢ હોંશથી અરિહંત.૨૨

**ચતુર્મુખ દેશના**

સર્વજ્ઞ ! સર્વજનપ્રિયંકર! સર્વહિતકર ! સર્વથા -
તું સર્વદિક્સન્મુખ રહી ચૌમુખ સુણાવે શુભકથા
હરરોજ સાંજસવાર પ્રભુ ! સૌની હરે તું ભવવ્યથા! અરિહંત.૨૩

**અશોકવૃક્ષ**

ઊંચા ઊંચા સમવસરણે આ વૃક્ષ ઘેઘૂર ફરફરે
શિવસુંદરીનો ભવ્યમંડપ દૂરથી જન-મન હરે !
હે નાથ ! તુજ સાન્નિધ્યમાં તન-મન અજબ શાતા વરે ! અરિહંત.૨૪

**અધોમુખ કંટક**

હે વિશ્વવત્સલ ! તું વિભુ ! વિચરે વસુધાને વિષે-
થઈ જાય ઊંધા કંટકો ત્યાં, નમન કરવાને મિષે !
દુ:ખો હટે સઘળાં સુખો પ્રગટે પ્રભુ ! તુજ આશિષે !અરિહંત.૨૫

**વૃક્ષશાખાનમન**

તુજને નિહાળી માર્ગના વૃક્ષોય રોમાંચિત થઈ-
ડાળી નમાવીને કરે તુજ સ્વાગતમ્ આશ્રિત થઈ !
તે ધન્ય તે કૃતપુણ્ય જે તુજને નમે ભાવિત થઈ ! અરિહંત.૨૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગને જગાડે દિવ્ય દેવો દુંદુભિના નાદથી
સમવસરણે સૌ દોડતા આવે હૃદય-આહ્‌લાદથી !
સૌને પમાડે પરમતૃપ્તિ તું વચનરસ - સ્વાદથી ! **અરિહંત.૨૭**

આ સૃષ્ટિને અનુકૂલ થઈને સાધના તેં જે કરી
તેના પ્રભાવે સૃષ્ટિમાં અનુકૂલતા સૌ પાંગરી
તુજ ચોતરફ રેલાય આહ્‌લાદક હવા મસ્તીભરી ! **અરિહંત.૨૮**

મયૂરીમયૂર ને સારસીસારસ સકલ પક્ષીગણો -
આપે સહર્ષ પ્રદક્ષિણા તુજને અજાયબ આ ક્ષણો -
જોવા જિનેશ્વર ! આ જુઓ, નિશ્ચલ બની મુજ પાંપણો ! **અરિહંત.૨૯**

ચોમેર છાંટ્યું નીર દેવોએ અહીં ખુશબૂભર્યું !
ને ભૂમિતલ શીતલ સુગંધિત સરસ શોભાસ્પદ કર્યું !
તુજ આગમનટાણે અહો ! દીસે બધે અમૃત નર્યું ! **અરિહંત.૩૦**

આ ભવ્યભૂમિમાં પ્રભુ ! પદકમલ જયાં પાથરે
ત્યાં ગગનમાંથી રંગબેરંગી ફૂલો અવિરત ઝરે !
વાતાવરણ મઘમઘ અને ઝગમગ અપાર્થિવ અવતરે ! **અરિહંત.૩૧**

આશ્ચર્ય છે તુજ કેશ - શ્મશ્રુ - નખ અને રોમાવલિ -
વધતા નથી ક્યારેય આ રચના ખરેખર દોહ્યલી !
તુજ પુણ્યવૈભવને સમર્પે જગત આશ્ચર્યાંજલિ ! **અરિહંત.૩૨**

આ કોટિશઃ દેવો કરે સેવા સતત સોહામણી
નિજસ્વર્ગલીલા તેમને લાગે ગજબ અળખામણી !
સીમા નથી તુજ પુણ્યની, નથી ક્યાંય તુજ સરખામણી ! **અરિહંત.૩૩**

જે ભાગ્યશાળી ભૂમિમાં વિશ્વેશ ! તું વિચરણ કરે
ઋતુઓ સકલ ત્યાં એકસાથે આવી સુખવિતરણ કરે !
આર્હન્ત્ય આ સ્વયમેવ હે જિનદેવ ! તુજ વિવરણ કરે ! **અરિહંત.૩૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## ઋષભની શોભા હું શી કહું !



(શ્રી આદિનાથ ભગવાનની ભાવયાત્રા)

જે જન્મસમયે મેરુગિરિની સ્વર્ણરંગી ટોચ પર,
લઈ જઈ તમોને દેવ ને દાનવ ગણો ભાવે સભર,
ક્રોડો કનક કળશો વડે કરતા મહા અભિષેકને,
**ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે...૧**

સોહામણી સુમંગલાને વળી સુનંદા સાથમાં,
ચતુરાઈથી ચોરી રચી ઈન્દ્રે કરેલ વિવાહમાં,
મીંઢોળ બાંધ્યા વર બની શોભી રહ્યા'તા જે સમે. **ત્યારે...૨**

નગરી વિનીતામાં સુરો રાજ્યાભિષેક રૂડો કરે,
થાપે તમોને સ્વર્ણના સિંહાસને તે અવસરે,
વિનયી યુગલિયા માત્ર અંગૂઠે કરે અભિષેકને. **ત્યારે...૩**

દઈ દાન સંવત્સર લગી, દારિદ્રય જગનું સંહર્યું,
ને જગતગુરુ તે વિશ્વનું, સામ્રાજ્ય પળમાં પરિહર્યું,
સંસારથી નિષ્ક્રમણ કેરો પ્રથમ ભવ્ય પ્રસંગ તે. **ત્યારે...૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ને દેવ દેવેન્દ્રો નરેન્દ્રોએ વહન જેને કરી,
થઈ દિવ્ય શિબીકારુઢ ચાલ્યા સમય સંયમનો કળી,
સિદ્ધાર્થ વનમાં સર્વત્યાગ કરી રહ્યા'તા જે સમે.
**ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે...૫**

ત્યાં લોચની વેળા વચન જે ઈન્દ્ર દેવે ઉચ્ચર્યા,
તેથી કર્યો ચઉમુષ્ટિ લોચ પછી મહાવ્રત આદર્યા,
ને વર્ષ એક સહસ્ત્ર કીધો નિત્ય પાદ વિહારને. **ત્યારે...૬**

કાયા તમારી કનકવર્ણી તેજ પુંજ વિખેરતી,
વનરાઈ પૂર્ણ વિહારપથની તેથી રંગાઈ જતી,
તે દશ્યના સાક્ષી મૃગોના વૃંદ પણ અતિ ધન્ય છે. **ત્યારે...૭**

બે ભાઈ નમીને વિનમિએ તુજ ચરણ રૂપી પદ્મમાં,
થઈ લીન કીધી સેવના કેવી ગજબ વન ભોમમાં,
કે સર્વ વાંછિત રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઈ'તી એમને. **ત્યારે...૮**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સોહામણું તે હસ્તિનાપુર નગર પહેલા પારણે,
જ્યાં આપ જઈ ઊભા હતા શ્રેયાંસનૃપને બારણે,
વહોર્યો હતો ત્યાં ઈક્ષુરસ કરયુગલ લંબાવી તમે.
**ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે...૯**
અવસર્પિણીના પ્રથમ એ ભિક્ષાગ્રહણના અવસરે,
થઈ હરખ ઘેલા દેવગણ ઉત્કૃષ્ટ વસુધારા કરે,
થઈ સાડી બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ આંગણે.**ત્યારે...૧૦**
છદ્મસ્થ કાળે છઠ્ઠ-અઠ્ઠમ દશમ દ્વાદશ ભક્તને,
પન્નર વળી માસક્ષમણના ઉગ્ર તપ આચારને,
પ્રભુ નિત્ય કરતા'તા ઉમંગે આપ વારંવાર જે.**ત્યારે...૧૧**
એકાંતમાં જ્યારે તમે બે હાથ ને લાંબા કરી,
કાયા કરી થીર ચિત્તને મન સુપ્રસન્નપણે ધરી,
નિષ્કંપ કાયોત્સર્ગમાં ધરતા ધરમના ધ્યાનને.**ત્યારે...૧૨**
રૂડી અહો તે પુરિમતાલ - પુરી અયોધ્યાનું પરું,
રૂડો હજારો વર્ષથી તે વિસ્તરેલો વટતરું,
જ્યાં ધ્યાનની ધૂણી ધખાવી વર્યા કેવળજ્ઞાનને.**ત્યારે...૧૩**
નવ કનક કમળે પાય ઠવતાં વિચરતાં પૃથ્વી તળે,
તું ભવ્ય રૂપી કમળ વનને ખીલવે પ્રવચનબળે,
તુજ દેશનાથી જે થયા પ્રતિબુદ્ધ તે અતિ ધન્ય છે.**ત્યારે...૧૪**
હે ત્રણ ભુવનના નાથ બેસી સ્વર્ણના સિંહાસને,
સુર અસુર-કેરી પર્ષદાથી વીંટળાઈ તે ક્ષણે,
દેતા અપૂરવ ધર્મ કેરી દેશનાને આપ જે. **ત્યારે...૧૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે વંદનીય બન્યા નિરંતર દેવતાના વૃંદથી,
કૈવલ્ય પામ્યા બાદ તેવા નાથને બહુ ભાવથી,
જેણે કર્યાં વંદન અહો તે ધન્ય છે કૃત પુણ્ય છે.ત્યારે...૧૬

જે ધન્ય છે તેને જ તારું દિવ્યદર્શન સાંપડે,
રે પુણ્યહીન અભાગિયાની નજરમાં તું ના પડે,
તેનો જનમ નિષ્ફળ ગયો જેણે નિહાળ્યો ના તને.ત્યારે...૧૭

મિથ્યાત્વ કેરું ઘોર અંધારું છવાયું વિશ્વમાં,
વ્યામૂઢ થયું ત્રણ ભુવન પૂરું મોહના અતિ જોશમાં,
હે ત્રણ ભુવનના નાથ ખોલી મોહ ઘેલી આંખને.ત્યારે...૧૮

રજતાદ્રિના શિખરે બની આરુઢ પર્યંકાસને,
દસ સહસ મુનિવર વૃંદ સાથે તું લહ્યો નિર્વાણને,
પચ્ચક્ખાણ ચઉદશ ભત્તનું પચખ્યું હતું સહુએ તમે.ત્યારે...૧૯

તુજ ચ્યવન, જન્મ, વ્રત ગ્રહણ, કૈવલ્ય મુક્તિ અવસરે,
જે દેવતાઓ પંચ કલ્યાણક તણાં ઓચ્છવ કરે,
તેમાં ભળી ઉરના ઊછળતા ભક્તિ ભાવે આર્દ્ર થઇ.ત્યારે...૨૦

અતિમૂઢને અજ્ઞાનથી પરિપૂર્ણ છું તો યે વિભો !
બહુ ભક્તિભાવે આપની સ્તવના કરી છે મેં પ્રભો !
તો ત્રિજગવંદન નાભિનંદન એટલી કરજો હવે,
કરુણા તમારું દિવ્ય શાસન પ્રાપ્ત થાયે ભવોભવે.ત્યારે...૨૧

પંડિત મહા ધનપાલ કવિએ અવનવા ભાવે કરી,
પ્રાકૃત ગિરામાં આદિજિનની રસીલી સ્તવના કરી,
પ્રદ્યુમ્નસૂરિએ કોક પ્રાચીન પત્રથી એ ઉદ્ધર્યું,
તેનું ધુરંધરવિજયજીએ ગાન હરિગીતે કર્યું.ત્યારે...૨૨


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# વરસોપવાસી ઋષભવંદના

સર્વાર્થસિદ્ધ વિમાનમાં દૈવી સુખોમાંહે રહ્યા
યોગીપણે જે ઝળકતાં તેંત્રીશ સાગર નીરવહ્યાં
ત્યાં પુણ્યવંતી આવી પળ જેણે કહ્યું :"પ્રભુ અવતરો"
**વરસોપવાસી ઋષભજી મુજ જીવનમાંહે અવતરો...૧**

દશ ચાર સ્વપ્ન સૂચિત પ્રભુ જન્મ્યા અયોધ્યા નગરમાં
ચંદા પરે ચમકે શ્રી નાભિકુલકર ગૃહગગનમાં,
મરુદેવાનંદન અમ હૃદયની ભૂમિ પર પગલાં કરો...વ.૨

ક્રોડો વરસના અંધકાર તણું થયું જ્યાં નિર્ગમન
જેના પ્રથમ પગલે ખીલી ઊઠ્યું હતું આખું ચમન
રાજા ઋષભની જીવનનીતિ સૃષ્ટિમાંહે વિસ્તરો...વ.૩

ચઉમુષ્ટિ સહ ચઉસહસ સાથે જેમણે સંયમ ગ્રહ્યું
લખપૂર્વ વર્ષે આયુશેષે જ્ઞાન મનઃ પર્યવ થયું
તે દિન થકી તપ દીર્ઘ માંડી પ્રભુ કહે "તપ આદરો"...વ.૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભિક્ષાભ્રમણનો યોગ પણ ભિક્ષાગ્રહણ નીપજ્યું નહીં,
નિરપેક્ષભાવે ધૈર્યધર નિશદિન રહે છે નિજ મહીં
ધીરજતણી પ્રતિમા ખરે સંતૃપ્તિનો મહાસાગરો
**વરસોપવાસી ઋષભજી મુજ જીવનમાંહે અવતરો...૫**

મણિ મોતી માણેકને વળી કોઈ રત્ન કેરા હારને
કોઈ નિજસુતા કોઈ વલ્લભા, નવિ સૂઝતા આહારને
સ્થિતપ્રજ્ઞને સુપ્રસન્ન વદને ભ્રમણ કરે ભિક્ષાચરો...**વ.૬**

જેણે જગતને શીખવી આહારની ચર્યા બધી
ને દાખવી'તી પાકની વિદ્યા, ક્ષુધા તેને નડી
છે કર્મનો સંદેશ કે "ભવિ ! કર્મબંધ થકી ડરો."...**વ.૭**

નહીં અન્ન લાધ્યું હાથમાં જળબિંદુ નહીં કંઠે વહ્યું
મનમાં થતું કે રાજવીનું પુણ્ય સઘળું ક્યાં ગયું ?
થયો પ્રબળ પુરુષાર્થી પ્રભુનો એહવો તપ આકરો....**વ.૮**

કોઈ વૃષભને ભોજનતણો પ્રતિબંધ ઊપજાવ્યા થકી
ત્યારે ઉપાર્જ્યું કર્મ તે અંતિમ ભવે રહ્યું ત્રાટકી
ફળ તેહનું જોવા વૃષભ લંછનરૂપે થયો હાજરો....**વ.૯**

છે જીવની એવી દશા જ્યાં સફળતા મળતી નથી,
ત્યાં દીર્ઘકાળ લગે કદી પણ ધીરતા ટકતી નથી
લાધ્યું ન અન્ન છતાં તમે સંપૂર્ણ વર્ષ લગે ફરો....**વ.૧૦**

શ્રેયાંસજી જુએ સ્વપ્નમાં સ્થિરતા દીયંતા મેરુને
નૃપ શ્રેષ્ઠી પણ સુપનાંતરે પેખે મુદા તસ લાભને
સંકેતથી શ્રેયાંસ શિર સોહે સુભગ નવ સેહરો...**વ.૧૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈ જન દીયે શ્રેયાંસને તબ ઈક્ષુરસ ઘટશત ભરી
ફરતા નગરમાં તે દિને તપસી પધાર્યા ગોચરી,
થયો ચિત્ત વિત્તને પાત્રનો સંયોગ, રૂડા અવસરો
**વરસોપવાસી ઋષભજી મુજ જીવનમાંહે અવતરો...૧૨**

કોઈ પૂર્વભવમાં ઋષભને શ્રેયાંસ સાથે રહ્યા હતા
બની યોગી સંયમજીવનના યોગો સહુ સાધ્યા હતા
પ્રભુને નીરખતાં જાતિસ્મરણે કહે : "પ્રભુજી વાપરો"...વ.૧૩

લબ્ધિબળે કરગ્રહણ રસ કીધો પ્રભુએ જે ક્ષણે
અહોદાનની ઉદ્‌ઘોષણાદિક પંચ દિવ્યો પારણે
જાણે અખિલ સૃષ્ટિમહીં પ્રસર્યો ખુશીનો વાયરો....વ.૧૪

જે ઈક્ષુખંડ થકી પ્રભુનો વંશ ઈક્ષ્વાકુ રહ્યો
તે ઈક્ષુના રસને ઋષભદેવે સહજમાં કર ગ્રહ્યો
જેણે નિહાળ્યું દૃશ્ય આ બડભાગી તે સહુ નરવરો....વ.૧૫

શ્રેયાંસના સૌભાગ્યના જાણે ઊઘડતાં બારણાં
ને ઈક્ષુરસના બુંદ બુંદે ભાગ્યના ઓવારણાં
જેના થકી મારા પ્રભુના દીર્ઘતપનાં પારણાં,...વ.૧૬

આમ્રફળ મીઠા મધૂરા ખજૂરને વળી દ્રાક્ષ પણ
'કો ઈક્ષુરસ તોલે નહીં' જાણે સમજતો વસ્તુગણ
સહુ મિષ્ટ પણ મનોમન કહે, 'તસ ભાગ્યની ઈર્ષ્યા કરો'...વ.૧૭

અવસર્પિણીના સૌ પ્રથમ તપને તપસ્વીને નમું,
અવસર્પિણીના સૌ પ્રથમ સત્પાત્રદાન તને નમું,
દેજો અમોને પણ પ્રભુજી દાનના શુભ અવસરો,...વ.૧૮


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફાગણ વદી આઠમ દિને મંડાણ વરસીતપ તણું
વૈશાખ સુદ ત્રીજને થયું હતું, હસ્તિનાપુરે પારણું
દિન ચારસોનો વારસો ચિહું જગતમાંહે વિસ્તરો
**વરસોપવાસી ઋષભજી મુજ જીવનમાંહે અવતરો...૧૯**

આગોતરું કોઈ આયોજન નહીં, ના અલાભે દીનતા
'ક્યારે મળે ?' 'ક્યાંથી મળે ?' એવું કદી ન અપેક્ષતા
ને ઈક્ષુરસ લેતાં ન હર્ષોલ્લાસ અહો ! સમતાધરો...**વ.૨૦**

કરું અરજ કે પ્રભુ ! આપની ધીરજ મને આવી મળે
ધારી સફળતા ના મળે ત્યાં જીવ ક્યારે ન બળે
તે દિન થકી મુજ જીવનમાં સુખનો સૂરજ ઊગશે ખરો...**વ.૨૧**

જબ ઈષ્ટવસ્તુ ના મળે ત્યારે સ્મરણમાં આવજો,
ધૈર્યધન ખૂટે યદા સ્થિરતા પ્રભુજી આપજો
કીધા વિના તપ કીધેલો માનીશ હું પ્રભુ માહરો...**વ.૨૨**

ઋષભજીના પગલે પગલે કંઈક સાધક ચાલતા
વરસા લગે આરાધકોના વૃન્દ જેને સાધતા
વર્ષી તપસ્વી સર્વની અનુમોદના હૈયે ભરો...**વ.૨૩**

ક્યારે પ્રભુ ! આપે ગ્રહેલા જીવનને પામી શકું
ક્યારે તમોએ આદરેલા તપપથે ચાલી શકું
મુજ સત્ત્વ ગયું અસ્તાચલે પ્રભુ ! ઉદય ફરી તેહનો કરો...**વ.૨૪**

ગુણ પામવા ભિક્ષુક બની ભમતો અનાદિ કાળથી
ગુણ પ્રાપ્તિ ક્યાંય ન થતી અવિરત તપસ્યા ચાલતી
ગુણ ઈક્ષુરસ વહોરાવવા શ્રેયાંસ થઈ આવો વિભુ !...**વ.૨૫**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org






# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ વંદનાવલી



જેના સ્મરણથી જીવનનાં, સંકટ બધાં દૂરે ટળે,
જેના સ્મરણથી મન તણાં, વાંછિત સહુ આવી મળે;
જેના સ્મરણથી આધિ, વ્યાધિ ને ઉપાધિ ના ટકે,
**એવા શ્રી શંખેશ્વર પ્રભુના, ચરણમાં પ્રેમે નમું.૧**

વિઘ્નો તણાં વાદળ ભલે, ચોમેર ઘેરાઈ જતાં,
આપત્તિનાં કંટક ભલે, ચોમેર વેરાઈ જતાં;
વિશ્વાસ છે જસ નામથી, એ દૂર ફેંકાઈ જતાં...**એવા.૨**

ત્રણ કાળમાં ત્રણ ભુવનમાં, વિખ્યાત મહિમા જેહનો,
અદ્‌ભુત છે દેદાર જેહના, દર્શનીય આ દેહનો;
લાખો કરોડો સૂર્ય પણ, જસ આગળે ઝાંખા પડે....**એવા.૩**

ધરણેન્દ્ર ને પદ્માવતી, જેની સદા સેવા કરે,
ભક્તો તણાં વાંછિત સઘળા, ભક્તિથી પૂરા કરે;
ઈન્દ્રો, નરેન્દ્રો ને મુનીન્દ્રો, જાપ કરતા જેહનો....**એવા.૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેના પ્રભાવે જગતના, જીવો બધાં સુખ પામતાં,
જેના ન્હવણથી જાદવોના, રોગ દૂરે ભાગતા;
જેના ચરણના સ્પર્શને, નિશદિન ભક્તો ઝંખતા
**એવા શ્રી શંખેશ્વર પ્રભુના, ચરણમાં પ્રેમે નમું...૫**

બે કાને કુંડળ જેહના, માથે મુગટ વિરાજતો,
આંખો મહીં કરુણા અને, નિજ હૈયે હાર વિરાજતો;
દરિશન પ્રભુનું પામી મનનો, મોરલો મુજ નાચતો...**એવા.૬**

ૐ હ્રીં પદોને જોડીને, શંખેશ્વરાને જે જપે,
ધરણેન્દ્ર પદ્માવતી સહિત, શંખેશ્વરાને જે જપે;
જન્મો જનમનાં પાપ ને, સહુ અંતરાયો તસ તૂટે...**એવા.૭**

કલિકાલમાં હાજરાહજૂર, દેવો તણાં એ દેવ જે,
ભક્તોતણી ભવ ભાવઠોને, ભાંગનારા દેવ જે;
'મુક્તિ કિરણ'ની જ્યોતને, પ્રગટાવનારા દેવ જે...**એવા.૮**

જેના સ્મરણથી ભવિકના ઇચ્છિત કાર્યો સિદ્ધતાં,
જે નામથી પણ વિષધરોનાં વિષ અમૃત બની જતાં;
જેના પૂજનથી પાપીઓનાં પાપ-તાપ શમી જતાં
**શંખેશ્વરા પ્રભુ પાર્શ્વને ભાવે કરું હું વંદના.૯**

જે પ્રભુના દર્શથી સહુ આપદા દૂરે થતી,
ને જે પ્રભુના સ્પર્શથી સહુ સંપદાઓ મળી જતી;
વિઘ્નો હરી શિવમાર્ગના, જે મુક્તિ સુખને આપતા ...**શંખે.૧૦**

અતીત ચોવીશી તણાં નવમા શ્રી દામોદર પ્રભુ,
અષાઢી શ્રાવક પૂછતા કો' માહરા તારક વિભુ;
ત્યાં જાણતા પ્રભુ પાર્શ્વને પ્રતિમા ભરાવી પૂજતા...**શંખે.૧૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





સૌધર્મ કલ્પાદિ વિમાને પૂજ્યતા જેની રહી,
વળી સૂર્યચંદ્ર વિમાનમાં પૂજા થઈ જેની સહી;
જે નાગલોકે નાથ બનીને શાંતિ સુખને અર્પતા
**શંખેશ્વરા પ્રભુ પાર્શ્વને ભાવે. કરું હું વંદના.૧૨**

આ લોકમાં આ કાળમાં પૂજાય આદિકાળથી,
વળી નમિવિનમિ વિદ્યાધરો જેને સેવે બહુમાનથી;
ત્યાંથી ધરણપતિ લઈ પ્રભુને નિજભવન પધરાવતાં...**શંખે.૧૩**

જરાસંઘની વિદ્યા જરા જ્યાં જાદવોને ઘેરતી,
નેમિ પ્રભુ ઉપદેશથી શ્રી કૃષ્ણ અટ્ઠમને તપી;
પદ્માવતી બહુમાનથી પ્રભુ પાર્શ્વ પ્રતિમા આપતી...**શંખે.૧૪**

જેના ન્હવણથી જાદવોની જરા દૂરે ભાગતી,
શંખધ્વનિ કરી સ્થાપતા ત્યાં પાર્શ્વની પ્રતિમા ખરી;
જેના પ્રભાવે નૃપગણોના રોગ સહુ દૂરે થતાં...**શંખે.૧૫**

જેણે બચાવ્યો બાળપણમાં, નાગ બળતો આગથી,
જેણે હણ્યો ભરયૌવને, મહાકામ રાગ - વિરાગથી;
જેણે ઉગાર્યું વિશ્વને, દુઃખ-દ્વેષથી સુખ રાગથી...**શંખે.૧૬**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પતિતપાવન ! વિશ્વવત્સલ ! પાર્શ્વશંખેશ્વર પ્રભુ !
સ્વીકારજો હે નાથ ! મુજ શ્રધ્ધાસભર અંતર પ્રભુ...!
અતિભવ્ય મહિમા સાંભળી આવ્યો તમારા શરણમાં...
**હે પાર્શ્વશંખેશ્વર પ્રભુ ! રહેજો સદા મુજ સ્મરણમાં...૧૭**

છલકે નયનમાં પ્રેમ સ્મિતમાં મેઘધનુષી રંગલા
ને અંગેઅંગે ઝગમગે છે, રંગરંગીન તારલા
દેવેન્દ્રના મણિમુકુટથી વધુ તેજ ચમકે ચરણમાં...**હે પાર્શ્વ.૧૮**

વૈભવવિલાસો સર્વવાંછિત આપ આપો છો પ્રભુ
શાશ્વત સુખો અનુપમ અબાધિત આપ આપો છો પ્રભુ
સામર્થ્ય છે સ્વામી ! તમારું સર્વ સુખ વિસ્તરણમાં... **હે પાર્શ્વ. ૧૯**

જ્યાં કામધેનુ કામઘટને સુરતરુ પાછા પડે,
ચિંતામણિ પારસમણિના તેજ જ્યાં ઝાંખા પડે;
મણિ મંત્ર તંત્રને યંત્ર જેનાં નામથી ફળ આપતાં...**હે પાર્શ્વ. ૨૦**

જ્યાં સર્વલબ્ધિ સર્વસિધ્ધિ સર્વસમૃદ્ધિ વસે
તે શબ્દ શંખેશ્વર સમરતાં સર્વસુખ ઉર ઉલ્લસે
આ મંત્રરત્ન જડી દીધો છે મેં હૃદય આભરણમાં...**હે પાર્શ્વ. ૨૧**

મહામેઘતાંડવ સર્જીને કમઠે ડૂબાડ્યા આપને
નિજ મસ્તકે સ્થાપી ધરણઇન્દ્રે જીવાડ્યા આપને
એક જ કૃપાદ્રષ્ટિ છતાં પણ કમઠમાં ને ધરણમાં...**હે પાર્શ્વ. ૨૨**

દાતાર છો અનુપમ તમે અદ્ભુત તમારી નામના !
તો હે કૃપાળુ ! પૂરી કરજો એક મારી કામના
દેજો જીવનમાં પરમબોધિ વરસમાધિ મરણમાં...**હે પાર્શ્વ. ૨૩**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# પાર્શ્વ પંચકલ્યાણક વંદના



જે જન્મ સમયે મેરુગિરિપર સ્વર્ણના સિંહાસને,
અભિષેક અર્થે ગોદમાં ઈન્દ્રે ધર્યા'તા, આપને,
શોભી રહ્યા'તા મુકુટમાંહી જડેલ નીલમની પરે,
**તે દશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે...૧**

તુજ નીલવરણી કાયની કાંતિ થકી ઝળહળ થતી,
અભિષેકની જળધાર ક્રોડો કુંભથી વરસી હતી,
જાણે સુમેરુ શૃંગ પર જમના નદી નવલી વહે. **તે...૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે પધાર્યા નાથ વામા માત કેરા ગર્ભમાં,
ત્યારે નિહાળ્યો સ્વપ્નમાં અહિને સરકતો પાસમાં,
તેથી તમારું નામ પાડ્યું "પાર્શ્વ" રાજારાણીએ
**તે દશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે...૩**

ગંગા કિનારે શિશુ બનેલા દેવદેવી સાથમાં,
ખુલ્લા પગે રમતા હતા, ધોળી સુંવાળી રેતમાં,
પગલા પડેલા માત્ર સ્વામી આપકેરા ત્યાં કને. **તે...૪**

ફૂટી જુવાની ફૂટડી નવહાથની કાયા ઉપર,
શી નીલ તેજોવલય મંડિત રૂપ લાવણ્યે સભર,
નેત્રો સ્વજનને નગરજનના જોઈ જોઈને ઠરે.**તે...૫**

તુજ રૂપગુણના ગીત કિન્નરના મુખેથી સાંભળી,
થઈ મુગ્ધચિત્ત પ્રભાવતી મનથી પ્રભો તુજને વરી,
આવી પરણવા જાન જોડી આપના પૂર આંગણે.**તે...૬**

તું નીલવરણો નાથ ને તે સોનવરણી કુંવરી,
ઘેઘૂર આંબાડાળ પર જાણે લચેલી મંજરી,
જબ ચોરીમાં ચતુરાઈથી બેઠા હતા કર સાહીને.**તે...૭**

ગંગા નદીના શુભ્ર સલિલે સખી સંગે ખેલતા,
નવ દિવ્ય ઈન્દીવરસમાં પ્રભુ આપ અનુપમ દીસતા,
રાણી જણાય પરાગથી રંગાયેલી હંસી પરે.**તે...૮**

પ્રભુ એકદા બેઠા હતા ગોખે પ્રભાવતી સાથમાં,
દીઠું નગરનું લોક જાતું લઈ પૂજાપો હાથમાં,
ત્યારે તમે ઘોડે ચડી પહોંચ્યા કમઠ તાપસ કને.**તે...૯**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાં જ્ઞાનથી બળતો નિહાળ્યો અગ્નિકુંડે નાગને,
કરુણાનિધાન તમે કઢાવ્યા આગમાંથી તેહને,
સેવક મુખે નવકાર આપી ઈન્દ્ર પદ દીધું તમે
**તે દૃશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે...૧૦**

રૂડી વસંતે સખી સંગે સંચર્યા'તા ઉપવને,
ત્યાં જોઈ રાજુલ ત્યાગતા શ્રીનેમિને ચિત્રામણે,
વૈરાગ્યના રંગે તમે રંગાઈ ઊઠ્યા તે ક્ષણે.**તે...૧૧**

થઈ મેઘ કંચનના તમે પૂરું વરસ વરસી રહ્યા,
સહુ દીનજનના દુઃખને દારિદ્ર્યને દૂરે કર્યાં,
"છે દાન અગ્રિમ ધર્મમાં" એવું જણાવ્યું વિશ્વને.**તે...૧૨**

દીક્ષાતણો અભિષેક કરવા ઈન્દ્ર ચોસઠ આવિયા,
તવ પિતા રાજા અશ્વસેને સહુ પ્રથમ નવરાવિયા,
તુજ નીલદેહે વારિધારા ચમકતી વીજળી પરે.**તે...૧૩**

સહુ સ્વજનની લઈને રજા ચારિત્ર્યના પંથે ચડ્યા,
શિબિકા ઉપર આરુઢ થઈને નગર બહારે નીસર્યાં,
અગણિત દેવો દાનવો મનુજો કરે જયઘોષને.**તે...૧૪**

તે ધન્ય આશ્રમપદ મહા ઉદ્યાન વૃક્ષ અશોક તે,
જ્યાં સર્વસંગ તજી મહાવ્રત ઉચ્ચર્યાં'તા ચાર તેં,
ને સ્કંધ પર ધારણ કર્યું દેવેન્દ્ર અર્પિત દુષ્યને.**તે...૧૫**

છદ્મસ્થ ભાવે દિવસ ચોર્યાશી સુધી પૃથ્વીતળે
વિચર્યા તમે ઉપસર્ગને સહતાં ચમકતાં તપબળે,
મૈત્રી અને કરુણાતણો વરસાદ વરસાવ્યો બધે.**તે...૧૬**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાદંબરી અટવી મહીં પ્રભુ ધ્યાનમાં ઊભા હતા,
વનહાથીએ કમળો વડે તુજ ચરણને પૂજ્યાં હતાં,
'કલિકુંડતીરથ' ત્યાં થપાયું કુંડસરવરના તટે
**તે દૃશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે...૧૭**

ત્રણ દિવસ કૌસ્તુભ કાનને જ્યારે તમે કાઉસ્સગ્ગ કર્યો,
ધરણેન્દ્રનાગ કરી ફણા શિર ઉપર છત્ર ધરી રહ્યો,
ત્યાં 'તીર્થ અહિછત્રા' થપાયું પ્રગટ કરતું ભક્તિને.**તે...૧૮**

ઉપસર્ગ કરતો મેઘમાળી મેઘની વર્ષા કરે,
ધરણેન્દ્રને પદ્માવતી બહુભાવથી સેવા કરે,
તે બેય ઉપર આપ હૈયે ધારતા સમભાવને.**તે...૧૯**

નીલો તમારો દેહને વટવૃક્ષ પણ લીલું હતું,
ચોગમ ઊછળતું મેઘજળ પણ નીલવરણું ભાસતું,
જે મેઘમાળીની પ્રજળતી આંખને શીતળ કરે.**તે...૨૦**

તે ધન્ય ચૈત્રી ચોથ જ્યારે કાશીના ઉદ્યાનમાં,
જઈ ધાતકીના વૃક્ષ નીચે રહ્યા સ્વામી ધ્યાનમાં,
ઘનઘાતી કર્મો ચાર છેદી લહ્યા કેવળજ્ઞાનને.**તે...૨૧**

સુર અસુર માનવ કોટિ ચાતક જેમ તુજ સેવા કરે,
તું નિત્ય નવલાં મેઘની જિમ વચન અમૃતને ઝરે,
સંતૃપ્ત કીધી ભવ્ય જીવો રૂપ ધરતી હરપળે.**તે...૨૨**

જ્યાં સ્વર્ણકમલે ચરણ ઠવતા આપ પદ ધરતા હતા
તે ધન્ય ધરતીની રજે દુઃખી બધાં આળોટતા,
કાયા થતી કંચનસમી સંતાપ શમતો તત્ક્ષણે.**તે...૨૩**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુજ નામ મંત્ર સમું બન્યું જે સર્વ ટાળે આપદા,
તુજ મૂર્તિ ચિંતામણિ બની જે સકલ આપે સંપદા,
લાખ્ખો તર્યા તુજ નામને મૂર્તિતણાં આલંબને
**તે દૃશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે...૨૪**

સમેતશિખરે કરી અણસણ એક મહિનાનું ચરમ,
તેત્રીસ મુનિવર સંગમાં પામ્યા તમે પદને પરમ,
કાઉસગ્ગમુદ્રામાં હણ્યા સહુ કર્મ કેરા મર્મને.**તે...૨૫**

જ્યાં વીશ જિનવર અજિત આદિ મુક્તિપદને પામીયા,
ત્યાં વીશમાં અંતિમ ક્રમે શ્રીપાર્શ્વ આપ પધારિયા,
છેલ્લું થયું નિર્વાણ કલ્યાણક તમારું તે સ્થળે.**તે...૨૬**

આ ઘોર કલિકાળે પ્રભુ પ્રગટ્યો શતાધિક તીર્થની,
સૂની ધરાનાં માંડવે તું દિવ્ય કલ્પતરુ બની,
પૂરો બધાની કામના તિમ પૂરજો મારી હવે
તુજ દિવ્ય શાસન અચલભાસન, પ્રાપ્ત થાવ ભવોભવે.**તે...૨૭**



(કળશ)



શ્રી પાર્શ્વ તારો વિજયડંકો વિશ્વભરમાં વાગતો,
શ્રી પાર્શ્વતારો દિવ્યમહિમા આ યુગે પણ જાગતો,
શ્રી પાર્શ્વતારી મોહિનીને પ્રેમથી પ્રેરાઈને,
શ્રીધુરંધરવિજયે રચી આ ભક્તિરચના ગાઈને,
નિત પામજો સહુ દિવ્યમંગળ માળ કેરી વધાઈને.**તે...૨૮**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી પ્રભુવીર વંદનાવલી







સિદ્ધાર્થ નંદન વીર તારું, શાસન જગમાં ગાજતું,
પંચમઆરે ભવથી તરવા, આધાર બની વિરાજતું;
મિથ્યા મતને દૂર કરી, સન્માર્ગ આપી દીપતું,
**એવા પ્રભુ મહાવીરને, ભાવે કરું હું વંદના...૧**

પચ્ચીશમાં નંદનઋષિના, ભવમાં માસક્ષમણ કર્યા,
અગ્યારલાખ, એંશીહજાર, છસો પિસ્તાળીસ થયા;
'સવિજીવ તારું' ભાવનાએ,જિનનામકર્મ નિકાચતાં...**એવા. ૨**

પુષ્પોત્તરથી ચ્યવન પામે, દેવાનંદા કુક્ષીએ,
સુપન ચૌદ નિહાળે માતા, હરખે તે શુભ રયણીએ;
ઈન્દ્ર અવધિજ્ઞાને પ્રભુને, ત્રિશલા ગરભે ઠવે...**એવા. ૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈત્ર-સુદિ તેરસ દિને, પ્રભુ જન્મ ધાર્યો મહીતલે,
અજન્મા બનવા અવતર્યા, સૂરલોકથી નરલોકમે;
પુણ્યપ્રમોદે જીવરાશી, શાતાનો અનુભવ કરે
**એવા પ્રભુ મહાવીરને, ભાવે કરું હું વંદના...૪**

લોકાંતિકવચને કરી, વીર વર્ષીદાન આરંભતા,
હર્ષે ગ્રહે જે દાનને, ભવ્ય પણે તસ સ્થાપતાં;
એકાકીદીક્ષા પામીને, દાખે પ્રભુ શૂરવીરતા...**એવા.૫**

સાડાબાર વરસ લગે, પ્રભુ ધ્યાનમાં લયલીન બની,
કર્મો નિકાચીત તોડવા, અભિગ્રહે અડગ રહી;
કૃતકૃત્ય તોયે સાધનામાં, પ્રમાદ લવ લેશ નહીં...**એવા.૬**

ડંખ દીધો ચંડકૌશિક, સર્પે અતિ આવેશથી,
પ્રતિબોધી મેલ્યો દેવલોકે, ઉપકૃતિ ગુણ દાખવી;
શ્રેણિક અતિ હિંસક છતાં, તીર્થંકર પદવી દીધી...**એવા.૭**

ગોવાળીયો ખીર રાંધે પગમાં, તોયે ધરે સમભાવને,
શુલપાણીને દેવ સંગમે, દીધા ભયંકર કષ્ટને;
હસતે મુખે સહેતા વિભુ, પરિષહ તથા ઉપસર્ગને...**એવા.૮**

દિયે ગોશાળો ગાળ ને, પુત્રી-જમાઈ વિરોધ કરે,
વરસાવી વર્ષા પ્રેમની, વિરોધીને પણ વશ કરે;
અમીદષ્ટિ તારી પામતાં, પાપી તણાં પાપો શમે...**એવા.૯**

ઘોર પાપી અર્જુનમાળી, ઉદ્ધાર પામ્યો તુમ કને,
રોહિણીયો હણીયો ન અભયે, તારો પુણ્ય પ્રભાવ એ;
વ્યસની બની પરાર્થના, ક્ષણમાં તજે એ સ્વાર્થને...**એવા.૧૦**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાપી-અધમ મહાઘાતકી, જીવો પ્રત્યે જરી રોષના,
અપમાન કે સન્માન હો, હૃદયે જરી સંતાપના;
તનમાં વ્યાધિ મનમાં સમાધિ, મંત્ર વસે જીવનમાં
**એવા પ્રભુ મહાવીરને, ભાવે કરું હું વંદના...૧૧**

ઋજુવાલિકા નદીને તટે, કરે નાશ મિથ્યાતિમિરનો,
વૈશાખ સુદિ દસમીદિને, પ્રગટે સૂરજ કૈવલ્યનો
દીયે મધુરી દેશના, જુએ ભાવ લોકાલોકનો...**એવા.૧૨**

પ્રથમ દેશના જાણી નિષ્ફળ, પાવાપૂરી પધારતાં,
કરુણા હૃદયે બની વિશ્વમાતા, સહુ જીવો ઉગારવા;
વૈશાખ-સુદિ ગ્યારસ-દિને, કરે સ્થાપના શાસનતણી...**એવા.૧૩**

વાદ કરવા આવ્યા ગૌતમ, હૈયે અભિમાન ધરી,
પટધારી પોતાનો બનાવ્યો, માન હણી સંશય હરી,
જળક્રીડા કરતાં અઈમુત્તા, મુનિને દિયે મુક્તિપુરી...**એવા.૧૪**

અડદતણાં બાકુળા લઈને, તારી બાળા ચંદના,
સાધ્વીમાં શિરોમણિ બનાવી, સ્થાપી શાશ્વતધામમાં;
જે ચરણે આવી શરણ ગ્રહે, કર્મો શમે બહુકાળનાં...**એવા.૧૫**

કરૂણાથી મેઘકુમાર મુનિને, સંયમે સુસ્થિર કરી,
બ્યાસી દિવસ ગર્ભે રહ્યા તે, માત-પિતા દિક્ષિત કરી;
મુક્તિગમન કીધું કરાવે, ભવિજીવને શાસન દઈ...**એવા.૧૬**

સર્વજીવો સરખા કહી, ઊંચ-નીચ ભેદ મીટાવતાં,
કર્મો ભલે બૂરા-ભલા પણ, આતમ સરીખો ગણાવતાં;
અહિંસા તણો સંદેશ આપી, જગમાં શાંતિ સ્થાપતા...**એવા.૧૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેશના દીયે સહસ બાવીશ, ત્રીસ વરસ કેવલી પણે,
વાત્સલ્ય તારું પામવા, સહું તુમ શરણ આવી નમે;
તમને મળ્યું એ સૌનું માનો, અર્પતા એ વચનને...**એવા.૧૮**

નિર્વાણકાળ સમીપ જાણી, સોળપ્રહર દીયે દેશના,
પુણ્ય-પાપ કેરા ફળ બતાવી, વીર સીધાવે મોક્ષમાં;
દિવાળી પ્રગટે અમાસની, એ ભાવદીપક બૂઝતાં...**એવા.૧૯**

ત્રિશલાનાં નંદન વીરપ્રભુ, અનંતગુણનાં સાગરું,
અક્ષયસુખમાં મ્હાલતા, અનંતજ્ઞાન દીવાકરું;
અંતરાયનાશે પ્રગટે, અનંતવીર્ય આતમતણું...**એવા.૨૦**

સાગર દયાના છો તમે, કૃપાતણાં ભંડાર છો,
શબ્દોથી ગાઈ ના શકું, અનંતગુણ નિધાન છો;
ભવસાગરે ભમતા જીવોના આપ તારણહાર છો...**એવા.૨૧**

જે પ્રભુનાં નામ શ્રવણે, કર્ણ મુજ પુનિત બને,
જે પ્રભુનાં ગુણ કથને, જીહ્વા આ સફળ બને;
જે પ્રભુનાં દર્શને મુજ દેહ, રોમાંચિત બને...**એવા.૨૨**

રાગ અવિહડ હો શાસનનો, શક્તિ આપો પરમાત્મા,
તુજ ભક્તિમાં હું લીન બનું, જીવન વીતે પરમાર્થમાં;
અભિલાષ એક જ પૂર્ણ કરજો, આવો મનમંદિરમાં...**એવા.૨૩**

શાસનનાયક વીરજી, મુજ વિનતી અવધારજો,
અપરાધી તાર્યા તિમ મુજને, હાથ ઝાલી ઉગારજો;
અવિલંબે મુજ કર્મો ટળે, આશિષ એ વરસાવજો,
"ગુણરત્ન" પામી "મુનીશ" બનાવી, મુક્તિમાં મને સ્થાપજો..**એવા.૨૪**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી સમવસરણ વંદનાવલી



વૈશાખ સુદ દશમી દિને રૂજુવાલીકા આવે પ્રભુ
ઉપસર્ગ સૌ વીતી ગયા મહાધ્યાન ને ધ્યાવે પ્રભુ
ઘાતી કરમ જે ચાર છે તેનો વિનાશ કરે પ્રભુ
**શ્રી સમવસરણે ચઉમુખે અતિદિવ્યરૂપ ધરે પ્રભુ.....૧**

પ્રથમ પહેલી દેશના નિષ્ફળ ગઈ આશ્ચર્યમય
કરુણા કરી સંદેશ આપ્યો ફક્ત ક્ષણ જેટલો સમય
સાંજે અપાપાપુર ભણી ત્યાંથી તરત વિચરે પ્રભુ. **શ્રી.૨**

મહાસેનવન પહોંચે પ્રભુજી ધર્મશાસન થાપવા
ભવિજીવને કરૂણા થકી સદ્‌બોધ મીઠો આપવા
દર્શન દઈને ભવ્યજીવના પાપ સર્વ હરે પ્રભુ. **શ્રી.૩**

વેગે વહેતા વાયુઓથી ભૂમીની શુદ્ધી થઈ
જલધાર અનરાધાર થઈ ને ભૂમી સમથલ થઈ ગઈ
સૌ દેવને આ લાભ આપે છે મહાન ખરે ! પ્રભુ. **શ્રી.૪**

વ્યંતર નિકાયના દેવ આવી રજતગઢ પહેલો રચે
અત્યંત પાવન રજત એનું કાંતીમય સૌને જચે
સૌન્દર્ય ગાવા બેસીએ તો શબ્દ કોઈ જ ના બચે **શ્રી.૫**

જ્યોતિષ્ક ઈન્દ્રો ગઢ રચે બીજો સુવર્ણતણો સરસ
વધતી જ રહેતી ભક્તિ કરતા ભક્તની પાવન તરસ
અંતર કહે કે જીવજો ભગવંત વરસોના વરસ **શ્રી.૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૈમાનિકેન્દ્રો રત્નનો ત્રીજો રચે ગઢ ભાવથી
આભા અનેરી ઓપતી લઈ જાય દૂર વિભાવથી
એમાં બિરાજે તિર્થનાયક ધન્ય ધર્મમહારથી શ્રી.૭

ભગવંતના યશને જણાવે પ્રથમ ગઢ ચાંદી તણો
સોનેરી ગઢ બીજો જણાવે છે પ્રતાપ જિણંદનો
તેજસ્વી ત્રીજા ગઢમહીં કાંતીભર્યા નીખરે પ્રભુ શ્રી.૮

પહેલા ગઢે દશ સહસ સોપાનો વિરાજે શ્રેણિમાં
બીજે ત્રીજે તો પાંચ પાંચ હજાર છાજે શ્રેણિમાં
ચારે દિશાના સાઠ સહસ વિશાલ ગાજે શ્રેણિમાં શ્રી.૯

પહેલા ગઢે વાહન અને શિબિકા મુકાતી હોય છે
બીજા ગઢે પશુપંખીઓ સૌ સાથ બેઠા હોય છે
ત્રીજા ગઢે બેસી મનોહર દેશના ઉચરે પ્રભુ શ્રી.૧૦

ઊંચુ મનોહર એક વૃક્ષ અશોક મધ્યે સોહતું
એ પર્ષદા બારેયને છાયા ધરી મનમોહતું
અત્યંત ઊંચાઈ ધરી એ સ્વર્ગ ને પડિબોહતું શ્રી.૧૧

ઉપનેઈ વિગમેઈ ધુવેઈ સૂત્ર આ આપે પ્રભુ
અગ્યાર ગણધરના બધાયે સંશયો કાપે પ્રભુ
ગણધર થકી શ્રી ધર્મશાસનને હવે થાપે પ્રભુ શ્રી.૧૨

શ્રી માલકૌંસમાં દેશના ભગવંતની વહેતી સદા
સમકિત અને વિરતિસ્વરૂપે હૃદયમાં રહેતી સદા
મિથ્યાત્વ તેમજ અવિરતિને શબ્દથી વિખરે પ્રભુ શ્રી.૧૩

ગૌતમ સુધર્મા આદિ ગણધર પ્રમુખ મુનિગણ છે સકલ
મહાસાધ્વી ચંદનબાળા આદિ શ્રમણીવૃંદ પરમ વિમલ
આનંદ, સુલસા આદિ શ્રાવક શ્રાવિકા સોહે સકલ શ્રી.૧૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી ગૌતમ સ્વામી વંદનાવલી





વસુભૂતિ નંદન પૃથ્વી માતા, બ્રહ્મ કુળે જનમીયા,
વિદ્વત્તા પામી બાલ વયે વેદાદિ પારંગત બન્યા;
સંદેહ ધરી વીર ચરણે આવે, પલમાં શંકા નિવારતા,
**અનંત લબ્ધિ નિધાન, ગૌતમ સ્વામીને કરું વંદના...(૧)**

પ્રથમ પટ્ટધર બન્યા ગૌતમ, દીક્ષા વીર હાથે ગ્રહી,
પ્રથમ આગમધર બન્યા, શ્રી મુખે ત્રિપદી લહી;
પ્રથમ ગણધર બન્યા જેણે દ્વાદશાંગીને રચી, **અનંત...(૨)**

ભંતે વળી ભયવં કહી, મહાવીરને સંબોધતા,
જ્ઞાની છતાં પ્રશ્નો પૂછી, એ જ્ઞાન સહુને પમાડતા;
વિનયગુણને કારણે, ભંડાર થયા લબ્ધિતણા, **અનંત...(૩)**

ચારજ્ઞાનનાં સ્વામી ગૌતમ, વીર આણા શિર ધરે,
આનંદ શ્રાવકને મિચ્છામિ, દુક્કડમ્ ભાવે દીયે;
ક્ષમા-સરળતા ગુણનો, આદર્શ એ ગણધર બને, **અનંત...(૪)**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપદેશ આપ્યો અઈમુત્તાને, આઠ વર્ષની વય મહીં;
સંયમ સાધી નવમા વર્ષે, ઈરિયાવહિથી કેવળી;
દીક્ષાદાન જેને કરે, તે પામે કેવલવરસિરિ, **અનંત...(૫)**

છઠ્ઠને પારણે છઠ્ઠ કરે, સ્વદેહ પ્રતિ નિરપેક્ષતા,
લહે જ્ઞાન ચૌદ પુરવતણું, તોયે જરી અભિમાન ના;
ઉત્કૃષ્ટ તપ અને જ્ઞાનનો, પામે સમન્વય આત્મમાં, **અનંત...(૬)**

અગ્નિભૂતિ વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા સ્વામીને,
મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્યને;
પ્રભાસ આદિ અગ્યાર ગણધર, માંહી અગ્રેસર બને, **અનંત...(૭)**

મુક્તિપદની ઝંખનાએ, કરે અષ્ટાપદ સ્પર્શના,
તાપસ પંદરસોને કરાવે, ખીરથી એ પારણા;
અક્ષીણ-મહાનસ-લબ્ધિ હતી, ગુરુ ગૌતમ અંગુષ્ઠમાં, **અનંત...(૮)**

દાનદાતા કોઈ પણ નિજ પાસ વસ્તુને દીયે,
ના હોય પોતાની કને, તે અન્યને તો કિમ દીયે;
હતુ ન કેવળ પાસ તોયે આપી મહા અચરીજ કરે. **અનંત...(૯)**

જેનું નામ લઈને નિસરે, શ્રમણ-શ્રમણી ગોચરી,
એકવીશ દિવસના જાપને, જપે જૈનાચાર્યો મૌનથી;
પ્રભાત સમયે સ્મરણ કરતા, ગોયમ નામે નવનિધિ, **અનંત...(૧૦)**

પ્રભુવીર પર સ્નેહ જ નહીં, બહુમાનભાવને ધારતાં,
શિષ્યો પચાસ હજાર તોયે, બાળ બનીને રહેતા;
અદ્ભુત સમર્પણ ભાવે પામે, કેવળજ્ઞાન તેજસ્વિતા, **અનંત...(૧૧)**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીર નામનું રટણ કરતા, નામ મંત્રસ્વરૂપ બને,
વૈભારગિરિ અણસણ સ્વીકારી, મોક્ષને હાંસલ કરે;
'ગુણ' પામી મુક્તિગામી બનું, 'મુનીશ' એ અરજ કરે, **અનંત...(૧૨)**



## હે ગૌતમ ગણધરા

(રાગ : ત્રિશલાના જાયા)



હે ગૌતમ ગણધરા, માંગુ તારી માયા,
વીરપ્રભુના લાડકવાયા, જગમાં નામ સોહાયા... **હે....૧**

છટ્ઠતપને પારણે એકાસણ, જ્ઞાનથી દીપે શાસન,[૨]
પચાસ હજાર શિષ્યોના સ્વામી, અંશ ધરે ના માન,[૨]
અક્ષીણલબ્ધિના ધરનારા,[૨] મનવાંછિત દાતાર... **હે...૨**

સ્વલબ્ધિએ અષ્ટાપદ ચડીયા, તાપસ પારણાં કરાય,[૨]...
જીવનમાં ઉપયોગ લબ્ધિનો, કીધો માત્ર બે વાર,[૨]
વિરાગ બની કેવળ પામે,[૨] વૈભારગિરિ મોક્ષે જાય... **હે...૩**

વીરપ્રભુની ભક્તિ-પ્રીતિ, બન્યા વિનયની મૂર્તિ.[૨]
સરળતાએ સમર્પણભાવે, બન્યા અનંત "ગુણ" ધામી[૨]
મુજને તુમે ગુણી બનાવો,[૨] 'મુનીશ' ઝંખે હૃદયથી... **હે...૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# રંગાઈ જાને રંગમાં







રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં,
ગુરુ ગૌતમના સત્ સંગમાં, પ્રભુવીર તણાં ગણધરમાં. તું...(૧)

બ્રાહ્મણકુળમાં જન્મ લઈને, વિદ્વતા મળી ન્યારી,[૨]
માત-પિતાનાં આશીર્વચને, ચૌદવિદ્યાનાં પારગામી;[૨]
સંશય ધરી વીર શરણે આવે,[૨] શંકા નિવારે પ્રભુ પલમાં તું...(૨)

વીરપ્રભુથી ત્રિપદી પાઈ, દ્વાદશાંગિની રચના.[૨]
બીજબુદ્ધિથી ગુરુકૃપાએ, કરતા અંતર્મુહૂર્તમાં;[૨]
વીરજિનનાં પ્રથમ ગણધર,[૨] જગમાં વયણે ગવાયા. તું...(૩)

રવિકિરણથી યાત્રા કરવા, અષ્ટાપદ તીરથ જાયે.[૨]
અમૃતમય અંગૂષ્ઠેતાપસને, ખીરથી પારણું કરાવે;[૨]
જે કોઈને સંયમ આપે,[૨] કેવલ જ્ઞાન તે પાવે... તું...(૪)

માન ગયું ગણધરપદ પાયા, ખેદથી કેવલ પાયા,[૨]
ગુરુભક્તિથી મોક્ષે સિધાયા, વંદન કોટિવારા;[૨]
સમર્પણતા "ગુણ"ને પામું,[૨] "મુનીશ"ની એ ઝંખના...તું...(૫)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શ્રી ગૌતમ સ્વામીજીનું અષ્ટક



શ્રી ઈન્દ્રભૂતિં વસુભૂતિપુત્રં, પૃથ્વીભવં ગૌતમ-ગૌત્ર-રત્નમ્
સ્તુવન્તિ દેવા-સુર-માનવેન્દ્રાઃ **સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૧**

શ્રી વર્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય, મુહૂર્ત-માત્રેણ કૃતાનિ યેન;
અઙ્ગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૨

શ્રી વીર-નાથેન પૂરા પ્રણીતં , મન્ત્રં મહાનન્દ-સુખાય યસ્ય;
ધ્યાયંત્યમી સૂરિવરાઃ સમગ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૩

યસ્યાભીધાનં મુનયોઽપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષા-ભ્રમણસ્ય કાલે,
મિષ્ટાન્ન-પાનામ્બર-પૂર્ણ કામાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૪

અષ્ટાપદાદ્રૌ ગગને સ્વ શક્ત્યા, યયૌ જિનાનાં પદવન્દનાય;
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૫

ત્રિપંચ-સંખ્યા શત-તાપસાનાં, તપઃ કૃશાનામપુનર્ભવાય;
અક્ષીણ-લબ્ધ્યા પરમાન્ન-દાતા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૬

સદક્ષિણં ભોંજનમેવ દેયં, સાધર્મિકં સંઘ-સપર્યયેતિ;
કૈવલ્ય-વસ્ત્રં પ્રદદૌ મુનીનાં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૭

શિવં ગતે ભર્તરિ વીર-નાથે, યુગ-પ્રધાનત્વમિહૈવ મત્વા;
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈ;, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૮

ત્રૈલોક્ય-બીજં પરમેષ્ઠિબીજં, સદ્જ્ઞાન-બીજં જિનરાજ-બીજં;
યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે...૯

શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધ-કાલે મુનિ-પુઙ્ગવા યે;
પઠંતિ તે સૂરિપદં સદૈવા, ઽઽનન્દં લભન્તે સુતરાં ક્રમેણ..સ.૧૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org











# ૪૫ આગમ વંદનાવલી

ભગવંત ! શું છે તત્ત્વ, પૂછે ગણધરો શુભભાવથી,
પ્રભુ કહે : ઉત્પત્તિ-વિલય, સ્થિરતા સદા જે જગતણી,
પ્રભુ મુખે આ ત્રિપદી સુણી, ગણધર કરે ઉદ્‌ભાવના,
**એવા પિસ્તાળીસ આગમોને, ભાવથી કરું વંદના...૧**



## અંગસૂત્રો



સાધુજીવનની ધર્મચર્યા, કહી આચારાંગમાં,
અજ્ઞાન જ્ઞાનાદિકનું વર્ણન, કર્યું સૂત્રકૃતાંગમાં,
સ્થાનાંગમાં જીવ આદિ ષડ્‌દ્રવ્યોતણું વર્ણન મળે;
સંખ્યા ક્રમે તત્વો કહી સમવાય સંશયને હરે. **એવા...૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રશ્નોત્તરીના રૂપમાં ભગવતી આપે પ્રેરણા,
અગણિત રમ્ય કથાનકો છે જ્ઞાતાધર્મકથાંગમાં;
પાવન ઉપાસકદશાંગમાં છે દસ મહાશ્રાવક કથા,
સિદ્ધોનું અંતઃકૃદ્દશાંગ, વર્ણન કરે ટાળે વ્યથા
**એવા પિસ્તાલીસ આગમોને, ભાવથી કરું વંદના...૩**

શ્રી પ્રશ્નવ્યાકરણે કથા આશ્રવ અને સંવરતણી,
શ્રી વિપાકસૂત્રે પુણ્યપાપ વિવેચના વિલસે ઘણી;
શ્રી દૃષ્ટિવાદે વિશ્વનાં સઘળાં રહસ્યો સાંપડે,
આ દ્વાદશાંગી ગણધરો વિરચે વિશદપ્રજ્ઞા વડે. **એવા...૪**



## ઉપાંગ સૂત્રો



શ્રીઔપપાતિક જન્મને સિદ્ધિગમનને વર્ણવે,
રાયપ્પસેણી વાચના શ્રી કેશીગણધરની સ્તવે;
જીવાભિગમમાં જીવનું ને જગતનું વર્ણન કર્યું,
પ્રજ્ઞાપના ઉત્કૃષ્ટ તત્ત્વ વિચારથી અઢળક ભર્યું. **એવા...૫**

શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ બતાવે સ્વરૂપ સૂર્યમંડલનું,
શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ કરે જ્યોતિષનું વર્ણન ઘણું;
શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ભૂગોળ તિર્છાલોકનું,
નિરયાવલિકા વર્ણવે ભૂપ અનેક નરકગામીનું. **એવા...૬**

શ્રેણિકપૌત્ર જે સ્વર્ગે પહોંતા, ગાય કપ્પવડંસિયા,
દશ દેવદેવીના ભવોને, વર્ણવે છે પુપ્ફિયા,
શ્રી પુષ્ફચુલિયા દેવી દેશની, પૂર્વકરણી દાખવે,
વહ્નિદશા બલભદ્રજીના, બારપુત્રોને સ્તવે. **એવા...૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્વાદશ ઉપાંગ મહાર્થ છે, અદ્‌ભુત રહસ્યોથી ભર્યાં,
આ અક્ષરો અવધારીને, આત્મા બહુ ભવજલ તર્યાં;
શ્રુતસાગરમાં ડૂબતાં, સંસાર કૃત્યો અવગણ્યાં,
અમૂલ્ય રત્ન સમા એ સૂત્રો, પામી મનવાંછીત ફળ્યાં
**એવા પિસ્તાલીસ આગમોને, ભાવથી કરું વંદના...૮**



## પયન્ના સૂત્રો



શ્રી ચઉસરણમાં ચાર શરણાનો, અજબ આલેખ છે,
આતુર પ્રત્યાખ્યાનમાં, ત્રણ મરણનો સુવિવેક છે;
અનશનવિધિ શુભભાવના, ભક્તપરિજ્ઞામાં કહી,
તંદુલવૈયાલિક કરે, ગર્ભસ્થિતિ વર્ણન સહી. **એવા...૯**

શ્રી ચંદ્રવેધ્યક શીખવે, એકાગ્રતાના પાઠને,
દેવેન્દ્રસ્તવ ઈન્દ્રોતણી, વૈભવકથા તાદૃશ ભણે;
જ્યોતિષ ગણિવિદ્યા મહીં, નક્ષત્ર આદિકથી કહ્યું,
શ્રી મહાપ્રત્યાખ્યાન સૂત્રે, સમાધિ ઝરણું વહ્યું. **એવા...૧૦**

બહુબોધ ગચ્છાચાર શાસ્ત્રે, શ્રમણસંઘવિશે મળે,
લક્ષણ શ્રી મરણસમાધિ, સમતામૃત્યુનાં મળે,
આ દશ પયન્ના સૂત્ર છે, પ્રભુવીરના શિષ્યો રચે,
**એવા...૧૧**

## છેદ સૂત્રો

આલોચનાનો માર્ગ પ્રાયશ્ચિતની પાવન વિધિ,
છે છેદસૂત્રોમાં પ્રભુએ દાખવી શુદ્ધિ બધી;
શ્રી નિશીથ બૃહત્‌કલ્પ શ્રી વ્યવહાર સૂત્ર છે દોષ જીત્‌,
પાવન દશાશ્રુત સ્કંધ તેમજ પંચકલ્પ મહાનિશીથ. **એવા...૧૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મૂળ સૂત્રો

વિવરણ છ આવશ્યકતણું છે સૂત્ર આવશ્યક મહીં,
મહાશાસ્ત્ર દશવૈકાલિકે શ્રમણો તણી કરણી કહી;
શ્રી ઉત્તરાધ્યયને મનોહર બોધનાં ઝરણાં વહે,
શ્રી ઓઘ નિર્યુક્તિ મુનિની સમાચારીને કહે
**એવા પિસ્તાલીસ આગમોને, ભાવથી કરું વંદના...૧૩**

શ્રી પિંડનિર્યુક્તિ બતાવે ગોચરીની પદ્ધતિ,
મૂળ સૂત્ર છે આ ચાર આપે આતમાને સન્મતિ;
એ સાર જીવનમાં ગ્રહે, ચારિત્રથી લે સદ્‌ગતિ,
એ સૂત્રોનાં આલંબને, જીવ પામે મોક્ષ સંપત્તિ...**એવા...૧૪**

## શેષ સૂત્ર

શ્રીનંદી સૂત્રે પાંચ જ્ઞાન તણી વિશદ ચર્ચા ઘણી,
અનુયોગદ્વાર થકી મળે, શિક્ષા સકલ આગમતણી;
શ્રુતવાણીને હૈયે ધરી, ગુણ પામે જીવ મુનીશ બની,
અજ્ઞાન તિમિર દૂરે કરી, અવિલંબે પામે કેવલશ્રી...**એવા...૧૫**

નિર્યુક્તિગ્રંથો ભદ્રબાહુસૂરિ રચે ગંભીર બહુ,
ભાષ્યો રચ્યા જિનભદ્રગણિએ સરળને સુંદર સહુ;
ચૂર્ણિ તણાં રચનાર પૂર્વ મહર્ષિઓ ઉપકારી છે,
અગણિત આચાર્યે રચેલી વૃત્તિઓ મનોહારી છે.. **એવા...૧૬**

શાસ્ત્રો હજારો વિવિધ ભાષામાં વિશાળ રચી ગયા,
મહામુનિવરો નિજ જ્ઞાનદાને મેઘ આષાઢી થયા;
બહુબોધ એક એક અક્ષરે એ પાપના પુંજો હરે,
**પ્રશમામૃતે** અંતર ભરે, અગણિત આતમ ઉદ્ધરે.. **એવા...૧૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# વીશ સ્થાનક વંદના





જે જ્ઞાનનું ઐશ્વર્યનું ગુણસમૂહનું અંતિમ ચરણ
વળી પુણ્ય, સત્ત્વ પ્રભાવ ને કરુણા તણું વહેતું ઝરણ
પળપળ રહો મુજ હૃદયમાં વીતરાગ ! એક તારું સ્મરણ
**અરિહંત** ! અતિશયવંત ! તુજને ભાવથી કરું વંદના. (૧)

જે મુક્ત છે આ જગતના ભૌતિક સકલ બંધન થકી
જે મુક્ત છે ભૂત ભાવિ સાંપ્રત કાળના સ્પંદન થકી
કર્મો થકી કાયા થકી બની મુક્ત કાર્ય સકલ થકી
સુવિશુદ્ધ સુખભોક્તા અનંત **સિદ્ધને** કરું વંદના. (૨)

સુર અસુર પૂજિત નાથ નમો તિત્થસ્સ કહી કરતા નમન
બહુશ્રુતધરો અનુરાગથી જસ ગુણ તણું કરતા રટણ
સંપ્રતિ પરે કરો ભક્તિ, ધરી શુભ ભાવ, કરજો પ્રભાવના
તે ભવતરણ પ્રવહણ સમા **પ્રવચનપદે** કરું વંદના. (૩)

જે પાંચ આચારો તણું પાલન કરે ને કરાવતા
વાણી પ્રભાવે સંઘ ચઉવ્વિહ કમલનયન વિકસાવતાં
શાસનધૂરા હાથે ધરી જિન માર્ગને દીપાવતા
તીર્થંકરા સમ છે કહ્યા **આચાર્ય પદને** વંદના. (૪)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચારિત્ર પર્યાયે કરી જે સ્થવિર પદ શોભાવતા
વળી વયતણો પરિપાક થાતાં અનુભવે જે ઓપતા
શ્રુતના બળે જે શ્રમણવૃન્દે સ્થૈર્યગુણને રોપતા
પર્યાય વય વળી શ્રુત થકી જે **સ્થવિર** તેને વંદના. (૫)

શિક્ષણ દીયે વંદનતણાં પચવીશ આવશ્યક તણું
પચવીશ ક્રિયારહિત જે, આધાર ગચ્છતણો ગણું
સૂરિરાજ દરબારે સદા યુવરાજ સમ જે રાજતા
પચવીશ ગુણવંતા વિનયવંતા **વાચકને** વંદના. (૬)

જે અષ્ટપ્રવચન માતને બાળક પરે સંભાળતા
નિજ કાયકષ્ટને અવગણી ષટ્કાય ગોકુળ પાળતા
સમતા ધરી કરી સાધના જે સ્વપર હિતને સાધતા
તે કર્મયુદ્ધે વીરયોદ્ધા સમ **શ્રમણને** વંદના. (૭)

જયણાદિ સઘળો ધર્મવટ જે મૂળનો વિસ્તાર છે
વળી જેહ વિણ સઘળી ક્રિયાઓ કેવળ તનુભાર છે
મતિ-શ્રુત થકી પ્રારંભીને સર્વજ્ઞતાએ પાર છે,
સંસાર પારાવાર તારક **જ્ઞાનપદને** વંદના. (૮)

જે ગુણ વિનાની ધર્મકરણી મંદ ફળ દેનાર છે
જે ગુણ પ્રભાવે પાપકરણી મંદ ફળ દેનાર છે
જેના પવિત્ર સ્પર્શ માત્ર અલ્પ નિજ સંસાર છે
આશ્ચર્યકારી અદ્ભુત ! **સમ્યક્ત્વપદને** વંદના. (૯)

જે ગુણ થકી વધે ભાગ્ય ને લોકો તણી ચાહત મળે
અભ્યંતરા એ તપ બળે કર્મો થકી રાહત મળે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે ગુણ થકી અભિમાન જાવે જ્ઞાન આવે નવ નવું
શાસનતણું તે મૂળ દશવિધ **વિનયપદને** વંદના. (૧૦)

આરાધનાનું અવતરણ આનંદનું વહેતું ઝરણ
સાવદ્ય સઘળી પાપકરણીઓ તણું જ્યાં વિસ્મરણ
મારા પ્રભુની જીવનશૈલીનું જ જ્યાં છે અનુસરણ
ભયમુક્ત ભાવે યુક્ત તે **ચારિત્રપદને** વંદના. (૧૧)

ક્રોડો સુવર્ણના દાન પણ કહી જેહની તોલે નહીં
જે ગુણ થકી ગૃહીને શ્રમણસમ કેવલી બોલે અહીં
વ્રતવૃન્દમાં દીપક સમું વ્રત જે કહ્યું શાસ્ત્રો મહીં
ગુણ સકલમાં આશ્ચર્ય સમ **બ્રહ્મચર્યને** વંદના. (૧૨)

જે સત્ક્રિયાના બળ થકી કૈં વિશ્વમાં ગુણવંત છે
વળી જે ક્રિયાના શુભ પ્રભાવે જીવનમાંહે વસંત છે
જો ભાવયુક્ત ક્રિયા બને તો ભવતણો મુજ અંત છે
પ્રભુએ પ્રરૂપી ધર્મરૂપી **સત્ક્રિયાને** વંદના. (૧૩)

સંજ્ઞાતણું વર્ચસ્વ જે તોડે ખરેખર આપણું
કર્મો નિકાચિત નિર્ઝરે સાધન જુઓ આતમતણું
વળી જેહના સેવન સમય લાગે સદા પોતાપણું
સર્વોચ્ચ મંગલરૂપ જે તે **તપપદે** કરું વંદના. (૧૪)

છે નામ મંગલમય સદા પ્રાતઃ સમય લેવા સમું
વિનયે કરી જેને વરી લબ્ધિ સકલ તેને નમું
સંપૂર્ણ શિષ્યત્વે કરી જે પૂર્ણગુરુતા પામતા
ગણધરપદે અતિશાયી તે **ગૌતમ પદે** કરું વંદના. (૧૫)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘનઘાતીકર્મો નિર્ઝરી કૈવલ્યધામે શોભતા
આતમતણી ગુણશક્તિનો પરચો જગતને આપતા
જે ટૂંક સમયમાં દેહ ત્યાગી મોક્ષગામી બની જતા
દુઃખદર્દ દોષતણાં વિજેતા **જિનપદે** કરું વંદના (૧૬)

ભોગો તણી ભિક્ષાચરી જે પદ પ્રભાવે ઓસરે
વળી ત્યાગ ને તપની પિપાસા જેહ થકી મન પાંગરે
તે સંયમે હોજો રતિ મુજ સંયમે જ મતિ સદા
એ પ્રાર્થનાના ભાવથી **સંયમપદે** કરું વંદના. (૧૭)

ઉત્પત્તિ જેની કેવળી ભગવંતના મુખ કમળથી
પ્રજ્ઞપ્તિ ગણધર પૂરવધર બહુશ્રુતધરોના સ્થળ થકી
વિજ્ઞપ્તિ કે 'ગ્રહો જ્ઞાનને' જે રક્ષતું ભવવમળથી
ગુણરૂપ અક્ષરદેહ **અભિનવ જ્ઞાનપદને** વંદના. (૧૮)

જેને પ્રભુએ પાંચજ્ઞાનમહીં પ્રમાણરૂપે કહ્યું
કૈં પ્રાજ્ઞવૃન્દે જેહને નિજ બુદ્ધિવૃષભે કરી વહ્યું
પામ્યા પછી સુરસરિત સમ શ્રુતસરિત બીજાથી સર્યું
અહો ! ધન્યતાના ભાવથી હું **શ્રુતપદે** કરું વંદના. (૧૯)

ક્રોડો ભવોમાં જે ઉપાર્જ્યાં કર્મ જેથી તૂટતાં
અવલંબી જેને કર્મ કીધા તે કદી નવ છૂટતાં
જંગમ અને સ્થાવર દ્વિવિધ ભેદે જગતમાં સોહતું
જે ભવ્યને ભવ તારતું તે **તીર્થપદે** કરું વંદના. (૨૦)

જે પદતણી આરાધના કરી જીવ તીર્થંકર બને
જે પદતણી આરાધના ગુણયોગ ક્ષેમંકર બને


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે પદ સમૂહ આરાધવા બડભાગી હું ક્યારે બનું
**સર્વાંગ સુંદર વીશસ્થાનક વૃન્દને કરું વંદના. (૨૧)**

જે ત્રીસ સ્થાનક મોહના જે જસ બળે નબળા પડે
વળી પાપના સ્થાનક અઢારે જેહ થકી મોળા પડે
તે ધર્મમય સહુ સ્થાનને સંભારતા હેલા ચડે
**સર્વાંગ સુંદર વીશસ્થાનક વૃન્દને કરું વંદના. (૨૨)**

આ વિશ્વના સર્વોચ્ચ શુભ તત્ત્વો સમાયા જે મહીં
સહુ જીવના શુભ ભાવના સ્રોતો વહે છે જે મહીં
તે ધર્મરાયની રાજધાની તણી કરી સ્તવના અહીં
**સર્વાંગસુંદર વીશસ્થાનક વૃન્દને કરું વંદના. (૨૩)**

જે ધન્ય નર જેને મળ્યા વીશ સ્થાનકો ભાગ્યોદયે
છે પુણ્યવંતા પુરુષ તે સ્થાનકતણું ધરે ધ્યાન જે
જેનું રટણ કરતા થતી મુજ દોષસમૂહ નિકંદના
**સર્વાંગસુંદર વીશસ્થાનક વૃન્દને કરું વંદના. (૨૪)**

વીશ સ્થાનકો રોમે વસ્યા, નયણે વસ્યા હૈયે ધર્યા
વીશ સ્થાનકો જીભે ચઢ્યા, ચોમેર પડઘાઈ રહ્યા
છે પ્રાર્થના હર શ્વાસમાં વીશ સ્થાનકો રહે પાસમાં
**સર્વાંગસુંદર વીશસ્થાનક વૃન્દને કરું વંદના. (૨૫)**

અહો ! પાપ ભાગ્યા આજ મારા પુણ્યનાં અંકુર ફળ્યાં
જાણે વિહરતા જિન સમા વીશ સ્થાનકો મુજને મળ્યા
વિધિએ કરું તસ સાધના, અનુરાગ તેનો મન ધરું
મુજ શુભ તણો થાશે **ઉદય** વિશ્વાસ હું હૃદયે ધરું (૨૬)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# નવકાર ચતુર્દશી



જેના પ્રચંડ પ્રભાવથી, વિખરાય વાદળ કર્મના
સુરલોકના દેવો મળી, કરે હર્ષ ધરીને વર્ણના,
જેના સ્મરણથી થાય છે, પાપો તણી નિકંદના
**એવા શ્રી મહામંત્રને ભાવે કરું હું વંદના ॥૧॥**

આ સૃષ્ટિનો શૃંગાર છે ને, પૃથ્વીનો આધાર છે,
આનન્દનો અવતાર છે, પરમાર્થ પારાવાર છે,
વળી સકલ આગમ-શાસ્ત્રમાં, મહિમા અનંત અપાર છે.**એવા...૨**

જે કામધેનુ - કલ્પતરું - ચિંતામણિથી અધિક છે
જેના શરણમાં આવેલાને, મુક્તિ અતિ નજદીક છે,
ઈચ્છિત આપે વિઘ્ન કાપે, દુરિત દ્વન્દ્વ નિકંદના.**એવા...૩**

જે જન્મ-મૃત્યુ ટાળતો ને રોગ - શોક નિવારતો,
વળી વિષયનાં જાલિમ બંધન, ક્ષણમાંહિ જે કાપતો,
ને જીવનમાં મન ભાવતાં, સુખ-સંપદાને આપતો.**એવા...૪**

જે ચૌદ પૂર્વનો સાર છે ને મંત્રમાં શિરદાર છે
સંસાર સાગરે ડૂબતાં, જીવો તણો આધાર છે,
મુજ નયનની દૃષ્ટિ વળી જે હૃદયનો ધબકાર છે.**એવા...૫**

આદિ નહીં આ મંત્રની, ભૂત - ભાવિમાં છે શાશ્વતો
સુખ-શાંતિને પામે સદા, શુભ ભાવથી જે સાધતો,
ચૌદ રાજના ત્રણ ભુવનના, સહુ જીવને હરખાવતો.**એવા...૬**



Jain Education International　For Personal & Private Use Only　www.jainelibrary.org

એક લાખ મંત્રના જાપથી, અરિહંતની પદવી મળે
નવ લાખ મંત્રના જાપથી, નરકોતણાં દુઃખો ટળે,
નવ ક્રોડના વળી જાપથી, ત્રીજે ભવ મુક્તિ મળે. **એવા...૭**

જે રંકને રાજા બનાવે, રોગીને નીરોગી જે
રાગીને વિરાગી બનાવે, ભોગીને વળી ત્યાગી જે,
પાપીને પાવન કરે જે, આપદને સંપદ કરે. **એવા...૮**

જે મંત્રના સંસ્મરણથી અમર - અમર બની ગયો
વળી શ્રીમતીને જાપથી તે સર્પ પુષ્પ બની ગયો,
જે કાષ્ઠમાં બળતો ફણીધર દેવ ધરણેન્દ્ર થયો. **એવા...૯**

વ્યાધિ સતાવે દેહને, અકળાવે આધિ મનને
ઉપાધિનાં તોફાનમાં, ખોઈ રહ્યોં મુજ જીવનને,
જે આપતો મૃત્યુ સમાધિ, સદ્ગતિ વળી જીવને. **એવા...૧૦**

જેના નવે નવ પદ સાચે, નિધિના ભંડાર છે
વળી સંપદા છે આઠ જેની, અષ્ટ કર્મ નિવારે તે
"અ-સિ-આ-ઉ-સા" આ મંત્રનો, જે જન્મદાતા ગણાય છે. **એવા...૧૧**

અરિહંતના ગુણ બાર છે ને, સિદ્ધના ગુણ આઠ છે,
આચાર્યના છત્રીશ ને, પાઠકના પચ્ચીશ છે,
વળી સત્યાવીશ સાધુના, ઈમ કુલ એકસો આઠ છે. **એવા...૧૨**

ત્રણ ભુવનમાં ત્રણ કાળમાં, જે મંત્ર ચિંતામણિ કહ્યોં
દિલની સૂકી ધરતી મહીં, આ મંત્ર કલ્પતરુ ફળ્યો,
બહુ પુણ્યના વળી ઉદયમાં જે મંત્ર મુજ આવી મળ્યો. **એવા...૧૩**

તીર્થોમહીં જિમ શેત્રુંજય તીર્થાધિરાજ ગણાય છે
પર્વોમહીં પર્યુષણા પર્વાધિરાજ મનાય છે,
તિમમંત્રમાં નવકાર આ મંત્રાધિરાજ ગણાય છે. **એવા...૧૪**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# વજ્ર પંજર સ્તોત્ર

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્;
આત્મરક્ષાકરં વજ્ર-પંજરાભં સ્મરામ્યહં. ૧

ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્;
ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્. ૨

ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની,
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દઢમ્..૩

ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે;
એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે. ૪

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગાર-ખાતિકા. ૫

સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં;
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહ-રક્ષણે...૬

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવ-નાશિની;
પરમેષ્ઠિ-પદોદ્ભૂતા-કથિતા પૂર્વસૂરિભિઃ...૭

યશ્ચૈનં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા;
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ - રાધિશ્ચાપિ કદાચન...૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## હજારો મંત્ર શું કરશે..



(રાગ-બહારો ફુલ બરસાવો...)

હજારો મંત્ર શું કરશે, મારો નવકાર બેલી છે
જગત રુઠીને શું કરશે, મારો નવકાર બેલી છે[૨]
સુદર્શન શેઠની ઉપર, ચડાવ્યું આળ રાણીએ
ચઢ્યા શૂળીએ શેઠજી, ત્યાં ગણે નવકાર મંત્ર એ
થયું સોનાનું સિંહાસન, મારો નવકાર બેલી છે.[૨] હ.૧
શ્રીમતી શ્રાવિકા સતીને, ઘણું દુઃખ દીધું સાસરિયે,
ઘડામાં સર્પ રાખીને કહ્યું ફૂલમાળ લાવવાને,
ગણે નવકાર, બને ફૂલમાળ, મારો નવકાર બેલી છે.[૨] હ.૨
અમરને હોમવા કાજે મંગાવ્યો બાળ રાજાએ,
લાવ્યા અગ્નિકુંડની પાસે ગયો નવકારને શરણે,
થયો ચમત્કાર ત્યાં તત્કાળ, મારો નવકાર બેલી છે.[૨] હ.૩
પાર્શ્વજીએ કાષ્ટ ચિરાવી બચાવ્યો નાગ બળતાને,
નવકાર મંત્ર સુણાવી, કર્યો ઉદ્ધાર મંગલમય,
બન્યા ધરણેન્દ્ર દેવેન્દ્ર, મારો નવકાર બેલી છે.[૨] હ.૪

## મંત્ર નવકાર

મંત્ર નવકાર હમેં પ્રાણો સે પ્યારા
યે હૈ વો જહાજ જિસને લાખોં કો તારા...મંત્ર નવકાર....
સોતે ઉઠતે, ચલતે-ફિરતે, ઓડસો ઈસી મંત્ર કા જાપ કરો...૧
આપ કમાએ પાપ તો ઉનકા, ક્ષય ભી અપને આપ કરો
ઈસ મહામંત્ર કા લે લો સહારા...મંત્ર નવકાર....૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



શ્રી યશોદેવસૂરી મ.સા.

# જેના હૈયે શ્રી નવકાર

(રાગ : મારા શામળા છો નાથ)



શ્રી અભયસાગરસૂરી મ.સા.

જેના હૈયે શ્રી નવકાર, એને શું કરશે સંસાર.
જપો નવકાર મનરંગે[૨]...૧

શૂળીનું સિંહાસન થાય, શેઠ સુદર્શન પૂજાય.
એવો જેનો છે પ્રભાવ, ભવિ હૈયે લાવો ભાવ[૨] જપો..૨

એક સમળી સુદર્શના થાય, ગુરુ મુખથી મંત્ર સુણાય.
સમળી વિહાર બંધાય, મુનિસુવ્રત જિન સોહાય[૨] જપો..૩

સર્પ બને છે ફૂલની માલ, જાપ જપે શ્રીમતી સુકુમાલ,
શ્રદ્ધા હૈયે જો ધરાય, ચમત્કાર ત્યાં દેખાય[૨] જપો..૪

અમરકુમારને હોમતા; થયા બધા બ્રાહ્મણો લોહી વમતા.
એવો જેનો ચમત્કાર, કાજ સીઝે છે તત્કાળ[૨] જપો..૫

# મહામંત્ર છે મોટો જગમાં

(રાગ : રામચન્દ્ર કહ ગયે સિયાસે)

મહા મંત્ર છે મોટો જગમાં, એક જ શ્રી નવકાર રે
ધૂન લગાવો સાથે મળી સૌ, એ છે તારણ હાર રે
ગુણલા ગાવો સાથે મળી સૌ એ છે રક્ષણ હાર રે. મહામંત્ર-૧.

શ્રી નવકાર જપો મન રંગે, શ્રીજિન શાસન સાર રે
સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતા જય જ ય કાર રે
ધૂન જગાવો...ગુણલા ગાવો. એ છે તારણહાર રે. મહામંત્ર-૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







## નવકાર જપને સે

નવકાર જપને સે, સારે સુખ મિલતે હૈં
જીવન મેં, તન મન કે, સબ દુખ મિટતે હૈં
મન ઉપવન મેં ખુશિયોં કે, ફૂલ ખિલતે હૈં, નવકાર.૧
પાપોં સે બચકર રહના, હાં રહના
દુખ આયે તો હંસતે-હંસતે સહના-૨
નવકાર કરેગા રક્ષા, હાં રક્ષા,
યે અરિહંત હૈ પ્રસન્નતા કા નક્શા-૨
જાપ જપો, જપતે રહો, સંકટ ટલતે હૈ. મન ઉપવન મેં..૨



## ધૂન-ઓમ્ મંગલમ્



ઓમ્ મંગલમ્... ઓમકાર મંગલમ્
આદિ મંગલમ્... આદિનાથ મંગલમ્... ઓમ્ મંગલમ્.૧
શાંતિ મં... શાંતિનાથ મં... નેમિ મં... નેમિનાથ મં... ઓમ્ મંગલમ્.૨
પાર્શ્વ મં... પાર્શ્વનાથ મં... વીર મં... મહાવીર મં... ઓમ્ મંગલમ્.૩
ગુરુ મં... ગૌતમસ્વામી મં... યંત્ર મં... સિદ્ધચક્ર મં... ઓમ્ મંગલમ્.૪
મંત્ર મં... મહામંત્ર મં... નમો મં... નવકાર મં... ઓમ્ મંગલમ્.૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







# નવપદ વંદનાવલી



## અરિહંત વંદના

કરી અતુલ આતમ બળ વડે, આંતર રિપુ નિકંદના,
દૂષણ અઢારે દૂર કર્યા, આતમ સ્વરૂપની નંદના,
ગુણગણ અનંતા જેહના, કેમે કરીય ગણાય ના,
**અરિહંતના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧.**

કેવળ હી દ્રષ્ટા બને, સવિ દ્રવ્ય ક્ષેત્ર કાલના,
જાણે બધા ભાવો છતાં, મન તન થકી લેપાય ના,
વિહરે જે વાયુની પરે, વસુધાતલે પ્રતિબંધ ના. **અરિહંતના...૨.**

જે દેવનિર્મિત સમવસરણે, બેસી દેતાં દેશના,
વાણી અમીય સમાણી સુણતા, તૃપ્તિ કદીએ થાય ના,
ચોત્રીશ અતિશય શોભતા, પાંત્રીસ ગુણ વાણી તણા. **અરિહંતના.૩.**

માર્ગોપદેશક ગુણ ભલો, વ્યસની સદૈવ પરાર્થના,
સુરઅસુર કિન્નર ભક્તિભાવે, હર્ષથી કરે અર્ચના,
જે નામનું સંસ્મરણ દુરિત, દૂર કરે ભવભવ તણા.**અરિહંતના.૪.**

|| મંત્ર : ૐ હ્રીં સપ્રાતિહાર્યાતિશયશાલિભ્યઃ શ્રીઅર્હદ્‌ભ્યો નમઃ સ્વાહા ||



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# સિદ્ધ વંદના

લોકાગ્રભાવે સિદ્ધશીલા, ઉપરે જે બિરાજતા,
જિનપૂર્ણ કેવળજ્ઞાને, લોકાલોકને નિહાળતા;
આનંદ વેદન સુખ અનુપમ, દુઃખ તો લવલેશ ના,
સવિ સિદ્ધના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૫.

જે નિષ્કષાયી નાથ, નિર્મોહી, નિરાકારી સદા,
અવિનાશી અકલ અરૂપવંતી, આત્મગુણની સંપદા,
નિર્મુક્ત જે વળી નિત્ય દેહાતીત નિજરૂપ રંજના.
સવિ સિદ્ધના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૬.

કદી જાય ના એવાં સુખોનાં, સ્વામી સિદ્ધ જિનેશ્વરો,
ક્ષય થાય ના એવો ખજાનો, ભોગવે પરમેશ્વરો,
રિદ્ધિ અને સિદ્ધિ અનંતી, જેહની કરે સેવના.
સવિ સિદ્ધના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૭.

ઘાતી અઘાતી કર્મ જે, સાથી અનાદિકાલના,
તેને કરી ચકચૂર સ્વામી, જે થયા નિજ ભાવના,
અક્ષય સ્થિતિ શાશ્વત સુખો, ભોક્તા મહા સામ્રાજ્યના.
સવિ સિદ્ધના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૮.

॥ मंत्र : ॐ ह्रीं प्राप्तानन्तचतुष्टयेभ्यः श्रीसिद्धेभ्यो નમઃ સ્વાહા ॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## આચાર્ય વંદના

પરમેષ્ઠિના ત્રીજા પદે જે સ્થાન પાવન પામતાં,
છત્રીસ ગુણોને ધારતા, ષડ્ શત્રુગણ નિવારતા,
વહેતા વ્રતોના ભારને, કરતા સ્વ-પરની સારણા,
**આચાર્યના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૯**

ધૂરી જિનશાસન તણા, દેતા મધુરી દેશના,
પ્રતિબોધતા ભવિ લોકને, જે ભાવતા શુભ ભાવના;
શાસન પ્રભાવક જે કહ્યાં, નેતા ચતુર્વિધ સંઘના.
**આચાર્યના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૦**

ગીતાર્થતા જેને વરી, વ્યવહાર કુશળતા ભરી,
ભાખ્યા જે તીર્થંકર સમાં, શાસ્ત્રોતણાં જ્ઞાનેશ્વરી;
જયકાર શાસનનો કરે, પાલક સદા જિન આણના.
**આચાર્યના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૧**

જ્ઞાનાદિ પંચાચાર જે, પાળે પળાવે હેતથી,
સાધુ તથા સમુદાયનું, કરે યોગ-ક્ષેમ વિવેકથી;
તોલીને લાભાલાભ, જે રક્ષક બને શ્રી સંઘના.
**આચાર્યના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૨**

॥ મંત્ર : ૐ હ્રીં પંચાચારપવિત્રેભ્યઃ શ્રી સૂરિભ્યો નમઃ સ્વાહા ॥


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# ઉપાધ્યાય વંદના

શાસન તણા ઉદ્યાનને, લીલુડું નિજ જે રાખતા,
ચોથે પદે જે અલંકર્યાં, નિલ વરણ કાંતિસુ રાજતા,
પોતે ભણે પરને ભણાવે, ભંડાર ગુણ વિનય તણા,
**ઉપાધ્યાયના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૩**

શાસ્ત્રો તણા ગુઢાર્થભેદો, બુદ્ધિબળથી ખોલતા,
જે સારથી સમુદાયના, સન્માર્ગને સંસ્થાપતા;
અજ્ઞાનનાં અંધારપટ, ઉલેચતા શિશુવૃંદના.
**ઉપાધ્યાયના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૪**

શાસન તથા સામ્રાજ્યના, મહામંત્રીપદ પર રાજતા,
જે પદ તથા સંસ્મરણથી, મંદો સુપાવે પ્રાજ્ઞતા;
ઉપયોગવંતા પ્રધાન જયણા, ભવભીરુ પાપના.
**ઉપાધ્યાયના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૫**

જે ગુપ્તરત્ન નિધાન સમ, પચ્ચીશ ગુણે કરી ઓપતાં,
ગચ્છને ચલાવે પણ સૂરિની, આણ કદીએ ન લોપતા;
કરે સારણા કદી વારણા, નિત ચોયણા પ્રતિચોયણા.
**ઉપાધ્યાયના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૬**

**॥ મંત્ર : ૐ હ્રીં શુદ્ધસિદ્ધાન્તાધ્યાપન પ્રવણેભ્યઃ શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ સ્વાહા ॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# સાધુ વંદના

તજી માત તાત સ્વજન સંબંધી, પ્યારા સૌ પરિવારને,
મૂકી માયા ને મમતા નઠારી, સ્વાર્થ ભર્યા સંસારને;
કરે સાધના એકાંતના, એક પૂર્ણ પદની ઝંખના,
**એ શ્રમણના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૭**

તપ ત્યાગને સ્વાધ્યાયમાં, તલ્લીન જે નિશદિન રહે,
ઉપસર્ગને પરિષહ તણી, વણઝાર જે હસતા સહે;
દશવિધ સાધુ ધર્મની, કરે ભાવથી આરાધના.
**એ શ્રમણના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૮**

તલવાર ધાર સમા મહાવ્રત, પાળતા જે આકરાં,
નૈષ્ઠિક બ્રહ્મે રાચતા, સવિ જીવના જે આશરા
વર હેમની પરે ઓપતા, સેતુ સકલ કલ્યાણના.
**એ શ્રમણના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧૯**

સાધે જે નિરતિચાર પાંચ, મહાવ્રતોના યોગને,
જે વાસી-ચંદન કલ્પ, ના વાંછે સુરાદિ ભોગને;
ઈચ્છે પ્રશંસા ન કદી, નિંદક પ્રતિ પણ દ્વેષના.
**એ શ્રમણના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૦**

||મંત્ર : ૐ હ્રીં સિદ્ધિ માર્ગ સાધન સાવધાનેભ્ય : શ્રી સર્વસાધુભ્યો નમઃસ્વાહા ||



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## સમ્યગ્ દર્શન વંદના

જે બીજ છે શિવપદ તણું, સડસઠ વિભેદે વર્ણવ્યું,
ક્ષાયોપશમ ક્ષાયિક ઉપશમ, દ્રષ્ટિ નિર્મળતા ભર્યું,
જેનું અનુપમ સ્થાન છઠ્ઠે, પદે શ્રી સિદ્ધચક્રના;
દર્શન તણાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૧

છોને ચમત્કારો બતાડે, દેવતાઓ ભલભલા,
તોડી શકે ના કોઈ મુજ, શ્રદ્ધા તણી શુભ શૃંખલા;
સમકિતધારી શ્રાવિકા, સુલસાના ગુણ કહેવાય ના.
દર્શન તણાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૨

મારા પ્રભુએ જે પ્રરુપ્યું, તે જ સાચું એક છે,
તે સત્ય છે નિઃશંક છે, તે પ્રાણ છે આધાર છે,
શ્રદ્ધા ખડગ જેવી અડગ, મુજ અંતરે હો સ્થાપના,
દર્શન તણાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૩

તનથી રહે સંસારમાં, પણ મોક્ષમાં મનડું રમે,
તપ ત્યાગ સંયમ ભાવના, જેની રગરગમાં રમે,
ઉત્કૃષ્ટ છાસઠ સાગરુની, સ્થિતિ હોવે ખંડના.
દર્શન તણાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૪

॥ મંત્ર : ૐ હ્રીં તત્ત્વરુચિરૂપાય શ્રી સમ્યગ્દર્શનાય નમઃ સ્વાહા ॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







## સમ્યગ્ જ્ઞાન વંદના

કર્મો ખપાવી ઘાતિયા, કેવળ લહી પ્રભુ શુભ તમે,
ખોલે ખજાનો ગૂઢ હિતકર, મોહ મિથ્યા તમ શમે,
આપે ત્રિપદ ગણધારને, કરે ચૌદ પૂરવ સર્જના,
સદ્જ્ઞાનનાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૫

છે શાસ્ત્ર 'દીપક' સારીખા, મોહાંધકારઘને વને,
છે શાસ્ત્ર દિવાદાંડી સમ, મિથ્યા મહોદધિ તારણે,
પદ પદ પરમ પાવન શુચિ, અનેકાંતવાદ નિદર્શના.
સદ્જ્ઞાનનાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૬.

આતમ સ્વરૂપને શોધવા, સદ્જ્ઞાન છે સાચો સખા,
સ્વ-પર પ્રકાશક જે કહ્યું, આત્મિક ગુણ અમુલખા,
મતિ-શ્રુત-અવધિજ્ઞાન, મન-કેવળ વિભેદો જ્ઞાનના.
સદ્જ્ઞાનનાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના..૨૭.

જ્ઞાની ખપાવે ચીકણા, કર્મો જે શ્વાસોશ્વાસમાં,
તે ક્રોડો વર્ષે ના છૂટે, અજ્ઞાનનાં અંધકારમાં,
જ્ઞાને હીણા પશુ સમ કહ્યા, કિશ્યા કહુ ગુણજ્ઞાનનાં?
સદ્જ્ઞાનનાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૮

॥ મંત્ર : ૐ હ્રીં તત્ત્વાવબોધરૂપાય શ્રી સમ્યગ્જ્ઞાનાય નમઃ સ્વાહા ॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# સમ્યક્ ચારિત્ર વંદના

ચારિત્રમોહ વિનાશથી, ભવિજન સુસંયમ પામતા,
ઈન્દ્રિય-નોઈન્દ્રિય દમી, આતમ વિશુદ્ધિ ધારતા;
છે પંચસમિતિ ગુપ્તિત્રય, અષ્ટમાતની જ્યાં સેવના,
**ચારિત્રનાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૨૯**

ચારિત્ર છે તલવારની, ધારા સમુ વ્રત આકરું,
આજ્ઞા તણી આરાધના, દુષ્કર છતાં ગુણ આગરુ;
મનની કરી વિલીનતા, ગીતાર્થ ગુરુ સમુપાસના,
**ચારિત્રનાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૩૦**

વસવું ગુરુકુળવાસમાં, આતમ સમર્પિત ભાવથી,
પ્રતિશ્રોત વહેવું ખંતથી, ઈચ્છાદિના નિરોધથી;
જ્યાં ચૌદ રાજ તણાં જીવોને, છે અભયની ઘોષણા,
**ચારિત્રનાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૩૧**

પાળ્યા અનંતા દ્રવ્ય ચારિત્રો, છતા ભવ ના શમ્યા,
પળવાર સંયમ ભાવથી, પાળી પરમપદ ઉપન્યા;
છે રાજમારગ આ જ એક જ, અન્ય કો શિવપંથ ના,
**ચારિત્રના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૩૨**

॥ મંત્ર : ૐ હ્રીં તત્ત્વપરિણતિરૂપાય શ્રી સમ્યક્ચારિત્રાય નમઃ સ્વાહા ॥


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







# તપો વંદના

તોડે નિકાચીત ઘાતી ઘન, કર્મો તણાં સમુદાયને,
કુવાસના કુવિકાર સઘળા, દૂર કરે કુસંસ્કારને;
આધિ ઉપાધિ વ્યાધિઓ, જેનો કરે સંગાથ ના,
**તે તપ તણાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧**

ધાતુ તપાવે તન તણી, કુવિચારધારા મનતણી,
કરી શુદ્ધિ આ જીવનતણી, પહોંચાડતો શિવપથભણી;
બાહ્યાંતર બાર-પચાસ ભેદો, શાસ્ત્રમાં છે જેહના, **તે તપ.૨**

જે થયા કૃતકૃત્ય તે, તીર્થંકર પણ તપ તપે,
દીક્ષાસુ કેવળજ્ઞાન ને, નિર્વાણ કાળે અઘ ખપે;
ઈચ્છિત આપે વિઘ્ન કાપે, દુરિત દ્વંદ નિકંદના, **તે તપ.૩**

છે ઋષભપ્રભુના ચારસો ઉપવાસ ઈતિહાસે અમર,
શ્રી વીરપ્રભુનો ઘોર તપ લાવે નયનમાં અશ્રુજલ,
અણગાર ધન્નો જઈ વસ્યો શ્રી વીરપ્રભુના હોઠ પર. **તે તપ. ૪**

ઈહલોકનાં કાર્યો સકલ, સ્હેજે ફળે છે તપથકી,
રિદ્ધિ અને સિદ્ધિ અને લબ્ધિ મળે છે તપથકી,
ભવભીમવનમાં ભટકવાનો ભય ટળે છે તપથકી. **તે તપ. ૫**

॥ મંત્ર : ૐ હ્રીં કેવલનિર્જરારૂપાય શ્રી સમ્યક્તપસે નમઃ સ્વાહા ॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# તપસ્વી વંદના



આહારપાણી ત્યાગવાં, અનશન પહેલું તપ કહ્યું,
ભગવાન આદિનાથજીએ, એક વરસ લગી કર્યું,
એક દિવસથી ષટ્‌માસની, આ કાળમાં છે ઉપાસના.
**તે તપ તણાં શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...૧**

આ દેહ ભાથું માંગશે તો, અન્ન થોડું આપશું,
પૂરું ન ભરશું પેટ આ, પણ પાપ પૂરાં કાપશું,
ના ભૂખ ભાંગે ભોગથી, ઉણોદરીના ભાવથી. **તે તપ. ૨**

હું રસ ધરી આહારમાં, દ્રવ્યો ઘણાં ના વાપરું,
દ્રવ્યો પરિમિત વાપરું, આ વ્રત નથી કંઈ આકરું,
આ વૃત્તિસંક્ષેપ તપ કહ્યો અજવાળતો આરાધના. **તે તપ. ૩**

ના સ્વાદ માટે અન્ન છે, તન સાચવે તે અન્ન છે,
વિગઈતણો પરિત્યાગ કરવામાં જ, હૃદય પ્રસન્ન છે,
રસત્યાગતપ કરનારને, ના રાગની સંભાવના. **તે તપ. ૪**

જે કષ્ટ પડશે દેહને તે, હું સહું હસતાં મુખે,
પાપો બધાં મારાં તૂટે, જો સાચવું સમતા દુઃખે,
આ કાયક્લેશતણી તપસ્યા, કર્મની પરિવર્જના. **તે તપ. ૫**

પર્વત સમાન અકંપ ભાવે, સ્થિરતા તન ધારવી,
કાઉસ્સગ્ગ કરીને દેહની, સઘળી ક્રિયા પરિહારવી,
શ્રી સિદ્ધ ભગવંતો તણા, સુખની જ કરવી કલ્પના. **તે તપ. ૬**

દ્વારીકા નગરીનો દાહ અટક્યો, આયંબિલના પ્રભાવથી
અર્જુનમાળી દૃઢપ્રહારી ભવપાર તપ સદ્‌ભાવથી
શ્રીપાલ - મયણાને ફળી આયંબિલ તપ આરાધના... **તે તપ. ૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રામણ્યકાંક્ષી શિવકુમારે જીવનભર આંયંબીલ કર્યા,
શ્રી જગત્ચંદ્રસુરીશ્વરે, આજીવન આયંબીલ કર્યા,
શ્રી સુન્દરીએ વર્ષ સાઠહજાર આયંબીલ કર્યા. તે તપ. ૮

જ્યાં બ્રહ્મચર્ય છે અને, જ્યાં છે જિનેશ્વર પૂજના,
જ્યાં છે જિનાજ્ઞા સાનુબંધ અને કષાયોની ખંડના,
સુવિશુદ્ધ તપ આવો કરે તેને હજારો વંદના. તે તપ. ૯



## ગાઓ રે ગીતડા

ગાઓ રે ગીતડા આજ પ્યારા,
તપના ઉલ્લાસને વધારનારા ...૧ ગાઓ રે.
કોઈ તપસ્યાના ભાવમાં રાચે, મારા હૈયાનો મોરલો નાચે ²
જેને તપના સંસ્કાર , એને વંદન હજાર²
એના અંતરના અંધારા દૂર ટાળ્યાં...૨ ગાઓ રે.
આજે તપના ઉજમણાં આવ્યા, રુડાં મંગલ વધામણાં લાવ્યા²
લાગે દિલડાનો રંગ, જાગે તપનો ઉમંગ²
એવા ત્રિલોકને રંગનારા...૩ ગાઓ રે.
સુરલોકથી દેવતા આવે, રુડાં વાજીંત્રો સાથમાં લાવે²
મળે અપ્સરાનો સાથ, રમે રંગભર્યો રાસ²
બાજે ઢોલકને મંજીરા એક ધારા...૪ ગાઓ રે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વર્ષીતપના પારણાનું ગીત

(રાગ : શબ્દમાં સમાય નહિ)







ચારસો ઉપવાસના પારણા શ્રીકાર
આદિનાથ દાદાપધારો મ્હારે દ્વાર
અંતરમાં આવી મારા..હો...કરજો ઉદ્ધાર આદિ.૧

હો...મરુદેવા માતા રોઈ રોઈને થાકી,
રુષભ-રુષભ રટણા ચિત્ત માંહિ લાગી
ભૂલું તને...હો...(૨) તોય મને કરજે તું પ્યાર આદિ.૨

પૂરવ ભવોના કોઈ કરમે ભમાવ્યાં,
સમતા રાખી તેં તો કરમો ખપાવ્યાં,
મુજને પણ...હો...(૨) દેજે તૂ સમતા લગાર આદિ.૩

ભવોભવની પ્રિતડીએ તુજને બોલાવ્યાં,
શ્રેયાંસ હાથે તારા પારણા કરાવ્યાં,
મારી પણ...હો... (૨) પ્રીતનો તુ કરજે સ્વીકાર.આદિ.૪

તપનો સંદેશો તે દુનિયાને આપ્યો,
'શુદ્ધિ' એ મારગ સિદ્ધિનો દાખ્યો,
આત્મગુણ...હો...(૨) રશ્મિમાં 'હીર' દે અપાર, આદિ.૫

**ધૂન :-** વંદના વંદના તપધર્મને હો વંદના, વંદના વંદના તપસ્વીને હો વંદના
સર્વશાસ્ત્રના સાર સમ, તપને કરું હું વંદના, રત્નત્રયીની ખાણ સમ તપને.
સદ્ગતિકેરા દ્વાર સમ, તપને કરું હું વંદના, મુક્તિના દાતાર સમ,
તપને કરું હું વંદના, ચાર કષાય ચૂરનાર તપને, ભાવે કરું હું વંદના,
વિષય વાસના હરનાર તપને, ભાવે કરું હું વં. પુણ્યતણા ભંડાર તપને,
ભાવે કરું હું વંદના, દુઃખ દારિદ્ર હરનાર તપને ભાવે કરું હું વંદના.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







# રત્નાકર પચ્ચીશી

મંદિર છો મુક્તિ તણા, માંગલ્ય ક્રીડા ના પ્રભુ,
ને ઈન્દ્ર નર ને દેવતા સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાન કળા તણા. ૧

ત્રણ જગતના આધાર ને અવતાર હે કરુણાતણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારના દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરું. ૨

શું બાળકો મા-બાપ પાસે બાળક્રીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહીં ને શીયળ પણ પાળ્યું નહીં,
તપથી દમી કાયા નહીં શુભ ભાવ પણ ભાવ્યો નહીં,
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ નવ કર્યું;
મારું ભ્રમણ ભવ સાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



હું ક્રોધઅગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં મોહન મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે.૫.

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહીં,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહીં;
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા.૬.

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે ! શું કરું હું તો વિભુ;
પથ્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે..૭.

ભમતા મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પ્રમાદના વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર આ પોકાર હું જઈને કરું ?...૮

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું. ૯

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા પરનારીમાં લપટાઈને;



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારું પરતણું,
હે નાથ ? મારું શું થશે, ચાલાક થઈ ચૂક્યો ઘણું. ૧૦

કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે હણી આગમોની વાણીને;
કુદેવની સંગતથકી કર્મો નકામાં આચર્યાં,
મતિભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨

આવેલ દૃષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો ને પયોધર નાભિ ને સુંદર કટિ,
શણગાર સુંદરીઓ તણાં છટકેલ થઈ જોયા અતિ. ૧૩

મૃગનયણી સમ નારીતણાં મુખચંદ્ર નીરખવા અતિ,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી ? ૧૪

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળાતણી દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરું. ૧૫


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



આયુષ્ય ઘટતું જાય તો પણ પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાનાં ઘર ચણું. ૧૬

આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ ! આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે. ૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહીં,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહીં;
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રળ્યા જેવું થયું,
ધોબીતણાં કુત્તા સમું મમ જીવન સહું એળે ગયું. ૧૮

હું કામધેનુ કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર તારો ધર્મ તે સેવ્યો નહીં,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ ! કર કરુણા કંઈ. ૧૯

મેં ભોગ સારા ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહીં,
આગમન ઈચ્છ્યું ધનતણું પણ મૃત્યુને પીછ્યું નહીં,
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં ભયમાત્ર હું ભૂલી ગયો. ૨૦

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં યશ પણ ઉપાર્જન નવ કર્યો,


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી તણાં ફેરા ફર્યા. ૨૧

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણાં વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને;
તરું કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? ૨૨

મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો ક્યાંથી થશે હે નાથજી;
ભૂત ભાવિ ને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો. ૨૩

અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતા તણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરું શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત ક્યાં ? ૨૪

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ !
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ,
મુક્તિ મંગળસ્થાન તોય મુજને ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન **'શ્યામ'** જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫



:- અનુવાદક -:

**શામજીભાઈ માસ્તર**

(ભાવનગર)





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# રાજા કુમારપાળ આત્મનિંદા બત્રીશી





સર્વે સુરેન્દ્રોના નમેલા મુકુટ તેનાં જે મણિ,
તેના પ્રકાશે ઝળહળે પદપીઠ જે તેનાં ધણી;
આ વિશ્વનાં દુઃખો બધાંયે છેદનારા હે પ્રભુ,
જય જય થજો જગબંધુ તુમ એમ સર્વદા ઈચ્છું વિભુ. ૧

વીતરાગ હે કૃતકૃત્ય ભગવન્ આપને શું વીનવું,
હું મૂર્ખ છું મહારાજ જેથી શક્તિહીન છતાં સ્તવું;
શું અર્થીવર્ગ યથાર્થ સ્વામીનું સ્વરૂપ કહી શકે,
પણ પ્રભો ! પૂરી ભક્તિ પાસે યુક્તિઓ એ ના ઘટે. ૨

હે નાથ ! નિર્મલ થઈ વસ્યા છો આપ દૂરે મુક્તિમાં,
તોયે રહ્યા ગુણ ઓપતા મુજ ચિત્તરૂપી શુક્તિમાં;
અતિ દૂર એવો સૂર્ય પણ શું આરસીના સંગથી,
પ્રતિબિંબ રૂપે આવી અહીં ઉદ્યોતને કરતો નથી ? ૩

પ્રાણી તણાં પાપો ઘણાં ભેગા કરેલાં જે ભવે,
ક્ષીણ થાય છે ક્ષણમાં બધાં તે આપને સારે સ્તવે;
અતિ ગાઢ અંધારાતણું પણ સૂર્ય પાસે શું ગજું,
ઈમ જાણીને આનંદથી હું આપને નિત્યે ભજું. ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



શરણ્ય કરુણાસિંધુ જિનજી આપ બીજા ભક્તનાં,
મહામોહવ્યાધિને હણો છો શુદ્ધ સેવાસક્તનાં;
આનંદથી હું આપ આણા મસ્તકે નિત્યે વહું,
તોયે કહો કુણ કારણે એ વ્યાધિનાં દુઃખો સહું. ૫

સંસારરૂપ મહાટવીના સાર્થવાહ પ્રભુ તમે,
મુક્તિપુરી જાવા તણી ઇચ્છા અતિશય છે મને;
આશ્રય કર્યો તેથી પ્રભો ! તુજ તોય આંતર તસ્કરો,
મુજ રત્નત્રય લૂંટે વિભો રક્ષા કરો રક્ષા કરો. ૬

બહુ કાળ આ સંસારસાગરમાં પ્રભુ હું સંચર્યો,
થઈ પુણ્યરાશિ એકઠી ત્યારે જિનેશ્વર તું મળ્યો;
પણ પાપકર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી,
શુભ યોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુયે કરી. ૭

આ કર્મરૂપ કુલાલ મિથ્યાજ્ઞાનરૂપી દંડથી,
ભવચક્ર નિત્ય ભમાવતો દિલમાં દયા ધરતો નથી,
કરી પાત્ર મુજને પુંજ દુઃખનો દાબી દાબીને ભરે,
વિણ આપ આ સંસાર કુણ રક્ષા કહો એથી કરે ? ૮

ક્યારે પ્રભો સંસારકારણ સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની મન તત્ત્વજ્ઞાને જોડીને;
રમીશ આત્મ વિષે વિભો નિરપેક્ષવૃત્તિ થઈ સદા,
તજીશ ઇચ્છા મુક્તિની પણ સંત થઈને હું કદા ? ૯

એ રાક્ષસોના રાક્ષસો છે ક્રૂર મ્લેચ્છો એ જ છે,
એણે મને નિષ્ઠુરપણે બહુ વાર બહુ પીડેલ છે;



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



ભયભીત થઈ એથી પ્રભુ તુમ ચરણ શરણું મેં ગ્રહ્યું,
જગવીર દેવ બચાવજો મેં ધ્યાન તુમ ચિત્તે ધર્યું. ૨૦

ક્યારે પ્રભો નિજ દેહમાં પણ આપબુદ્ધિને તજી,
શ્રદ્ધાજળે શુદ્ધિ કરેલ વિવેકને ચિત્તે સજી,
સમ શત્રુ મિત્ર વિષે બની ન્યારો થઈ પરભાવથી,
રમીશ સુખકર સંયમે ક્યારે પ્રભો આનંદથી. ૨૧

ગતદોષ ગુણભંડાર જિનજી દેવ મારે તું જ છે,
સુરનરસભામાં વર્ણવ્યો જે ધર્મ મારે તે જ છે;
ઈમ જાણીને પણ દાસની મત આપ અવગણના કરો,
આ નમ્ર મારી પ્રાર્થના સ્વામી તમે ચિત્તે ધરો. ૨૨

ષડ્વર્ગ મદનાદિક તણો જે જીતનારો વિશ્વને,
અરિહંત ઉજ્જવલ ધ્યાનથી તેને પ્રભુ જીત્યો તમે;
અશક્ત તુમ પ્રત્યે હણે તુમ દાસને નિર્દયપણે,
એ શત્રુઓને જીતું એવું આત્મબળ આપો મને. ૨૩

સમર્થ છો સ્વામી તમે આ સર્વ જગને તારવા,
ને મુજ સમા પાપી જનોની દુર્ગતિને વારવા,
આ ચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે,
હે શરણ શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે ? ૨૪

તુમ પાદપદ્મ રમે પ્રભો નિત જે જનોનાં ચિત્તમાં,
સુર ઈંદ્ર કે નરઈંદ્રની પણ એ જનોને શી તમા ?
ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે સહે,
સદ્ગુણોની સુગંધ એના આત્મમાંહે મહમહે. ૨૫


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



અત્યંત નિર્ગુણ છું પ્રભો ! હું ક્રૂર છું હું દુષ્ટ છું,
હિંસક અને પાપે ભરેલો સર્વ વાતે પૂર્ણ છું,
વિણ આપ આલંબન પ્રભો ! ભવભીમસાગર સંચરું,
મુજ ભવભ્રમણની વાત જિનજી આપ વિણ કોને કરું ? ૨૬

મુજ નેત્રરૂપ ચકોરને તું ચંદ્રરૂપે સાંપડ્યો,
તેથી જિનેશ્વર આજ હું આનંદ-ઉદધિમાં પડ્યો,
જે ભાગ્યશાળી હાથમાં ચિંતામણિ આવી ચડે,
કઈ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવિ સાંપડે ? ૨૭

હે નાથ! આ સંસારસાગર ડૂબતા એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને જહાજરૂપે છો તમે;
શિવરમણિના શુભસંગથી અભિરામ એવા હે પ્રભો,
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે વિભો. ૨૮

જે ભવ્ય જીવો આપને ભાવે નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માળા લઈને પ્રેમથી કંઠે ઠવે,
તે ધન્ય છે કૃતપુણ્ય છે ચિંતામણિ તેને કરે,
વાવ્યો પ્રભો નિજ કૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે.૨૯

હે નાથ ! નેત્રો મીંચીને ચલચિત્તની સ્થિરતા કરી,
એકાંતમાં બેસી કરીને ધ્યાનમુદ્રાને ધરી,
મુજ સર્વકર્મ વિનાશકારણ ચિંતવું જે જે સમે,
તે તે સમે તુજ મૂર્તિ મનહર, માહરે ચિત્તે રમે. ૩૦

ઉત્કૃષ્ટ ભક્તિથી પ્રભો મેં અન્ય દેવોને સ્તવ્યા,
પણ કોઈ રીતે મુક્તિસુખને આપનારા નવ થયા,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



અમૃત ભરેલા કુંભથી છોને સદાયે સિંચીયે,
આંબાતણાં મીઠાં ફળો પણ, લીંબડા, ક્યાંથી દિયે ? ૩૧

ભવજલધિમાંથી હે પ્રભો ! કરુણા કરીને તારજો,
ને નિર્ગુણીને શિવનગરના શુભસદનમાં ધારજો,
આ ગુણી આ નિર્ગુણી એમ, ભેદ મોટા નવ કરે,
શશી સૂર્ય મેઘ પરે દયાલુ, સર્વનાં દુઃખો હરે.૩૨





(શાર્દૂલવિક્રીડિત છંદ)

પામ્યો છું બહુપુણ્યથી પ્રભુ તને, ત્રૈલોક્યના નાથને,
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના, નેતા મળ્યા છે મને,
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું, જેની કરું માંગણી,
માગું આદરવૃદ્ધિ તોય તુજમાં, એ હાર્દની લાગણી. ૩૩

જાણી આર્હત ગુર્જરેશ્વરતણી, વાણી મનોહારિણી,
શ્રદ્ધાસાગર વૃદ્ધિચંદ્ર સરખી, સંતાપ સંહારિણી;
ત્હેનો આ અનુવાદ મેં સ્વપરના કલ્યાણ માટે કર્યો,
શ્રીમન્નેમિસૂરીશ સેવનબળે, જે ભક્તિભાવે ભર્યો. ૩૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org






# અઢાર પાપસ્થાનક સંવેદના

## સંયમ વંદનાવલી



### પ્રાણાતિપાત

ડગલે અને પગલે સતત, હિંસા મને કરવી પડે,
તે ધન્ય છે જેને અહિંસાપૂર્ણ જીવન સાંપડે,
ક્યારે થશે કરુણાઝરણથી, આર્દ્ર મારું આંગણું.
આ પાપમય સંસાર છોડી, શ્રમણ હું ક્યારે બનું ?...૧

### મૃષાવાદ

ક્યારેક ભય ક્યારેક લાલચ, ચિત્તને એવા નડે,
વ્યવહારમાં વ્યાપારમાં જૂઠું, તરત કહેવું પડે,
છે સત્ય મહાવ્રતધર શ્રમણનું, જીવનગૃહ રળિયામણું. આ...૨

### અદત્તાદાન

જે માલિકે આપ્યા વગરનું, તણખલું પણ લે નહીં,
વંદન હજારો વાર હો તે, શ્રમણને પળપળ મહીં,
હું તો અદત્તાદાન માટે, ગામ પરગામે ભમું, આ...૩

### મૈથુન

જે ઇન્દ્રિયોને જીવનની ક્ષણ, એક પણ સોંપાય ના,
મુજ આયખું આખું વીત્યું તે, ઇન્દ્રિયોના સાથમાં,
લાગે હવે સ્થૂલિભદ્રતણું, સંસ્મરણ અતિ સોહામણું, આ...૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પરિગ્રહ

નવવિધ પરિગ્રહ જિંદગીભર, હું જમા કરતો રહ્યો,
ધનલાલસામાં સર્વભક્ષી, મરણને ભૂલી ગયો,
મૂર્ચ્છારહિત સંતોષમાં સુખ છે, ખરેખર જીવનનું, આ...૫

## ક્રોધ

અબજો વરસની સાધનાનો, ક્ષય કરે જે ક્ષણમહીં,
જે નરકનો અનુભવ કરાવે, સ્વ-પરને અહીં ને અહીં,
તે ક્રોધથી બની મુક્ત સમતાયુક્ત હું ક્યારે બનું ? આ...૬

## માન

જિનધર્મતરુના મૂલ જેવા, વિનયગુણને જે હણે,
જે ભલભલા ઊંચે ચડેલાને'ય તરણા સમ ગણે,
તે દુષ્ટ માન સુભટની સામે, બળ બને મુજ વામણું. આ...૭

## માયા

શ્રી મલ્લિનાથ જિનેન્દ્રને, જેણે બનાવ્યા સ્ત્રી અને,
સંક્લેશની જાલિમ અગનમાં, જે ધખાવે જગતને,
તે દંભ છોડી સરલતાને, પામવા હું થનગનું. આ...૮

## લોભ

જેનું મહાસામ્રાજ્ય એકેન્દ્રિય સુધી વિલસી રહ્યું,
જેને બની પરવશ જગત આ, દુઃખમાં કણસી રહ્યું,
જે પાપનો છે બાપ તે, ધનલોભ મેં પોષ્યો ઘણો. આ...૯

## રાગ

તન-ધન-સ્વજન-જીવન ઉપર, મેં ખૂબ રાખ્યો રાગ પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે રાગથી કરવું પડ્યું, મારે ઘણા ભવમાં ભ્રમણ,
મારે હવે કરવું હૃદયમાં, સ્થાન શાસનરાગનું. આ...૧૦

## દ્વેષ

મેં દ્વેષ રાખ્યો દુઃખ ઉપર તો સુખ મને છોડી ગયું,
સુખદુઃખ પર સમભાવ રાખ્યો, તો હૃદયને સુખ થયું,
સમજાય છે મુજને હવે, છે દ્વેષ કારણ દુઃખનું. આ...૧૧

## કલહ

જે સ્વજન-તન-ધન ઉપરની, મમતા ત્યજી સમતા ધરે,
બસ, બારમો હોય ચન્દ્રમા, તેને કલહ સાથે ખરે,
જિનવચનથી મઘમઘ થજો મુજ, આત્મના અણુએ અણુ. આ.૧૨

## અભ્યાખ્યાન

જો પૂર્વભવમાં એક જૂઠું આળ આપ્યું શ્રમણને,
સીતા સમી ઉત્તમ સ્ત્રીને, રખડપટ્ટી થઈ વને,
ઈર્ષ્યા તજું બનું વિશ્વવત્સલ, એક વાંછિત મનતણું. આ...૧૩

## પૈશુન્ય

મારી કરે કોઈ ચાડીચુગલી, એ મને ન ગમે જરી,
તેથી જ મેં આ જીવનમાં નથી કોઈ પણ ખટપટ કરી,
ભવોભવ મને નડજો કદી ના, પાપ આ પૈશુન્યનું. આ...૧૪

## રતિઅરતિ

ક્ષણમાં રતિ ક્ષણમાં અરતિ; આ છે સ્વભાવ અનાદિનો,
દુઃખમાં રતિ સુખમાં અરતિ, લાવી બનું સમતાભીનો,
સંપૂર્ણ રતિ બસ મોક્ષમાં હું, સ્થાપવાને રણઝણું. આ...૧૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પરપરિવાદ

અત્યંત નિન્દાપાત્ર જે આ, લોકમાં'ય ગણાય છે,
તે પાપ નિન્દા નામનું, તજનાર બહુ વખણાય છે,
તજું કામ નક્કામું હવે આ, પારકી પંચાતનું. આ...૧૬

## માયામૃષાવાદ

માયામૃષાવાદે ભરેલી, છે પ્રભુ મુજ જિંદગી,
તે છોડવાનું બળ મને દે, હું કરું તુજ બંદગી,
બનું 'સાચદિલ' આ એક મારું, સ્વપ્ન છે આ જીવનનું.આ...૧૭

## મિથ્યાત્વશલ્ય

સહુ પાપનું, સહુ કર્મનું, સહુ દુઃખનું જે મૂલ છે,
મિથ્યાત્વ ભૂંડું શૂલ છે, સમ્યક્ત્વ રૂડું ફૂલ છે,
નિષ્પાપ બનવા હે પ્રભુજી ! શરણ ચાહું આપનું. આ...૧૮

જ્યાં પાપ જ્યારે એક પણ, તજવું અતિ મુશ્કેલ છે,
તે ધન્ય છે જેઓ અઢારે, પાપથી વિરમેલ છે,
ક્યાં પાપમય મુજ જિંદગી, ક્યાં પાપશૂન્ય મુનિજીવન,
જો તુમ સમું પ્રભુ ! "હીર" આપો તો કરું મુક્તિગમન.આ...૧૯

અઢાર પાપોમાં રહું, મુજ જિંદગી નિરાશ છે,
"ગુણરત્ન" આ તુજ બાળને, તારીશ એ વિશ્વાસ છે,
મુજ મન ભ્રમર ગુંજન કરે, સંયમ એ મુજ શ્વાસ છે,
"મુનીશ" બનું તારી કૃપાથી, હૃદયની એ આશ છે. **આ...૨૦**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચારિત્ર ઉપકરણ







# સંયમ ઉપકરણ વંદના

કર્મો ઉપાર્જ્યા જે ઘણાં, અજ્ઞાનથી આવેશથી,
તે સર્વ પાપ વિનાશ થાઓ, શ્રમણના આ વેશથી;
ગણવેશના આ વિશ્વમાં છે, સ્થાન જેનું વિશેષથી,
તે શ્રમણ સુંદર વેશને, ભાવે કરું હું વંદના... (૧)

જે વેશને પ્રભુએ ધર્યો, પ્રભુએ ભર્યો શુભતા થકી,
જે વેશને પ્રભુએ કહ્યો, આચારથી વળી આણથી;
જે વેશને લેતા જ સોહે, જિનવરા ચઉનાણથી...તે... (૨)
ગણધારીને ગુણધારી વળી, વ્રતધારીઓથી શોભતો,

સ્થૂલિભદ્ર શાલિભદ્ર સમ, મુનિવર થકી જે દીપતો;
કેવળધરા, પૂરવધરા, બહુશ્રુતધરા, ધારણ કરે...તે...(૩)

દેવો તણાં સ્વામી સદા જે, વેશ કાજે તરફડે,
શ્રેણિક સમા પરમાર્હતોનાં, જીવનમાં જે ના જડે;
બહુ પુણ્યકારી જીવને જે, વેશ અમૂલખ સાંપડે...તે...(૪)

જે વેશને ધારણ કરે, વંદન જગત તેને કરે,
જે વેશને નજરે નિહાળી, કૈંક ભવસાગર તરે;
આ વિશ્વમાં જે વેશ કાજે, લોક બહુ આદર ધરે...તે...(૫)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનતણું બહુમૂલ્યવંતુ, સમયધન એળે ગયું,
ને વિત્ત બહુ ઘણુંએ કરી, અધિકરણને ફાળે ગયું;
ઉદ્ધાર કરી ઉપકાર કરતું, ઉપકરણ સાચું કહ્યું,
ઉપકારકારી ઉપકરણને, ભાવથી કરું વંદના...(૬)

જડ પુદ્ગલો સમભાવ ધારી, જીવને આવી મળે,
પણ કોઈ તેનું શું કરે તે, કોઈને ક્યાંથી કળે ?
ઉપયોગ તેનો શુભ થતા જડ, છે છતાં જડતા ટળે...ઉપ...(૭)





ગૃહરજતણું વારણ કરે, તેને મનુજ કરમાં ગ્રહે
જે કર્મરજને દૂર કરતું, રજોહરણ કિમ ના ગ્રહે ?
છે કર્મયુદ્ધે જેહ અસિ સમ, કરતું કર્મનિકંદના...ઉપ...(૮)




વિણ પાત્ર ભોજન સાધુને, પ્રભુએ નિષેધ્યું તેહથી,
કલ્પે ગ્રહણ સુવિહિત મુનિને, પાત્રનું સુવિવેકથી;
કરો કામના ધરો ભાવના, 'કરું પાત્રદાન હું ટેકથી'...ઉપ... (૯)

જયણા તણું સાધન બને, રક્ષણ તણું કારણ બને,
જે સ્વપરનું પરિજન બનીને, જીવનું તારણ બને;
છે ધન્ય તે સહુ શ્રમણને, કંબલ સદા ધારણ કરે...ઉપ..(૧૦)


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





છે બોધ રહ્યો અક્ષર મહીં, અક્ષર રહ્યા છે પુસ્તકે,
બને જ્ઞાન-સાધન પોથી પ્રત, તેહને ધરું હું મસ્તકે;
અક્ષર કહો સાક્ષર કહો, છે અભેદનયથી એકતા...ઉપ...(૧૧)

સાધક મુનિના હસ્તમાં, જપમાળાના મણકા ફરે,
ઊર્જા ખરે ચોતરફથી ને, સૂક્ષ્મના તણખા ઝરે;
માળા ગ્રહી કરી જાપ પ્રભુનો, પાપની ક્ષપણા કરે...ઉપ...(૧૨)

અપરાધી હોય તો પણ કદી, કોઈ જીવને નવ મારતા,
પણ કાષ્ઠનિર્મિત મેરુશિખરી, દંડને જે ધારતા;
ત્રણ દંડને ફટકારતા, કર મોક્ષદંડ રાખતા...ઉપ...(૧૩)





ભૂમિ પ્રમાર્જીને પછી, બેસે સદા જે આસને,
વસ્તી મહીં પણ ચાલતા, નિશિએ જુએ દંડાસને;
પાત્રક તણું કરવા પ્રમાર્જન, પૂંજણીને અપેક્ષતા...ઉપ...(૧૪)

કરી સાધના લઈ શ્રમ ઘણો, સંસ્તારકે મુનિ સુવતાં,
નવ સાધના કાજે નવું, લઈ જોમ જ્યાંથી ઊઠતાં;
જડ છે છતાં મહાભાગ્ય કરે, મુનિદેહની વિશ્રામણા...ઉપ...(૧૫)




છે મુખ્ય સાધન સાધના, પણ જેહ વિણ તે થાય ના,
સાધન તણું સાધન બની કરે, "ઉદય" તે વિસરાય ના;
નત મસ્તકે તે સાધનોના વૃંદને પાયે પડી...ઉપ...(૧૬)


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# શ્રમણ વંદના



અગાર છંડી અણગાર બની, ફરે ગામે ગામ ધન્ય તે
મુંડન કરે નિજ કેશનું, વળી દ્રવ્યથી મહાવીર તે
વળી કષાયનું મુંડન કરે, જે ભાવથી ક્ષમાશીલ તે
**એવા ગુણે કરી શોભતાં, વંદન કરુ અણગાર ને...એવા.૧**

જે મહાવ્રતોનો ભાર ઉંચકી, વિચરે સંયમશાલમાં
રત્નત્રયીને લૂંટવામાં હંમેશ રહેતા લોભમાં,
દાન કરતા અભયનું, કરુણાનિધિ જીવમાત્રના...**એવા.૨**

સમકિત રત્નને સાચવે, જિનવચનની શ્રદ્ધા બળે
જે જ્ઞાનરૂપી અમૃતરસનું, પાન કરતા પળે પળે
ચારિત્ર ઘરમાં વાસ કરતા, શોધતા નિજ દોષને...**એવા.૩**

જે ત્રસ અને સ્થાવર તણી, રક્ષા કરે ત્રય યોગ થી
ક્યારે ન વદતા અલિક વયણો, રાગ-દ્વેષ કે હાસ્યથી
માલિકની આણા વિનાનું ઈચ્છે ન ક્યારે તૃણને...**એવા.૪**

નવ વાડ સહિત જે બંભધારે, વિષયોમાં રાચે નહિ
ચતુર્થ વ્રત અખંડ પાલે, અપવાદ માર્ગ અડે નહિ.
ચિંતા ન કરતા કાલની, વળી લેશ પણ મુર્છા નહિ...**એવા.૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમતા સુખના શ્રેષ્ઠ ભોગી, સાધનામાં શુભ મતિ
ગવેષતા નિર્દોષ ભીક્ષા, ભ્રમર પરે ભમતા યતિ
મમતા ન ધરે મનમા જરી, દમતાએ મોહ સુભટને
**એવા ગુણે કરી શોભતા, વંદન કરુ અણગાર ને...૬**

વિનયવંત ગુણવંત ત્યાગી, સદાનંદ રહે વૈરાગ્યમાં
ભવિજીવને પ્રતિબોધતા, રમતા એ જ્ઞાન ચોગાનમાં
ધર્મધ્યાનને શુક્લ ધ્યાન, ધ્યાવતા એકાંતમાં...**એવા.૭**

અઢાર સહસ શીલાંગ ધારી, શીલાલંકારે ઓપતા
બાવના ચંદન સમી, સંયમ સુરભી મ્હેંકાવતા
સ્વાધ્યાયમાં એકલક્ષી, આત્મ ગુણમાં રમણતા...**એવા.૮**

આણા વહે ગુરુની શિરે જે, વસતા ગુરુકુલવાસમાં
વૈયાવચ્ચ કરતા સદા, ઈંગિત આકાર ભાવમાં
સદા કરે પ્રસન્ન ગુરુને, આનંદથી કરે વિનયને...**એવા.૯**

સિંહ પરે શૂરવીર થઈને, કર્મની સાથે ઝઝૂમતા
અનુકુલતાથી દૂર રહેતા, સામેથી સહે પ્રતિકુલતા
સામર્થ્ય યોગથી સાધના કરે, મેળવવા શિવરાજને ...**એવા.૧૦**

સહે ગ્રીષ્મ કાલે રવિનો તાપ, કર્મ કઠિનને બાળવા
ઠંડી સહે અદીન ભાવે ઝંખે ના અગ્નિ તાપવા
વર્ષાકાલે રહે એકઠામે, છતાં ન રાખે મમત્વને...**એવા.૧૧**

ધન અને પરિવાર છોડી, સામગ્રીઓના ઢગ તજી
દીક્ષા પામી ગુરુ સાથે વિચરે, સંયમ શણગારને સજી
ગુણ સ્થાનક છઠ્ઠે સાતમે, આનંદે ઝુલે પારણે...**એવા.૧૨**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપસર્ગને પરિષહ સહેતા, તે શ્રમણને ધન્ય છે
જે લડતા આંતર શત્રુ સાથે, તે શ્રમણને ધન્ય છે
દ્વાદશવિધ તપને આરાધે તપસ્વીને ધન્ય છે
**એવા ગુણે કરી શોભતા, વંદન કરુ અણગાર ને...૧૩**

જે સહે, સાધે, સહાય કરતા, સાધુ ગણને ધન્ય છે
કનક ઉપલ સમભાવ રાખે, એવા નિર્ગ્રંથને ધન્ય છે
પાપો તણી જે ઘૃણા કરતા, મહાઋષિને ધન્ય છે....**એવા.૧૪**

આહાર સંજ્ઞા જીતવાને, વિગઈથી વેગળા થતા
દેવો પણ જેને નમે, એવા સંયમને સાધતા
અષ્ટમાતાની ગોદમાં, નિર્ભય પણે આલોટતા...**એવા.૧૫**

સમતાભાવની પરમ ટોચે, બીરાજતા યોગેશ્વરો
ઉપશમ રસમાં ઝીલતા, આનંદથી મુનીશ્વરો
કષાયની તીન ચોકડીને, ટાળતા તે ઋષિવરો...**એવા.૧૬**

ગૌતમ ધન્નો સ્કંધક આદી, મહર્ષિઓ જે થઈ ગયા
વર્તમાનમાં અઢીદ્વીપમાંહી, શ્રમણો જે વિચરી રહ્યા
ભાવિમાં થશે મુનિ અનંતા , તારશે જીવ અનેકને...**એવા.૧૭**

વરસે અનરાધાર મહેર જીનતણી પૂન્યતણા જોશથી
પામી દુર્લભ દ્રવ્ય સંયમી પણું, મોહનીયના નાશથી
અત્યંત દુર્લભ ભાવ ચારિત્ર મુજને, મળજો સહી આજથી
પામુ યથાખ્યાત ચારિત્ર નિર્મલતયા, સિદ્ધ બનુ વેગથી...**એવા.૧૮**

પંચમ પદે આરુઢ થયેલા ઋષીને કરુ ત્રિકાલે વંદના
સરસ્વતી નંદન આનંદસાગર તમે, સાગર છોજ્ઞાનના
મૂર્તિ જે સાક્ષાત આગમતણી, એવા શ્રી સાગરસૂરી
તસ કૃપાપાત્ર માંગે જ્ઞાનગંગા,**પ્રશસ્ત મિતાક્ષરી...એવા.૧૯**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શ્રમણી વંદના



કૈવલ્ય પામે જે દિને સ્થાપે શ્રી જિન ચઉસંઘને,
શાસનતણા બીજે પદે સ્થાપે શ્રી શ્રમણીસંઘને,
શાસનતણું જે અભિન્ન અંગ ને સ્થાન જે ગુણગણતણા,
**અરિહંત સ્થાપિત શ્રમણી સંઘને ભાવથી કરું વંદના.૧**

આધારસ્તંભ શાસનતણા શ્રી શ્રમણસંઘને કહે બધા,
શાસનતણી આધારશીલા શ્રમણીસંઘને નમું સદા,
શોભે શ્રમણથી ધર્મ પણ આધારશીલા દેખાય ના...**અરિહંત. ૨**

પરમેષ્ઠીના પંચમપદે પણ જેહની છે સ્થાપના,
દ્વિતીય પદને પામવા કરે નિત નવનવી સાધના,
તપ ત્યાગ ને વૈરાગ્યના, રંગોથી પૂરતા આંગણા...**અરિહંત. ૩**

આ કાળમાં જે પ્રથમ આર્યા બ્રાહ્મી સુંદરી શોભતા,
નિજ ભ્રાતને ઉપદેશ દઈ અભિમાનથી ઉતારતા,
આર્યા છે ચોવિશ જિનતણી પથિક જે શિવમાર્ગના...**અરિહંત. ૪**

પતિત પરિણામે મુનિને સ્થિર કરે સંયમમહીં,
રહનેમી- રાજુલનું કથાનક યાદ કરૂ આજે અહીં,
દ્રઢતા ગ્રહી નિજ શીલની શીલવાન સહુને બનાવતા...**અરિહંત. ૫**

પ્રભુ વીરની એ પ્રથમ આર્યા ચંદનાને નમું ખરે,
ગુરુ માતાનો ઠપકો સુણી મૃગાવતી કેવલ વરે,
અદ્‌ભુત ચાલના દર્શને શેઠુક સંયમને ગ્રહે...**અરિહંત. ૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મદનરેખા સાધ્વી થઈ... યુદ્ધ મેદાને જતા,
નમિરાયને શ્રી ચંદ્રયશને યુદ્ધથી અટકાવતા,
ઉજ્જવલ બને સંસાર આખો જેહના તપધર્મથી
**અરિહંત સ્થાપિત શ્રમણી સંઘને ભાવથી કરું વંદના.૭**

અરણિક મુનિવર ગ્રીષ્મથી પતિત પરિણામી થતા,
વાત્સલ્ય ભીની માત સાધ્વી આંખથી આંસુ જતા,
ઉપદેશ આપી લાલને ફરી સંયમે જે સ્થાપતા...**અરિહંત. ૮**

ચૌદસો ચુમ્માલીસ ગ્રંથની એ જેમણે રચના કરી,
ભગવાનશ્રી હરિભદ્રસૂરિ શાસનની પ્રતિભા ખરી,
નિજ જાતને યાકિનીમહત્તરા સુનુ કહી ઓળખાવતા...**અરિહંત. ૯**

બંધુમુનિ શ્રીયકને તપધર્મમાં જે જોડતા,
યક્ષાદી સાત ભગિની આર્યા બુદ્ધિમાન કહાવતા
સ્વામી સિમંધર પાસથી ચૂલિકા ગ્રહી જે આવતા...**અરિહંત.૧૦**

આઠ વર્ષની બાલ વયમાં સંયમ વેશને ધારતા,
બાર વર્ષના સંયમમહીં શત સપ્ત શિષ્યાઓ થતા,
આર્યા શ્રી પદ્મલક્ષ્મી નામે માતર તીર્થે શોભતા...**અરિહંત.૧૧**

આ કાળમાં પણ ભવ્ય તપને તેજથી જે શોભતા
દૃઢધર્મીને પ્રિયધર્મી જેઓ વિવિધ અભિગ્રહ ધારતા
દિલડું નમે છે માહરું ને કર્ણયુગ પાવન થતા...**અરિહંત.૧૨**

આત્મ કમલની લબ્ધિ લેવા વિક્રમ કરતાં જે સદા,
શાસનતણી સમૃદ્ધિના વળી મૂળ છે જેઓ સદા,
સૌ"**ભાગ્ય**" વધશે તેહનું જે યશ ગાશે તેહના...**અરિહંત.૧૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# ચારિત્ર મનોરથ માળા



ભાવો કરીને પાપના, ભવભ્રમણની વૃદ્ધિ કરી,
પામી કૃપા જિનવર તણી મેં, શુભતણી બુદ્ધિ ધરી;
રંગી હૃદય સંવેગથી ને, ભાવની શુદ્ધિ વરી,
મનોરથ કરું ચારિત્રના, સહુ શ્રમણના પગમાં પડી...૧

મોહતંતુ તોડીને હું, સ્વજનસંગ ક્યારે તજીશ ?
સંવેગ ને વૈરાગ્યના, રસરાજને ક્યારે ભજીશ ?
ગુરુદેવના પદકમલમાં, બની ભ્રમર હું ક્યારે રમીશ ?
શ્રામણ્યરૂપી સુંદરી, ક્યારે વરીશ ? ક્યારે વરીશ ?...૨

સઘળાય પાપો છોડીને, નિષ્પાપતા ક્યારે ધરીશ ?
ઉત્સાહના ઘોડે ચડી, સંયમવને ક્યારે ભમીશ ?
નિર્મમ બની હું ગામ નગરે, વિચરણો ક્યારે કરીશ ?
નિર્લેપ થઈ પૃથ્વીતલે, ક્યારે ફરીશ ? ક્યારે ફરીશ ?...૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદ્વેગ નહીં, વિશ્રામ નહીં, પણ પ્રબલતમ ઉલ્લાસથી,
ને ભાવના ભાવિત બની, ચૈતન્યના અભિલાષથી;
મહાવ્રતતણાં મહાભારને, અંતરભર્યા ઉત્સાહથી,
મમ ખંધ ઉપરે વૃષભ પરે, ક્યારે ધરીશ ? ક્યારે ધરીશ...૪

વસતા થકા ગુરુસંગતે, વિણસે પ્રકારો પાપના,
જે નિવાસમાં વસ્યા હતા ને, વસી રહ્યા મુનિવર ઘણા;
ગુરુકુલતણાં એ વાસમાં, કરી વાસ પામી સુવાસના,
દુરભિ અનાદિ મલ તણી ક્યારે હરીશ ? ક્યારે હરીશ ?...૫

અજ્ઞાનથી, આવેશથી કે પ્રમાદથી, ઉન્માદથી,
બનું માર્ગથી ભૂલો પડી ઉન્માર્ગનો જયારે પથી;
કરી સારણાને વારણા વળી ચોયણા પડિચોયણા,
વારે મુનિ તેને ગુણી ક્યારે ગણીશ ? ક્યારે ગણીશ ?...૬

આકુળતા વ્યાકુળતા ને, વ્યગ્રતા મન નયનની,
એકાગ્ર કરી ઉપયોગને, તજી ચપળતા પણ વચનની;
ત્રણ હાથ ભૂમિ પેખતો જીવ જતનને હિયડે ધરી,
ઈર્યા તણું પાલન સરસ, ક્યારે કરીશ ? ક્યારે કરીશ ?...૭

જો કાર્ય નીપજે તો જ વદવું; ટેક એ ક્યારે ધરીશ ?
મીઠા મધુરા હિતભર્યા, રૂડાં વચન ક્યારે વદીશ ?
નિર્દોષ ભિક્ષા ભીખતો, મધુકર સમો ક્યારે થઈશ ?
અણગાર સાચો વીરનો, ક્યારે બનીશ ? ક્યારે બનીશ ?...૮

સંયમતણાં સહુ સાધનો, લેવાં પડે મૂકવાં પડે,
તવ દષ્ટિથી દેખી કરી, પૂંજીશ રજોહરણ વડે;


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મલમૂત્ર અશુચિ શ્લેષ્મની કે, વ્યર્થ વસ્તુ છોડતા,
પંચમ સમિતિ પાલક, ક્યારે બનીશ, ક્યારે બનીશ ?...૯

ચિંતા પરાયી અવગણી, શુભ ચિંતને ક્યારે ચડીશ ?
કરી દૂર કટુતા જીભને, માધુર્યથી ક્યારે ભરીશ ?
અપયોગ છંડી કાયાનો, શુભયોગથી ક્યારે ઘડીશ ?
આભૂષણો ગુપ્તિ તણાં, ક્યારે સજીશ ? ક્યારે સજીશ ?...૧૦

જે વિષ થકી પણ અધિક વિષમય, વિષયતૃષ્ણાને વમી,
ધરી જીર્ણશીર્ણ મલિન વસ્ત્રો, જડરતિથી વિરમી;
જે મલિનતા ગાત્રો તણી, નિર્મોહ થઈ તેને ખમી,
શ્રામણ્યનાં ગુણવૃંદને, ક્યારે વરીશ ? ક્યારે વરીશ ?...૧૧

ને શાસ્ત્ર વિહિત યોગને, સાધી અનુજ્ઞાને વરી,
ગુરુકૃપા ભાજન બની કરી ગુરુવરોની ચાકરી;
ગુરુવરચરણ ઉપાસીને ગુરુબોધને પામી કરી,
ગણધર રચિત એ આગમો, ક્યારે ભણીશ ? ક્યારે ભણીશ ?...૧૨

શ્રદ્ધા જીવંતી ને જવલંતી હૃદયના દીવડે ધરી,
ગંભીરતા ને નમ્રતા, ભવભીરુતા ગુણ આદરી;
જે શાસ્ત્રના અભ્યાસથી, પરિપક્વતા આવે ખરી,
તે ગુપ્ત ગ્રંથો છેદના ક્યારે ભણીશ ? ક્યારે ભણીશ ?...૧૩

શીલાંગરથ આરુઢ થઈ, સૌભાગ્યના શિખરે ચડી,
ને વિશ્વવૈરી કામ સહ, મહાશૌર્યથી યુદ્ધો લડી;
સંવેગરંગ સુધારસે મન, રંગી નિઃસંગી બની,
સમતાતણાં મહાસુખમહીં ક્યારે ઠરીશ ? ક્યારે ઠરીશ ?...૧૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરદોષદર્શન રહિતતા દૃષ્ટિ મહીં ક્યારે ભળે ?
ને ગુણપ્રશંસા નિજ તણી, મુજ વચનથી ક્યારે ટળે ?
દસ વિધ સામાચારીના પાવન અને નિર્મળ જળે,
જે મેલ કાળ અનાદિનો, ક્યારે હરીશ ? ક્યારે હરીશ ?...૧૫

આક્રોશ વધ ને યાચના, સત્કાર પરિષહ જીતતો,
કુળ ઉચ્ચ મધ્યમ નીચના, વિણભેદ ભિક્ષા ભીખતો;
ભિક્ષા મળે કે ના મળે હું, રોષ-તોષ ઉવેખતો;
અજ્ઞાત રહી ભિક્ષા ગ્રહણ, ક્યારે કરીશ ? ક્યારે કરીશ ?...૧૬

ઈંગાલ ધૂમ સંયોજના, મહાદોષનું વર્જન કરી,
ને વિણ પ્રયોજન અધિક ભોજન, દોષ વિસર્જન કરી;
પન્નગ પ્રવેશે દર મહીં, તે રીતથી કરી ગોચરી,
વૈરાગ્યપીણું હોઠ પર, ક્યારે ધરીશ ? ક્યારે ધરીશ ?...૧૭

શાસ્ત્રોતણાં સહુ સૂત્રને, તસ અર્થને ક્યારે ભણીશ ?
જિતકલ્પને જિન વચનની, સમકક્ષ હું ક્યારે ગણીશ ?
વળી તીવ્ર સંયમ આચરી, મહામોહને ક્યારે હણીશ ?
નવકલ્પી વિહરણ મહેલને, ક્યારે ચણીશ ? ક્યારે ચણીશ?...૧૮

જે પરતણાં અપવાદ કે પ્રવાદથી હું પર બની,
જે સ્વર્ણ-ચાંદી કોયલામાં, તુલ્ય પ્રજ્ઞાને ધરી;
જે વ્યર્થ વાતો કુકથાઓ, તેહથી દૂરે રહી,
સ્વાધ્યાય રસ સંજીવની, ક્યારે ગ્રહીશ ? ક્યારે ગ્રહીશ ?...૧૯

વિકસી રહ્યાં વિલસી રહ્યાં, વરપુષ્પ જ્યાં સદ્‌ગુણતણાં,
વિરમી રહ્યાં વિણસી રહ્યા, જ્યાં નામ કામગુણોતણાં;


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી પડી રહ્યા જલધોધ જ્યાં, કરુણા તણાં જયણા તણાં,
બની ભ્રમર સંયમ વનમહીં ક્યારે ભમીશ ? ક્યારે ભમીશ ?...૨૦

અશોકતા ને વિમલતા, જાણે વિમલ અશોક છે,
સુવાસ શીલની મઘમઘે, જાણે કુસુમનો થોક છે;
સૌંદર્ય છે જ્યાં ચિત્તનું, એ રમ્યતા અણમોલ છે,
ચારિત્રના તે ઉપવને, ક્યારે રમીશ ? ક્યારે રમીશ ?...૨૧

ભય ભૈરવો આવે ભલે, તો પણ ડગાવી ના શકે,
સ્મશાનના ભૂત-પલીત પણ, મુજને ચલાવી ના શકે;
તપથી ભલે તન પીગળે, મનને પીગાળી ના શકે,
સ્વામી હું સાત્વિક મન તણો, ક્યારે બનીશ ? ક્યારે બનીશ?...૨૨

તપરાગ સત્ત્વને શ્રુત વળી, એકત્વ બળની ભાવના,
ને પાંચથી આતમ રસું, જે છે સુવાસિત બાવના;
પૂર્વો ભણી પ્રતિમા ધરી, કરી ધર્મતીર્થ પ્રભાવના,
બની મુક્ત હું કૃત કૃત્યતા, ક્યારે વરીશ ? ક્યારે વરીશ...૨૩

ઉપહાસના કે દ્વેષના કે રોષના હેતુ થકી,
કોઈ દેવ, માનવ કે જનાવર, બળતણાં મદથી છકી;
કરે તાડના કે યાતના, એ મુખ થકી મેલું બકી,
ઉપસર્ગ તે ઉપશમ થકી, ક્યારે સહીશ ? ક્યારે સહીશ ?...૨૪

શસ્ત્રો ઉગામી હાથથી, જે મારવા તત્પર બને,
ક્રોધાંધ છે એ બાપડો, એ ભાવના સ્પર્શે મને;
પ્રશમ કટોરા ઠાલવી, તેને સીંચું કરુણા જળે,
કરુણા હૃદયમાં એહવી, ક્યારે ભરીશ ? ક્યારે ભરીશ ?...૨૫


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





વિવેકનાં વસ્ત્રો સજીને, સ્થવિરવાસે સંચરી,
સઘળાંય હેયને છોડીને, હું કૃત્ય સઘળાં આચરી;
વિપરીત વિકલ્પો ટાળીને, ચલચિત્તની સ્થિરતા કરી,
જિનકલ્પના મહાભેખને, ક્યારે ધરીશ ? ક્યારે ધરીશ ?...૨૬

પ્રતિબંધ વિણ વાયુ પરે, વિહાર હું ક્યારે કરીશ ?
ચંદા તણી શુભ સૌમ્યતા, મુજ ચિત્તમાં ક્યારે ધરીશ ?
ભાનુ સમા તપતેજથી, તમ તિમિરને ક્યારે હરીશ ?
સંલીનતા જે કૂર્મની, ક્યારે વરીશ ? ક્યારે વરીશ ?...૨૭

આકાશ કદી લેપાય ના, નિર્લેપ એવો હું બનું,
સાગરસમો મર્યાદશીલ, ગંભીર એવો હું બનું;
કાપે ભલે, લેપે ભલે, સ્થિતપ્રજ્ઞ ત્યારે હું રહું,
જાગ્રત સદા ભારંડ સમ, ક્યારે બનીશ ? ક્યારે બનીશ ?...૨૮

સંવેગ રંગે શોભતા, હે ભવ્ય જીવો ! સાંભળો,
સાધુતણાં ગુણગાનથી, શ્રામણ્યની પ્રીતિ વરો;
નિતનિત પ્રભાતે જાગીને, અરમાન સૌ એવાં કરો,
ને શ્રેષ્ઠ ભાવકુસુમતણી માળા સહુ કંઠે ધરો...૨૯

જે ભાવના ઈમ ભાવતા, જે કોડ મનમાં લાવતા,
મનના તુરંગે દોડીને, ચારિત્રવનમાં મહાલતા;
તે મોહતંતુ તોડીને શ્રામણ્ય સુખડી પામતાં,
થઈને મુનિ મુક્તિ લહી તે સિદ્ધ બુદ્ધ બની જતાં....૩૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org






# બાવીશ પરિષહ





પીઠિકા

ભવમાં ભટકતાં પુણ્યયોગે, જન્મ સુંદર સાંપડ્યો;
ગુરુવાણીથી કાંઈક અંશે, મોહ મુજ નબળો પડ્યો;
દુઃખનાશને સુખપ્રાપ્તિનો, ઉપાય પણ અક્સીર જડ્યો,
**એવી પ્રભુ ! મને હામ દે, સુંદર રીતે સંયમ વહું...૧**

ક્ષુધા-૧

અરણ્યમાં અગણિત દિન, આહાર મુજને ના મળે,
કે નગરમાં પણ દોષવર્જિત, ભક્ષ્ય મુજને ના મળે;
તોયે વિચારી વચન તારા, રહું સદા સમતા તળે. **એવી...૨**

તૃષા-૨

જ્યારે તૃષા મુજ કંઠમાં, ચરમ સીમાએ પહોંચશે,
જ્યારે શરીરના અંગે-અંગે, દાહ સમ તડપન હશે;
સચિત જળ પીધાં વિના, તુજ વચન કુંડે ગહ-ગહું. **એવી.૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શીત-૩

અતિ ઠંડીથી આખા જગતમાં પ્રાણીઓ સૌ થરથરે,
અલ્પ વસ્ત્રોમાં જ રહું હું, કર્મ જેથી નિર્જરે;
અગ્નિ તણી ઈચ્છા પ્રભુ ! ધ્યાનાગ્નિમાં સળગાવી દઉં
**એવી પ્રભુ ! મને હામ દે, સુંદર રીતે સંયમ વહું...૪**

ઉષ્ણ-૪

મસ્તક ઉપર અંગાર સમ, વરસાવતો સૂરજ કિરણ,
આ ગ્રીષ્મના સામ્રાજ્યમાં, સાક્ષાત દેખાતું મરણ;
જળ સ્નાન કેરી ઝંખના, ત્યારે કરું હું જળશરણ. **એવી...૫**

દંશ-૫

સ્વકીય ક્ષુધાના શમન કાજે, મુજ શરીરનું શરણ લઈ,
મચ્છર મને ડંશે તદા, નિજ જ્ઞાનમાં એકતાન થઈ;
હલન-ચલન સઘળાં ત્યજી, સંત્રાસ સ્હેજે ના કરું. **એવી...૬**

અચેલક-૬

ક્રીતદોષ વર્જિત વસ્ત્ર મુજને, ના મળે ફરવા છતાં,
ક્યારેક મળતું વસ્ત્ર પણ, જીરણ અતિ હોવા છતાં;
અકલ્પને સ્પર્શ્યા વિના હું, જીવન મારું નિર્વહું, **એવી...૭**

અરતિ-૭

સંયમ-જીવનનું અસ્ખલિત, આનંદ સહ પાલન કરું,
અરતિ તણો લવ-લેશ છોડી, શાસ્ત્ર અવગાહન કરું,
આદર સહિત ઉત્સાહથી, આજ્ઞા તણું સેવન કરું, **એવી...૮**

સ્ત્રી-૮

સૂરિદેવ "રત્નાકર" જણાવે, નર્ક જેવી નારીઓ,
સુકુમાર સુબાહુ કહે, નાગણ સરીખી નારીઓ;
આબાદ હું ઊગરી સદા, નિજ બ્રહ્મચર્યમાં રહું, **એવી...૯**

ચર્યા-૯

"આ ક્ષેત્ર મારું આ બીજાનું" ભાવનાથી પર બની,
નવ કલ્પ રૂપ વિહારમાં, વિહરું સદા તત્પર બની;
એમાં અનુકૂળતા તણી, ચિંતા બધી હું પરિહરું, **એવી...૧૦**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિષદ્યા-૧૦

શાન્તિ કેરા ધામ સમ, સ્મશાનનો આશ્રય કરી,
સ્વાધ્યાયમાં લયલીન થઈને, સાધના કરું આકરી;
આવે ભલે ઉપસર્ગની, સેના છતાં પણ ના ડરું
**એવી પ્રભુ ! મને હામ દે, સુંદર રીતે સંયમ વહું...૧૧**

શય્યા-૧૧

અનુકૂળ કે પ્રતિકૂળ વસતિ, આશરા માટે મળે,
કાન્તારમાં કે નગરમાં, મુજ આતમા ના ખળભળે;
એવું વિચારું આ બધું પ્રાતઃ સમય તો ત્યાગવું, **એવી...૧૨**

આક્રોશ-૧૨

અતિક્લિષ્ટ વચનોની ભલેને, મુજ ઉપર વરસે ઝડી,
અખંડ મુજ શ્રામણ્ય રાખું, ક્રોધને વશ ના પડી;
દઢ - પ્રહારી જેમ હું, ઉપકારીતાને ચિંતવું, **એવી...૧૩**

વધ-૧૩

તલવાર કેરી ધારથી, શિર કાપનારો જે બને,
વિચારું કે અક્ષય મને, સુખ આપનારો તે બને;
"મુજ આતમા તો અમર છે", એવું પ્રભું હું સંસ્મરું, **એવી...૧૪**

યાચના-૧૪

ચક્રવર્તી પણ યતિત્વ, ગ્રહી યદિ યાચન કરે,
હું કાંઈ નથી તસ આગળે મન મારું દીનતા ના ધરે;
વૃદ્ધો વડીલો કાજ હું, પ્રતિગૃહ ભિક્ષાટન કરું, **એવી...૧૫**

અલાભ-૧૫

ધર્મમાં અણજાણ કોઈ, ગૃહસ્થના ઘર આંગણે,
યાચના કરવા છતાં, આહાર મુજને ના મળે;
"ધર્મલાભ" દઈને હું, અવિચ્છિન્ન આનંદે રહું, **એવી...૧૬**

રોગ-૧૬

ભરયૌવને આવી પડે, રોગો બધાં વાર્ધક્યના,
ત્યારે વિચારું કે શરીરને, આતમાનું ઐક્ય ના;
ઉપાય કે ઔષધ તણો, આશ્રય કદી હું ના કરું, **એવી...૧૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તૃણ સ્પર્શ-૧૭
કર્કશ ઘણાએ સ્પર્શથી, પીડા પહોંચતી શરીરને,
ને આવતી નિદ્રા ન જ્યારે, તૃણના સંસ્તારકે;
અકલ્પનીય એવી સુંવાળપ, તો'ય ના ઈચ્છું પ્રભુ !,
એવી પ્રભુ ! મને હામ દે, સુંદર રીતે સંયમ વહું... **એવી...૧૮**

મલ-૧૮
ગ્રીષ્મમાં ગરમીથી વસ્ત્રો, મલિનતાને પામતાં,
ને શરીરના અંગો ઉપર, મલના થરો બહુ જામતાં;
ચોક્ખાઈને કુત્સા ત્યજીને, મલ પરિષહ હું સહું;, **એવી...૧૯**

સત્કાર-૧૯
જ્યારે કરે વંદન મને, સહુ વેષના જ પ્રભાવથી,
સત્કારને સન્માન પણ, હૈયા તણાં સદ્ભાવથી;
એ પૌદ્ગ્લિક ઋદ્ધિ ત્યજી, આત્મિક ઋદ્ધિ ભોગવું, **એવી...૨૦**

પ્રજ્ઞા-૨૦
સાચા પ્રભુ ! તે જ્ઞાની, જેઓ દોષથી અટકી ગયા,
હું દ્રવ્યજ્ઞાની છું મને ન, દોષ મુજ ખટકી રહ્યા;
ને ચૌદપૂર્વી પાસ તો, મુજ જ્ઞાન છે બિંદુ સમું, **એવી...૨૧**

અજ્ઞાન-૨૧
ઊંડા ઘણાં છે આગમો, મતિ માહરી નબળી ઘણી,
તોયે જરી ચિંતા ન મુજને, સંસ્મરું માસ્તુષમુનિ;
કૈવલ્યને સંબંધ છે, પ્રભુ ! જ્ઞાન કેરા રાગથી, **એવી...૨૨**

સમ્યક્ત્વ-૨૨
જિનેશ્વરો ને તત્પ્રરૂપિત, મોક્ષમાર્ગ મહાન છે,
અધર્મ-ધર્મ વિભેદમાં, અદ્ભુત જેમનું જ્ઞાન છે;
આ અડગ શ્રદ્ધાથી પ્રભુ ! ક્યારેય ના હું ડગમગું, **એવી...૨૩**

ઉપસંહાર
દાતાર છો કૃપાળુ છો, ઠુકરાવશો ના વિનતિ,
ચરણે પડીને હાથ જોડી, કહું છું સેવકગણ - વતી;
તુજ "યોગના કાંક્ષી" અમે, તેના વિના અમ અવગતિ, **એવી...૨૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી સીમંધર વંદનાવલી







શ્રેયાંસનંદન ત્રિજગવંદન માત સત્યકી ઉદરથી,
કુંથુજિન અરનાથ મધ્યે, જન્મ લીયે જગધણી,
ભવ્યકમલ વિકસિત કરવા, ઉગ્યો એ દિનકર બની,
**એવા સીમંધર સ્વામીને ભાવે કરું હું વંદના...૧**

પુષ્કલાવતી વિજયમાં નગરી છે એક પુંડરિકીણી,
ધનુષ્ય પાંચસે દેહડી, નયનો નિહાળે નેહથી,
મુનિસુવ્રત નમી અંતરે, વિચરે પ્રભુ સંયમ ગ્રહી. **એવા...૨**

ભરતક્ષેત્રના માનવી ચરમશરીરિ જે હતા,
કામગજેન્દ્રને મળી મિત્રદેવની સહાયતા,
પહોંચી મહાવિદેહમાં જેની કને સમકિત વર્યા. **એવા...૩**

જેની મધુરી દેશના સુણી વિલાસોને ત્યજી,
દીક્ષા લઈ કેવલ વરી મોક્ષે ગયા જેને ગ્રહી,
ભવિજીવો જેના પુષ્ટ આલંબન બળે મુક્તિ વર્યા. **એવા...૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંચમ આરે ભરતમાં અનુપમાદેવી અવતરી,
કરી પૂર્ણ ઉત્તમસાધના જેથી મહાવિદેહ વરી,
વિરાગ પામી અલ્પવયે વૈરાગ્યભીની વાણીથી
**એવા સીમંધર સ્વામીને ભાવે કરું હું વંદના...૫**

જેહની સમીપે પામી દીક્ષા વરસ આઠની વયમહી,
નવ વર્ષે થાતાં કેવળી જેનાં પુનિત ચરણો ગ્રહી,
હાંસલ કરે એ મોક્ષ અંતે જેનાં પુણ્ય પ્રભાવથી,. **એવા...૬**

આ ભરતવાસી બેન સાધ્વી જક્ષા આવી મેળવે,
નિજબંધુ શ્રીયકની-તપસ્યા પ્રશ્નના સમાધાનને,
અદ્દ્ભુત અનુપમને મનોહર વાણી સુણી હૈયું ઠરે. **એવા...૭**

વર્ણવે લક્ષ્મીસૂરિ, મહિમા સિમંધર સ્મરણનો,
લાખવાર જપે જાપ જિનનો, જન્મે વિદેહે તે જીવો,
આઠ વર્ષે દીક્ષા લઈ, કેવળી બની મોક્ષે જશે. **એવા...૮**

જે પ્રભુના નયનથી કરુણાતણું અમૃત ઝરે,
જે પ્રભુના હૃદયમાં વાત્સલ્યનાં ઝરણા વહે,
જે પ્રભુના મીઠાવચણો જીવોને મુદિત કરે. **એવા...૯**

અવનિતલે વિચરી સદેહે ઉપકારી કૃપા કરે,
દેશનાસુધાના પાનથી, ક્ષુધા-પિપાસા ઉપશમે,
સમવસરણની શોભા નીરખી હૃદયકમલ ઉલ્લસિત બને. **એવા...૧૦**

મેં સ્વાર્થભાવે વિશ્વના બહુજીવને દુભાવિયા,
કાંઈ ન સાધ્યું હિત મારું દુર્ગુણોના ઢગ ભર્યા,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમાર્થવૃત્તિ આપી સાચી જીવન મારું ઉજાળજે.
**સ્વામી સીમંધર વિનંતી વિતરાગ ભાવને આપજે...૧૧**

પંચેન્દ્રિયને વશ બની હું વિષયસુખમાં રાચિયો,
કષાયની આધીનતામાં ભાન હું ભૂલી ગયો,
આત્મ-સ્વરૂપને પામવા પ્રભુ દિવ્યચક્ષુ આપજે. **સ્વામી...૧૨**

ભવભ્રમણથી થાકી ગયો હવે પાપભીરુ બનાવજે,
કારુણ્યદ્રષ્ટિ દાખવી ભવચક્રને તું કાપજે,
શરણું સ્વીકાર્યું તાહરું મને પૂર્ણાનંદી બનાવજે. **સ્વામી...૧૩**

અવગુણદ્રષ્ટિ છેદીને મને ગુણદષ્ટિ આપજે,
કરીશ મુજ પર મહેર તો યશ તારો ઉજ્જવલ વાધશે,
મારી ને તારી એકતાના ભાવમાં ભીંજાવજે. **સ્વામી...૧૪**

યોજન કરોડો અંતરે પ્રભુ તું વસે અતિ દૂર રે,
અંતરથી અંતર ના રહે, અભિલાષ મારી પૂર રે,
ડગમગતિ નાવનો તું એક રક્ષણહાર રે. **સ્વામી...૧૫**

જો હોય મુજ પાંખડી તો આવુ આપ હજૂર રે,
એ લબ્ધિ જો મુજ સાંપડે તો ન રહું તુમ થકી દૂર રે,
નિર્ભાગી હું ભરતે રહ્યો મુજ કર્મદળને ચૂર રે. **સ્વામી...૧૬**

સમતાના સ્વામી છો તુમે વળી ક્ષમાગુણ ભંડાર રે,
વિકારહીન નયનો તુમારા મુખમુદ્રા પ્રસન્ન રે,
અક્ષય ખજાનો ગુણનો, તુમ પાસે ધરુ આશરે,
"ગુણરત્ન" પામી **"મુનીશ"** બની મુક્તિમાં કરું વાસ રે.**સ્વામી..૧૭**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી સીમંધર સ્વામીની ભાવયાત્રા



● ગીત : ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો,
શ્રીફળની જોડ લઈને રે, હાલો હાલો મહાવિદેહ જઈએ રે,...૧
મહાવિદેહ મોટું યાત્રાનું ધામ છે,ત્યાં તો બિરાજે વ્હાલા સીમંધર સ્વામી રે,
યાત્રા કરવા જઈએ રે, હાલો હાલો સીમંધર સ્વામી ભેટીયે રે...૨

## ભરતક્ષેત્રનો સીમંધર સ્વામી સાથે વિશેષ સંબંધ

(૧) મુનિસુવ્રતસ્વામીના શાસનકાળમાં શ્રી સીમંધરસ્વામીના ૪ મુનિઓ ભરતક્ષેત્રના કૂર્માપુત્ર કેવલીના સાંનિધ્યમાં આવી કેવલી બન્યા.

(૨) ભરતક્ષેત્રના જક્ષા સાધ્વીએ ભાઈ શ્રીયકની તપશ્ચર્યા અને દેવલોકના પ્રશ્નનું સીમંધર સ્વામી પાસેથી સમાધાન મેળવ્યું.

(૩) ભરતક્ષેત્રના ચરમશરીરિ કાજગજેન્દ્રે મિત્ર દેવની સહાયતાથી સીમંધરસ્વામી પાસે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી ભ. મહાવીર પાસે પત્ની સાથે દીક્ષા લઈ કેવલી બની મોક્ષ મેળવ્યો.

(૪) અનુપમા દેવી મહાવિદેહમાં જન્મ લઈ શ્રી સીમંધરસ્વામી પાસે ૮મા વર્ષે દીક્ષા લઈ સાધના કરી ૯માં વર્ષે કેવલી બની વિચરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







# આત્મશુદ્ધીકરણ

(૧) મન શુદ્ધિ : મૈત્રીભાવ, દરેક જીવો સાથે ક્ષમાપના કરીને...
"ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તિમે સવ્વ ભુએસુ, વેરં મજઝં ન કેણઈ.

(૨) વચનશુદ્ધિ : અરિહંત પરમાત્માની દેશનાના પરમાણુને
ગ્રહણ કરી સ્તુતિ બોલવા દ્વારા વચનશુદ્ધિ.

**સ્તુતિ :** યાચક થઈને હું માગું છું, હે વિતરાગી તારી કને,
મહાવિદેહ ક્ષેત્રમાં જાવું મારે, શ્રી સીમંધર સ્વામી કને,
આઠ વર્ષની કુમળી વયમાં, સંયમ લેવું તારી કને,
ઘાતી અઘાતી કર્મ ખપાવી, ક્યારે પહોંચશું તારી કને.

(૩) કાયશુદ્ધિ : રક્તશુદ્ધિ : હૃદયના પ્રત્યેક ધબકારે "નમો અરિહંતાણં"
નેત્રશુદ્ધિ : પરમાત્માના દર્શન દ્વારા.

● **ગીત :** હાલો રે હાલો અમે મહાવિદેહ જવાના,
મહાવિદેહ જવાના સીમંધર સ્વામીને મળવાના, હાલો...
નાથને મળવાના, મારા વ્હાલાને મળવાના,
હૈયાની વાત એના કાનમાં કહેવાના, હાલો રે હાલો.

પૂ. આ લક્ષ્મીસૂરિએ કહ્યું છે કે, "સીમંધર સ્વામીનો ૧ લાખ વાર જાપ કરે તે મહાવિદેહમાં જન્મી ૮ વર્ષે દીક્ષા, ૯માં વર્ષે કેવળી બની મોક્ષે જાય છે." બધાએ આંખો બંધ કરી દેવી. મિત્રદેવે શ્રાવક શ્રાવિકાને વિમાનમાં બેસાડી દીધા છે. સાધુ-સાધ્વીજી મ. પાસે આકાશગામિની વિદ્યા. ત્રણ નવકાર મંગલ માટે ગણીએ. માનસ વિમાન સ્ટાર્ટ. આપણે બધા

**"ૐ હ્રીં અર્હં શ્રી સીમંધર સ્વામીને નમઃ"** નો જાપ કરીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શ્રી સીમંધર સ્વામીનું ગીત



(રાગ : મહાભારત)

સીમંધર સ્વામી... સીમંધર સ્વામી... હો. (૫) સીમંધર સ્વામી.
હા[3]... હા[3]... હા[3]... હા..., હો[3]... હો[3]... હો[3]... હો...
અથશ્રી સીમંધર કી યાત્રા[2], સીમંધર કી યાત્રા[2]
યાત્રા હૈ શુભ ભાવકી, મહાવિદેહ કે નાથકી,
સત્યકી નંદન નાથકી, શ્રેયાંસ રાય કે લાલકી,
ચાર મુખ દિયે દેશના જબ ચાર ગતિ હરે સર્વથા...
હા[3]... હા[3]... હા[3]... હા..., હો[3]... હો[3]... હો[3]... હો...

## શંખનાદ

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતી ક્રોડ,
કેવલ ધર મુગતે ગયા, વંદુ બે કર જોડ. ॥૧॥
બે કોડી કેવલધરા, વિહરમાન જિન વીશ,
સહસ કોડી યુગલ નમું, સાધુ નમું નિશદિશ ॥૨॥
હા[3]... હા[3]... હા[3]... હા..., હો[3]... હો[3]... હો[3]... હો...
જિનવરકી યે હૈ વાણી, હા..હા.. પૈંતીસ ગુણોસે જાની,
માલકોષ કી યે હૈ વાચા, સીમંધર કી અમર કહાની હા..હા..
યે યાત્રા ભાવકી હૈ, જિનવર કે ધ્યાન કી હૈ,
ગુણરત્નસૂરિજી કા કહેના, ભાવયાત્રા કી અમર કહાની.
સીમંધર સ્વામી... સીમંધર સ્વામી... હો[5]... સીમંધર સ્વામી...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) આપણું વિમાન ઉત્તર દિશામાં હિમાલય ઉપરથી ચીન થઈ રશિયાને વટાવી ઉત્તર તરફ જઈ રહ્યું છે. જંબુદ્વીપના દરવાજેથી ૧૨૫ યોજન, શત્રુંજયથી ૧,૮૫,૦૦૦ ગાંઉ દૂર પ્રાચીન અયોધ્યા ઉપરથી જઈ રહ્યું છે. અયોધ્યા ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી છે. તેની નજીકમાં અષ્ટાપદજી મહાતીર્થ આવ્યું. આપણે નીચે ઊતર્યા. જુઓ, એક એક યોજનના ભરતચક્રવર્તીએ પગથિયાં બનાવ્યાં છે. ચારે બાજુ ખાઈમાં પાણી ભરી સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રોએ અહીં તીર્થરક્ષા માટે બલિદાન આપેલું. ભરત ચક્રવર્તીએ સોનાના મંદિર બનાવી ૨૪ તીર્થંકર ભગવાનની પોતપોતાના શરીર પ્રમાણ રત્નની પ્રતિમાઓ ભરાવી છે. ભાવથી દર્શન..હૈયું ડોલી રહ્યું છે.



ગીત :

ઝગમગતા તારલાનું દેરાસર હોજો...

(૨) બધા વિમાનમાં બેસી ગયા, વિમાન આગળ સ્પીડથી જઈ રહ્યું છે. નીચે શાશ્વત ગંગા નદી દેખાય છે. આગળ વધતા વૈતાઢ્ય પર્વત ઉપર ૯ શિખરો છે. તેના પહેલા શિખર સિદ્ધકૂટ ઉપર શાશ્વત મંદિર છે. તેમાં ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન એ શાશ્વત ભ.ને, "ન.જિ." કહીને વિમાનમાં આગળ વધીએ.

(૩) આગળ વધતાં લઘુ હિમવંત પર્વત આવ્યો. તેના ઉપર ૧૧ શિખરો છે. પહેલાં શિખર ઉપર જિનાલય છે. ગભારામાં ૧૦૮ પ્રભુજી, ત્રણે દિશામાં ચૌમુખજી કુલ ૧૨૦ જિનને ન.જિ.

(૪) આપણું વિમાન ઊડી રહ્યું છે. નીચે હિમવંત ક્ષેત્ર આવ્યું. તેમાં ગંગા નદી કરતાં ડબલ પટવાળી રોહિતા નદી ખળખળ વહી રહી છે. નદી ઉપરથી વિમાન જઈ રહ્યું છે. નદીમાં મોજા અને હૈયામાં ભાવો ઉછળી રહ્યા છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૫) જુઓ, આ મહાહિમવંત પર્વત આવ્યો. તેના ૮ શિખરો છે, તેના પહેલા શિખરે ૪ શાશ્વત જિનનું જિનાલય "નમો જિણાણં".

(૬) નીચે જોઈએ તો હરિવર્ષ દેખાય છે. ત્યાં હરિસલિલા નદી વહી રહી છે, ગંગા કરતાં ચારગુણો પટ છે.

(૭) જુઓ આ આવ્યો નિષધ પર્વત, તેના પહેલા શિખર પર ભવ્ય જિનમંદિર છે. ન.જિ. નિષધ પર્વત સુવર્ણ જેવો હોવાથી સવારે અને સાંજે આપણે સૂર્યને લાલ જોઈએ છીએ.

(૮) વિમાન મહાવિદેહની દિશામાં જઈ રહ્યું છે. જુઓ, આ આવી વત્સવિજય. તેમાં સુશીમાનગરીમાં ઊતર્યા. ત્યાં યુગમંધર સ્વામીનું સમવસરણ મંડાયું છે. આપણે સમવસરણમાં પહોંચ્યાં અને દર્શન કરીને ભાવવિભોર બની ગયા.

(૯) આપણું વિમાન મહાસાગર જેવી સીતા નદી ઉપરથી પસાર થઈ ૮મી વિજય પુષ્કલાવતીમાં રહેલી પુંડરિકીણી નગરીની બહાર બગીચાની બાજુમાં ઊતર્યું.

## શ્રી સીમંધરસ્વામીનો પરિચય



(૧) કાયા : ૫૦૦ ધનુષ (૨) જન્મ : કુન્થુનાથ ભગવાન અને અરનાથ ભગવાનના આંતરામાં (૩) નગરી : ઈશાન દિશામાંથી ૮મી પુષ્કલાવતી વિજયની પુંડરિકિણી (૪) પિતા : શ્રેયાંસ (૫) માતા : સત્યકિ (૬) પત્ની : રુક્મિણી (૭) દીક્ષા અને કેવલજ્ઞાન : મુનિસુવ્રત ભ. અને નમિનાથ ભ. ના આંતરામાં (૮) છદ્મસ્થ કાલ : ૧૦૦૦ વર્ષ અને (૯) આયુષ્ય: ૮૪ લાખ પૂર્વ. (૧૦) ચન્દ્રાયણયક્ષ તથા યક્ષિણી પંચાગુલી દેવી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શ્રી સીમંધર સ્વામીનો હેલો





હે હેલો મારો સાંભળો ને, સીમંધર જિનચંદ,
શ્રેયાંસ રાયનો લાડલો ને, સત્યકીનો નંદ...**મારો...૧**

હું તો વસિયો ભરતમાં ને, તું વિદેહ મોઝાર;
નિત્ય સવારે વંદના મારી, અવધારો ઉર દ્વાર...**મારો...૨**

મનમાં કોડ અતિ ઘણાં, પ્રભુ તુજ વંદનાના ખાસ;
કેમ કરી હું આવું પ્રભુજી, દૂર તમારી પાસ...**મારો...૩**

ડુંગર ને દરિયા ઘણા વળી, વચમાં વસમી વાટ;
મનડું ઝંખે પલ પલ મારું, જોવા તારો ઠાઠ...**મારો...૪**

દીધી હોત જો પાંખડી પ્રભુ, દેવે મને હજૂર;
તો હું આવત ઊડી ઊડી, જોવા તુજ મુખ નૂર...**મારો...૫**

કલ્પતરુ ચિંતામણિ સરીખો, તું છે સાચો દેવ;
દુઃખિયા ભરતમાં આપ પધારો, કરું તમારી સેવ...**મારો...૬**

શ્રી સીમંધર માહરો તું, હું છું તારો દાસ;
જલદીથી તેડાવજે તું, પૂરજે મારી આશ...**મારો...૭**

દાદા મારા હેલાને આ, વાંચજો તમામ;
ભરતક્ષેત્રથી લખી રહ્યા અમે, કરીએ નિત્ય પ્રણામ...**મારો...૮**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સીમંધર વિચરે વિદેહમાં







(રાગ-રંગાઈ જાને રંગમાં)

સીમંધર વિચરે વિદેહમાં, સીમંધર વસે મારા મનમાં...
રમે તું સદા તન-મનમાં, રહે તું સદા અંતરમાં...સીમંધર વિચરે..૧

શ્રી સીમંધર લગની લાગી, તારું સ્મરણ દિનરાત હે સીમંધર ભગવાન
તું છે મારો અંતર્યામી[૨], તારું રટન તન-મનમાં. સીમંધર....૨

તારી માયા, તારી છાયા, તારો છે આધાર... હે સીમંધર ભગવાન
તારું મંદિર સાચું શરણું[૨], રહેવું તારા ચરણમાં. સીમંધર....૩

શ્વાસે શ્વાસે સમરું તુજને, તું છે દીનદયાળ... હે સીમંધર ભગવાન
તુજને નિરખું નાથ નિરંજન[૨], ઝૂમી રહ્યો હું ભજનમાં.સીમંધર....૪

મુનીશરત્ન વિજયજી ભાવયાત્રા કરાવતાં... આપણા શહેરમાં આજ[૨]
શ્રી સીમંધર સ્વામી અમારા[૨], તું છે મારા હૃદયમાં. સીમંધર....૫

આપણે ભરત ક્ષેત્રથી ૧૯ કરોડ ૩૧ લાખ ૫૦ હજાર કિલોમીટરનું અંતર કાપીને આવ્યા છીએ. દૂર દૂરથી દિવ્ય ધ્વની સંભળાઈ રહ્યો છે. શ્રી સીમંધર સ્વામી ભ. ૮૪ ગણધરો, ૧૦ લાખ કેવલી, ૧૦૦ ક્રોડ સાધુ તથા ૧૦૦ ક્રોડ સાધ્વીજી ભ.ના પૂરા સમુદાય સાથે સમવસરણ તરફ પધારી રહ્યા છે. ભગવાનના દર્શન થતાં જ આપણો મનરૂપી મોરલો નાચી ઊઠ્યો છે. ભગવાનને આપણે ટીકી ટીકીને જોઈ રહ્યા છીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# સીમંધર સ્વામીની દેશના સંવેદના



હે ભવ્ય જીવો ! આધિ-વ્યાધિ-ઉપાધિ, જન્મ-જરા અને મૃત્યુ રૂપી સેંકડો જ્વાળાઓથી ભડકે બળતો, વિષય અને કષાયની આગમાં શેકાતો આ સંસાર દાવાનળ જેવો છે. મન મેનેજર, આત્મા માલિક... પ્રભુની રહેમ નજર... સ્મિત... આવકાર.

આપણી આંખમાં આંસુ... હે પ્રભો ! હું ભૂંડો ! ગંદો, લુચ્ચો, બદમાશ છું... મારા જ પાપોથી ત્રાસી ગયો છું... તું ધિક્કારીશ તો હું ક્યાં જઈશ ? મને બચાવી લે... મારે નથી જવું ક્યાંય... વિષયની ગંદકી અને કષાયની આગથી બચાવી લે પ્રભો ! પહેલી વાર મારા પાપો પર રડી રહ્યો છું... રડવા દે... આંસુના પ્રક્ષાલથી કર્મની ખારાશ દૂર થઈ રહી છે. હે પ્રભો ! મારો પુરુષાર્થ નહીં માત્ર તારો જ આ પ્રભાવ... આપણું મન શાંત-પ્રશાંત-પવિત્ર થઈ ગયું. પરમાત્માની વૈરાગ્ય સભર દેશના સાંભળી આપણે ભાવવિભોર બની ગયા. અંતરની આરજૂ... આપ હૈયે અવધારશો તેવી મને ખાતરી છે.

## ગીત :- પ્રભુજી માંગુ તારી પાસ.....

હવે આપણે બધા વિમાનમાં બેસી ગયા છીએ, પુષ્કલાવતી વિજયમાંથી વિમાન ઊપડી સ્પીડથી વત્સવિજય, મહા હિમવંત પર્વત, હિમવંત ક્ષેત્ર, લઘુ હિમવંત પર્વત, ભરત ક્ષેત્રનો વૈતાઢ્ય પર્વત, ગંગાનદીનો વિશાળ પટ, અષ્ટાપદ, પ્રાચીન અયોધ્યા, રશીયા, ચીન, હિમાલય પર્વત ક્રમશઃ પસાર થતાં આપણે મૂળ શહેરમાં આવી ગયા. વિમાનમાંથી બધા ઊતરી ગયા. બોલો શ્રી સીમંધર સ્વામી ભ.કી જય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રભુજી માંગુ તારી પાસ



પ્રભુજી માંગુ તારી પાસ,મારી પૂરી કરજો આશ,
માંગી માંગીને માંગુ દાદા એટલું,
મને આવતો ભવ એવો આપજે...મને૦(૧)

જન્મમહાવિદેહમાં હોય, વળી તીર્થંકર કુળ હોય,
પારણામાં નવકાર સંભળાય રે......મને૦(૨)

વર્ષ આઠ મુજ હોય, પ્રભુ સમોસર્યા હોય,
દેશનામાં ઉમંગે જવાય રે......મને૦(૩)

સાંભળીને વૈરાગ્ય થાય, વળી અનુજ્ઞા મળી જાય,
કોઈ આવે નહિ અંતરાય રે...મને૦(૪)

પ્રભુજી હાથે દીક્ષા થાય, હજારો સાથે લેવાય,
વળી ચૌદ પૂરવ ભણાય રે.....મને૦(૫)

જિન કલ્પીપણું હોય, ઉગ્ર અભિગ્રહ હોય,
માસ માસક્ષમણ કરાય રે.....મને૦(૬)

ક્ષપકશ્રેણિ એ ચઢાય, ઘાતી કર્મો રે ખપાય,
વળી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય રે....મને૦(૭)

દીક્ષા ઘણાંને દેવાય, છેલ્લે અનશન કરાય,
અંતે મોક્ષપુરીમાં જવાય રે.....મને૦(૮)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શ્રી શત્રુંજય વંદનાવલી





તીર્થો જગતમાં કૈક છે, તીર્થોતણો તોટો નથી,
શાશ્વતગિરિ શ્રી સિદ્ધિગિરિ છે, ક્યાંય જસ જોટો નથી;
કોડો મુનિ મોક્ષે ગયા, લઈ શરણ આ ગિરિરાજનું,
**એવા શ્રી શત્રુંજય આદિ જિનના ચરણમાં પ્રેમે નમું...૧**

શ્રી સિદ્ધિગિરિ શાશ્વતગિરિ, વળી પુંડરિકગિરિ નામ છે,
પુષ્પદંતગિરિને વિમલગિરિ વળી, સુરગિરિ જસ નામ છે;
ગિરિરાજ શત્રુંજય સહિત જસ, એકશત અષ્ટ નામ છે. **એવા.૨**

સૌરાષ્ટ્રમાં ગિરિરાજ છે, ગિરિરાજ પર જિનરાજ છે,
પાપી અધમ છું તોયે મુજને, તરી જવાની આશ છે;
મેં સાંભળ્યું છે તીર્થ આ, ભવજલધિમાંહી જહાજ છે. **એવા.૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ ભુવનના શણગાર એવા, વિમલ ગિરિવર ઉપરે,
ત્રણ જગતના તારક બિરાજે, આદિ જિનવર મંદિરે;
અદ્‌ભુત જ્યોતિ ઝળહળે, જે જોઈ દેવો પણ ઠરે
એવા શ્રી શત્રુંજય આદિ જિનના ચરણમાં પ્રેમે નમું...૪

શ્રી વિમલગિરિ તીર્થેશ, આદિનાથનું ધરે ધ્યાન જે,
ષટ્ મહિના લાગલગાટ પામે, દિવ્ય તેજ પ્રકાશ તે;
ચક્કેશ્વરી તસ ઈષ્ટ પૂરે, કષ્ટ નષ્ટ કરે સદા,. એવા.૫

ભક્તો તણી ભીડમાં પ્રભુ, મુજને ન તું ભૂલી જતો,
દૂર દૂરથી તુજને નીરખવા, આશા લઈ હું આવતો;
ક્ષણવાર પણ તુજ મુખના, દર્શન થતાં હું નાચતો,. એવા.૬

હે નાથ તારું મુખડું જોવા, નયણ મારા ઉલ્લસે,
હે નાથ તારા વયણ સુણવા, શ્રવણ મારા ઉલ્લસે;
હે નાથ તુજને ભેટવા મુજ, અંગ અંગ સમુલ્લસે. એવા.૭

કલિકાળમાં અદ્‌ભુત જોઈ, દિવ્ય તુજ પ્રભાવને,
ભગવાન માંગુ એટલું, ભવોભવ મળો ભક્તિ મને;
તુજ ભક્તિથી **મુક્તિ કિરણની,** જ્યોત જાગો અંતરે. એવા.૮

જે ગિરિ તણાં કણ કણ થકી, સાધુ અનંતા શિવવર્યા,
જેના સ્મરણથી પાપીઓએ, સર્વ નિજ પાપો હર્યાં;
જેના સમું તારક તીરથ, ત્રણ ભુવનમાં બીજુ નહીં,. એવા.૯

જેને નમે દેવેન્દ્રગણ, બહુ ભાવથી ને લળી લળી,
સેવા મળો ભવોભવ પ્રભુ, એમ માંગતા જે વળી વળી;
જસ ભક્તિ આગળ સ્વર્ગ લક્ષ્મી, તૃણ સમી ગણતાં વળી.એવા.૧૦


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી તીર્થપતિને પામીને, સંખ્યાતીતો મોક્ષે ગયા,
સાંનિધ્ય જેનું પામીને, અનંતા જીવ ભવજલ તર્યા;
સાંનિધ્ય તો જસ દૂર રહ્યું, સ્મરણે અનંતા શિવ વર્યા
**એવા શ્રી શત્રુંજય આદિ જિનના ચરણમાં પ્રેમે નમું...૧૧**

ગૌ-નારી બાળક મુનિ તણી, હત્યા તણા કરનારને,
દેવ દ્રવ્યને પરદારા ભગિની, ભોગના કરનારને;
ઈત્યાદિ ઘોર કુકર્મકારી, જ્યાં પરમ પદને વર્યા. **એવા.૧૨**

જસ ધ્યાનથી અઘ દૂર થતાં, એક સહસ પલ્યોયમ તણાં,
જે તીર્થ પ્રત્યે ગમન નિયમે, લાખ પલ્યોપમ તણાં;
જે તીર્થ પ્રત્યે ડગલું ભરતાં, સાગરોપમ અઘ હણે,. **એવા.૧૩**

પુંડરિક ગણધર રામ પાંડવ, ભરત નારદ મુનિવરા,
પ્રદ્યુમ્ન શાંબ કુમાર દ્રાવિડ, વારિખિલ્લાદિક નરા;
વૈદર્ભિ આદિ કોટિ કોટિ શુ, અણસણે જ્યાં શિવ લહ્યા,. **એવા.૧૪**

ભવોભવ મહીં હે તીર્થપતિ, પાપો કર્યાં મેં અતિ ઘણાં,
કામ ક્રોધ આદિ કુવાસનાથી, દુઃખ લીધા અતિ ઘણાં;
અનુતાપનાં આંસુ થકી, જે તીવ્ર પાપો ભેદતાં. **એવા.૧૫**

દુર્ભવિ અભવિનાં નયન પટમાં, જે કદિ આવે નહીં,
કલિકાળમાં પણ ભવ્ય જીવને, તારવા પ્રવહણ સહી;
દીવ્ય દીપ બની ભવ સાગરે, જે રાહ ભવિને ચીંધતા. **એવા.૧૬**

જેને નમે ભક્તો સદા, નિજ હૃદય ભાવો જોડીને,
જેને નમે ઈન્દ્રો નરેન્દ્રો, હાથ જોડી જોડીને;
મુજ હૃદયના છો નાથ, આદિનાથ હું તમને સ્તવું. **એવા.૧૭**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગનાથ જગદાધાર, આદિનાથ તું ત્રિભુવન ધણી,
તુજ દ્વાર આવી હું ઊભો, કહું વેદના મુજ મન તણી,
કરુણા કરી સુણજો હવે, જરી નજર કરજો મુજ ભણી,
**એવા શ્રી શત્રુંજય આદિ જિનનાં ચરણમાં પ્રેમે નમું...એવા.૧૮**

સંસાર ઘોર અપાર છે, પ્રભુ આપ મુજને ઉદ્ધરો,
ઉજ્જવલ કરી મુજ આત્મ ઘરને, આપ તેહમાં ઊતરો,
પાપી અધમ અજ્ઞાની મુજને, આપ પ્રભુ પાવન કરો. **એવા.૧૯**

મુજ આત્મ ઘર શૂનકાર ભાસે, આપનાં દર્શન વિના,
દર્શન થતાં જિનવર તમારું, થાય મુજ નયણા ભીના;
મુજ ભૂલ બધી ભૂલી જજો, રહી ના શકું હું તુમ વિના. **એવા.૨૦**

પડછંદ તારા દેહની જ્યારે કરું હું કલ્પના,
નહીં કોઈ સાથે કરી શકું, ત્યારે પ્રભુ તુજ તુલના;
ઊંચા હિમાલય આગળે હું કીડી જેવો દીસતો. **એવા.૨૧**

ત્રણ ભુવનમાં પ્રભુ તુજ સમો, નહીં દેવ દૂજો દીસતો,
ઉદ્ધાર નહીં મુજ તુજ વિના, તું એક વિશવાવિશતો;
પાપી અધમ અજ્ઞાન છું, માગું છતાં આશિષ તો. **એવા.૨૨**

શરણું ગ્રહ્યું જેણે જીવનમાં, આપનું સદ્ભાવથી,
ભવજલ તરી પહોંચી ગયા, મોક્ષે બહુ સહેલાઈથી;
લેવા શરણ આવ્યો ચરણમાં, શરણ દેજો જલ્દીથી. **એવા.૨૩**

મેં મારી વાત કહી તને, કહેવાય એવી જે હતી,
બાકી બધું તું જાણતો, છાનું કશું તુજથી નથી;
માંગુ છું **મુક્તિ** તણું **કિરણ**, આપો એ મુજ પાસે નથી,**એવા.૨૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શ્રી શત્રુંજયની ભાવયાત્રા





શ્રી શત્રુંજય લઘુકલ્પમાં કેવલી અઈમુત્તા મુનિવરે નારદ મુનિવરને કહ્યું કે, "શ્રી શત્રુંજય મહાતીર્થની ભાવયાત્રા" (સ્મરણ) ઉપવાસ કરીને કરે તો તેને માસક્ષમણનું ફળ મળે, આયંબિલથી પંદર ઉ૦, એકાસણાથી પાંચ ઉ૦, તથા નવકારશીનું પચ્ચક્ખાણ કર્યું હોય તો બે ઉ૦,નો લાભ મળે. આવી ભાવયાત્રા રોજ કરવી જોઈએ.

ગીત :-

હે પાલીતાણા મુકામે, દાદા આદિનાથના ધામે, એના દરિશન કરવા
હાલો આ હાલો... અલ્યા હાલોને મારા ભાઈ, આ જીવન સુધરી જાય૨



ગીત :-

(૧) હાલો રે હાલો અમે શત્રુંજય જવાના,
શત્રુંજય જવાના મારા દાદાને મળવાના,
દાદાને મળવાનાં મારા વ્હાલાને મળવાના.
હૈયાની વાત એના કાનમાં કહેવાના... હાલો રે હાલો.....૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) ગીત : (રાગ : મહાભારત)

ભાવયાત્રા... ભાવયાત્રા... હો$^{5}$... ભાવયાત્રા,
હા$^{3}$... હા$^{3}$... હા$^{3}$... હા... હો$^{3}$... હો$^{3}$... હો$^{3}$... હો...,
અથ શ્રી શત્રુંજય કી કથા$_{2}$ હા... હા... શત્રુંજય કી કથા$_{2}$
કથા હૈ ગિરિરાજ કી, આદિજિન ભગવાન કી;
અરિહંત - સિદ્ધ - સૂરીશ કી, પાઠક સુકોશલ સાધુકી,
અષ્ટમ ગતિ આરુઢ હુએ જબ ગિરિવર પર સર્વથા...

## શંખનાદ



આદિમં પૃથિવીનાથ, માદિમં નિષ્પરિગ્રહં,
આદિમં તીર્થનાથં ચ, ઋષભ સ્વામીનં સ્તુમઃ...
સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, ગૃહિ મુનિ લિંગ અનન્ત,
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત.
હા$^{3}$... હા$^{3}$... હા$^{3}$... હા... હો$^{3}$... હો$^{3}$... હો$^{3}$... હો...,
ગિરિવર કી યે કહાની હા... હા... લઘુકલ્પમેં પુરાની,
અઈમુત્તામુનિ કા કહેના, છહ્ફલકી અમર કહાની હા... હા...
યે યાત્રા ભાવકી હૈ, હા... હા... સિદ્ધો કે ધ્યાનકી હૈ,
ગુણરત્નસૂરિ કા કહેના, ગિરિવર કી અમર કહાની...
ભાવયાત્રા... ભાવયાત્રા... હો$^{5}$... ભાવયાત્રા....

• અયોધ્યાપુરમ્ તીર્થ : પ્રભુ આદિનાથની ૨૩ ફુટની નયનરમ્ય વિશાળ પ્રતિમા. દેખતા આનંદની ઉર્મિઓ ઉછળે. નમો જિણાણં.

(૩) દુહો - એકેકુ ડગલુ ભરે, શત્રુંજય સમો જેહ,
ઋષભ કહે ભવ ક્રોડનાં, કર્મ ખપાવે તેહ.

મંત્રનો જાપ : ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી શત્રુંજય આદિનાથાય નમઃ


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

• વલ્લભીપુર તીર્થ...૫૦૦ આચાર્ય ભ. દ્વારા વાંચના... અહીંથી ગિરિરાજ હાથીની અંબાડી જેવો દેખાય. ચાલો, ગિરિરાજના વધામણા કરીએ...

(૪) **ગીત** - થાળભરી ચોખાને ઘીનો છે દીવડો, શ્રીફળની જોડ લઈને રે હાલો હાલો સિદ્ધાચલ જઈએ રે. શત્રુંજય મોટું યાત્રાનું ધામ છે, ત્યાં તો બિરાજે મારો વ્હાલો આદીનાથ રે, યાત્રા કરવા જઈએ રે...હાલો ...

• પાલિતાણામાં પ્રવેશ, (શત્રુંજય વંદનાવલીની ૧ થી ૯ ગાથા.)

**પ્રાચિન પાંચ તળેટી :-** (૧) વડનગર (૨) વલભીપુર (૩) આદપુર (૪) વિજય તળેટી (કંકુબાઈ ધર્મશાળા) (૫) જય તળેટી

• કંકુબાઈની ધર્મશાળા પાસે પ્રાચીન તળેટી પગલા, ન. જિણાણં.

(૫) **ગીત** - સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ,

ગિરિ ભેટી પાવન થઈએ સોરઠદેશે યાત્રાનું મોટું ધામ છે.

• તળેટી રોડ ઉપર જમણી બાજુ દેરાસરમાં ચાંદીના આદિનાથ ભગવાનને ન.જિ., પાછળ પિંડવાડા પ્રેમવિહારમાં પૂજ્યપાદ આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. તથા સામેની ગલીમાં આ. ભુવનભાનુસૂરિ આરાધના ભવનમાં પૂજ્યપાદ આ. શ્રી ભુવનભાનુ સૂરિજીને મત્થએણ વંદામિ.

• તળેટી તરફ જતાં શ્રી કેસરીયાજી આદેશ્વર ભ.ન.જિ. તથા આ. શ્રી નેમીસૂરિદાદાને મત્થએણ વંદામિ. આગમમંદિરમાં ચાર શાશ્વતા જિનને ન.જિ., આ. શ્રી સાગરાનંદસૂરિજીને મત્થએણ વંદામિ. બહાર નીકળતાં અધિષ્ઠાયક કવડજક્ષની દેરી... પ્રણામ...

## -: જય તળેટીની સ્તુતિ :-



વિદ્યાધરોને ઈન્દ્રદેવો જેહને નિત પૂજતા,
દાદા સીમંધર દેશનામાં જેહના ગુણ ગાવતા;
જીવો અનંતા જેહના સાનિધ્યથી મોક્ષે જતા,
**તે વિમલ ગિરિવર વંદતા મુજ પાપ સહુ દૂરે થતા...**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

• જય તળેટી... ૧૧ દેરીઓમાં આદિનાથજી, અજિતનાથજી, અભિનંદન સ્વામીજી તથા શાંતિનાથજીનાં પગલા... નમો જિણાણં.

(શ્રી શત્રુંજય વંદનાવલીની ૯થી ૧૬ ગાથા) પહેલું ચૈત્યવંદન...

(૬) ગીત :- (રાગ : યાદ આવે મોરી મા...)

પ્યારા આદિનાથ વ્હાલા આદિનાથ,
ભવસાગરથી તારવા કાજે ઝાલજો મારો હાથ...
સિદ્ધગિરિના શિખરે બેઠા દીનદયાળુ દાદા,
અમે તળાટીએ હેઠા બેઠા ભક્તિમાં ભીંજાણા,
સુણજો મારો સાદ સુણજો મારો સાદ ભવસાગરથી...૧
ભુવનભાનુ ભંડાર તમે છો ગુણરત્નસૂરિ ભારી,
મુનીશરત્નાદિ શિષ્યો વિનવે, આતમ ભાવ જગાડી,
ભવોભવ દેજો સાથ[૨] ભવસાગરથી તારવા કાજે લંબાવોને હાથ...૨

• જય તળેટી એટલે કે ગીરીરાજના ચરણકમલ
માથું મૂક્યું તે મૂક્યું ઉંચું કરવાનું મન જ ન થાય.

• પવિત્ર ગિરિરાજની ભૂમિનો સ્પર્શ... ચઢવાની શરુઆત... જમણી બાજુ પુંડરિકસ્વામી - ડાબી બાજુ અજિતનાથજી - નમો જિણાણં...

(૭) **ગીત** - જિમ જિમ એ ગિરિ ભેટીએ રે, તિમ - તિમ પાપ પલાય સલૂણા,
અજિતનાથ મુનિ ચૈત્રની રે પૂનમે દશહજાર સલૂણા... જિમ[૨]

• જમણી બાજુ આગળ વધતાં ગૌતમસ્વામીના પગલા ન. સિ

(૮) **દુહો** -

અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણાં ભંડાર,
શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ દાતાર.
આદિનાથજીને... શાંતિનાથજીને... ન. જિ.





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૯) **સ્તવન :-** સિદ્ધાચલ શીખરે દીવો રે, આદિશ્વર અલબેલો રે...
લાખ બાવન ને એક કોડી રે, આ. પંચાવન સહસને જોડી રે,આ.
સાતસે સત્યોતેર સાધુ રે, આ. પ્રભુ શાંતિ ચોમાસું કીધું રે, આ.
તવવરિયા શિવનારી રે, આ. તમે તર્યા ને અમને તારો રે, આ.
નારદ લાખ એકાણું રે, આ. કરે શિવસુંદરીનું આણું રે, આ.

(૧૦) સરસ્વતીદેવી- સુઅદેવયા ભગવઈ, નાણાવરણીય કમ્મ સંઘાયં,
તેસિં ખવેઉ સયયં જેસિં સુઅ - સાયરે ભત્તી.

● ધર્મનાથજી, કુંથુનાથજી તથા નેમિનાથજીને ન. જિણાણં

(૧૧) ઢાળ - ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે.

● બાબુનું મંદિર... નીચે રત્નમંદિર, જલમંદિર. ઉપર ચઢતાં આંખ અને અંતરને તરબતર કરનાર આદિનાથજીને તથા મોટી પ્રદક્ષિણામાં ભીડભંજન પાર્શ્વપ્રભુને ન.જિ.પછી બહાર નીકળી સામે સમવસરણ મંદિરમાં ૧૦૮ પાર્શ્વનાથ તથા ૨૪ તીર્થંકરોને ન.જિ., ભરત ચક્રવર્તીના પગલા ન.સિ. બહાર નીકળી ઉપર ચઢતાં આવતો સીધો રસ્તો. સિદ્ધાચલ...

(૧૨) **ગીત** - પરમ પુરુષનો પંથ મળ્યો છે, મનગમતો ભગવંત મળ્યો છે,
ચાલો આપણે જઈએ, સિદ્ધાચલની યાત્રા કરવા ચાલો આપણે જઈએ.
દેરીમાં નેમિનાથજી, વરદત્તગણધરના તથા ઋષભદેવના પગલા, ન.જિ., ન.સિ. આગળ દેરીમાં આદિ ભ.ના પગલા ન.જિ.કુમારકુંડ.હિંગળાજનો હડો.

(૧૩) દુહો -

**આવ્યો હિંગળાજનો હડો, કેડે હાથ દઈ ચડો;**
**ફૂટ્યો પાપનો ઘડો, બાંધો પુણ્યનો પડો...**

● કલિકુંડ પાર્શ્વનાથજીના પગલા ન.જિ., ઉપર જતાં ચાર શાશ્વતા જિનના પગલા ન.જિણાણં.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૪) **ગીત** - ઊંચા - ઊંચા રે દાદા તારા ડુંગરા રે લોલ,
મંદિરિયામાં બોલે મીઠા મોર, દર્શન વહેલા આપજો રે લોલ.
પહેલી કંકોતરી રે પાલીતાણા મોકલી રે લોલ,
પાલિતાણાના આદિનાથ, વહેલા-વહેલા આવજો રે લોલ...

શ્રીપૂજ્યની ટૂંક - ૨૪ દેરીમાં ૨૪ તીર્થંકરોનાં પગલાને ન.જિણાણં, ગૌતમસ્વામીજીને ન.સિ., પાર્શ્વપદ્માવતી તથા માણિભદ્રજીને પ્રણામ.

• ૪ **પ્રતિમા** - દ્રાવિડ, વારિખિલ્લજી, અઈમુત્તા તથા નારદજીને ન.સિદ્ધાણં.

(૧૫) **દુહો** - દ્રાવિડને વારિખિલ્લજી, દશકોટિ અણગાર,
સાથે સિદ્ધવધુ વર્યા, વંદુ વારંવાર.

• પાંચ પ્રતિમાઓ ચોતરા ઉપર - ત્રણ શિખરવાળી દેરીમાં. રામ - ભરત - થાવચ્ચાપુત્ર - શુકાચાર્ય (જલશૌચવાદિ) અને શૈલકાચાર્ય. તેમાં રામ-ભરત ત્રણક્રોડની સાથે, થાવચ્ચાપુત્ર-૧ હજારની સાથે, શુકાચાર્ય - ૧૦૦૦ તથા શેલકજીની પંથકજી - આદિ ૫૦૦ મંત્રીઓ સાથે દીક્ષા અને મોક્ષ ન.સિદ્ધાણં.

(૧૭) **દુહો** - ધરતી સોરઠ દેશની, વળી યુગયુગના એંધાણ,
ત્યાં છે આદિશ્વરનાં બેસણાં, વિમલાચલ એનું નામ.

**ગીત** - હેલો મારો સાંભળોને શત્રુંજયના રાજા,
નાભિરાયાના બેટડાને મરુદેવીના નંદ મારો હેલો સાંભળો...
હુકમ કરો તો દાદા જાત્રાએ આવું, ભવોભવનાં કર્મ ખપાવી
મોક્ષપુરીમાં જાવું મારો હેલો સાંભળો હો હો જી...
ઊંચા-ઊંચા ડુંગરાને વસમી-છે વાટ,
કેમ કરીને આવું દાદા પકડો મારો હાથ મારો હેલો...

• ડાબી બાજુ ભ. આદિનાથના પગલા ન.જિ. સુકોશલમુનિના પગલા ન.સિ. નમિ-વિનમિ વિદ્યાધર બે ક્રોડ સાથે મોક્ષમાં. નમો સિ. હનુમાનધારા... ભ. આદિનાથના


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પગલા નમો જિણાણં...બે રસ્તા, એક દાદાના દરબારે અને બીજો નવટૂંક તરફ.
દાદાના દરબાર તરફ આગળ વધતાં પર્વતમાં કોતરેલી ત્રણ
પ્રતિમાઓ જાલિ-મયાલિને ઉવયાલિ. ન.સિ.

• રામપોળ : બાજુમાં જ દહીવાળા... આ પાપની બારી છે.સામેનું બોર્ડ વાંચો. ગિરિરાજ ઉપર ખાવાથી આશાતનાનું પાપ બંધાય છે.

(૧૮) ઢાળ- તીરથની આશાતના નવિ કરીએ, હાંરે નવિ કરીએ રે નવિ કરીએ.
આશાતના કરતા થકા ધનહાનિ, ભૂખ્યા ન મળે અન્નપાણી,
હાંરે કાયા વળી રોગે ભરાણી, હાંરે આ ભવમાં એમ. તીરથની...૧

• મોતીશા શેઠની ટૂંક (જમણી બાજુ ઘેટી પાગ જવાનો રસ્તો) સગાળપોળ, વાઘણપોળમાં પ્રવેશ. શાંતિનાથ ભ. દે. દર્શન થતાં જ થાક ઉતરી ગયો.

(૧૯) ગીત- અલબેલા આદિનાથ ડુંગરે બિરાજે², મહિમા જગમાં ગાજે રે
હાલો - હાલો ને સિદ્ધગિરિ જઈએ રે. હાલો² ને આદિ જિન ભેટિયેરે.
શાંતિનાથ દાદાને પુંડરિક સ્વામી, રાયણ - પગલાની જોડી રે હાલો...
હાલોને સિદ્ધગિરિ જઈએ રે... હાલો² શાંતિનાથ ભેટિયેરે.



## શાંતિજિન સ્તુતિ :-

ષટખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા
ષોડશ કષાયો પરિહરીને સોળમા જિન રાજતા
ચોમાસુ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા
**તે શાંતિજિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતા...**

• બીજું ચૈત્યવંદન શાંતિનાથજીનું... શત્રુંજયતીર્થની અધિષ્ઠાયિકા માતા ચક્કેશ્વરી-વાઘેશ્વરી-પદ્માવતી દેવીને પ્રણામ. સાધુ મ. દ્વારા ધર્મલાભ.

(૨૦) ગીત - જ્યાં ચક્કેશ્વરી છે માતા, વાઘેશ્વરી દે સુખશાતા,
કવડ જક્ષાદિ દેવતા તમામ છે...સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કવડયક્ષને પ્રણામ. નેમિનાથ પ્રભુની ચોરીનું જિનાલય, પુણ્ય-પાપની બારી, અમીઝરા પાર્શ્વનાથ ભ., આ. ધનેશ્વરસૂરિ, સુરજકુંડ, વીર વિક્રમશીનો પાળિયો. તીર્થરક્ષા માટે મરી ફીટનારા આ વીરને પ્રણામ. સામે...

હાથી પોળ, ફૂલવાળા. સામે રતનપોળ... બે માઈલ. ૩૩૬૪ પગથિયાં ચડીને ૨૦૦૦ ફૂટની ઊંચાઈએ આપણે દાદાને ભેટવા આવ્યા છીએ અને ૭.૫ માઈલના ગિરિરાજના ઘેરાવામાં આવેલા ૩૫૦૦ જિનાલયોમાં બિરાજમાન કુલ ૨૭૦૦૭ જિનપ્રતિમાઓ અને ૧૫૦૦ ચરણપાદુકાઓમાં સર્વનું ધ્યાન ખેંચનાર, ૯૯ પૂર્વ (૬૯૮૫૪૪ ઉપર દશ મીડાં) વાર આ શત્રુંજય પર પધાર્યા હતા તે આદેશ્વર દાદાને ભેટવા આપણું મન વધુ ને વધુ ઉત્સુક બન્યું છે. જૂઓ સામે, આદેશ્વર દાદાનો દરબાર શોભી રહ્યો છે. બોલો આદેશ્વર ભ. કી જય.

(૨૧) **ગીત** - મારા દાદાના દરબારે ઢોલ વાગે છે, વાગે છે ઢોલ વાગે છે[૨] મારા.

• **પહેલી પ્રદક્ષિણા :** દાદાની જમણી બાજુથી. સહસ્ત્રકૂટ (૧૦૨૪ ભ.) ન.જિ., ૧૪૫૨ ગણધરના પગલા ન.સિ., ભ.સીમંધર સ્વામી ન.જિ., બહાર ગોખલામાં પૂ. આત્મારામજી મ.ને મત્થએણ વંદામિ.

• **બીજી પ્રદક્ષિણા :** નવા આદિશ્વરજી, સમ્મેતશિખરજી, વીશ વિહરમાન, રાયણવૃક્ષની પાછળથી નીકળી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભ. ને ન. જિ.

• **ત્રીજી પ્રદક્ષિણા :** પાંચ ભાઈનું દેરાસર, નેમિનાથજી, અષ્ટાપદજી તીર્થ, રાયણવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા, જેના ઉપર ખીર ઝરે તેનો ત્રીજા ભવે મોક્ષ.



## રાયણ પગલાની સ્તુતિ :-

જેનું ઝરતું ક્ષીર પુણ્યે, મસ્તકે જેને પડે
તે ત્રણ ભવમાં કર્મ તોડી, સિધ્ધિશિખરે જઇ ચડે
જ્યાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતાં
તે રાયણ પગલા વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાયણપગલે ત્રીજું ચૈત્યવંદન. નમિ-વિનમિ, ભરત-બાહુબલી, વિજયશેઠ - વિજયાશેઠાણી, ચમત્કારી સુપાર્શ્વનાથજી, નવીટૂંક, ગંધારિયા ચૌમુખજી,



**પુંડરિકસ્વામીની સ્તુતિ :-**

જે આદિજિનની આણ પામી, સિધ્ધગિરિએ આવતાં
અનસન કરી એક માસનું, મુનિ પંચક્રોડ શું સિધ્ધતા
જે નામથી પુંડરીકગિરિ, એમ તિહું જગત બિરદાવતા
**તે પુંડરિકસ્વામી ને વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં...**

ચોથું ચૈત્યવંદન... પુંડરિક સ્વામીજી,
શ્રી આદિશ્વર દરબાર. બોલો આદેશ્વર ભ. કી જય.

આપણે મરુદેવા માતા જેવા ભ. આદિનાથ પ્રભુના દર્શન કરવાના છે.

**આદિજિન સ્તુતિ :-**



જે રાજરાજેશ્વર તણી, અદ્ભુત છટાએ રાજતા
શાશ્વતગિરિના ઉચ્ચશિખરે, નાથ જગના શોભતા
જેઓ પ્રચંડ પ્રતાપથી, જગમોહને નિવારતા
**તે આદિજિન ને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં...**



સૌથી ઊંચી કાયા અને સૌથી વધુ તપ આકરો,
સોથી વધુ આયુષ્યમાં, સૌથી વધુ તાર્યા નરો,
ને જેમની સાથે હતા, સૌથી વધારે વ્રતધરો,
**તે આદિજિનને વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં...**

(૨૨) ગીત - રંગરંગ રેલી કળિયુગની કલ્પવેલી
આદિનાથની મૂર્તિ અલબેલી
(શત્રુંજય વંદનાવલી ૧૭થી ૨૪ ગાથા) પાંચમું ચૈત્યવંદન

ધૂન - સિદ્ધાચલ ગિરિ નમોનમઃ! વિમલાચલ ગિરિ નમોનમઃ
શત્રુંજય ગિરિ નમોનમઃ, વંદન હો ગિરિરાજને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નવટૂંકનું વર્ણન :** ● હનુમાન ધારાથી નવટૂંક તરફ જતાં...
દેરીમાં ભીલડીના પગલા.. દરવાજેથી પ્રવેશ...ડાબી બાજુ

● અંગારશા પીર - મુસ્લિમ આક્રમણોની સામે ઢાલ બનીને તીર્થની રક્ષા કરીશ તેવી પ્રતિજ્ઞા લીધી હતી. સંપ્રતિ મહારાજાએ બનાવેલ શાંતિનાથ જિનાલય ન.જિણાણં.

● નરશી કેશવજીની ટૂંક - શ્રી અભિનંદન સ્વામીને ન.જિણાણં, મરુદેવામાતાનું દેરાસર. નમો સિદ્ધાણં.

● નવમી સવાસોમાની ટૂંક - ૯૬ ફૂટ ઊંચું શિખર ધરાવતી ગિરિરાજની સૌથી ઊંચી ટૂંક છે ચૌમુખજીની... શ્રી આદિનાથ ભ.ને ન.જિ., પાછળના ભાગમાં ૨૫૦૦ ચરણપાદુકા... ન. જિણાણં.

● આઠમી છીપાવસીની ટૂંક - આદિનાથ ભ.ને ન.જિ. આ જ ટૂંકમાં

● જમણી બાજુ પાંડવોનું દેરાસર. આસો સુદ-૧૫ ના ૨૦ ક્રોડ મુનિઓ સાથે પાંચેય પાંડવો મોક્ષમાં ગયા તેમને ન.સિદ્ધાણં.

● **અજીત-શાંતિ દેરી**-ઢોળાવ ઉપર અજિતનાથ તથા શાંતિનાથ ભ.ની દેરી ન.જિ., અહીં નંદિષેણસૂરિ એ અજિત શાંતિ સ્તોત્રની રચના કરી જેના પ્રભાવે આ બન્ને દેરીઓ બાજુ બાજુમાં ગોઠવાઈ ગઇ. ૭,૦૦૦ મુનિઓ સાથે અનશન...મોક્ષ...ન.સિ. તાજેતરમાં જ આ બન્ને દેરીઓનો જિર્ણોદ્ધાર - પ્રતિષ્ઠા મહોત્સવ ઐતિહાસિક ઉજવાયો.

● સાતમી સાકરવસહી ટૂંક-ચિંતામણિ પાર્શ્વનાથ ભ. ધાતુના...ન.જિ.

● છઠ્ઠી ઉજમફઈની ટૂંક-૪ શાશ્વતા જિન, નંદીશ્વર દ્વીપની રચના ન.જિ.

● પાંચમી હેમાભાઈની ટૂંક - અજિતનાથ ભ.ને ન.જિણાણં.

● ચોથી પ્રેમાભાઈ મોદીની ટૂંક - ઋષભદેવ ભ.ને ન.જિ.અહીં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

● કોતરણીવાળા દેરાણી-જેઠાણીના ગોખલા- સ્નેહ સભર ભક્તિ ભાવનાનું જીવંતપ્રતિક... સહસ્ત્રફણા પાર્શ્વનાથને ન.જિ. રિસાયેલા માણેકબાઈના દેરાના શાંતિનાથ પ્રભુને ન.જિ. હે પ્રભો! મારા રોષ અને રીસને શાંત કરો.

● ત્રીજી બાલાભાઈની ટૂંક - ઋષભદેવ ભ.ને ન.જિ. ડાબી બાજુ અદ્‌બદજીની ૧૮ ફૂટ ઊંચી પ્રતિમા...અદ્‌ભુત પ્રભુજીને ન.જિણાણં.

● બીજી મોતીશા શેઠની ટૂંક - નલિનીગુલ્મ દેવવિમાનના આકારે... આ ટૂંકમાં ૧૬ દેરાસર + ૧૨૫ દેરીઓ. ઋષભદેવ ભ.ને ન.જિણાણં.

● શેત્રુંજય તિર્થાધિપતિ આદિનાથ દાદાની પેલી ટૂંક.

**(૨૩) દૂહો** - ડુંગર ચઢવો દોહિલો, ઉતરતા નહીં વાર
શ્રી આદિશ્વર ભેટતાં, હૈયે હરખ ન માય.

જયણાપૂર્વક નીચે ઉતરવું.

**(૨૪) ઘેટી બારી** - સગાળ પોળથી બહાર ડાબી બાજુ નીચે ઊતરવું....



**(૨૫) ઘેટી પાગ** - શ્રી આદેશ્વર ભ. ૯૯ પૂર્વ વખત અહીંથી શત્રુંજય ગિરિરાજ ચઢ્યા હતા. તે આદિનાથ ભગવાનના પગલાને ન.જિ. અહિંથી દીક્ષા દાનેશ્વરી આ.ભ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૨૨૦૦ આરાધકોએ ૯૯ યાત્રા કરી હતી તે સર્વેને પ્રણામ....

● આદપુર તળેટીએ સિદ્ધાચલ શણગાર ટૂંક - ૯૯ ઈંચના શ્રી આદીશ્વરને ન.જિણાણં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# છ ગાંઉની ભાવયાત્રા



(૧) દેવકીના છ પુત્રો - રામપોળથી જમણી બાજુ ઊંચી એક દેરીમાં દેવકીના છ પુત્રોની પ્રતિમાઓ...દીક્ષા લઈ અનશન કરી મોક્ષ. ન.સિ.

છ ગાંઉની નાનકડી કેડી... બનશે મોક્ષની મેડી...

(૨) ઉલ્કા જલ - અહીં દાદાનું નમણ આવતું... આદિનાથ ભ.ના પગલા ન.જિ. ★ અજિતનાથ - શાંતિનાથ ભ.ની દેરી, પગલા ન.જિ.

(૩) ચંદન તળાવડી - ચિલ્લણ મુનિને અહીં કૈવલ્ય પ્રગટ્યું.

(૪) સિદ્ધશિલા - અનશન કરનાર મુનિઓની સ્મૃતિ માટે કાઉસ્સગ્ગ.

(૫) ચંદન તળાવડીથી દૂર ગુફામાં ભરત ચક્રવર્તીએ ભરાવેલી ૫૦૦ ધનુષ્ય પ્રમાણ શ્રી આદિશ્વર ભગવાનની બેઠી રત્નની પ્રતિમા. અઠ્ઠમના પ્રભાવથી કપર્દિ યક્ષ દ્વારા દર્શન. ત્રીજે ભવે મોક્ષ.

(૬) ભાડવો ડુંગર - ફા.સુ. ૧૩ શાંબમુનિ અને પ્રદ્યુમ્નમુનિ સાડા આઠ ક્રોડ મુનિઓ સાથે અહીં મોક્ષમાં... શાંબ અને પ્રદ્યુમ્નના પગલા ન.સિ., આદિનાથ ભ.ના પગલા ન.જિ., સાધના ભૂમિને નમસ્કાર...

(૭) સિદ્ધવડ - આ પાવન સ્થળેથી સૌથી વધુ આત્માઓ સિદ્ધિગતિને પામ્યા. દેરીમાં આદિનાથ ભ.ના પગલા ન. જિ., અહીં ચતુર્વિધ સંઘની ભક્તિ માટે પાલ બંધાય છે.



"ભક્તિનું ભાતું તો બહુ ભાવ્યું... ચાલો હવે ભાતાખાતાનું ભાતું પણ થોડું વાપરી લઈએ."





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ગરવા ગિરિરાજને (રાગ : શબ્દમાં સમાય નહિ)

ગાતા ગવાય નહિ, ગુણ છે અપાર,
ગરવા ગિરિરાજને વંદુ વારંવાર,
દુનિયામાં ડુંગરો ઘણા બધા જોયા
શાશ્વતગિરિ એ પાપ મારા ધોયા
એક એક પગલે સુંદર વિચાર ...ગરવા.૧
દુનિયામાં વહેતી નદીઓ જોઈ
શેત્રુંજી સરીખી આવે નહિ કોઈ
પાપ મારા ધોવાને એ છે તૈયાર ...ગરવા.૨
ડુબતા જીવો માટે તું તો જહાજ છે
ડુબતાને તારવામાં તારી જ લાજ છે
મારે પણ થાવું છે સંસાર પાર...ગરવા.૩

## પૂજો ગિરિરાજને (રાગ : નિલ ગગન કે તલે)

મનના મનોરથ સવિ ફળ્યા રે સિધ્યા વાંછિત કાજ...પૂજો ગિરિરાજને રે
પ્રાઃયે એ ગિરિ શાશ્વતો રે, ભવ જલ તરવા જહાજ...પૂજો...૧
વિમલ કરે ભવિ લોકને રે, તેણે વિમલાચલ જાણ...પૂજો...૨
પુંડરિક ગણધરથી થયો રે, પુંડરિક ગિરિ ગુણધામ...પૂજો...૩
એ ગિરિવરના ગુણ ઘણા રે, કહેતા ના'વે પાર...પૂજો...૪
એ વંદો ગિરિરાજ ને રે....ઓળખો ગિરિરાજને રે...

## જિનરાજ ધૂન

પ્રથમજિનેશ્વર નમો નમઃ પ્રથમસંયમધર નમો નમઃ

પ્રથમતીર્થેશ્વર નમો નમઃ વંદન હો આદિનાથને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# તું મને ગિરિરાજ

તું મને ગિરિરાજ! એક વરદાન આપી દે,
તુજને ભેટી જ્યાં જવાય તે સ્થાન આપી દે...
સિદ્ધગિરિ થી સિદ્ધશિલા એ સ્થાન આપી દે,
તુજને ભેટી જ્યાં જવાય તે સ્થાન આપી દે... તુ મને. ૧

જંબુ ભરતના સૌરાષ્ટ્ર દેશે જે ગિરિરાજ મળ્યો,
બીજી કર્મભૂમીએ તે ગિરિરાજ ન જડ્યો,
વિમલગિરિના પૂણ્ય પ્રભાવે અંતર રોગ ટળ્યો,
આરોગ્યને પામીને મુજ ભવ નો ફેરો ટળ્યો.. તુ મને. ૨

સિદ્ધાચલની છઠ્ઠ કરીને સાત યાત્રા કરૂં,
સિદ્ધિ ગતિએ જવાનું પ્રમાણ પત્ર લઉં,
અવિરતિ ની પ્રવૃત્તિઓથી પાછો હું ફરૂં,
પાપમય સંસાર છોડી શ્રમણ આજે બનું... તુ મને. ૩

સિદ્ધ ક્ષેત્રમાં સંયમલઈ સિદ્ધ થવા ઝંખુ
રાયણ તરૂની શીતલ છાંયડે ધ્યાન પ્રભુનું ધરૂં,
ખીર કેરૂં બુંદ મુજ મસ્તકે ગ્રહું
મુગતે જવાનું તે ક્ષણે બિડું હું ઝડપું... તુ મને. ૪

વિમલગિરિને દિલમાં વસાવી અઠ્ઠમ તપ તપું,
રત્નમય જિન બિંબના દર્શન હું તલસું ;
ત્રીજે ભવે શિવવધૂ ને હું જઈ વરૂં,
અનંત ગુણોનો ધારક બની અક્ષય પદ પામું... તુ મને. ૫

## ગિરિરાજ ધૂન

*સિદ્ધાચલ ગિરિ નમો નમઃ* *વિમલાચલગિરિ નમો નમઃ*

શત્રુંજય ગિરિ નમો નમઃ વંદના ગિરિરાજને


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શેત્રુંજા વાલે ઋષભદેવા



(રાગ : શિરડી વાલે સાંઈબાબા)

મરુદેવા નંદન દેવાધીદેવ, લાએ હૈ દ્વારે એક કવ્વાલી
શેત્રુંજા વાલે ઋષભદેવા, આએં હૈં તેરે દર પે સવાલી
મન મેં હૈ આશા..... જગ મેં નિરાશા
દિલ મેં ઉમ્મિદે......પર ઝોલી ખાલી... શેત્રુંજા વાલે.

ઓ મેરે ઋષભદેવા, કરું મૈં તેરી સેવા
કરું મૈં ભક્તિ તેરી, સુનો ફરિયાદ મેરી
તુઝે દિલ મેં બિઠા લું, તુઝે મનમેં બસાલૂં
ભવોભવ કા સહારા, તૂ સ્વામી હૈ હમારા
કરેં હમ તેરી સેવા, મિલે મુક્તિ કા મેવા
તેરે ગુણોં કી બાતે, પ્રભુ હમ સબ કરે ક્યાં?
દો દિન કી દુનિયા, દુનિયા હૈ જાલી
શેત્રુંજા સ્વામિ તૂ સબકા માલી....શેત્રુંજા વાલે. ૧

તેરી હર શાન નિરાલી,તેરી હર બાત નિરાલી,
તેરા હર નામ નિરાલા, તેરા હર કામ નિરાલા,
ચલે આતે હૈં દ્વારે, પ્રભુ તેરે સહારે,
યે હર રાહી કી મંજિલ, યે હર કસ્તી કા સાહિલ
તૂ દુઃખિયોં કા સહારા, તૂ મુક્તિકા કિનારા,
તૂ મૂઝકો પાર લગાદે, તૂ મૂઝકો દાસ બનાદે
યે મેરી બાતેં, યે મેરી ભક્તિ
ભક્તિ મંડલ કી ભર દાદા ઝોલી....શેત્રુંજા વાલે ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી નેમિજિન વંદનાવલી



શિવાદેવી નંદન જનમીયા, નગરી શૌરીપુરી માય રે,
સમુદ્ર વિજય કુલ અંબરે, ઊગ્યો અભિનવ ભાણ રે,
જાદવવંશે શોભતા, નિરૂપમ નેમિકુમાર રે,
**એવા પ્રભુ નેમિનાથને, કરું ભાવથી હું વંદના...૧**

કૃષ્ણ આદેશે ચાલીયા, એ વરવા રાજુલનાર રે,
ઝરુખેથી નીરખે સુંદરી, રાજા ઉગ્રસેન દરબાર રે,
અનિમેષ નયણે તે નિહાળે, જીવન પ્રાણ આધાર રે, **એવા...૨**

જાન લઈ નિસર્યા ત્યારે, હર્ષનો નહીં પાર રે,
પશુઓ તણી પોકાર સુણી, પાછા વળ્યા તત્કાલ રે,
તોરણથી રથ ફેરવ્યો, રાજુલ હૈયે આઘાત રે, **એવા...૩**

વિલાપ કરતી વિલખે બાળા, તોયે મોહથી મુંજાય ના,
ભરયૌવને રાજવૈભવોને, છોડતા પલવારમાં,
સંસારસુખ અનલ્પ તોયે, તેમાં જરીયે લોભાય ના, **એવા...૪**

શત્રુતણી સહુ શક્તિઓને સંહરી શંખનાદથી,
શ્રીકૃષ્ણના મહાસૈન્યની રણભૂમિ પર રક્ષા કરી,
આંતરશત્રુ નિવારતા બાહુબળે ભવજલ તરી. **એવા...૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પટરાણીઓ શ્રીકૃષ્ણની લલચાવતી તમને ઘણી,
તોયે તમે કૃતનિશ્ચયી બની લેશ પણ ડગ્યા નહી,
તવ પુનિત પગલે મહિમા, ગરિમા વધી ગીરનારની
**એવા પ્રભુ નેમિનાથને, કરું ભાવથી હું વંદના...૬**

બાલબ્રહ્મચારી કુમારનેમિ, વિકાર ના નયનો મહીં,
ભોગવિલાસને ત્યાગતા, એ કામ પર વિજયી બની,
તેજસ્વિતાનો પુંજ જાણે, ગુણવિભૂષિત તન મહી, **એવા...૭**

રાગ સ્થાને વિરાગપામે, એવી શુદ્ધ પરિણતી
દેવાંગના સમ અંગના મળે તોયે નિર્લેપ અતિ,
વર્ષીદાન તિહાં દિયે, અંતર કરુણા ભાવથી **એવા...૮**

રાજુલરમણી ત્યાગીને, શિવરમણી વરવા જઈ ચડે,
વૈરાગ્ય પામી સહસાવનમાં, જઈ સંયમ આદરે,
શણગાર ત્યજી અણગાર બને, સહસ પુરુષ સંગાથ રે, **એવા...૯**

સંવેગજનની વિરાગઝરતિ, દેશનામૃત પાનથી,
આત્મા જગાડ્યો રાજીમતીનો, નવભવોની પ્રીતથી,
ન થયો મેળાપ હસ્તે, શિરે હાથ મૂકાવતી, **એવા...૧૦**

ભવપરંપરા સ્થગિત કરવા, દાખવી શૂરવીરતા,
દીક્ષા ગ્રહીને અલ્પકાળે કર્મઘાતી ખપાવતાં,
પંચાવનમે દિવસે કેવલ સહસાવનમાં રહિ વર્યા, **એવા...૧૧**

અનંતસુખ ભાજન બનાવે, પહેલા સતી રાજુલને
જિનરાજ કર્મ ખપાવીને, ઝટ વરે શીવપટરાણીને,
દંપતી દોય મુગતિ વર્યા, બની પ્રીત સાદિ અનંત રે, **એવા...૧૨**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાગરપ્રભુના કાળમાં, અતીત ચોવીશી મહીં,
બ્રહ્મેન્દ્રયે નિજ ભાવિ જાણી, નેમની પ્રતિમા ભરી,
ગણધર પ્રભુના એ થયા, વરદત્ત શિવવધૂ ધણી,
**એવા પ્રભુ નેમિનાથને, કરું ભાવથી હું વંદના...૧૩**

આર્ય અનાર્ય પૃથ્વી પર, પ્રતિબોધતા વિચરણ કરે,
નિર્વાણકાળ સમીપ જાણી, રૈવતગીરી પાછા ફરે,
અણસણગ્રહી અષાઢ માસે, ધવલાષ્ટમે સિધ્ધિ વરે, **એવા...૧૪**

લોચન મીંચાયા મોહવશ, તુજ દર્શ ને પામ્યો નહીં
પુણ્યોદય થયો આજ મારો, માર્ગ પામ્યો હું સહી,
તુજ સ્વરૂપને પીછાણવા, મને દિવ્યદ્રષ્ટિ આપજે,
**મુજ હૃદયની એક ઝંખના, મને તારા સરિખો બનાવજે....૧૫**

સંસારે રઝળુ એજ સુચવે, કર્મતણી એ બહુલતા,
પીઠબળ પામી તાહરું હું, કર્મની કરું અલ્પતા,
પુરુષાર્થ કરું હું પ્રમોદથી, તો થાયે કર્મ નિકંદના, **મુજ..૧૬**

તું સદા આનંદમાં, સ્થિર રહે ઉપશમભાવથી,
ક્રોધાદિ ચાર કષાય મુજને, પીડતા બહુકાળથી,
ભવાભિનંદીપણું મિટાવી, ભવભીરુતા આપજે, **મુજ...૧૭**

કર્મચૂરણ આશપૂરણ, તુમ કૃપાએ અજન્મા બનું,
ગીરનાર મંડણ નેમિ જિનવર, તુજ પાસે આશિષ ગ્રહું,
"ગુણ" વૈભવ પામી, "મુનીશ" બની, હું શિવગતિગામી બનું,
મુજ હૃદયની એક ઝંખના, મને તારા સરિખો બનાવજે..૧૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી ગિરનાર તીર્થની ભાવયાત્રા



જૂનાગઢ શહેરમાં ભ. મહાવીર સ્વામી. નેમિનાથ, આદિનાથ ભ.ને.ન.જિ.
શ્રી ધર્મનાથ જિનાલયના દર્શન કરી ૬ કિ.મી. ગિરનાર તળેટી.

**ગીત :** સૌ ચાલો ગિરનાર જઈએ, ગીરી ભેટી પાવન થઈએ,
સોરઠ દેશે યાત્રાનું મોટું ધામ છે સૌ. ૧
જ્યાં તળેટી સમીપે જાતાં, આદેશ્વરનાં દર્શન થાતાં;
ધર્મશાળા ને મૂર્તિ અભિરામ છે સૌ. ૨

## ગિરનાર તળેટી

શ્રી આદીનાથ ભગવાનનું જિનાલય ન.જિ.બાજુમાં જ ધર્મશાળા...
અહીંથી ઉપર ચઢતાં જ જમણી બાજુ શ્રી નેમિનાથ ભગવાનના પગલા ન. જિ. તથા અંબિકા દેવીને પ્રણામ.

**ગીત :** જ્યાં ગીરી ચઢતાં જમણે, અંબા બેઠા સન્મુખ ઉગમણે,
મસ્તકે પગલાં પ્રભુ નેમિકુમારના છે...સૌ.૩
જ્યાં ચઢાણ આકરાં આવે, દાદાની યાદ સતાવે;
જપતાં હૈયે મને હાશ મોટી થાય છે...સૌ.૪

• શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય પ્રવેશદ્વારની સામે જમણી બાજુ માનસંગ ભોજની ટૂંક... શ્રી સંભવનાથ જિનાલય... ન.જિણાણં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





• વસ્તુપાળ તેજપાળનું પાર્શ્વનાથ જિનાલય, અંદર બે સમવરણમાં ભગવાન બિરાજમાન છે. ન. જિ. આ જ કંપાઉન્ડમાં ગુમાસ્તાનું શ્રી નેમિનાથ જિનાલય છે. ન. જિ. ભ. નેમિનાથનું મુખ્ય પ્રવેશદ્વાર : અંદર ભગવાન નેમિનાથ જિનાલય પહેલી ટૂંક છે. જમીનની સપાટીથી ૩૬૬૬ ફૂટ ઊંચું... ૪૨૦૦ પગથિયાં.... ભગવાન નેમિનાથની કસોટીના પથ્થરની આ શ્યામ પ્રતિમા ભારતભરમાં સૌથી પ્રાચીન છે.

**ગીત :** જ્યાં પહેલી ટૂંકે જાતાં દહેરાનાં દર્શન થાતાં;
પ્રભુને જોવા હૈયું ઘેલું થાય છે. સૌ.૫
જ્યાં અતીત ચોવીસી માંહે, ત્રીજા સાગર પ્રભુના કાળે;
ઈન્દ્રે ભરાવેલ પ્રભુ નેમિનાં દર્શન થાય છે. સૌ. ૬

• **શ્રી નેમિનાથ જિનાલય :** બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભ.ની જય[૫]... ગીત-મૂર્તિ જોઉં જોઉં ને.. દર્શન કરી ન. જિ. પ્રદક્ષિણા પેલી. આગળ વધતાં શ્રી નેમિનાથ ભગવાનના મોટા પગલા ન. જિ. બાજુમાં શ્રી આત્મારામજી મ.ની ગુરુમૂર્તિ ને વંદન... ગણધરોના પગલા ન. સિ., પ્રતિમાજીને ન. જિ. આગળ જતાં જમણી બાજુ ભ. મહાવીર સ્વામીના મોટા પગલા ન. જિ. પ્રદક્ષિણા બીજી-દેવદેવીઓને પ્રણામ. ત્રીજી પ્રદક્ષિણા. ન. જિ.

• આગળ વધતાં ભોંયરામાં **અમીઝરા પાર્શ્વનાથ ભગવાન.**

**સ્તુતિ :** કમઠતણાં ઉપસર્ગોને, સમભાવથી જે ઝીલતાં,
જે બિંબથી અમીરસતણા, ઝરણાઓ સહેજે ઝરતાં;
જેના પ્રગટ પ્રભાવથી, દુઃખડા ભવિના ભાંગતા,
એ અમીઝરા પાર્શ્વને ભાવે કરું હું વંદના.
ઉપર ચઢતાં જમણી બાજ રાજીમતીના પગલા ન.સિ.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

  

• મૂળ નાયક શ્રી નેમિનાથ ભગવાન પાસે સ્તુતિ. ચૈત્યવંદન... દે. થી જમણીબાજુ બહાર નીકળી નીચે ઊતરતાં સામે મેકરવશીનું જિનાલય... સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભ., શાંતિનાથભ. આદિ ૧૧૩ પ્રતિમાઓને-પાંચ મેરુનું મંદિર ન. જિણાણં.

• અદબદજીની ટૂંક - શ્રી આદિનાથ ભગવાનની વિશાળ પ્રતિમાજીને ન.જિ.દક્ષિણ તરફ અષ્ટાપદજીનો પટ. ઉત્તર તરફ ચૌમુખજીનું મંદિર.

• માલદેવની ટૂંક-શ્રી અજિતનાથ-આદિનાથ ભ.ને.ન.જિ.

• અષ્ટાપદજીનું જિનાલય - નાની ૨૪ તીર્થંકરોની પ્રતિમા ન. જિ.

• સંગ્રામ સોનીની ટૂંક - શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનનું આ સૌથી ઊંચું જિનાલય શ્રી પાર્શ્વનાથ ભ. આદિ ૩૭ ભ. ને ન જિ.

• રાજા કુમારપાળની ટૂંક - શ્રી અભિનંદનસ્વામી ભગવાનને ન. જિ. પાછળના દરવાજેથી બહાર નીકળી ડાબી બાજુ નીચે ઊતરતાં.

• શ્રી ચંદ્રપ્રભુની ટૂંક - સુંદર નકશી કામ યુક્ત છે. ન. જિ. નીચે જતાં ગજપદ કુંડ-ચૌદ હજાર નદીઓના નીરથી ભરેલો કુંડ. અહીં ભાવના ભાવવાથી દુઃખો તથા પાપોનો ક્ષય થાય છે.

• ચૌમુખજી દેરાસર - ગજપદ કુંડથી ઉપર તરફ જતાં ચૌમુખજી જિનાલય. જ્ઞાનવાવનું દેરાસર - શ્રી શાંતિનાથ ભગવાનને ન. જિ.

• સંપ્રતિ રાજાની ટૂંક - શ્રી નેમિનાથ ભગવાનને ન. જિ. ઉપર જતાં ડાબી બાજુ શ્રી શાંતિનાથ જિનાલય - ન. જિ., જમણી બાજુમાં શ્રી મલ્લની ટૂંકમાં શ્રી આદિનાથ ભગવાનને ન. જિ., નીચાણમાં રાજીમતીની ગુફા-રાજીમતીની ઊભી મૂર્તિ-રથનેમીની નાની મૂર્તિ છે. નમો સિદ્ધાણં બે હાથ જોડીને...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

  

• ચોરીવાળું ચૌમુખજીનં જિનાલય - શામળા પાર્શ્વનાથ ઉપર તરફ જતાં આવે છે. ન.જિ. હવે અંબાજીની ટૂંક તરફ જતાં જમણી બાજુ.

• રહનેમિજિનાલય - મૂળનાયક તરીકે કેવલીનું આ પ્રથમ જિનાલય છે.

**ગીત :** જ્યાં અંબા-ગોરખ જાતાં શાંબ-પ્રદ્યુમ્નનાં પગલા દેખાતાં,
નમન કરતાં સૌ આગળ ચાલી જાય છે. સૌ. ૭

• શાંબમુનિના પગલા - અંબાજીની ટૂંકમાં અંબાજી મંદિર પાછળ શાંબમુનિનાં પગલા ન. સિ. ગોરખનાથની ચોથી ટૂંકના ધૂણા પાસે.

• પ્રદ્યુમ્નમુનિના પગલા - ડાબી બાજુ છે. ન. સિ. આગળ જતાં જમણી બાજુ પથ્થરની શિલામાં કોતરેલા પાર્શ્વનાથ ભગવાનને ન.જિ. • **કમંડલ કુંડ**-અહિંગણધર ભગવંતોનો અગ્નિસંસ્કાર થયો હોવાનો સંભવછે. ઉપરની બાજુ પગથિયાં ચઢતાં જમણી બાજુ પહાડમાં કોતરેલી પાર્શ્વનાથ ભ.ની પ્રતિમા ન. જિ.,

• **પાંચમી ટૂંક - મોક્ષ કલ્યાણક ટૂંક :** જૈને જૈનેત્તરો ગુરુ દત્તાત્રય કહે છે.

**ગીત :-** જ્યાં પાંચમી ટૂંકે પહોંચતા, મોક્ષકલ્યાણક પ્રભુનુ જોતાં
રોમેરોમ આનંદ અપાર છે... સૌ.

"અંબાજી મંદિરથી આગળ જતાં ઓઘડશિખર. ૪૦૦ ફૂટ નીચે ઊતરી ચડાવ... ત્યાં ટેકરી ઉપર ભ. નેમિનાથ તથા ભ. નેમિનાથના શિષ્ય ગણધર વરદત્ત, ધર્મદત્ત અને ગુણદત્ત મોક્ષે ગયા છે, તે ચારેયની પાદુકા છે. તેમજ લેખ લખાયેલો છે, તે ફૂલ કે કપડાંથી ઢંકાયેલો હોવાથી ક્યારેક ખ્યાલ ન પણ આવે. ત્રણેય ગણધરના પગલા હોવાથી ગુરુ દત્તાત્રય પણ કહેવાય છે. શિલા પાછળ કોતરેલી ૧ મૂર્તિ છે. ન. જિ.

અહીંથી થોડું નીચે ઊતરતાં બે રસ્તા.. ડાબી બાજુ નેમિનાથ ટૂંક અને જમણી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાજુ સહસાવન ટૂંક... આપણું સહસાવન તરફ પ્રયાણ. નેમિનાથ ટૂંકથી સહસાવન ૧૮૦૦ પગથિયાં નીચે ઉતરવાનાં છે.

● ગૌમુખી ગંગામાં પ્રવેશતા અંદર ૨૪ ભ.ના પગલા ન.જિ., અહીંથી સહસાવન ટૂંકનું સમવસરણ મંદિર દેખાય છે. તે તરફ પ્રયાણ.

## સહસાવન ટૂંક







-: ગીત :-




જ્યાં સહસાવને જાતાં, દીક્ષા-નાણ પ્રભુના થાતાં પગલે પગલે કોયલના ટહુકાર છે. સૌ. સહસાવન સમવસરણ જિનાલયના દર્શન થતાં ન જિ., બાજુ નેમિનાથ ભ. તથા તેમના પરિકરમાં ગત ચોવીશીમાં ગિરનાર તિર્થમાં મોક્ષે ગયેલા ૧૦ ભ.ને ન.જિ. પ્રદક્ષિણામાં જીવિત સ્વામી નેમિનાથ ભ.ન.જિ. તથા રહનેમિની પ્રતિમા અને નેમિનાથ ભગવાનના ૧૮ ગણધરોની પ્રતિમા ન. સિ., દર્શન કરી પાછા નીચે ઊતરતા ગુરુ ભગવંતોનાં પગલાંને વંદના-પાછળ તરફ ગુફામાં જતાં નેમિનાથને ભ.ન.જિ. તથા પ્રાચીન સરસ્વતી દેવીને પ્રણામ. તપસ્વી સમ્રાટ, સહસાવન સમવસરણ મંદિરના પ્રેરણાદાતા પૂ.આ.ભ. **શ્રી હિમાંશુ સૂરીશ્વરજી મ.સા.** સમાધિ સ્થળ - ભાતા ખાતું. નીચે ઊતરતાં નેમિનાથ ભગવાનનું કેવળજ્ઞાન કલ્યાણક સ્થળ ન.જિ.-સીતાવન-ભરતવન દીક્ષા કલ્યાણક સસ્થળ ન.જિ. દર્શન કરી તળેટી પહોંચી ગયા.



"બોલો, શ્રી નેમિનાથ ભગવાન કી જય."



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# રાજુલ કી નગરી



(રાગ : નફરત કી દુનિયા કો...)

રાજુલ કી નગરી કો છોડ, સંયમ કે પથ પે, નેમ ચલે ગિરનાર,
મમતા કી નગરી કો છોડ, સંયમ કે પથપે, નેમ ચલે ગિરનાર...૧
જબ જાનવર રોતે, ઉનકો નજર આયે,
તબ નેમને આંસુ, કરૂણા કે બરસાયે,
ઈસ જીવન કે રથ મોડ મોડ,
વળી રાજીમતી કો છોડ, નેમ ચલે ગિરનાર...૨
મિટ્ટી કી હૈ કાયા, ઝટ છૂટ જાયેગી,
જરા સોચ લે પ્રાણી, તેરે સાથ ન આયેગી,
જબ તોરણ કે રથ મોડ મોડ,
વળી રાજીમતી કો છોડ, નેમ ચલે ગિરનાર...૩

## ગિરનાર કે નિવાસી

ગિરનાર કે નિવાસી નમું બારબાર હું,
આયો શરણ તિહારે, પ્રભુ તાર તાર તું...૧
કરૂણા કા હૈ સમુંદર, તેરી નિગાહ મેં,
આતે હિ શાંતિ પાતે, પ્રભુ તેરે દ્વાર પે,
બ્રહ્મધારી, સદાચારી, નિર્વિકારી તું. આયો...૨
પશુઓ કી પોકાર સૂની સીર્ફ એકબાર,
છુડા કે બંધ ઉનકે, તુને છોડ દીયા સંસાર,
એકબાર, નેમકુમાર સુનપુકાર તું... આયો..૩
રાજુલ ને કિયા તુમસે, નવ નવ ભવસે પ્યાર,
અખંડ સૌભાગ્ય કા તુને, દે દીયા ઉપહાર,
દીનાનાથ, નેમીનાથ, પકડ હાથ તું... આયો..૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચાલો આજે સહુ મળી (રાગ : આઓ બચ્ચો તુમે)

ચાલો આજે સહુ મળીને યાત્રા કરીએ ગિરનારની
એ ધરતીને નમન કરો એ ભૂમિ છે શિવધામની
જય જય ગિરનાર....જય જય નેમિનાથ(૨)....૧

બાવીશમાં પ્રભુ નેમિ જિનેશ્વર એ ગિરિ ટોચે ઠાયતા,
રાજુલ-રમણી ત્યાગીને, શિવરમણી વરવા આવ્યા'તા,
વૈરાગ્ય પામી સહસાવનમાં, સંયમનીરે ન્હાયાતા,
પંચાવનમાં દિવસે પ્રભુજી કેવળ લક્ષ્મી પાયાતા,
નિત્ય સવારે એ ગિરિવરની, જપીયે માળા નામની,..એ ધરતીને. ૨

ભવ્યજીવોને પ્રતિબોધતા, અવનિતલ વિચરતાતા,
મુક્તિકાળે રૈવતગિરિ એ શુભ-ચરણો મંડાયાતા,
તપ તપતા અણસણ લઈ પ્રભુજી,સિદ્ધપદને પાયાતા,
ગઢ ગિરનારની યાત્રા કરતા ભવિજીવ સુખમાં મ્હાલ્યાતાં,
આવો આપણે સાથે મળી, યાત્રા કરીએ ગિરનારની...એ ધરતીને. ૩

## ગાતા ગવાય નહી (રાગ : શ્યામ તેરી બંસી)



ગાતા ગવાય નહી ગુણ છે અપાર
ગરવા ગિરનારને વંદુ વારંવાર.....
દુનિયામાં ડુંગરો ઘણા બધા જોયાં
ઉજ્જયંતગિરિએ પાપ મારા ધોયાં
એક એક પગલે છે સુંદર વિચાર... ગરવા...

ડુબતા જીવો માટે તું તો જહાજ છે
ડુબતાને તારવામાં તારી જ લાજ છે
મારે પણ જાવું છે સાગરની પાર...ગરવા...


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# સમેતશિખરજી તીર્થ વંદના

જ્યાં અજિતનાથ જિનેન્દ્ર આદિ વીશ તીર્થંકર વિભુ
વળી અતીત ચોવીશી તણા ચોવીશ તીર્થંકર પ્રભુ
નિર્વાણ પામ્યા ને વળી જ્યાં પામશે તે ભૂમીને
સમેતશિખર તીર્થને ભાવે કરું હું વંદના...૧

જે તીર્થનો ઉદ્ધાર કરવા જગત શ્રેષ્ઠિ આવતા
શ્રી દેવ વિજયજી તણી જે પ્રેરણાને ઝીલતા
અઠ્ઠમ કરી પદ્માવતીની પામતા સાંનિધ્યતા...સમેત ૨

જ્યાં જ્યાં શ્રી તીર્થંકર પ્રભુજીનું થયું મુક્તિગમન
તે તે સ્થળે પદ્માવતી માતા કરે સ્વસ્તિક સ્વયં
નિર્વાણના શુભ સ્થળ તણા જ્યાં આપતા સંકેતને ...સમેત ૩

તેંત્રીશ મુનિવર સાથ જ્યાં પ્રભુ પાર્શ્વ મુક્તિ પામતા
તે તીર્થ પર પ્રહસેન નૃપ ઉદ્ધાર વીસમો કરાવતા
વળી સ્થાપતા તે પુણ્ય સ્થળ પર પાર્શ્વ પ્રભુના ચરણને...સમેત ૪

આ તીર્થની યાત્રા કરે તે ભાગ્યશાળી ધન્ય છે
આ તીર્થની યાત્રા કરાવે ધન્ય તે કૃતપુણ્ય છે
વળી પુણ્ય બાંધે તે સદા જેઓ કરે અનુમોદના...સમેત ૫

શાસન અને શાસ્ત્રો તણા ઈતિહાસ એમ જણાવતા
શ્વેતાંબરો આ તીર્થની રક્ષા મહીં ઉદ્યત હતા
શ્વેતાંબરાચાર્યો કરે ઉદ્ધારની શુભ પ્રેરણા...સમેત ૬

મુજ આત્મકમલે શામળા શ્રીપાર્શ્વનાથ વસો સદા
જેથી સદા લબ્ધિ ખીલવવા વિક્રમો કરીએ મુદા
યશો અજિતવીર શીઘ્ર તુમ દર્શન તણી કરે યાચના...સમેત ૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી સમેતશિખરજી તીર્થની ભાવયાત્રા



સમેતશિખર સમરું સદા, પૂર્વ ભારત મોઝાર;
વીશ તીર્થંકર પામીયા, મુક્તિનગર મનોહાર.

બિહારક્ષેત્રની ૨૦-૨૦ તીર્થંકર પરમાત્માની પુણ્યવંતી કલ્યાણક ભૂમિ તરફ પ્રયાણ

ગીત : ચાલો શિખરજી જઈએ રે હો યાત્રાના રસિયા,
યાત્રાના રસિયા શિવસુખ વસિયા, ચાલો...૧
ડગ ડગ ભરતાં કષ્ટ ઉઠાવો, કષ્ટ ઉઠાવો ને કર્મ ખપાવો;
કર્મ ખપાવી સુખ પામીએ રે હો યાત્રાના રસિયા. ચાલો...૨

અમદાવાદથી પ્રયાણ...

(૧) મધ્યપ્રદેશનાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનને ન. જિ.

(૨) ઉત્તરપ્રદેશ - અયોધ્યા તીર્થ શ્રી આદીનાથ ભગવાનને ન. જિ.

(૩)ત્યાંથી ૧૮૫ કિ.મી. કાશીદેશ-વારાણસી નગરી-ભેલુપુર-શ્રી પાર્શ્વનાથ ભ.ની જન્મભૂમિ... ત્યાં શામળા પાર્શ્વનાથ ભ.ની ૨૫૦૦ વર્ષ પુરાણી મૂર્તિ ન. જિ.,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગંગાઘાટ** :- જ્યાં કમઠ તાપસ ધૂણી ધખાવીને બેઠો હતો, જ્ઞાનથી લાકડામાં બળતા સાપને જાણી.... બચાવી નવકારમંત્ર સંભળાવતાં સાપ નાગરાજ ધરણેન્દ્ર બન્યા. ત્યાં બનાવાયેલ જિનાલયના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન ને ન. જિ.

(૪) **ભદૈની** - શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના ચ્યવન-જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક ભૂમિ ન. જિ.

(૫) ૧૨ કિ.મી. **સિંહપુરી તીર્થ**- શ્રી શ્રેયાંસનાથ ભગવાનના ચ્યવન જન્મ-દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક સ્થળ ન. જિ.

(૬) ૧૬ કિ.મી. **ચન્દ્રપુરી**. ગંગા નદીના કિનારે શ્રી ચન્દ્રપ્રભ સ્વામીનું જિનાલય.. ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણક સ્થળ.

(૭) ૨૨૫ કિ.મી. **પટણા** : "આગમ કૂવો" ગુલઝારી બાગ-સુદર્શન શ્રાવકને શૂળીનું સિંહાસન-દીક્ષા-મોક્ષ. ૮૪ ચોવીશી સુધીના અમરનામી, કામ વિજેતા શ્રી સ્થુલીભદ્ર સ્વામીનાં પગલાં... ભાવથી વંદન. શેખપુર તીર્થ - ગઈ ચોવીશીના શ્રી વિશાળનાથ પ્રભુને ન.જિ., ૧૨૦૦ વર્ષ પ્રાચીન પાર્શ્વનાથ ભગવાન... આ પ્રતિમામાં વસ્ત્ર-આભૂષણ કોતરાયેલા છે ન. જિ.

(૮) ૧૯ કિ.મી. **કુંડલપુર** - પાંચ શિખરોથી શોભતું સંપ્રતિરાજા વખતનું આદિનાથ ભ.નું જિનાલય ન.જિ., પ્રભુ મહાવીરના પ્રથમ માતાપિતા ઋષભદત્ત બ્રાહ્મણ-દેવાનંદા બ્રાહ્મણીનું ગામ, ૮૨ દિન ગર્ભમાં... કુંડલપુરનું બીજું નામ ગોબરગામ. જે શ્રી ગૌતમ સ્વામી મહારાજાની જન્મભૂમિ છે.

(૯) ૩ કિ.મી. **નાલંદા** જિનાલયમાં શ્રી આદિનાથ ભ. વગેરે... ન.જિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૦) ૧૨ કિ.મી. **રાજગૃહિ** - ભ. મુનિસુવ્રત સ્વામીનું દેરાસર ન.જિ., પાંચ પર્વત : પહેલો વિપુલાચલગિરિ- ભગવાન મહાવીરના પગલા ન. જિ. અહિ ભ. મુનિસુવ્રત સ્વામીના ૪ કલ્યાણક પગલા ન. જિ., બાળમુનિ અઈમુત્તા કેવલીની સં. ૧૮૨૫ની કોતરેલી પ્રતિમા ન. સિ., નીચે ઊતરીને બીજો રત્નગિરિ પર્વત-ચઢાણ આકરું પણ કર્મનિર્જરા વિપુલ... શ્રી શાંતિનાથને ન.જિ. ત્રીજો ઉદયગિરિપર્વત. ભ. ચન્દ્રપ્રભ સ્વામી અને ભગવાન પાર્શ્વનાથના પગલા ન.જિ., ચોથો સુવર્ણ ગિરિપર્વત-૧૦૦૦ પગથિયા... પર્વત ઉપર ભ. ચન્દ્રપ્રભસ્વામી, ભ. મહાવીર તથા આદિનાથના પગલા ન. જિ., પાંચમો પર્વત- વૈભારગિરિ - શ્રી શાંતિનાથ ભ.ને ન.જિ., પહાડની પાછળ શાલિભદ્રજીનો ભંડાર અને રોહિણીયા ચોરની ગુફા.ભ. મુનિસુવ્રત સ્વામીનું દે.ન.જિ., ધન્ના-શાલિભદ્રજી આ શિલા પર અનશન કરી દેવલોક, ઊભી પ્રતિમાને વંદન. પ્રભુ મહાવીરના ગણધરો અહીં નિર્વાણ પામેલા. ન.સિ.

(૧૧) રાજગૃહીથી ૧૫ કિ.મી. **પાવાપુરી**-જળમંદિર ભ. મહાવીર સ્વામીની નિર્વાણભૂમિ ન.જિ.

(૧૨) ૩૦ કિ.મી. **ગુણિયાજીતીર્થ** ભ. મહાવીર જિનાલય બહાર ભ.ના. પગલાં. ન.જિ. અહીં શ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન તથા નિર્વાણ ન. સિ.

(૧૩) ૫૫ કિ.મી. **લચ્છવાડ**, ૨૦ કિ.મી. **ક્ષત્રિય કુંડ**- પ્રભુ વીરના જન્મ-દીક્ષા કલ્યાણક. રાજા નંદિવર્ધને બનાવેલ ભ. મહાવીરનું દે.ન.જિ. ૩૭ કિ.મી. રતનપુર તીર્થ, ૧૨૫ કિ.મી. ઋજુવાલિકા નદી... **ઋજુવાલિકા તીર્થ**-પ્રભુ મહાવીરની કેવળજ્ઞાન ભૂમિ. અહીંથી ૧૬ કિ.મી. મધુવન.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સમેતશિખરજી તીર્થમાં પ્રવેશ




મધુવન તળેટી-શ્વેતાંબર કોઠી–એમાં નવ જિનાલયો, શામળા પાર્શ્વનાથાદિ ભ.ને ન.જિ. ભોમિયાજી એ આ તીર્થના રક્ષક સમ્યગ્દૃષ્ટિ અધિષ્ઠાયક દેવ છે. પ્રણામ, ધર્મલાભ... યાત્રા મંગલકારી અને નિર્વિઘ્ન બની રહો એવા આશીર્વાદ લઈને લુંકડ દ્વારથી યાત્રા પ્રારંભ... સમુદ્રની સપાટીથી આ તીર્થ ૪,૪૮૮ ફૂટની ઊંચાઈએ છે. આપણે ૯ કિ.મી. ચઢવાનું, ૯ કિ.મી. ચાલવાનું અને ૯ કિ.મી. ઉતરવાનું = ૨૭ કિ.મી.ની યાત્રા આશરે ૧૪ કલાકમાં પૂરી થાય છે. સૌ પ્રથમ સમેતશિખર દ્વારમાંથી થોડું આગળ ચાલતાં ડાબી બાજુએ ક્ષેત્રપાળની દેરી... ત્યાંથી ડાબી બાજુએ ૧.૫ કિ.મી.ની યાત્રા બાદ પૂ.આ. રાજેન્દ્રસૂરિ મ.સા. ની પ્રેરણાથી ૨૩ જિનાલય... ન.જિ. દોઢ કલાકે ગાંધર્વનાળું... અહીં પોણા ચાર કિ.મી.પૂરા થયા. ભાતાઘર. બે રસ્તા... એક ગૌતમ સ્વામીજી બીજો પારસનાથજી. આપણે ગૌતમસ્વામીજી વાળા રસ્તે આગળ જતાં શીતળ ઝરણું...સીતાનાળું...બારેમાસ પાણી... સાડાઆઠ કિલોમીટરે ચોપડાકુંડ... ચઢાણ પૂરું થતાં જ નવ કિલોમીટરે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧) ગૌતમ સ્વામીની ટૂંક.... અંગૂઠે...



૨૪ તીર્થંકર તથા ૧૧ ગણધરના એમ ૩૫ પગલાને ન.સિ. અહીંથી ત્રણ રસ્તા... જલમંદિર, શામળા પાર્શ્વનાથજી, ચંદ્રપ્રભુજી.. કોઈ ટૂંક નીચી આવશે કોઈ ઊંચી આવશે પણ આપણે આપણા ઉલ્લાસને તો ઊંચો જ રાખવાનો છે... ચંદ્રપ્રભુજીની ટૂંક તરફ આગળ વધતાં...

(૨) શ્રી કુંથુનાથ ભ.ની "જ્ઞાનધર" ટૂંક. ચૈત્ર વદ-૧, એક હજાર મુનિભ. સાથે માસક્ષમણ કરી મોક્ષ. કુલ ૯૬ કોડાકોડી ૯૬ ક્રોડ, ૩૨ લાખ, ૯૬ હજાર, ૭૪૬ મુનિભ.નો મોક્ષ. ફળ-૧ ક્રોડ પૌષધ ઉપવાસ. આગળ જતાં ડાબી બાજુ

(૩) ઋષભાનન ભ.ની ટૂંક. ન.જિ.જમણી બાજુ

(૪) શાશ્વતાજિન ચંદ્રાનન ભ.ની ટૂંક - નમો જિણાણં.

(૫) શ્રી નમિનાથ પ્રભુની "મિત્રધર" ટૂંક - ચૈ.વ.૧૦, એક હજાર મુ. સાથે ૧મા. કરી મોક્ષ. કુલ એક કોડાકોડી, ૫૪ લાખ, ૪૯હજાર, ૯૦૦ મુનિભ.નોમોક્ષ. ફળ-૧ ક્રોડ, પૌષધ ઉપવાસ.

(૬) શ્રી અરનાથભ.ની "નાટક ગિરિ" ટૂંક - મા.શુ. ૧૦, એક હજાર મુ.સાથે ૧ મા. કરી મોક્ષ. કુલ ૯૯ ક્રોડ, ૯૯ લાખ, ૯૯હજાર, ૯૯૯ મુનિ ભ.નો મોક્ષ. ફળ ૧ ક્રોડ પૌષધ ઉપવાસ.

(૭) શ્રી મલ્લિનાથ ભ.ની "સબલગિરિ" ટૂંક - ફા.શુ. ૧૨, પાંચસો મુનિઓ સાથે ૧ મા. કરી મોક્ષ. કુલ ૯૬ ક્રોડ મુનિ ભ.નો મોક્ષ.ફળ એક ક્રોડ પૌષધ ઉપવાસ.

(૮) શ્રી શ્રેયાંસનાથ ભ.ની "સંકુલગિરિ" ટૂંક - અષાઢ વદ-૩, એક હજાર મુનિ ભ. સાથે ૧મા. કરી મોક્ષ. કુલ ૯૬કોડાકોડી, ૯૬ ક્રોડ, ૯૨ લાખ, ૯૦ હજાર, ૪૨ મુનિ ભ.નો મોક્ષ ફળ-૧ ક્રોડ પૌ.ઉ., હવે થોડા પગથિયાં ચઢીને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૯) શ્રી સુવિધિનાથભ.ની "સુપ્રભગિરિ" ટૂંક - ભા.શુ. ૯; એક હજાર મુનિ ભ. સાથે ૧ માસક્ષમણ કરી મોક્ષ, કુલ ૯૯ ક્રોડ, ૯ લાખ, ૭ હજાર ૭૮૦ મુનિ ભ.નો મોક્ષ, ફળ-કરોડ પૌ.ઉ. થોડું નીચે ઊતરતાં...

(૧૦) શ્રી પદ્મપ્રભ સ્વામીની "મોહનગિરિ" ટૂંક - કા.વ. ૧૧, ૩૦૮ મુ. સાથે ૧ માસક્ષમણનો તપ કરી મોક્ષ. કુલ ૯૯ કરોડ,૮૭ લાખ, ૪૩ હજાર, ૭૨૭ મુ. મોક્ષ.ફળ એક કરોડ પૌ.ઉ.

(૧૧) શ્રી મુનિસુવ્રત સ્વામીની "નિર્જરગિરિ" ટૂંક - વૈ.વ. ૯ એક હજાર મુ. સાથે ૧ માસક્ષમણનો તપ કરી મોક્ષ. કુલ ૯૯ કોડાકોડી, ૯૭ કરોડ, ૯ લાખ, ૯૯૯ મુનિ ભ.નો મોક્ષ. ફળ-૧ ક્રોડ પૌષધ ઉપવાસ

(૧૨) શ્રી ચંદ્રપ્રભ સ્વામીની "લલિતઘટ" ટૂંક - શિખરજીની સૌથી કઠિન ચઢાણવાળી ટૂંક શ્રા.વ. ૭, એક હજાર મુનિ ભ. સાથે ૧ મા. કરી મોક્ષ, કુલ ૮૪ અબજ, ૭૨ કરોડ, ૮૦ લાખ, ૪ હજાર, ૫૫૫ મુનિ ભ.નો મોક્ષ. ફળ-૧૬ લાખ પૌષધ ઉપવાસ.

(૧૩) શ્રી આદિનાથ ભ.ની ટૂંક - પોષ વદ ૧૩, દશ હજાર મુનિઓ સાથે અષ્ટાપદ ગિરિ ઉપર મોક્ષ. અહીં દર્શનાર્થે ટૂંક.

(૧૪) શ્રી અનંતનાથ ભ.ની "સ્વયંભગિરિ" ટૂંક - ચૈ.શુ.૫. ૭ હજાર, મુનિ ભ. સાથે ૧ માસક્ષમણ કરી મોક્ષ. કુલ ૯૬ કોડા કોડી, ૧૭ કરોડ ૧૭ લાખ ૧૭ હજાર, ૭૦૦ મુનિ ભ.નો મોક્ષ. ફળ - ૧ કરોડ પૌ.ઉ. જેટલો લાભ.

(૧૫) શ્રી શીતલનાથ ભ.ની "વિદ્યુતગિરિ" ટૂંક. ચૈ.વ. બીજ, ૨,૦૦૦ મુનિઓ સાથે ૧ માસક્ષમણનો તપ કરી મોક્ષ. કુલ ૧૮ કોડાકોડી, ૪ કરોડ ૩૨ લાખ ૪૨ હજાર, ૯૭૫ મુનિ ભ.નો મોક્ષ. ફળ-એક ક્રોડ પૌ.ઉ.

(૧૬) શ્રી સંભવનાથ ભ.ની "દત્ત ધવલ" ટૂંક. ચૈ.સુ. પાંચમ ૧૦૦૦ મુનિ ભ. સાથે ૧ માસક્ષમણનો તપ કરી મોક્ષ. કુલ ૯ કોડાકોડી, ૯૨ લાખ ૪૨ હજાર, ૫૦૦ મુનિ ભ.નો મોક્ષ.ફળ-૪૨ લાખ પૌષધ ઉપવાસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૭) શ્રી વાસુપૂજ્ય સ્વામીની ટૂંક - અષાઢ સુ. ૧૪, ૬૦૦ મુનિ ભ. સાથે ૧ માસક્ષમણ કરી ચંપાપુરીમાં મંદાર હીલમાં મોક્ષ. અહીં ટૂંક દર્શનાર્થે બનાવેલ છે.

(૧૮) શ્રી અભિનંદન સ્વામીની "આનંદ" ટૂંક - વૈ.સુ. ૮, એક હજાર મુનિ ભ. સાથે ૧ માસક્ષમણ કરી મોક્ષ. કુલ ૭૩ કોડાકોડી, ૧૦ ક્રોડ, ૧૭ લાખ, ૪૨ હજાર, ૭૦૦ મુનિ ભ.નો મોક્ષ." ફળ-૧ લાખ પૌ.ઉ.

(૧૯) નીચે ઊતરી જળમંદિર, શામળા પાર્શ્વનાથ ભ., આ એક જ ટૂંકમાં ભ.ની પ્રતિમા છે. અહીં પૂજા-સેવા-ભક્તિ કરીશું.



(૨૦) શ્રી શુભસ્વામીની ટૂંક - શ્રી પાર્શ્વનાથ ભ.ના પ્રથમ ગણધર ન.સિ. હવે ચઢાણ થોડું કપરું.

(૨૧) શ્રી ધર્મનાથ ભ.ની "દત્તવર ટૂંક" જેઠ સુ.૫, એકસો આઠ મુનિઓ સાથે ૧ મા. કરી મોક્ષ. કુલ ૧૯ કોડાકોડી, ૧૯ ક્રોડ,૯ લાખ ૯હજાર, ૭૦૦ મુનિ ભ.નો મોક્ષ.ફળ-૧ ક્રોડપૌ.ઉ.

(૨૨) શાશ્વતાજિન વારિષેણસ્વામીની ટૂંક - રસ્તાની જમણી બાજુએ ન.જિ.

(૨૩) શાશ્વતાજિન વર્ધમાનસ્વામીની ટૂંક - ન.જિ.

(૨૪) શ્રી સુમતિનાથ ભ.ની. "અવિચલ" ટૂંક - ચૈત્ર શુ ૯, એક હજાર મુનિ ભ. સાથે ૧ માસક્ષમણ કરી મોક્ષ. કુલ ૧ કોડકોડી, ૮૪ ક્રોડ, ૭૨ લાખ, ૮૧ હજાર, ૭૦૦ મુનિ ભ.નો મોક્ષ. ફળ- ૧ ક્રોડ પૌ.ઉ.

(૨૫) શ્રી શાંતિનાથ ભ.ની "પ્રભાસગિરિ" ટૂંક - ચૈ.વ. ૧૩, નવસો મુનિ ભ. સાથે ૧ માસક્ષમણ કરી મોક્ષ. કુલ ૯ લાખ ૯૯ હજાર ૯૯૯ મુનિ ભ.નો મોક્ષ. ફળ-૧ ક્રોડ પૌ.ઉ.

(૨૬) શ્રી મહાવીર સ્વામી ભ.ની ટૂંક - આસોવદ અમાસ, પાવાપુરીમાં મોક્ષ, અહિ દર્શનાર્થે ટૂંક બનાવેલ છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



(૨૭) શ્રી સુપાર્શ્વનાથ ભ.ની "પ્રભાસ" ટૂંક - મહાવદ ૭, પાંચસો મુનિ ભ. સાથે ૧ માસક્ષમણ કરી મોક્ષ. કુલ ૪૯ કોડા કોડી, ૮૪ કરોડ, ૭૨ લાખ, ૭ હજાર મુનિ ભ.નો.મોક્ષ. ફળ-૩૨ કરોડ પૌ.ઉ...

(૨૮) શ્રી વિમલનાથ ભ.ની "નિર્મલ" ટૂંક - જેઠ વ.૭, છ હજાર મુનિ ભ. સાથે ૧ માસક્ષમણ કરી મોક્ષ. કુલ ૧ કરોડ, ૭૬ લાખ, ૬ હજાર, ૭૪૨ મુનિ ભ.નો મોક્ષ. ફળ ૧ ક્રોડ પૌ.ઉ. થોડું ચઢાણ પૂરું થતાં...

(૨૯) શ્રી અજિતનાથ ભ.ની "સિદ્ધવર" ટૂંક. ચૈ.સુ.૫, એક હજાર મુનિભ. સાથે ૧ માસક્ષમણ કરી મોક્ષ. કુલ ૧ અબજ, ૮૦ કરોડ, ૮૪ લાખ મુનિ ભ.નો મોક્ષ. ફળ- ૩૨ ક્રોડ પૌ.ઉ., થોડું નીચે ઊતરતાં...

(૩૦) શ્રી નેમિનાથ ભ.ની ટૂંક - અષાઢ સુ. ૮ - પાંચસો છપ્પન મુનિ ભ. સાથે ૧ મા. કરી ગિરનારતીર્થ પર મોક્ષ.

(૩૧) શ્રી પાર્શ્વનાથ ભ.ની "સુવર્ણભદ્ર ગિરિ" ટૂંક (મેઘાડંબર ટૂંક) શ્રા. સુ. ૮, તેત્રીસ મુ. ભ. સાથે ૧ મા. કરી મોક્ષ. કુલ ૨૪ લાખ મુનિ ભ.નો મોક્ષ. ફળ - ૧ ક્રોડ પૌ.ઉ. આ ટૂંકથી જૂના રસ્તે ડાકબંગલા થઈ નીચે તળેટી તરફ ઊતરતાં ભાતાઘર.. યાત્રા પૂર્ણ. પારસનાથ સ્ટેશન - બિહાર, ભાગલપુર, યુ.પી., એમ.પી. થઈ ગુજરાત તરફ... અમદાવાદ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શીખરજી વાલે પારસ દાદા



શેર :- જમાને મેં કહાં તુટી હુઈ તકદીર બનતી હૈ,
તેરે દરબાર મેં આકે બિગડી હુઈ તકદીર બનતી હૈ...
તારીફ તેરી નિકલી હૈ દિલ સે, આઈ હૈ લબ પે બન કે કવ્વાલી
શિખરજી વાલે પારસ દાદા, આયા હૈ તેરે દર પે પૂજારી
મન મેં આશા મિલતી નિરાશા, દિલ મેં ઉમ્મીદેં પર ઝોલી ખાલી

અંતરો :- સૂનો ઓ પારસ દેવા, તેરે સબ નામ લેવાં
જમાને મેં હૈ સારે, સભી હૈ તુજકો પ્યારે
તુમ્હે ફરિયાદ સબકી, તુઝે હૈ યાદ સબકી
બડા યા કોઈ છોટા, નહી માયૂસ લૌટા,
અમિરો કો સહારા, ગરીબો કા સહારા
તેરી મહિમા કી બાતે, હમ સબ કરે ક્યા
દો દિન કી દુનિયા, દુનિયા હૈ નિરાલી
સબ ફૂલ કાંટે, તૂ સબકા માલી...શિખરજી વાલે...



ધૂન : નમોનમઃ નમોનમઃ નમોનમઃ નમોનમઃ
સ્વયંભૂ ગિરિને નમોનમઃ, નિર્જર ગિરિને નમોનમઃ
મોહન ગિરિને નમોનમઃ, વંદન હો પાર્શ્વનાથને
સમેત શિખર ને નમોનમઃ, શામળાપાર્શ્વને નમોનમઃ
વીશ જીણંદને નમોનમઃ વંદન હો ભોમિયાજીને (૨)

ધૂન : વંદના વંદના સ્વીકારો મારી વંદના (૨)
સમેત શિખર પ્રભુ પાર્શ્વને, ભાવે કરું હું વંદના
વામાજીના લાલને ભાવે કરું હું વંદના, જલ મંદિરના નાથને ભાવે.
મારા પ્યારા નાથને ભાવે કરું હું વંદના, સ્વીકારો મારી વંદના.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી અષ્ટાપદજી તીર્થ વંદના







નરનારી જે નિજ શક્તિથી આ તીર્થની યાત્રા કરે,
તે તે જ ભવમાં શાશ્વતી નિર્વાણ સંપત્તિ ધરે,
શ્રી વર્ધમાન જિનેશ્વરે એવી દીધી છે દેશના,
**એવા શ્રીઅષ્ટાપદ ગિરિને કોટી કોટી વંદના...૧**

શ્રી હેમચંદ્ર સૂરિ કહે, શ્રી ધર્મઘોષ સૂરિ કહે,
શ્રી પ્રભાવચંદ્ર સૂરિ કહે, જિનપ્રભ સૂરિજી પણ કહે,
જે તીર્થના મહાત્મ્યને નિજ ગ્રંથમાં નિજ સ્તોત્રમાં...**એવા...૨**

શ્રી સિદ્ધગિરિથી પાંચ લાખ કિલોમીટર જે દૂર છે,
આ તીર્થમાટે હૃદયમાં સંવેદના ભરપૂર છે,
બસ! આઠ યોજન દૂર છે જે તીર્થ વિનીતા નગરથી...**એવા...૩**

શ્રી આદિનાથ જિનેશ્વરે આપી હતી જયાં દેશના,
જે તીર્થ પર સંયમ લહે અઠ્ઠાણું પુત્રો જિન તણા,
સુંદરી સતી પામે અહિ સંયમ જીવનની સ્પર્શનાં...**એવા...૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મરિચિ થશે ચોવીશમાં , અરિહંત એવું જિન કહે,
આ તીર્થપર આ સાંભળી, ચક્રી ભરત હર્ષિત બને,
જ્યાં ભરત મરિચિ તણી, ભાવિ અવસ્થાને નમેં...**એવા...૫**

સાધર્મિકોની ભક્તિનો, ઊપદેશ જયાં જિનજી કરે,
આ જીવન સાધર્મિક જમણ એ બાદ ભરતેશ્વર કરે,
બાહુબલી જ્યાં પ્રભુજીના સાંનિધ્યને સ્વીકારતાં,...**એવા...૬**

શ્રી આદિનાથ જિનેન્દ્ર જયાં અનશન કરે સિદ્ધિ વરે,
નવ્વાણુ પુત્રો  આઠ પૌત્રો મોક્ષમાં જયાં સંચરે,
દશ સહસ મુનિઓ જ્યાં પ્રભુની સાથ અનશન કરેં...**એવા...૭**

સ્તૂપો કર્યા ઈન્દ્રે અને મંદિર શ્રી ભરતેશ્વરે,
જે તીર્થપરથી એ પછી, ક્રોડો જીવો મુક્તિ વરે,
સુષમ દુષમ કાળના અંતે, થઈ જસ સ્થાપનાં...**એવા...૮**

વિસ્તૃત છે યોજન સુધીને, અર્ધયોજન પૃથુલ છે,
ઊંચુ વળી ત્રણ કોશ છે, જિનભવન જયાં એવું વસે,
જે તીર્થના જિનભવનનું 'શ્રી સિંહ નિષદ્યા' નામ છે,...**એવા...૯**

પહેલા અને બીજા પ્રભુ જયાં પૂર્વમાં બીરાજતા
દક્ષિણ દિશામાં ચાર જિનવર, પાપ સઘળા ટાળતા,
પશ્ચિમ દિશામાં આઠ જિનપતિ જે ગિરિ પર શોભતાં...**એવા...૧૦**

શ્રી ધર્મનાથ જિનેન્દ્રથી, શ્રી વર્ધમાન  પ્રભુ સુધી,
જિન બિંબ દશ ઉત્તર દિશામાં, વંદજો શ્રદ્ધા ધરી,
મુર્તિ બધી મણિમય અને, સંપૂર્ણ મંદિર રત્નમયં...**એવા...૧૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ તીર્થને સ્થાપ્યા પછી ચક્રી શ્રી ભરત નરેશ્વરે,
એકેક યોજનનાં કર્યા સોપાન આઠ ગિરિ વિશે,
એથી થયું ગિરિનામજે, છન્નું કિલોમીટર ઊંચે...**એવા...૧૨**

જયવંત રહેશે જે ગિરિ કલિકાળની સીમા સુધી,
આ તીર્થને નમનાર ની ક્ષય પામતી આફત બધી,
આ તીર્થનું દર્શન મળો એવી કરું અભ્યર્થનાં...**એવા...૧૩**

શ્રી સગર ચક્રી રાજના સાઈઠ સહસ પુત્રો જહા
આવ્યા અને ગંગા નદીને દંડથી લાવ્યાં અહા !
એ તીર્થ ભક્તો શહીદ થઈ સ્વર્ગે પધાર્યા બાદમાં...**એવા...૧૪**

રાવણ અને મંદોદરી જે તીર્થની યાત્રા કરે,
દમયંતી જ્યાં ચોવીશ, જિનને રત્નના તિલક કરે,
વાલી મુનિ જે તીર્થ પર, કૈવલ્ય લક્ષ્મી પામતાં...**એવા...૧૫**

ચંપાપુરીમાં વીરપ્રભુની દેશનાને સાંભળી,
ગૌતમ ગુરુએ જે ગિરિની સ્પર્શના ભાવે કરી,
ગુણચંદ્ર ગણી એમ વર્ણવે 'મહાવીર ચરિત્ર' ગ્રંથમાં...**એવા...૧૬**

શ્રી ભદ્રબાહુ સૂરીશ્વરે 'નિર્યુક્તિ' માં જેને સ્તવ્યો,
આ તીર્થનો મહિમાં ધનેશ્વર સૂરિએ પણ ઊચ્ચર્યો,
દેવેન્દ્ર ને અસુરેન્દ્ર કરતા ફરી ફરીને વંદનાં...**એવા...૧૭**

શ્રી પાદલિપ્ત સુરીશ્વરે જે તીર્થની યાત્રા કરી,
શ્રી વીર સૂરિએ યક્ષ બળથી સ્પર્શના જેની કરી,
જે તીર્થનું સંસ્મરણ પણ ભવ્યાત્મનું હિત કરે...
એવા શ્રી અષ્ટાપદ ગિરિને કોટી કોટી વંદના...**એવા...૧૮**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# અષ્ટાપદ તીર્થની ભાવયાત્રા



અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરી વરં,
વાસુપૂજ્ય ચંપાનયર સિદ્ધા, નેમ રૈવતગિરિ વરં,
સમેત શિખરે વીશ જિનવર, મુક્તિ પહોતા મુનિવરં,
ચોવીશ જિનવર નિત્ય વંદુ, સયલ સંઘ સુહંકરં.

અષ્ટાપદગિરિકલ્પગ્રંથમાં આ. ધર્મઘોષસૂરિજીએ ફરમાવ્યું છે કે,

'આ અવસર્પિણી કાળમાં કરોડો સાધકો અષ્ટાપદ તીર્થ પર મોક્ષે ગયા છે.' શ્રી શત્રુંજય, ગિરનાર, આબૂ, સમેતશિખર કે શંખેશ્વર આદિ તીર્થની યાત્રા કરનાર તે ભવમાં મોક્ષે જ જાય એવી ખાતરી તીર્થંકરોએ કે શાસ્ત્રકારોએ આપી નથી, પરંતુ તેઓનું વચન છે. જ્યારે અષ્ટાપદજી તીર્થ માટે ગણધરો સ્વાનુભવે જણાવે છે તથા પૂર્વાચાર્યો ખાતરી આપે છે કે, "જે મનુષ્ય સ્વાત્મશક્તિ (લબ્ધિ) દ્વારા અષ્ટાપદ તીર્થની યાત્રા કરે તે મનુષ્ય તે જ ભવમાં મુક્તિને પ્રાપ્ત કરે છે." અષ્ટાપદ તીર્થ શત્રુંજય મહાતીર્થથી ૧,૮૫,૦૦૦ કોષ (૫,૫૫,૦૦૦ કિલોમીટર) ઈશાન દિશા તરફ દૂર આવેલું છે. જ્યાં આદિનાથ પ્રભુ ૧૦,૦૦૦ મુનિઓ સાથે મહા વદી તેરસે નિર્વાણ ને પામ્યા હતા.

અહીં ભરત ચક્રવર્તીએ બનાવેલ સિંહનિષદ્યા પ્રાસાદમાં ઋષભદેવ પ્રભુના ૯૯ પુત્રો, બ્રાહ્મીસુંદરી તથા મરુદેવી માતાની રત્નની પ્રતિમા ભરાવી છે. તીર્થયાત્રા માટે એકેક યોજનના આઠ પગથિયાં બનાવાયા. તીર્થરક્ષા માટે સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રો અમર બલિદાન આપી સ્વર્ગે સિધાવ્યા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# અષ્ટાપદજી પૂજા - ઢાળ



વિચરંતા પ્રભુજી આયા રે, જગજીવન જગસાહેબીયા
નિર્વાણ ભૂમિકા જાણી રે, જગ. અષ્ટાપદ ચઢિયા નાણી રે. જગ.
દશ સહસ મુનિવર સંગે રે, જગ. કિધા અનશન મન રંગે રે જગ.
મહાવદી તેરસ જયકારી રે, જગ. શિવ પહોતા જગજન તારી રે, જગ.

★ તાતનું નિર્વાણ સાંભળી રે, ભરતજી શોક કરાય,
આવ્યો ગિરિ અષ્ટાપદે રે, પરિકર લેઈ સમુદાય રે,
પ્રભુજી દિયો દરિસણ મહારાજ.

ઈક્ષાગ કુલની લાજ રે પ્રભુજી૦ કાશ્યપ વંશ શિરતાજ રે, પ્રભુજી...
મોક્ષનગરની પાજ રે પ્રભુજી. તારણ તરણ જહાજ રે પ્રભુજી...૧

વંદી થુભ ને પગલા પ્રભુના, બેસે તેહને તીર,
વિનંતી કરે ઉપકાર સંભારી, નયણે ઝરતે નીર રે પ્રભુજી. ૨

શુભ પરે પ્રાસાદ કરાવે, સિંહ-નિષદ્યા નામ,
મંડપે ચોરાશી ચિહું પાસે, ચૌમુખ જિનનાં ધામ રે પ્રભુજી. ૩

નિજ નિજ દેહ પ્રમાણે જિનની, પ્રતિમા ભરાવે નરેશ,
ઋષભથી વીર જિણંદ લગે રે, ચોવીશ ત્રિભુવન ઈશ રે પ્રભુજી. ૪

પૂર્વ દિશિ દોય ચાર દક્ષિણ, આઠ પશ્ચિમ દિશિ જાણ,
ઉત્તર દિશિ દશ પ્રભુજી બિરાજે, નાસિકા ભાગ સમાન રે પ્રભુજી. ૫

લાંછન વર્ણ ને દેહ પ્રમાણ, જક્ષિણિ જક્ષ પ્રમાણ
ચૌમુખ સરખી ભૂમિ બિરાજે, પ્રત્યક્ષ મુક્તિ સોપાન રે પ્રભુજી. ૬

ભાઈ નવ્વાણું ને મરુદેવી બ્રાહ્મી, સુંદરી સહુ પરિવાર,
રયણમાં પ્રતિમા સહુની ભરાવે, ભરતજી જય જયકાર રે પ્રભુજી. ૭

● સાવરે સોનાના તારા મંદિરીયા બનાવું, સાવરે સોનાના તારા મંદિરીયા બનાવું
રતનની પડિમા ભરાવું મારા સાહિબા... રંગ લાગ્યો રંગ લાગ્યો રંગ લાગ્યોરે...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## ત્રણલોકના શાશ્વત જિનચૈત્યોની ભાવયાત્રા



(સકલ તીર્થ વંદુ કરજોડ....)

મુજ રોમે રોમે નાથ! તારા નામનો રણકાર હો!
મુજ શ્વાસે શ્વાસે નાથ! તારા સ્મરણનો ધબકાર હો!
પ્રગટ પ્રભાવી નામ તાહરુ કરે કર્મ નિકંદના!
ત્રિલોક શાશ્વતબિંબ ને કરુ ભાવથી હું વંદના!

શ્રદ્ધાની ગાડીમાં બેસીને પહોંચીયે, શાસ્ત્રરૂપી એરપોર્ટમાં,ત્યાં રહેલા શબ્દરૂપી વિમાનના સહારે અંતઃ કરણની શુદ્ધિ સાથે હૈયામાં ભાવરૂપી વિમાનના સહારે અંતઃકરણની શુદ્ધિ સાથે હૈયામાં ભાવરૂપી સામગ્રી લઈને ત્રણલોકના શાશ્વત ચૈત્યને અને ત્યાં રહેલી શાશ્વત પ્રતિમાઓ ને વંદના કરીએ.

સમગ્ર બ્રહ્માંડમાં લોકાકાશમાં ચૌદરાજ પ્રમાણ ત્રણલોક છે.

૧) ઉર્ધ્વલોક, ૨) અધોલોક, ૩) તિર્છાલોક

આ ત્રણેય લોકમાં નીચે પ્રમાણે શાશ્વત પ્રતિમા ને જિનમંદિર છે.

| લોક | શાશ્વતચૈત્યો | શાશ્વત બિંબો |
|---|---|---|
| સ્વર્ગ | ૮૪૯૭૦૨૩ | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |
| (અધોલોક) | ૭,૭૨,૦૦,૦૦૦ | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |
| (તિર્છાલોક) | ૩૨૫૯ | ૩,૯૧,૩૨૦ |

ચાલો તેમને વંદન કરીએ... વંદના[2] ભાવે કરું હું વંદના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



સૌ પ્રથમ આપણે ઉર્ધ્વલોક- દેવોના લોકમાં જશું ત્યાંક્રમસર૧ થી માંડીને ૧૪ દેવલોકમાં પ્રતિમાં તથા ચૈત્યોને નમીશું તો ચાલો .... દેવલોક...

## સ્વર્ગમાં રહેલા શાશ્વતજિનચૈત્ય અને શાશ્વત બિંબો

| દેવલોકના નામ | ચૈત્ય સંખ્યા | પ્રત્યેક ચૈત્યમાં બિંબ સંખ્યા | કુલબિંબો ને વંદના |
|---|---|---|---|
| ૧લા સૌધર્મ દેવલોક | ૩૨ લાખ | ૧૮૦ | ૫૭,૬૦,૦૦,૦૦૦ |
| ૨જો ઈશાન દેવલોક | ૨૮લાખ | ૧૮૦ | ૫૦,૪૦,૦૦,૦૦૦ |
| ૩જો સનત્ દેવલોક | ૧૨લાખ | ૧૮૦ | ૨૧,૬૦,૦૦,૦૦૦ |
| ૪થો માહેન્દ્ર દેવલોક | ૮લાખ | ૧૮૦ | ૧૪,૪૦,૦૦,૦૦૦ |
| ૫મો બ્રહ્મલોક દેવલોક | ૪લાખ | ૧૮૦ | ૭,૨૦,૦૦,૦૦૦ |
| ૬ઠ્ઠો લાંતક દેવલોક | ૫૦,૦૦૦ | ૧૮૦ | ૯૦,૦૦,૦૦૦ |
| ૭મો મહાશુક્ર દેવલોક | ૪૦,૦૦૦ | ૧૮૦ | ૭૨,૦૦,૦૦૦ |
| ૮મો સહસ્ત્રસાર દેવલોક | ૬,૦૦૦ | ૧૮૦ | ૧૦,૮૦,૦૦૦ |
| ૯મો આનત દેવલોક | ૪૦૦ | ૧૮૦ | ૭૨,૦૦૦ |
| ૧૦મો પ્રાણત દેવલોક | ૪૦૦ | ૧૮૦ | ૭૨,૦૦૦ |
| ૧૧મો આરણ દેવલોક | ૩૦૦ | ૧૮૦ | ૫૪,૦૦૦ |
| ૧૨મો અચ્યુત દેવલોક | ૩૦૦ | ૧૮૦ | ૫૪,૦૦૦ |
| નવ ગ્રૈવેયકમાં | ૩૧૮ | ૧૨૦ | ૩૮,૧૬૦ |
| અનુત્તરમાં | ૫ | ૧૨૦ | ૬૦૦ |
| કુલ | ૮૪,૯૭,૦૨૩ | | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |

આપણે ઉર્ધ્વલોકની સફર કરી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે નીચે અધોલોકની એટલે કે પાતાળમાં ભવનપતિના લોકમાં જઈશું

## (૨) પાતાળલોકમાં રહેલા શાશ્વત ચૈત્યો તથા શાશ્વત બિંબો

| નામ | ચૈત્ય સંખ્યા | દરેક ચૈત્યમાં પ્રતિમાની સં. | કુલબિંબો |
|---|---|---|---|
| ૧ અસુર નિકાય | ૬૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૧૫,૨૦,૦૦,૦૦૦ને વંદના |
| ૨ નાગકુમાર | ૮૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૫૧,૨૦,૦૦,૦૦૦ને વંદના |
| ૩ સુપર્ણ કુમાર | ૭૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૨૯,૬૦,૦૦,૦૦૦ને વંદના |
| ૪ વિદ્યુત કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ને વંદના |
| ૫ અગ્નિ કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ને વંદના |
| ૬ દ્વિપ કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ને વંદના |
| ૭ ઉદધિ કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ને વંદના |
| ૮ દિક્ કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ને વંદના |
| ૯ પવન કુમાર | ૯૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૭૨,૮૦,૦૦,૦૦૦ને વંદના |
| ૧૦ સ્તનિત કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ને વંદના |
| કુલ | ૭,૭૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |

વંદના વંદના સ્વિકારો મારી વંદના શાશ્વત જિનને વંદના

અઢીદ્વિપમાં કુલ ૧૩૨ સુર્ય અને ૧૩૨ ચંદ્ર છે.

એક ચંદ્રના પરિવારમાં ૧ સૂર્ય, ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ, ૬૬,૯૭૫ કોડાકોડી તારાઓ હોય છે. તથા

અઢીદ્વિપની બહાર અસંખ્ય દ્વિપ સમુદ્રમાં અસંખ્ય સૂર્ય ચંદ્ર છે. આ રીતે તિર્છાલોકમાં રહેલા પ્રત્યેક સૂર્ય ચંદ્રમાં એક એક શશ્વત મંદિર અને પ્રત્યેક માં ૧૮૦ જિનબિંબો ને વંદના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



આપણે ઉપર નિચે બધે જ સફર કરી હવે તિર્ચ્છા લોકમાં જઈશું.

પાતાળ લોકમાં આઠ પ્રકારના વ્યંતર તથા આઠ પ્રકારના વાણ વ્યંતરના અસંખ્યાતા રમણીય સુંદર નગરો છે. આ દરેક નગરોમાં એક એક શાશ્વત ચૈત્યો છે. તે દરેકમાં ૧૮૦ શાશ્વત જિનપ્રતિમાઓ છે. આ રીતે વ્યંતર-નિકાયમાં અસંખ્ય શાશ્વત જિનબિંબો ને ભાવભરી વંદના.

૩ તિર્છાલોકમાં રહેલા આ દરેક ચૈત્યના શાશ્વત જિન બિંબને વંદના

| પર્વતો | મંદિર | બિંબ |
|---|---|---|
| નંદિશ્વર | ૫૨ | ૬૪૪૮ |
| કુંડલ | ૪ | ૪૯૬ |
| રુચક | ૪ | ૪૯૬ |
| કુંડલ | ૩૦ | ૩૬૦૦ |
| દેવ ઉત્તરકુરુ | ૧૦ | ૧૨૦૦ |
| મેરુ | ૮૦ | ૯૬૦૦ |
| ગજદંતા | ૨૦ | ૨૪૦૦ |
| વક્ષસ્કાર | ૮૦ | ૯૬૦૦ |
| ઈષુકાર | ૪ | ૪૮૦ |
| માનુષોત્તર | ૪ | ૪૮૦ |
| દિગ્ગજ | ૪૦ | ૪૮૦૦ |
| દ્રહ | ૮૦ | ૯૬૦૦ |

| પર્વતો | મંદિર | બિંબ |
|---|---|---|
| કંચનગિરિ | ૧૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| મહાનદી | ૭૦ | ૮૪૦૦ |
| દીર્ઘ વૈતાઢ્ય | ૧૭૦ | ૨૦,૪૦૦ |
| કુંડ | ૩૮૦ | ૪૫,૬૦૦ |
| યમકગિરિ | ૨૦ | ૨૪૦૦ |
| મેરુચૂલા | ૨૫ | ૬૦૦ |
| જંબુવૃક્ષાદિ | ૧૧૭૦ | ૧,૪૦,૪૦૦ |
| વૃત્તવૈતાઢ્ય | ૨૦ | ૨૪૦૦ |
| વિજયાદિ | ૧૬ | ૧૯૨૦ |
| નગરીઓ | | |
| કુલ | ૩૨૫૯ | ૩,૯૧,૩૨૦ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# નંદીશ્વરદ્વીપ તીર્થની ભાવયાત્રા



આપણે જ્યાં રહીએ છીએ એ પ્રથમ દ્વીપ જંબુદ્વીપ છે. જ્યારે નંદીશ્વર દ્વીપ એ આઠમો દ્વીપ છે.

પર્યુષણાપર્વ, ત્રણ ચાતુર્માસિક પર્વ, બે નવપદજીની શાશ્વતી ઓળી વગેરે પ્રસંગોમાં તથા અરિહંત પરમાત્માના પાંચે કલ્યાણકોની ઊજવણી તે તે ભુમિ ઉપર કર્યા પછી અધુરા રહી ગયેલા હર્ષને પૂરો કરવા આ નંદીશ્વર દ્વીપ ઉપર આવી અઠ્ઠાઈ મહોત્સવ કરે છે.

એવા શ્રી નંદીશ્વર દ્વીપની ભાવયાત્રા કરીએ.

જંબુદ્વિપ - ઘાતકીખંડ - પુષ્કરવર દ્વીપ - વારુણીવર દ્વીપ - ક્ષીરવરદ્વીપ - ઘૃતવર દ્વીપ - ઈક્ષુવરદ્વીપ અને આગળ જતાં આઠમો નંદીશ્વરદ્વીપ.

આ નંદીશ્વર દ્વીપમાં ૫૨ જિનાલય અને ૬૪૪૮ જિનબિંબની આપણે વંદના કરીશું.

સૌ પ્રથમ નંદીશ્વરદ્વીપની ચારે દિશામાં શ્યામ વર્ણના ૮૪૦૦૦ યોજન ઊંચા, અંજન રત્નના બનેલા અતિસુંદર "૪" અંજનગીરી પર્વતો છે. પ્રત્યેક ઉપર ૧-૧ જિનાલય છે.

૪ ચૈત્યોમાં ૪૯૬ શાશ્વત જિનબિંબને વંદના.

અંજન ગિરીની ચારે દિશામાં ૧-૧ લાખ યોજન લાંબી-પહોળી વાવડીઓ છે. દરેક વાવડીની વચ્ચે ઊલ્ટા પ્યાલાના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આકારવાળા સ્ફટીક રત્નના ઉજ્જવળ ૬૪,૦૦૦ યોજન ઊંચા દધિમુખ પર્વતો છે. અંજન ગિરીની ચારે દિશાએ ૧-૧ લાખ યોજનના અંતરે આવેલી ૧૬ વાવડીઓ એટલે દધિમુખ પર્વતો પણ ૧૬. તે દરેક ઉપર ૧-૧ ચૈત્ય. ૧૬ ચૈત્યોમાં ૧૯૮૪ શાશ્વત જિનબિંબને વંદના. દરેક વાવડીઓના આંતરે એક વાવડીથી બીજી વાવડીએ જતાં વચ્ચે ૨-૨ રતિકર પર્વતો છે. એટલે ૧૬ વાવડીઓનાં ૩૨ રતિકર પર્વતો છે. તે પ્રત્યેક શાશ્વત જિનાલયમાં ૩૯૬૮ "શાશ્વત જિનબિંબ"ને વંદના. આ રીતે ૫૨ ચૈત્યોમાં રહેલા કુલ ૬૪૪૮ જિનબિંબને વંદના.

## અડસઠ તીર્થની ભાવયાત્રા (ગીત)

**ભાવયાત્રા... ભાવયાત્રા... ભાવયાત્રા...**

અથ શ્રી નવકાર કી કથા[2], નવકાર કી કથા[2],
કથા હૈ નવકાર કી, ૬૮ અક્ષરવાન કી,
અરિહંત સિદ્ધ સૂરીશ કી, પાઠક સાધુગણ કી,
ચૌદ પૂરવ કે સાર કી, મંત્રો મેં મહામંત્ર કી.
આદિમં સર્વસ્તોત્રાણાં, આદિમં સર્વ મંત્રાણાં,
આદિમં સર્વમંગલાણાં, નવકારમંત્રં નમામ્યહં,
નવકાર જપતા સિદ્ધિવર્યા, ગૃહિ મુનિ લિંગ અનંત,
આગે અનંતા સિદ્ધસે, જપો ભાવે મહામંત્ર.
હા[4]...હા[4]...હા[4]...હા[4]...હા[4]...હા[4]...હા[4]...
નવકાર કી યે કહાની, સમરો મંત્ર મેં યે હૈ પુરાની,
ગણધરો કા કહેના, ૬૮ તીર્થ કી અમર કહાની,
યે યાત્રા ભાવકી હૈ, તીર્થો કે ધ્યાન કી હૈ,
ગુણરત્નસૂરિ કા કહેના, નવકાર કી અમર કહાની.

શંખનાદ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







નવકાર મંત્રના ૬૮ અક્ષર સુશોભીત

# અડસઠ તીર્થ ભાવયાત્રા

## પદ - ૧ નમો અરિહંતાણં

**ન**



**શ્રી નગપુરા તીર્થ (મ.પ્ર.) શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ**

ઉપસર્ગ હર પ્રભુ પાર્શ્વનું સુંદર જિનાલય મનહરુ,
નગપુરા છે આ ગામ જ્યાં છે દર્શનીય દુઃખહરુ.
હો અભ્યુદય આ તીર્થની યાત્રા કરી ભવ ભય હરે,
ચિદાનંદ કરે સહુ વંદના સંસાર સિંધુ ને તરે.

**મો**



**શ્રી મોહનખેડા તીર્થ (મ.પ્ર.) શ્રી આદિનાથ સ્વામી**

ધન્ય ધરતી પરમપાવન આદિ જિનવર ધામ છે,
મોહનખેડા તીર્થ મનહર શાંતિનો વિશ્રામ છે.
શાંતસુધારસ ઝરતું તીર્થ આ અભિરામ છે,
પ્રભુ આદિ જિનના ચરણમાં નિત ચિદાનંદ પ્રણામ છે.

**અ**



**શ્રી અષ્ટાપદતીર્થ - ચોવીસ તીર્થંકર (શ્રી આદિનાથ)**

તીર્થ અષ્ટાપદ અનુપમ આદિનાથ બિરાજતા,
ચક્રવર્તી ભરત નિર્મિત બિંબ ચોવીસ રાજતા.
આઠ પગથીએ સુશોભિત મુક્તિપુરીનું ધામ છે,
ચોવીસે જિનના ચરણમાં નિત ચિદાનંદ પ્રણામ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રિ



**શ્રી રિંગણોદ તીર્થ (મ.પ્ર.) શ્રી નેમિનાથ સ્વામી**

માલવ મનોહર દેશ જ્યાં રિંગણોદ મુકામ છે,
નેમિનાથ છે શ્યામસુંદર ભક્તિભાવ પ્રણામ છે.
દર્શન સ્તવન પૂજા કરીને સુખશાંતિ મળે સર્વદા,
ચિદાનંદ આનંદ દાયકા સુરનર કરે સેવા સદા.

હં



**શ્રી હત્થુંડી તીર્થ (રાજ.) શ્રી રાતા મહાવીર સ્વામી**

વીરભૂમિમરુધરા જ્યાં પહાડિયોમાં ગમ્ય છે,
હત્થુંડી તીરથ પરમપાવન સરસ નિત્ય સુરમ્ય છે.
રક્તવર્ણી વીર પ્રભુ મુદ્રા સદા મન મોહતી,
ચિદાનંદ વંદના ભાવથી જે સુખદ શાશ્વત સોહતી.

તા



**શ્રી તારંગા તીર્થ (ગુજ.) શ્રી અજિતનાથ સ્વામી**

ઈતિહાસ આનો છે અનુપમ ગ્રંથમાં વર્ણન કર્યો,
રાજા કુમારપાળે જ્યાં વિશાલ પ્રસાદ કર્યો.
આજે તારંગાજી અહીં જે અજિત જિનવર ધામ છે,
ચિદાનંદ જિનવર ચરણમાં કોટિ કોટિ પ્રણામ છે.

ણં (નં)



**શ્રી નાંદિયાતીર્થ (રાજ.) શ્રી મહાવીર સ્વામી**

નંદીવર્ધને ભરાયા વીર જીવિત એ બિમ્બ છે,
નાંદીયાજી તીર્થ પાવન પ્રેરક પ્રતિબિંબ છે.
છે યોગ નિરૂપમભેટતા ભવ સંતતિ મટ
ચિદાનંદ પ્રભુવર વીરને અમ વંદના હો સર્વદા.

## પદ - ૨ નમો સિદ્ધાણં

ન



**શ્રી નર્દુલપુર તીર્થ (રાજ.) શ્રી પદ્મપ્રભુ સ્વામી**

નર્દુલપુર છે તીર્થભૂમિ આત્મપાવનકારિણી,
પ્રભુ પદ્મ જિનકી વિમલ પડિમા પાપબંધનિવારિણી.
અક્ષય અનંત અભંગ સુખદા તીર્થ આ અભિરામ છે,
નાડોલ મંડણ જિન ચરણમાં ચિદાનંદ પ્રણામ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મો



**શ્રી મોટાપોશીના તીર્થ (ગુજ.) શ્રી પાર્શ્વનાથ સ્વામી**

નિર્મલ નિરાલા પાર્શ્વ જિનવર કુમારપાલ ભરાવીયા,
જેની પ્રતિષ્ઠા છે હેમચંદ્રાચાર્યની ઉત્તમધિયા.
તીર્થ મોટા પોશીના આ સુખદ પાવન ધામ છે,
આ ભાવયાત્રામાં ચિદાનંદ કોટિ કોટિ પ્રણામ છે.

સિ



**શ્રી સિદ્ધાચલ તીર્થ (ગુજ.) શ્રી આદિશ્વર પ્રભુ.**

શિવસિદ્ધિકારક દુઃખવારક ભીતિહારક છે સદા,
કરજોડી વંદન જે કરે તે દુઃખથી બચતા તદા.
ભવ બંધનોથી મુક્ત થઈને આતમા શિવને લહે,
ચિદાનંદ ભાવયાત્રા કરે તે સિદ્ધિ નિજગુણમાં રહે.

દ્ધા



**શ્રી ધાનેરા તીર્થ (ગુજ.) શ્રી શાંતિનાથ પ્રભુ**

જે રમ્યભૂમિગુર્જરા, પ્રભુ શાંતિ જિનનું ધામ છે,
ધાનેરામાં સૌમ્ય પડિમા દિવ્ય તેજ લલામ છે.
આનંદ કંદ અમંદ વિભુવર સકલ ગુણ વિશ્રામ છે,
શુભભાવ ચિદાનંદ કરતા કોટિ કોટિ પ્રણામ છે.

ણં (નં)



**શ્રી નંદીશ્વર તીર્થ**
**શ્રી ઋષભ, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન**

છે તીર્થ શાશ્વત વિશ્વમાં આ તીર્થ નંદીશ્વર જ્યાં,
શાશ્વત બિરાજે બિંબ ચૌમુખ આજ પણ છે જેમાં ત્યાં.
છપ્પન જિનાલયથી સુશોભિત ઈન્દ્ર સુર ઉત્સવ કરે,
ચિદાનંદ દ્વીપ અષ્ટમચરણમાં ત્રિયોગથી વંદન કરે.

## પદ - ૩ નમો આયરિયાણં

ન



**શ્રી નવકાર તીર્થ (ગુજ.) શ્રી નવકાર પાર્શ્વનાથ**

સરસ સુખદા તીર્થભૂમિ તીર્થનવકાર ધરા,
મોહની મૂરત બિરાજે વિમલ દૃષ્ટિ-ધર વરા.
પરમેષ્ઠી મંદિર પરમપાવન જોતા આરામ છે,
નવકારા પારસ ચરણમાં નિત ચિદાનંદ પ્રણામ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મો



**શ્રી મોડાસા તીર્થ (ગુજ.) શ્રી આદિનાથ દાદા**

શ્યામવરણી મૂરત સુંદર કર્મમલ અપહારિણી,
ભાવ વર્ધક વિશ્વવંદિત મોહજ્વર ઉતારિણી.
મોડાસા દર્શન કરીએ જિનરાજનું એ ઠામ છે,
ચિદાનંદ આદિનાથને નિત કોટિ કોટિ પ્રણામ છે.

આ



**શ્રી આબુતીર્થ (રાજ.) શ્રી આદિનાથ દાદા**

ગગન શોભિત શ્રૃંગ જ્યાં છે આબૂગઢ અચલેસરો,
તીર્થ તારક પરમપાવન સરસ સુંદર દેહરો.
વિમલ વસહિ લુણિગ વસહિ શાંતિ જિનવર વંદીએ,
ભાવપૂર્વક ચિદાનંદ ભેટીએ પાપકર્મ નિકંદિએ.

ય



**શ્રી યશનગર તીર્થ (રાજ.) શ્રી ચંદપ્રભુ સ્વામી**

શ્રી મારવાડની ભૂમિમાંહી યશનગર હસતું હતું,
સેંકડો જિન ચૈત્ય શોભિત જે ભૂતનું ગૌરવ હતું.
શત પંચ ત્યાં આચાર્ય હતા ચંદ્રપ્રભુ મહિમા નિધિ,
ચિદાનંદ કરતા નમન વંદન, અમનાથને નિર્મિલ વિધિ.

રિ



**શ્રી રિછેડ તીર્થ (રાજ.) શ્રી પાર્શ્વનાથ સ્વામી**

સાધના ભૂમિસુહાની જગચ્ચન્દ્ર સૂરિ તણી,
મેદ પાટે મનહરી મૂરત સદા ભય ભંજની.
પ્રભુ પાર્શ્વ રાજે સુખદ છાજે દરશ છે જિનચંદના,
ચિદાનંદ આતમભાવ જગાડી કરીએ છે અમે વંદના.

યા



**શ્રી યાદવપુર તીર્થ (ગુજ) શ્રી નેમિનાથ સ્વામી**

પ્રાચીનતમઆ ધામની આયંબિલની મહિમાઘણી,
શ્રી કૃષ્ણ મહારાજા સમયની જોઈલો અહીંની કડી.
પ્રાણેશ પ્રભુજી નેમિજીનવર જગત સુખ શાંતિ કરા,
ચિદાનંદ વંદન ભાવથી ઈતિહાસની ઉત્તમધરા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ણં (ન)



**શ્રી નંદકુલવતી તીર્થ (રાજ.) શ્રી નેમિનાથ સ્વામી**

નંદકુલવતી નાડલાઈ તીર્થ મનમોહન ધરા,
સામસામે પહાડિયોમાં આદિ નેમિજીનવરા.
યશોભદ્રસૂરિની પ્રતિષ્ઠા વિશ્વ વિશ્રુત ધામ છે,
ચિદાનંદ યાત્રા કરીને કરે વંદન સુગુણ વિશ્રામ છે.

## પદ - ૪ નમો ઉવજ્ઝાયાણં

ન



**શ્રી નલિયા તીર્થ (ગુજ.) શ્રી ચંદ્રપ્રભુ સ્વામી**

પંચતીર્થી કચ્છમાં આ તીર્થ નલિયા નામ છે,
ચંદ્રપ્રભુની ચંદ્રવર્ણી દિવ્ય મૂર્તિ લલામ છે.
સોળ શિખર ચૌદ મંડપ નરશીનાથા નિર્મિતા,
ભાવથી કર ચિદાનંદ વંદન પાપ બંધ પરાજીતા.

મો



**શ્રી મોઢેરા તીર્થ (ગુજ.) શ્રી પાર્શ્વનાથ સ્વામી**

વિઘ્નવારક પાર્શ્વજિનની મૂરત સુંદર સોહતી,
ભાવ વર્ધક સમતાસિન્ધુ દર્શનીય મન મોહતી.
બપ્પભટ્ટી આમરાજનો જુડેલો ઈતિહાસ છે,
ભાવયાત્રા ચિદાનંદ અહીંની સુખદતમ સુવાસ છે.

ઉ



**શ્રી ઉર્જિંતગિરિ તીર્થ (ગુજ.) શ્રી નેમિનાથ સ્વામી**

અનંત ગુણ નિધિ શાન્ત રસસુધિ પરમપૂજ્ય જિનેશ્વરા,
આનંદ કંદ અબોધ બોધક શ્યામતનુ પરમેશ્વરા.
ભવબંધ વારક સુમતિકારક નાથ શિવતરુ કંદના,
ચિદાનંદ વર પ્રભુ નેમિજિનને ભાવથી કરે વંદના.

વ



**શ્રી વરમાણ તીર્થ (રાજ.) શ્રી મહાવીર સ્વામી**

પ્રભુવીરની મૂરત અલૌકિક નંદીવર્ધન નિર્મિતા,
વરમાણ રાજસ્થાન ધરતી રાજા શ્રેણિક સંસ્તુતા.
નિષ્કલંકી નાથ ત્રિભુવન તારકા શાસનપતિ,
ચિદાનંદ વર ધારત હૃદયે થશે વિમલ આપણી મતિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જઝા
(ઝા)



**ઝાબુઆ તીર્થ (મ.પ્ર.) શ્રી આદિશ્વર દાદા**

શ્રી બાવન જીનાલય દેશ્ય સુંદર તીર્થ ત્રિભુવન નાથનું,
ભાવવર્ધક માર્ગ દર્શક સાથ ભવનિધિ પાથનો.
ભવબંધના છે રોધકા પ્રભુ તીર્થપતિ નિષ્કામ છે,
ચિદાનંદ ભાવે શ્રી આદિ જિનને કોટિ કોટિ પ્રણામ છે.

યા



**શ્રી યાદગિરિ તીર્થ (કર્ણાટક) શ્રી સુમિતનાથ સ્વામી**

યાદકરીએ યાદગિરિની યાત્રાકરીએ ભાવથી,
ગિરિ શ્રૃંગ પર બિરાજિત ચરણને ભેટો ચાવથી.
ખારવેલ ભૂપાલની સ્મૃતિ ક્યારેક પણ ન ભૂલાય રે,
ચિદાનંદ સુમતિ ચરણવંદન શુદ્ધિ મનની લાવે રે.

ણં
(ન)



**શ્રી નંદનવન તીર્થ (ગુજ.) શ્રી મુનિસુવ્રત સ્વામી**

તીર્થ નંદનવન અનોખુ દેખતા દિલ ઉલ્લસે,
ભવ્ય મુનિસુવ્રત પ્રભુની મૂરત દિલમાંહે વસે.
સિદ્ધગિરિના માર્ગ પર આ બન્યું રે વિશ્રામ છે,
ભાવયાત્રામાં ચિદાનંદના કોટિ કોટિ પ્રણામ છે.

## પદ - ૫ નમો લોએ સવ્વસાહૂણં

ન



**શ્રી નવસારી તીર્થ (ગુજ.) શ્રી પાર્શ્વનાથ સ્વામી**

હે ચિંતા ચૂરક આશાપૂરક ભાવ આતમદાયકા,
ચિંતામણિ પ્રભુ પાર્શ્વસ્વામી લોકના અધિનાયકા...
નવસારી મંડણ મુકુટ મણિ છે પાપ પક્ષાલન કરા.
ચિદાનંદ વંદન ભાવથી જયવંત છે જિન જયકરા...

મો



**શ્રી મોદરા તીર્થ (રાજ.) શ્રી સુમતિનાથ સ્વામી**

પ્રભાવશાળી તીર્થ જગમાં આત્મશુદ્ધિને કરે,
તે તીર્થ ભેટીને જીવનમાં પુણ્ય પ્રકૃતિ મળે.
સુમતિનાથજી મોદરા મંડણ પ્રભુને વંદના,
ચિદાનંદ શુદ્ધિ ઉર કરતા બંધ કરે ના કર્મના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લો



**શ્રી લોદ્રવા તીર્થ (રાજ.) શ્રી પાર્શ્વનાથ સ્વામી**

થલની ધરતી હૃદય હરતી અમરજસ ઈતિહાસ છે,
લોદ્રવા પ્રભુ પાસ ભેટત હોત ભવનો નાશ છે...
તીર્થ જેસલમેરની જે નિકટતમ અભિરામ છે,
પ્રભાવશાળી નાથને ચિદાનંદ ભાવ પ્રણામ છે...

એ



**શ્રી એકલિંગજી તીર્થ (રાજ.) શ્રી શાંતિનાથ સ્વામી**

એકલિંગજી તીર્થ માંહી વિશાલ જિનઘરો સહી,
કાલક્રમે આક્રમણોથી ખંડહર થયુ છે તહીં.
શ્યામવર્ણી શાંતિજિનની મૂર્તિ મન લુભાવની,
ભાવે ચિંદાનંદ વંદન મિલે મુક્તિ પાવની.

સ



**શ્રી સમેત શિખરજી તીર્થ (બિહાર) શ્રી પાર્શ્વનાથ**

સુખદ શાશ્વત ભૂમિછે જ્યાં વીસ જિન મુક્તિ ગયા,
અનંત સિદ્ધોની ધરા જ્યાં ગીત સંગીત નિત નયા...
દર્શનીય છે વંદનીય વિમલ વસુધા નામ છે,
સમ્મેતશિખરજી ચિદાનંદ કોટિ કોટિ પ્રણામ છે.

વ



**શ્રી વરકાણાજી તીર્થ (રાજ.) શ્રી પાર્શ્વનાથ સ્વામી**

ગોડવાલની પંચતીર્થી પરમપાવન જાણીએ,
વરકાણા પારસનાથ તીરથ સુખદ ઉર આણીએ.
ભવ્ય જિન મંદિર બિરાજિત નાથ નિર્મળ કર મતિ,
ચિદાનંદ વંદન ભાવથી મટી જશે ગતિ આગતિ...

સા



**શ્રી સાગોદિયા તીર્થ (મ.પ્ર.) શ્રી આદિનાથ દાદા**

શાંત રસ સમતાનિધિ જસ જગતમાં જયકાર છે,
પરમપદ દાતાર પ્રભુજી વિશ્વના આધાર છે...
અલખ નિરંજન આદિ જિનવર અનંત કરૂણાધામછે,
સાગોદિયા તીરથપતિને ચિદાનંદ પ્રણામ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હૂ



**શ્રી હૂબલી તીર્થ (કર્ણાટક) શ્રી શાંતિનાથાય**

જિનદેવની જિનઘર બની એ તીર્થ ભૂમિસર્વદા,
છે પાપ પંક નિવારકા જપતા ટળે બધી આપદા.
હૂબલી શુભ સ્થાનમાં પ્રભુ શાંતિ સોળમા સ્વામી છે,
ચિદાનંદ કરતા ભાવથી નિત કોટી કોટી પ્રણામ છે.

ણં (ન)



**શ્રી નંદીગ્રામતીર્થ (ગુજ.) શ્રી સીમંધર સ્વામી**

નંદકારક નંદીગ્રામે તીર્થ નિર્માણ છે થયું,
પ્રભુ પાર્શ્વ સીમંધર જિન પૂજતા કર્મમલ દુરે ગયું.
માતાવામા સત્યકી નંદન કરે વંદન ત્રિધા,
પુણ્ય યોગે ચિદાનંદ અવસર જોઈલો સારી વિધા.

## પદ - ૬ એસો પંચ નમુક્કારો

એ



**શ્રી એલુર તીર્થ (એ.પી.) શ્રી પાર્શ્વનાથ સ્વામી**

અક્ષત અનંત સુખ પ્રાપ્ત કરવા સીધો માર્ગ છે સહી,
નવકારની આ ભાવયાત્રા ભાવવર્ધક છે કહી.
જિનદેવને દિલમાં ધરી કલ્યાણ મારગ સંચરે ,
ચિદાનંદ ભક્તિભાવથી પ્રભુ પાર્શ્વને વંદન કરે.

સો



**શ્રી સોનાગિરિ તીર્થ (રાજ) શ્રી નેમિનાથ પ્રભુ**

સ્વર્ણ ગિરિ કનકાચલો સોનાગિરિ શુભ નામ છે,
પ્રભુવીર પારસ આદિ શાંતિ નેમિજીનનું ધામ છે,
ભૂપ નાહડે બનાવ્યું વીર ચૈત્ય વિશેષ છે.
ગિરિવર ચઢતા દર્શન કરતા ચિદાનંદ સુવિશેષ છે.

પં



**શ્રી પંચાસરા તીર્થ (ગુજ.) શ્રી પંચાસરા પાર્શ્વનાથ**

પંચાસરા નગરી મોટી પણ કવલિત થઈ ગઈ,
પ્રભુ પાર્શ્વ વામાનંદ પડિમા ભેટતા ભવિજન કઈ.
પંચાસર પારસ બિરાજે આજે પાટણમાં ત્યાં,
અમે ભાવયાત્રા કરીએ ચિદાનંદ વિધિ છે જ્યાં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચ



**શ્રી ચંદ્રાવતી તીર્થ (ગુજ.) શ્રી ચંદ્રાવતી પાર્શ્વનાથ**

પૂર્વે હતું ચદ્રાવતી જે આજ ચાણસ્મા બોલાય છે,
લાખોવર્ષથી અધિક પુરાની મૂર્તિ ત્યાં સોહાય છે.
પાર્શ્વ ભટેવા જેહની છે અમિય ઝરતી આંખડી,
દર્શન કરતા ચિદાનંદની ખીલતી ઉર પાંખડી.

ન



**શ્રી નડિયાદ તીર્થ (ગુજ.) શ્રી અજિતનાથ સ્વામી**

નડિયાદ છાજે અચલ રાજે અજિત જિનવર અઘહરો,
ભવિ નિત્ય ધ્યાવે શાંતિ પાવે ભાવ ભક્તિ મનહરો.
સુંદર સુશોભિત છે જિનાલય આત્મપાવન કારકા,
વંદનકરે વિધિયુત ચિદાનંદ કર્મ બંધન વારકા.

મુ



**શ્રી મુછાળા મહાવીર તીર્થ (રાજ.) શ્રી મહાવીર સ્વામી**

મહિમા અદ્‌ભૂત તીર્થની સહુ સુજ્ઞ જન કહેતા અહીં,
રાણા સ્વયં જોઈ કહે છે વીર મૂછાળા સહી.
સુંદર સલૂણો ધામ ભેટત આત્મનિર્મળ કરીએ,
વંદો ચિદાનંદ ગુણગાન કરીને આસ્વાદ અમૃત પીજીએ.

ક્કા (કા)



**શ્રી કાપરડાજી તીર્થ (રાજ.) શ્રી પાર્શ્વનાથ પ્રભુ**

તીર્થ કાપરડા નિહાળો મોહનો મહિમાનીલો,
ચૌમુખ બિરાજે પંચ મંજિલ ભેટીએ ત્રિભુવનતીલો.
સ્વયંભુ પારસનાથ દર્શન ભવ્યતમ હિતકારક છે,
ચિદાનંદ જિનવર ચરણમાં નમન વારંવાર છે.

રો



**શ્રી રોજાણા તીર્થ (મ.પ્ર.) શ્રી આદિનાથ સ્વામી**

રોજ આવજો અહીં મળશે આદિનાથ નિર્મલ પ્રભો,
પ્રભુ આદિ યોગીરાજ મૂરત ભેંટલો ભય હર વિભો.
માલવ ધરાએ છે વસ્યુ આ તીર્થ રોજાણા ભલા,
ચિદાનંદ યાત્રા કરીએ મળી જશે જીવનકળા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પદ - ૭ સવ્વ પાવપ્પણાસણો

સ



**શ્રી સ્થંભનતીર્થ (ગુજ.) શ્રી સ્થંભન પાર્શ્વનાથ**

સ્વર્ગ મર્ત્ય પાતાળ લોકે ઈન્દ્રનર પૂજા કરી,
મહિમાવતી મૂરત નિરખતા આંખડી અમૃત ઠરી,
સ્થંભન પ્રભુ પારસ ત્રિલોકી પૂજ્ય ગુણગણધામછે,
ભાવ ભક્તિ - આત્મશક્તિ ચિદાનંદ કોટિ પ્રણામ છે.

વ્વ (વ)



**શ્રી વલ્લભીપુર તીર્થ (ગુજ.) શ્રી આદિનાથ દાદા**

પાંચશત આચાર્યની અહીંયા મળી હતી પર્ષદા,
કરપૂજ્ય દેવર્ધિગણિને સૂત્ર ગુંફન હર્ષદા.
વિશ્વ વંદિત દેવ આદિનાથ દર્શન શુભ કરુ,
કરતા ચિદાનંદ વંદન હૃદય ભક્તિથી ભર્યું.

પા



**શ્રી પાવાપુરી તીર્થ (બિહાર.) શ્રી મહાવીર સ્વામી**

પાવાપુરી પ્રભુ વીરએ નિજ સંઘનું સ્થાપન કર્યું,
ભવ તાપ હરણી દેશના આપી સ્થાન અવિચલ પામ્યું.
પ્રભુ મોક્ષ કલ્યાણક ધરા જસ ભેટતા આનંદ છે,
ચિદાનંદ ભાવ યુત વંદનાથી થાય નિત્યાનંદ છે.

વ



**શ્રી વહી તીર્થ (મ.પ્ર.) શ્રી વહી પાર્શ્વનાથ સ્વામી**

પ્રાચીન છે આજે પણ મંદિર મનોહર છે અહીં,
વિદ્વજ્જનોએ તીર્થની ગૌરવ મહિમા ગાઈ છે.
સિદ્ધ આસન પાર્શ્વના પદ પદ્મમાં વંદન કરે,
ચિદાનંદ રાખી ભાવનિર્મળ કર્મ બંધન નિર્જરે.

પ્પ (પ)



**શ્રી પરાસલી તીર્થ (મ.પ્ર.) શ્રી આદિશ્વર પ્રભુ**

આદિ નરપતિ કનક પ્રભસમ આદિજિન અરિહંત છે,
પ્રભુ કલ્પતરૂ શશિ સમબિરાજે નાથશિવ વધુ કંત છે.
દર્શન કરી શાંતિ મળે સંવેગ ભાવ પ્રદાયકા,
ચિદાનંદ પરાસલી તીર્થ રાજત વંદીએ ભવક્ષાયકા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ણા
(ના)



**શ્રી નાગેશ્વર તીર્થ (મ.પ્ર.) શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ**

પ્રભુ પાર્શ્વની છે ભવ્ય પ્રતિમા જોઈલો મન મોહતી,
નિર્મલ નયન કરી લે નમન છે પૂર્ણ કિરણા સોહતી.
કહતાં નિપુણ જન તારકા છે તીર્થ નાગેશ્વર ધણી,
ચિદાનંદ વર પ્રભુ પાર્શ્વની અદ્‌ભૂત અતિ મહિમા ભણી.

સ



**શ્રી સત્યપુર તીર્થ (રાજ.) શ્રી મહાવીર સ્વામી**

સત્યપુર સાંચોર જ્યાં પ્રભુવીર આવ્યા વિચરતા,
છે નામ જગ ચિંતામણીમાં તીર્થ ગૌતમ ઉચરતા.
પ્રભુ વીરના દર્શન કરીએ જ્યાં ગોડીજી પ્રભુ પાસ છે,
વાસુપૂજ્યજી શાંતિ કુંથું ચિદાનંદ જિન આવાસ છે.

ણો
(નો)



**શ્રી નોંધણવદર તીર્થ (ગુજ.) શ્રી સુમતિનાથ સ્વામી**

શ્રી તીર્થરાજની સમીપ માંહી પુણ્યશાળી ભૂપરે,
સદૈવ નોંધણવદર ગામે ચૈત્ય છે જે દુઃખ હરે.
માત મંગલા નંદ સુમતિનાથ સૌને ખુશ કરે,
શ્રી આત્મગુણને પામવા ચિદાનંદ પય વંદન કરે.

## પદ - ૮ મંગલાણં ચ સવ્વેસિં

મં
(મ)



**શ્રી મંડપાચલ તીર્થ (મ.પ્ર.) શ્રી સુપાર્શ્વનાથ**

મંડપાચલ તીર્થ પાવન મનહરા મોહનકરા,
સુખદ માંડવગઢ જ્યાં ઈતિહાસ ઉજ્જવલતા ભરા.
સુપાસ જિનવર તીર્થનાયક ભેટિયે ભવભય હરા,
અચિંત્ય મહિમા ચિદાનંદ છે પૂજતા વિબુધા નરા.

ગ



**શ્રી ગંગાણી તીર્થ (રાજ.) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ**

ચિંતા મટે આપદ હટે સંપદ મળે જિન પૂજતા,
ચિંતામણી પ્રભુ પાર્શ્વ ભેટત મોહ અરિગણ ધ્રૂજતા.
આનંદકર દર્શન મળે જગ બંધુ જગદાધાર છે,
ગંગાણી તીરથ ચિદાનંદ વંદના કરતા ભવ નિધિ પાર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લા



**શ્રી લાખણી તીર્થ (ગુજ.) શ્રી આદિનાથ પ્રભુ**

નાથ નિરુપમ નિષ્કલંકી વિશ્વવંદિત નિર્મલા,
આદિનાથ જિનેન્દ્ર જપતા વિમલ મતિ થાય કોમલા.
પ્રથમતીર્થપતિ લાખણીમાં ભવ્ય જિન દેદાર છે,
ચિદાનંદ વંદન ભાવથી કરતાં શરણ સ્વીકાર છે.

ણં (ન)



**શ્રી નંદુરી તીર્થ (મ.પ્ર.) શ્રી પાર્શ્વનાથ પ્રભુ**

ભવભીતિ હારક, કુમતિ વારક દિવ્ય દૃષ્ટા જિનવરા,
સમભાવ દૃષ્ટિ અમીય દૃષ્ટિ ભાવ સૃષ્ટા ભવિવરા.
ચિંતામણીપ્રભુ પાર્શ્વ નંદિકર નમો ઉત્સાહથી,
નાનપુરમાં ચિદાનંદ ભવ વિરહ યાચે નાથથી.

ચ



**શ્રી ચંપાપુરી તીર્થ (બિહાર) શ્રી વાસુપૂજ્ય સ્વામી**

પંચ કલ્યાણક થયા જ્યાં વાસુપૂજ્ય જિનેશના,
વાસુપૂજ્ય નંદન કરતાં વંદન પૂજ્યવર અખિલેશના.
ભવબંધનોના છે નિવારક ચરણમાં વંદન કરે ,
ચંપાપુરીમાં ચિદાનંદ ભેટત હૃદયને નિર્મળ કરે .

સ



**શ્રી ભરુચ તીર્થ (ગુજ.) શ્રી મુનિસુવ્રત સ્વામી**

પ્રભુ મુનિસુવ્રત સ્વામીએ અહીં અશ્વને પ્રતિબોધિત કર્યો,
સમળી વિહાર છે. ચૈત્ય ભેટો ભરૂચમાં શ્રદ્ધાભર્યો.
કુમાર વિક્રમ સંપ્રતિ છે તીર્થ જીર્ણોદ્ધારકા,
મુનિસુવ્રત તીર્થાધિપતિ ચિદાનંદ ભવભય વારકા.

વ્વે (વ)



**શ્રી વેલાર તીર્થ (રાજ) શ્રી આદિનાથ પ્રભુ**

પ્રભુ આદિ જિનવર આદિ નરપતિ શુદ્ધભાવ પ્રકાશકા,
પ્રશમરસભર પૂર્ણ છે પ્રભુ ભવ્ય ભાવોન્નાયકા.
વેલારતીર્થ પવિત્ર રાજે સૌમ્ય દૃષ્ટિ સુખકરી,
કરે વંદન ભાવયાત્રામાં ચિદાનંદ ભવજલતરી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિં
(સિ)



**શ્રી સિંહપુરી તીર્થ (યુ.પી.) શ્રી શ્રેયાંસનાથ સ્વામી**

શ્રેયાંસ જીનવર ચ્યવન જન્મ સંયમી થયા કેવલી,
ઈતિહાસ ગૌરવમય અહીં આ તીર્થભૂમિ મનહરી.
સમ્રાટ સંપ્રતિએ બનાવ્યું સ્તૂપ જિનશાસન નિધિ,
ચિદાનંદ વંદન કરે, અમ સિંહપુરી શ્રદ્ધા વિધિ.

## પદ - ૯ પઢમં હવઈ મંગલં

પ



**શ્રી પરોલી તીર્થ (ગુજ.) શ્રી નેમિનાથ સ્વામી**

ભૂગર્ભમાંથી થઈ પ્રગટ પ્રભુ નેમિજીન મૂરત ત્યાંહી,
છે દર્શનીય વંદનીય દ્યુતિ પ્રભા કાંઈ ઓછી નહીં.
સંસાર દુઃખથી મુક્તિ માટે નાથ આલંબન ગ્રહી,
ચિદાનંદ તીર્થ પરોલી મંડણ વિશ્વ વંદિત છે સહી.

ઢ



**શ્રી ઢંકગિરિ તીર્થ (ગુજ.) શ્રી આદિનાથ સ્વામી**

ગિરિરાજનો જ આ ભાગ છે પ્રભુ આદિ જિનવર સ્પર્શના,
ઢંક મુનિવર મુક્તિ સાથે હતા સેંકડો મુનિ ગુણધના.
ભાવ ભક્તિ પૂર્ણ રાખી તીર્થયાત્રા જે કરે,
ચિદાનંદ ઢંકગિરિવર સહજ ભવનિધિ નિસ્તરે...

મં
(મ)



**શ્રી મંડાર તીર્થ (રાજ.) શ્રી મહાવીર સ્વામી**

મનમોહન મહાવીરના દર્શન કરીએ શુભ ભાવથી,
દેવ નિરંજન મળ્યા,બચી જઈશું ભવ દાવથી.
આપ્યો વિશ્વમૈત્રીનો સંદેશ આ સંસારને,
મંડાર તીરથ ચિદાનંદ ભેટત કર સફલ અવતારને.

હ



**હસ્તિનાપુર તીર્થ (ઉ.પ્ર.) શ્રી શાંતિનાથ સ્વામી**

પ્રભુ શાંતિ કુંથુ અર જિનેશ્વર ભૂમિકલ્યાણ ક કહી,
વરસીતપના પારણા કર્યા આદિનાથ પ્રભુએ અહીં.
તીર્થ આ અભિનંદનીય હસ્તિનાપુર અભિરામછે,
શાંતિજિન વંદિએ ચિદાનંદ ભવ આરામ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ



**શ્રી વડાલી તીર્થ (ગુજ.) શ્રી અમિઝરા પાર્શ્વનાથ સ્વામી**

અમિઝરા પ્રભુ પાર્શ્વની અદ્‌ભૂત મહિમા છે કહી,
શાંત આદિનાથ અક્ષય સૌમ્યદાતા છે સહી.
પ્રાચીન જિનવર બિંબ ભેટત દુઃખ દોહગ દૂર હો,
વડાલી તીરથ ચિદાનંદ વંદો ભાવ ભક્તિપ્રચૂર હો.

ઈ



**ઈડર ગઢ તીર્થ (ગુજ.) શ્રી શાંતિનાથ સ્વામી**

ગર્ભમાં આવતા જગતમાં શાંતિ પ્રસરી સર્વદા,
અચિરાના નંદન શાંતિને વંદન કરતા સદા...
તીર્થ ઈડરમાં બિરાજે આત્મભાવ પ્રકાશકા,
ભાવ ભક્તિ ચિદાનંદ વંદન તીર્થ પાપ પ્રણાશકા.

મં (મ)



**શ્રી મંદસૌર તીર્થ (મ.પ્ર.) શ્રી અજિતનાથ સ્વામી**

ઐતિહાસિક છે ધરા ક્ષમાદાન પરસ્પરમાં થયો,
આર્યરક્ષિતસૂરિને નિજ માત  વાણીએ સ્પર્શ્યો.
અજીત આદિ પાર્શ્વશ્રેયાંસ ચૈત્ય ઉર્ધ્વકાય છે.
મંદસૌર ચિદાનંદ સહ નમત સુરનર પાય છે.

ગ



**શ્રી ગંધાર તીર્થ (ગુજ.) શ્રી પાર્શ્વનાથ સ્વામી**

જલ માર્ગથી વ્યવસાય હતો જ્યાં ધર્મપ્રેમી જન વસે,
પ્રભુવીર પારસનાથ દર્શન ભાવ વર્ધક ઉલ્લસે.
આનંદમંગલ કારકા જિનરાજની આભા સદા,
ગંધાર વંદો ચિદાનંદ ભાવે નિત આતમઉન્નતિ સદા.

લં (લ)



**શ્રી લક્ષ્મણી તીર્થ (મ.પ્ર.) શ્રી પદ્મપ્રભુ સ્વામી**

ભૂગર્ભમાંથી પ્રાપ્ત સુંદર દિવ્ય દિપ્તિવંત છે,
શ્રી પદ્મપ્રભુ મહાવીર આદિ બિંબ અતિશયવંત છે...
મન મયૂર નાચે વિમલ દર્શન કર પ્રભુના પુણ્યથી,
શ્રી લક્ષ્મણી તીર્થ વંદન કરંત ચિદાનંદના નૈપુણ્યથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સંઘપતિ વંદના

ઉદ્ધાર મારો કેમ થાશે ? હૃદયથી અશ્રુ ઝરે
પૂછે ભરત આદિ પ્રભુને માર્ગ દેખાડો ખરે
શ્રીસંઘપતિ બની સંઘને યાત્રા કરાવો હે પ્રભો!
તે સંઘપતિતણા પદને ભાવે કરું હું વંદના
**તે સંઘના સહુ સંઘપતિને ભાવથી કરું વંદના...૧**

પહેલું તિલક શક્રેન્દ્ર કરતા સંઘપતિપદનું અરે
પહેલા જ સંઘપતિ બને શ્રી ભરતરાય નમું ખરે
ઉપદેશ પણ પહેલો જ દે શ્રીનાભી ગણધર જેહને...**તે. ૨**

ભાગ્ય બને સૌભાગ્ય ત્યારે સંઘપતિ પદવી મળે
દોષો દુરિતો પાપકર્મો ને ખચિત તે તો દળે
સમ્યક્ત્વની શુધ્ધિ થકી જિનરાજ પદને તે વરે...**તે. ૩**

સંઘપતિ પદની ધજા ફરકે ભરતને દંડવીર્યથી
અસંખ્ય નૃપતિ ભરત પાટે શોભતા આ પદ થકી
રાજા અમાત્ય શ્રેષ્ઠીજનો પણ સંઘવી પદે ઓપતા...**તે. ૪**

નિર્ગ્રંથ ગુરૂનિશ્રા મળે... વિરાધનાઓ બહુ ટળે
સુકૃતની વેલી ફળે મુક્તિ તણી કેડી જડે
તીર્થોતણી મળે સ્પર્શના બહુવિધ લાભો જેહના...**તે. ૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી સંઘ છે જેનો પતિ કરે અર્થ વસ્તુપાલ એ
શ્રી સંઘનો હું દાસ છું ધરે ભાવ સંઘપતિ સવે
શ્રી સંઘના ચરણો પખાળે ને કરે અનુમોદના...તે. ૬

અનંત અરિહંતો કહે મહાત્મ્ય જે પદનું ઘણું
તે સંઘપતિ પદ મુજ મળ્યું સદ્‌ભાગ્ય હું તેને ગણુ
આર્યો તણી સંસ્કૃતિને જીવન મળે છે જેહથી...તે. ૭

વિક્રમરાજા સંઘપતિ બની મહાસંઘ આયોજતા
પંચસહસ સૂરીશ્વરા સિદ્ધસેન સૂરિ સહ શોભતા
બહોંતેર લાખ કુટુંબને છ'રી પાલતા જે લઈ જતા...તે. ૮

ગ્રામ નગરના વિવિધ સંઘો આવતા મૈત્રી વધે
પ્રભાવના શાસન તણી શાસન તણા કાર્યો સધે
માનું ખરે શિવમહેલનું ખુલ્યું જ મ્હારે બારણું...તે. ૯

માંડવગઢથી મંત્રી ઝાંઝણ સિદ્ધગિરિએ આવતા
થરાદથી પણ આભૂશ્રેષ્ઠી સંઘ લઈ પધારતા
રાયણક્ષીરની શાખથી પે'લી માળ ઝાંઝણ પહેરતા...તે. ૧૦

પ્રાગ્વાટ વંશીય ધરણાશા પણ સંઘપતિ પદ પામતા
તે કાળમાં બત્રીસ સંઘો સિદ્ધગિરિ ભેળા થતા
એકવીસ વર્ષે બ્રહ્મવ્રતધારી સંઘમાળને ધારતા...તે. ૧૧

શ્રી સંઘ લઈ કુમારપાળ પધારતા શાશ્વતગિરિ
ગુરૂ હેમચંદ્રાચાર્ય સંગે વધાવતા એ મનભરી
અમર પળાવી અઢારદેશે ગણધર પદ નિકાચતા...તે. ૧૨

વસ્તુપાલ ને તેજપાલ અનુપમા લલિતા વળી
સાડાબાર સંઘ કઢાવતા છ'રી પાલતા એ ગિરિ ભણી
ચરણરજ શ્રી સંઘની નિજ મસ્તકે જે ચઢાવતા...તે. ૧૩


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચારે વરણના સજ્જનો પણ સંઘ લઈ પધારતા
મહાતીર્થની કરી સ્પર્શના નિજ પુણ્યધન વધારતા
મર્યાદા નિજ નિજ જાળવી શ્રી જય તલેટી આરાધતા...તે. ૧૪

સીકન્દ્રાબાદથી શિખરજી કલકત્તાથી પાલીતાણા
છ માસને સાત માસની યાત્રા ચલે યાત્રી ઘણા
નિશ્રા ગુરૂ વિક્રમ તણી વીશમી શતાબ્દી ઉજ્જવલા...તે. ૧૫

નમોતીત્થસ્સ કહિ સમવસરણે સંઘને પ્રભુ વંદતા
તે સંઘભક્તિના મનોરથ દિલમાં જેને રમતા
તીર્થયાત્રા કરાવનારા શીઘ્ર મુક્તિ પામતા...તે. ૧૬

ડગલે અને પગલે ખપે કર્મોતણી સહુ વર્ગણા
મુક્તિ મળે શાંતિ મળે સદ્‌ગતિ મળે સુખ સ્વર્ગના
ઈતિહાસમાં સુવર્ણ અક્ષરથી લખાયે નામના...તે. ૧૭

ભૂમી સંથારી એકલ આહારી સચિતપરિહારી અને
બ્રહ્મચારી આવશ્યકકારી પાદચારી જે બને
ને લફ્ઝરીના પાપને સંતાપથી તે વિરમે...તે. ૧૮

આત્મકમલ વિકાસાવતી લબ્ધિવિક્રમ ફેલાવતી
યશોધ્વજા ફરકાવતી 'અજિત' વીર બનાવતી
તે સંઘયાત્રા 'ભાગ્ય' તિલક ભાલમાં ચમકાવતી...તે. ૧૯

રાજનગરથી શત્રુંજયને, રાણકપુર થી પાવાપુરી,
ગઢસિવાણાથી જેસલમેરને, સિધ્ધગિરિથી ગિરનારજી,
આદિ પિસ્તાલીશ સંઘોના, નિશ્રાદાતા ગુણરત્નસૂરિજી...તે. ૨૦

શંખેશ્વરાથી સિધ્ધાચલજી સંઘ શોભી રહ્યા સુંદર,
સુખદાયી કુંથુનાથને, બાપુનગર થી પાનસાર
શ્રી સંઘના નિશ્રાદાતા, મુનીશરત્ન પંન્યાસ પ્રવર...તે. ૨૧


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# સૂરિ પ્રેમ વંદનાવલી



સૂરિદાનના પટ્ટધર હતા, ગુણવારિધિ ગુણ ગણનિધિ,
સૂરિ પ્રેમ ! તૂ વાત્સલ્યસિન્ધુ, બિંદુ છું હું મંદધિ,
આઠસો તપસ્વી જ્ઞાની ધ્યાની, સાધુઓના ગુરુવરા,
**એવા ગુરુ સૂરિપ્રેમનાં, ચરણોમાં હું વંદન કરું... ૧**

સૂરિ પ્રેમ ! તારી આંખથી, વાત્સલ્યનું ઝરણું વહે,
સૂરિ પ્રેમ ! તારા હાથમાં, વરદાન સંયમનું વસે,
સૂરિ પ્રેમ ! તારા નામથી, અનંગની પીડા શમે. **એવા...૨**

સૂરિ પ્રેમ ! તારું નામ જગમાં, મંત્ર બની ગાજી રહ્યું,
સૂરિ પ્રેમ ! તારું કામ જગમાં, શાસ્ત્રસમ વિલસી રહ્યું,
ધરતીના જાણે બ્રહ્મ જે, સૃષ્ટિના સૂરજ-ચંદ છે.. **એવા...૩**

અજ્ઞાનમાં ભટકી રહ્યો, તમે સૂર્ય બની ચમકી રહો,
ભવતાપમાં દાઝી રહ્યો, ચંદન થકી શીતળ કરો,
ભોગોની ભૂખ થકી ભિખારી, મુજને તારો હે ગુરુ.. **એવા...૪**

ગાઉં છું હું ગુણગાન તારા, જીભને પાવન કરું,
શત્રુ નહીં કોઈ તાહરા, નિર્ભીક થઈને હું કહું,
સમુદાય હો ભલે ભિન્ન-ભિન્ન તો'ય વ્હાલ હતું તને. **એવા...૫**

જન્મ્યા જે નાંદિયા ગામમાં, પિંડવાડાના વતની હતા,
ભગવાનજી અને કંકુબાઈના, સુત સુંદર દીપતા,
વ્યારાથી છત્રીશ માઈલ ચાલી, દીક્ષા લીધી તળેટી એ. **એવા...૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિર્દોષ ગોચરી શુદ્ધ પાલન, ભુવનમાં અભિરામ જે,
જયઘોષ તારો રાજપથ છે, હેમ કુલના ચંદ્ર જે,
તું હી જિતેન્દ્રિય કામનો, નિષ્કામ કરતો ભક્તને..**એવા...૭**

સંયમ તણાં સજી સાજ જગમાં, નિત્ય એકાસણ કરે,
ને કર્મસિદ્ધિ માર્ગણા અને, ક્ષપક સંક્રમ વિસ્તરે,
સૂરજ તપે વૈશાખનો, જાણે વિદેહનો મુનિ ચલે..**એવા...૮**

જન્મ્યા જે રાજસ્થાનમાં, ગુજરાતને ગાંડુ કર્યું,
મહારાષ્ટ્રની માવજતમાં, માળી બની જતન કર્યું,
ખંભાતમાં સ્વર્ગે ગયા, વીર વીર કહી મૃત્યુ વર્યું..**એવા...૯**

વ્યાધિ હતી તનમાં ઘણી તો'ય મિત્ર આવ્યો એમ કહે,
છેલ્લી પળે સંકેતથી, ઘર બદલવું છે એમ કહે,
ગુણરત્નના મુખથી સુણી, સજઝાય ઝાંઝરિયા તણી.**એવા...૧૦**

આપે વચન રશમી રતન, એહી જ નિશ્ચે તારશે,
તાર્યા જેને શિષ્યો ઘણા, બાલક યુવા તરુણો બધા,
જેના પ્રભાવે શિષ્યવૃંદો, આજે પણ ગાજી રહ્યા..**એવા..૧૧**

અગણિત છે ઉપકાર તારા, કેટલા ગાઈ શકું?
આશિષ દેજો સ્વર્ગથી, મુક્તિના પંથે જઈ શકું,
**ગુણરત્ન "રશ્મિ"** કહે ગુણી, ગુરુના ગુણો જે ગાવશે,
સૂરિ પ્રેમનાં ચરણે નમી, સુખ શાંતિ સહુ જગ પામશે.**એવા..૧૨**

જન્મ : વિ.સં.૧૯૪૦ નાંદિયા. દીક્ષા વિ. સં. ૧૯૫૭ - કારતક વદ-૬, પાલીતાણા. કાળધર્મ : વિ. સં. ૨૦૨૪ - વૈશાખ વદ-૧૧, ખંભાત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# સૂરિભુવનભાનુ વંદનાવલી



ઓગણીશ સડસઠ ચૈત્રવદિ છઠ, રાજનગરે જનમીયા,
પિતા ચીમનભાઈ માત ભૂરિબેન, કુક્ષીને અજવાળિયા,
બુદ્ધિ પ્રતિભા જ્ઞાનથી, સી.એ.ની પદવી પામતા,
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના...૧**

ગુરુ પ્રેમસૂરિના શિષ્યનામે, ભાનુવિજય મુનિ બન્યા,
તપ-ત્યાગ-સંયમ-ન્યાય-આગમ, શાસ્ત્રમાં નિપુણ બન્યા,
પ્રભુભક્તિ વૈયાવચ્ચ અને, લગની ઘણી સ્વાધ્યાયમાં. **એવા...૨**

થયા આપ ગણિ-પંન્યાસ-સૂરિ, તોયે મન અભિમાન ના,
સાડા ત્રણસો મુનિજન જીવનના, શિલ્પી હતા ગૌતમસમા,
જિન ધર્મના આકાશમાં, ભાનુ સમા જે ચમકતા. **એવા...૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





સંઘર્ષ થાય સિદ્ધાંતના, નામે કદાપિ ના ગમે,
યુક્તિ નિપુણતા તીક્ષ્ણ પ્રજ્ઞા, જોઈ દુર્મતિ પણ નમે,
દુર્મતતણાં અંધકારમાં ગુરુ 'દિવ્યદર્શન' આપતા..
**એવા ગુરુ શ્રી ભુવનભાનુસૂરિ ચરણમાં વંદના એવા...૪**

શ્રી સંઘના યોગ-ક્ષેમને હૈયે સદા અવધારતા
રસઝરતી મીઠી વાણીથી, વૈરાગ્યને વરસાવતા,
શિબિરના શુભયોગથી, યુવાનોને ઉદ્ધારતા. **એવા...૫**

તપ-ત્યાગ ને સ્વાધ્યાયથી, જે દેહને કરતાં વહન,
બની વર્ધમાન તપોનિધિ, નિજભાવમાં કરતાં રમણ,
એકસો ને આઠ ઓળીથી, તપધર્મની કરી સાધના. **એવા...૬**

વીતરાગ કેરી ભક્તિથી, ભવિ ! ઈષ્ટ સુખને પામશે,
ધર્મતણાં એ પુણ્ય પ્રભાવે, દુઃખ દર્દ દૂરે થશે,
મહાવીરનાં વચનનો, જયનાદ કરતા વિશ્વમાં. **એવા...૭**

ચારિત્ર પાલનમાં હતા, ગુરુદેવ ખડક સમા અટલ,
વાત્સલ્ય સહુને આપતા, હૈયું હતું કોમલ કમલ,
તવ પુનિત પગલે ચાલવા, આશિષની કરું યાચના.. **એવા...૮**

**સંક્ષિપ્ત પરિચય**

જન્મ : ચૈત્ર વદ - ૬, સં. ૧૯૬૧ - અમદાવાદ. દીક્ષા : પોષ સુદ-૧૨,
સં. ૧૯૮૭- ચાણસ્મા. પ્રથમ શિબિર : સં. ૨૦૧૦ આબુ-અચલગઢ.
દીક્ષાપર્યાય : ૫૮ વર્ષ. કાળધર્મ : ચૈત્ર વદ-૧૩, સં. ૨૦૪૯, અમદાવાદ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# યુગો સુધી ઝળહળશે

કરી શકે ના કોઈ તારા ગુણોના સરવાળા,
યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં...
કેમ ભુલીશું હું તુજને, ઓ જિનશાસનના રખવાળા,
યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા.
જગતગુરુ તે જન્મધર્યો ધરતી પર કરવા જગઉદ્ધાર,
અંધારે અથડાતાં યુવાનો તણો થયો તુ તારણહાર,
સી.એ. જેવી જી.ડી.એ.ની ડિગ્રી લીધી પરદેશમાં,
માત-તાતને બાંધવ-બેની હરખ્યા ભાવાવેશમાં,
શાહ કુટુંબનો આ કુળદીપક વિદ્યાધર થઈ ઝળહળશે,
ચીમનભાઈને ભૂરીબેનનું નામ બધે ઉજ્જવળ કરશે,
ખબર ન્હોતી "કાંતિ" માટે લખ્યું વિધિએ જુદું વિધાન,
માનવ નહીં પણ મહામાનવ થઈ કરશે આ તો જગ કલ્યાણ.
ગાડી-મોટર-પ્લેન નહીં પણ, ફરશે આ પગપાળા.યુગો..૧
માયા મમતા-વૈભવ-ત્યાગ્યા સૌ સુખ સંસારી,
મુક્તિ પંથે હાલી નીકળ્યો યુગપુરુષ એ અવતારી,


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





એક તો આતમવૈરાગી એમાં ભક્તિ કેરો રંગ ભળ્યો,
પ્રેમસૂરીશ્વર જેવા જ્ઞાની સદ્‌ગુરુનો સંગ મળ્યો.
ઓગણીસ સો એકાણું... પોષ સુદ બારસના મંગળ દિવસે,
લઘુબંધુ પોપટની સાથે, ચાણસ્મા પહોંચ્યા હોંશે,
પ્રેમસૂરીશ્વર જેવા સમર્થ ગુરુ પાસે દિક્ષા લીધી,
"ભાનુવિજય" ને "પદ્મવિજય" થઈ ભાવે ભક્તિ પ્રારંભી.
એક જ પળમાં ઊઘડી ગયાં, અંતરનાં અતૂટ તાળાં.યુગો..૨

પ્રમાદ છોડી... કાય કસીને ગુરુ ભક્તિના લીધા પચ્ચક્ખાણ,
રોમે રોમે ગુરુ ગુણ માયા ગુરુ આજ્ઞા ને બનાવી પ્રાણ...
વૈયાવચ્ચ, વૈરાગ્ય, વિનયને જ્ઞાન ધ્યાન વળી તપને ત્યાગ,
સંયમપરિણતી શ્વાસે શ્વાસે, ગુરુ સેવામાં સદા સજાગ.
બાહ્યભાવથી વિમુખ થઈને, કરતાં જ્ઞાનોપાસના,
છઠ્ઠ તપ કરીને, પળ પળ કરતાં રત્નત્રયીની સાધના.
વિવિધ ગ્રંથોના વાંચનથી, જ્ઞાનમાં થાતી રહી વૃદ્ધિ,
આરાધનાના સતત પ્રભાવે, થાતી રહી ગુણની શુદ્ધિ.
આધ્યાત્મિકના અથાગ દરિયે, અંતર કરે ઉછાળા.યુગો..૩

સંવત બે હજાર છની સાલે-મુંબઈ ખાતે કર્યો વિહાર,
મધ મીઠી વૈરાગ્યવાણીથી મચી ગયો બધે હાહાકાર,
ગુરુદેવનાં પ્રવચન સુણવા ઊમટ્યાં બાલગોપાલ હજાર,
દિવ્ય પ્રતિભા ભુવનભાનુની સર્જ્યો અનોખો ચમત્કાર,
જ્ઞાન તણા ભંડાર ગુરુજી, વરસ્યા એવા અનરાધાર,


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તરવરીયા તોખાર સમા યુવકો એ ત્યજી દીધો સંસાર.
મારગ સાધ્યો મુક્તિ કેરો છોડી માત-પિતા ઘરબાર,
ગુરુ ચરણોની રજ માથે લઈ હાલી નીકળ્યા હારોહાર.
મુનિ ગણોને મુમુક્ષુ તણી, ઊઘડી ગઈ પાઠશાળા.યુગો..૪
પ્રેમસૂરીશ્વર ગુરુદેવના સ્વર્ણીય શમણા કર્યાં સાકાર,
ભેટ દઈ ઉત્તમશ્રમણોની શાસનને નવલી સુખકાર.
પરમતેજ પથરાયાં ગુરુના ઉચ્ચ પ્રકાશ તણાં પંથે,
સાત્વિક સાહિત્ય પીરસ્યું જગને, અનંત ઉપકારી સંતે.
સંયમની સુવાસ ગુરુની નીજ વાણીને વર્તનમાં,
સમગ્ર જીવન વ્યતીત કર્યું-મનોમંથન, ચિંતન, લેખનમાં.
સ્વાધ્યાય-સંયમ-સદ્ગુણોની-પ્રસરાવી સઘળે સુવાસ,
જ્ઞાન-ધ્યાનની દિવસે દિવસે વધતી રહી અવિરત પ્યાસ.
**યુવા શિબિરના આદ્ય પ્રણેતા, મનમાં બાંધ્યા માળા.યુગો..૫**

---

• ધન્ય ધરા ગુજરાતની ધન નગરી અમદાવાદ રે...
પાક્યો યુગપુરુષ - જે રહેશે યુગયુગાંતર યાદ રે[૨]...
મુમુક્ષુને મુનિઓનો સર્જક જન્મ્યો સદીઓ બાદ રે.. પાક્યો...
• વાણી જેની અમૃત ઝરતી, વિષમવિષ ઉતારે રે...
નેણો જેનાં નેહ નીતરતા, દર્શનદુરિત નિવારે રે...
ભુવન ભાનુ તો તેને રે કહીએ.. અવનીને અજવાળે રે...ભુવન...
તપના તેજ લીસોટે જગના રાગ વિરાગને બાળે રે ભુવન...૧
રોમે રોમ અણુએ અણુ, જેનું મ્હેંકે જ્ઞાનાચારે રે...
આઠે પહોર અરિહંત હૃદયમાં, પળભર નહીં વિસારે રે...ભુવન...૨
• ક્યાં જઈ વસવાટ કર્યો ગુરુ, ક્યાં જઈ દર્શન પામું.
ક્યાં ગોતું સરનામું ૨.... ગુરૂમા.... ગુરૂમા.... ગુરૂમા.....



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સૂરિ જિતેન્દ્ર વંદનાવલી...






હિરાચંદ પિતા માત મનુબા, જેઠમલ નંદ દીપતા,
જન્મીયા રાજસ્થાનમાં, પાદરલી ગામ શોભાવતા,
યૌવનવયે વિવાહ પણ, સંસારે મન ન માનતા,
**એવા ગુરુ જિતેન્દ્રસૂરિજીને, ભાવથી કરૂં વંદના... મારા ગુરૂ ...૧**

આયંબિલ કરીને લગ્ન દિવસે,સંયમની કરે ઝંખના
એ ચિંતને અવિરત રહી, કરે મોહનીયની અલ્પતા,
ચૌદ માસનો બાળક ત્યજી, વિરતિનો માર્ગ સ્વિકારતા.. **એવા....૨**

ભુવન- ભાનુ સૂરિના શિષ્ય, જિતેન્દ્રવિજય મુનિ બને
સૂરિ પ્રેમના આશિષથી, સ્વાધ્યાયમાં લયલીન રહે,
વિરાગ ધરી નિજપત્નિ પણ, મમતા ત્યજી સંયમી બને.. **એવા....૩**

સળંગ અઠ્ઠમ ચારસો, કરતા એ રાગી તપ તણા,
પરવા ન કરતા દેહની, ગુરુભક્તિ કરે ઉલ્લાસમાં,
તપયોગ સહ વિહારમાં, ગુરુ ડોળીને વહનાર રે.. **એવા....૪**

સૂરિપ્રેમના મનોરથ પૂરવા, મેવાડ પગરણ માંડતા,
બની સિંહ સમ શૂરવીર ને, કષ્ટો અધિકા વેઠતા,
આહાર - પાણી ના મળે, અંતર કદી અકળાય ના.. **એવા....૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનમૂર્તિનો મહિમા બતાવી, શ્રદ્ધા સહુની જગાવતા,
૨૨૦ જિનાલય પ્રતિષ્ઠા જિર્ણોદ્ધાર ૩૦૦ કરાવતા,
ઉપકાર જાણી મેવાડવાસી, પ્રભુ સમ ગણી પૂજતા.. **એવા....૬**

ગંભીરતા ગુણે કરી જે, આત્મ શુદ્ધિ કરાવતા,
કરૂણાનજરથી નિરખી, વાત્સલ્ય ઝરણુ વહાવતા,
સંકટ - વિકટ સમયે રહે, મુખ પર સદાયે પ્રસન્નતા.. **એવા....૭**

૧૦૮ શિષ્યો, ૨૦૦ શ્રમણી ગણના ધારક જે હતા
હિત - વાંચનામૃત દાનથી, સમુદાયને સંતોષતા,
ગુણરત્નસૂરિના વડિલબંધુ, જિતેન્દ્રસૂરિજી રાજતા. **એવા....૮**

સુરતમાં અંતિમ ચોમાસુ, ૫૩ વર્ષની સાધના,
મહારોગનું નિદાન પણ, મુખરેખાઓ બદલાયના
ડૉક્ટરો બોલી ઉઠ્યા અમે, હસ્તી દેખી લાખોમાં. **એવા....૯**

અપૂર્વ સમાધિ નિહાળીને, સહુ મુક્ત કંઠે ગાવતા,
આ નર નહી નરવીર બની, સહેતા અસહ્ય વેદના,
મૃત્યુનો ભય મનમાં નહી, પળ આખરી પ્રભુ ધ્યાનમાં. **એવા....૧૦**

પૂર્વ કોઈ સંકેતથી કુલચંદ્રસૂરિજી પધારીયા,
નવકાર શ્રવણે પુણ્ય મુનિગણ, નિર્યામણા કરાવીયા,
આસો સુદી બીજ રાત્રી સમયે ૮૩ વર્ષે થયું ગમન. **એવા....૧૧**

અગણિત ઉપકારો કીધા, અમ અંતરે ભુલાય ના
'ગુણ' સ્મૃતિથી પ્રતિમા સ્વરૂપે, હૃદયમાં સ્થાયી થયા,
**'મુનીશ'** માંગે સ્વર્ગથી વરસાવો, આશીષ મુક્તિના. **એવા....૧૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી વીર વંશ વંદનાવલી

## શ્રી ભાવાચાર્ય વંદના



તીર્થંકરો કરે મહામંગલ ધર્મતીર્થની સ્થાપના
એ તરણતારણ ધર્મતીર્થની જે કરે સંરક્ષણા
ગીતાર્થને શાસનપ્રભાવક તે નમું સૂરીશ્વરા
**એવા શ્રી ભાવાચાર્ય ચરણે ભાવથી કરૂં વંદના...**
**વિરતિધરા વીરતાધરા વીર વંશને કરૂં વંદના...૧**

પ્રભુવીર પ્રત્યે જેમનું અનુપમ હતું સમર્પણમ્
છદ્મસ્થ પણ જેઓ સમર્પે કંઈક જીવને કેવલમ્
લબ્ધિ અનંતી ધારતાને વીર વચન આરાધતા
**એવા શ્રી ગૌતમસ્વામી ચરણે ભાવથી કરૂં વંદના...૨**

અગ્યાર ગણધર વીરના તેમાંહે જે પટ્ટધાર છે.
આયુષ્ય સૌથી દીર્ઘ જેનું તેહથી શીરદાર છે
જે આજ સઘળા શ્રમણ ભગવન્ તે કહ્યા શ્રી સુધર્માના
**એવા શ્રી સુધર્માસ્વામી ચરણે ભાવથી કરૂં વંદના...૩**

એક રાત્રીમાં જેઓ તણા ઉપદેશનું કરતા સ્મરણ
નવયૌવના ને તસ્કરોનું પણ થયું દિક્ષા ગ્રહણ
ને આં કલિકાલે થયું જેઓનું અંતિમ શિવગમન
**એવા શ્રી જંબુસ્વામી ચરણે ભાવથી કરૂં વંદના...૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

  

મોહ વિણ નિજ પુત્ર ને સંયમ દઈ સુસ્થિરકરી
અલ્પાયુ શ્રીમનકમુનિને શિઘ્ર દીયે જે સદ્‌ગતિ
દશવૈકાલિક આપ્યું જેણે ચાલશે અંતિમ સુધી
**તે શય્યંભવસૂરિ ચરણ કમલે ભાવથી કરૂં વંદના...૫**

ચૌદપૂર્વી યશોભદ્ર સૂરીશ્વરા ચરણે નમન
ને અંતિમ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ તણું સ્મરણ
સમ્રાટ સંપ્રતિ પ્રતિબોધક આર્યસુહસ્તિ સૂરિ
**ને આર્યમહાગીરિ સૂરિ ચરણમાં ભાવથી કરૂં વંદના...૬**

સૂરિમંત્રના જપકોટીથી જે કોટીગચ્છનભોમણી
સુસ્થિતસૂરિના પાદપદ્મે વંદના કરૂં હું ઘણી
આચાર્ય સુપ્રતિબદ્ધસૂરિ ને આર્યરક્ષિત સૂરિવરા
**એવા શ્રી ભાવાચાર્ય ચરણે ભાવથી કરૂં વંદના...૭**

વિરગર્ભ હરણ કર્યું જે હરિણૈગમેષી સુરે
તે પુણ્યવંતા દેવ દેવર્ધિગણી શ્રમણ બને
સૂરિ પાંચસોની સાથ જેઓએ કરી શ્રુત લેખના
**દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના ચરણકમલે વંદના...૮**

વનરાજ જેવા શૌર્યથી જે નીકળતા ભવવન થકી
વૈરાગ્યવાસિત હૃદયથી જેઓ બન્યા મહાસંયમી
વૈરાગી વજ્રકુમારને કરે દાન જે સંયમ તણા
**આર્યસિંહગિરિ ચરણ કમલે ભાવથી કરૂં વંદના...૯**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

  

શ્રમણી મુખેથી શ્રવણ માત્રથી અંગ એકાદશ ધરે
ને પારણામાં પોઢતા વૈરાગ્યના રંગો ધરે
ત્રણ વર્ષના દીક્ષિત મુનિવર યુગપ્રધાન કહાવતા
**શ્રી વજસ્વામી ચરણ કમલે ભાવથી કરૂં વંદના...૧૦**

જયાદિ દેવીઓ કરે જેને અહર્નિશ વંદના
લઘુશાંતિની રચના વડે, કરે મહામારી નીકંદના
ષડ્ વિગઈના ત્યાગી સૂરિ પામ્યા જગતમાં નામના
**શ્રી માનદેવસૂરિ ચરણમાં ભાવથી કરૂં વંદના...૧૧**

ચૌદસો ચુમ્માલીસ ગ્રંથોની રચના સૂરિજીએ કરી
અતિ સૂક્ષ્મને અતિગહન શાસ્ત્રોના રહસ્યોને ધરી
ઉપકાર કીધો સંઘ પર ન કરાય જેહની વર્ણના
**હરિભદ્રસૂરીશ્વર ચરણમાં ભાવથી કરૂં વંદના...૧૨**

યાત્રા કરી મહાતીર્થ અષ્ટાપદ તણી જે ગુરુવરે
તે વીરસૂરીશ્વર ચરણમાં વંદના કરીએ અમે
આયંબિલ યાવજ્જીવ કરી જે તપા બિરૂદ ધારતા
**શ્રી જગચ્ચંદ્રસૂરિ ચરણમાં ભાવથી કરૂં વંદના...૧૩**

શ્રી ધર્મઘોષસૂરીશ્વરા જે ધર્મઉદ્ઘોષણ કરે
પેથડ મહામંત્રી હૃદયમાં ધર્મનું સિંચન કરે
તપાગચ્છ રક્ષક માણીભદ્ર સુરેન્દ્રને પ્રતિબોધતા
**આનંદવિમલસૂરિ ચરણમાં ભાવથી કરૂં વંદના...૧૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





અહિંસક અને ધર્મી બનાવ્યા તે જગદ્‌ગુરુને સંસ્મરૂ
મહાસંયમી એ હીરસૂરીશ્વર તણું સ્મરણ કરૂં
તપાગચ્છના સુવિશાલને સુવિહિત મહાસમ્રાટ જે
**શ્રી હીરસૂરીશ્વર ચરણમાં કરૂં ભાવથી હું વંદના...૧૫**

સર્જન કર્યું એક શ્લોક માત્રના શ્રવણથી મહાગ્રંથનું
દ્વાદશારનયચક્ર સર્જક મલ્લવાદીને નમું
સમ્રાટ વિક્રમ પ્રતિબોધક સિદ્ધસેન દિવાકરા
**શ્રી ભાવાચાર્યસૂરિ ચરણમાં ભાવથી કરૂં વંદના...૧૬**

સ્વામી સીમંધર જેહવું નિગોદનું વર્ણન કરે
તેવું જ વર્ણન ભરતમાં આર્યરક્ષિતસૂરિ કરે
વિદેહના એ નાથની શ્રુતધર કરે ઈમ તુલના
**આર્યરક્ષિતસૂરિ ચરણમાં ભાવથી કરૂં વંદના...૧૭**

અંજનપ્રતિષ્ઠામાં કરાયે પાદલિપ્ત વિધાન જે
તેના પ્રણેતા જે સૂરીશ્વર યોગસિદ્ધિ નિધાન છે
આકાશમાર્ગે રોજ કરતા પંચતીર્થની સ્પર્શના
**પાદલિપ્તસૂરિ ચરણમાં કરૂં ભાવથી હું વંદના...૧૮**

નવાંગી ટીકા કાજે જેઓ પામતા વરદાનને
ધરણેન્દ્ર ને પદ્માવતીની પામતા સહાય જે
પ્રભુ પાર્શ્વ સ્તાંભનનું કર્યું પ્રાગટ્ય કરી આરાધના
**શ્રી અભયદેવસૂરિ ચરણમાં ભાવથી કરૂં વંદના...૧૯**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





વ્યાકરણ સાહિત્ય ન્યાય કે દર્શનવળી યોગસૂત્ર પર
શાસ્ત્રોતણો આપ્યો ખજાનો તત્ત્વથી જેણે સભર
કલિકાલના સર્વજ્ઞને કુમારપાલ પ્રતિબોધતા
**શ્રી હેમચંદ્રસૂરિ ચરણમાં ભાવથી કરૂં વંદના...૨૦**

દેવેન્દ્રસૂરીશ્વરજી કરે ઉદ્ધાર કર્મગ્રંથનો
શ્રી ધનેશ્વરસૂરિ લખે મહિમા શ્રી શત્રુંજય તણો
જિનભદ્રગણી ક્ષમાશ્રમણ સિદ્ધર્ષીની કરૂં સેવના
**શ્રી ભાવાચાર્ય ચરણકમલમાં ભાવથી કરૂં વંદના...૨૧**

છ વર્ષની લઘુવય મહીં જેઓ કરે સંયમગ્રહણ
લક્ષ્મી - સરસ્વતી માતા દીયે જેહને દર્શન સ્વયં
દશવર્ષની વય માત્રમાં જેઓ સૂરિ પદ પામતા
**શ્રી બપ્પભટ્ટસૂરીશ ચરણે ભાવથી કરૂં વંદના...૨૨**

જ્યારે થયા જિનબિંબ ઉપર મહાભયાનક આક્રમણ
ત્યારે તે રક્ષામાં થયા બત્રીસ શિષ્યોના મરણ
તો પણ હૃદયમાં રાખતા રક્ષા તણી સંકલ્પના
**શ્રી યક્ષદેવસૂરીશ ચરણે ભાવથી કરૂં વંદના...૨૩**

મહાતીર્થ શત્રુંજય તણો ઉદ્ધાર ચૌદમો જે કરે
અંજનશલાકાથી ઋષભજિન સાત શ્વાસોશ્વાસ લે
નિઃસ્પૃહતા ને પુણ્યથી સૂરિ પાંચસે કરે અગ્રતા
**શ્રી વિદ્યામંડન સૂરિ ચરણે ભાવથી કરૂં વંદના...૨૪**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રમણીતણા રક્ષણાર્થે જેઓ રણ ભૂમિએ જઈ ચઢે
ને ગર્દભિલ્લને જીતીને શ્રમણીનું શીલ રક્ષણ કરે
એક શ્રમણી રક્ષણ કાજે જે ઈતીહાસ સર્જે યુદ્ધના
**કાલિકાચાર્યસૂરિ ચરણે ભાવથી કરૂં વંદના...૨૫**

જે સ્તોત્રમાં મહામંત્ર-તંત્ર ને યંત્રનો સંગમ ભર્યો
જે સ્તોત્રનો શ્રી જૈન સંઘે હૃદયથી આદર કર્યો
મહાસ્તોત્ર ભક્તામર રચી કરે જૈન ધર્મપ્રભાવના
**શ્રી માનતુંગ સૂરિ ચરણે ભાવથી કરૂં વંદના...૨૬**

શીખધર્મીકુળથી જે બન્યા સ્થાનકવાસી સંત
ને સત્ય સમજાતા તરત જે લાવતા ઉન્માર્ગ અંત
અઢાર મુનિવર સાથ કરે સંવેગી દીક્ષાનું ગ્રહણ
**શ્રી વિજયાનંદસૂરીશ ચરણે ભાવથી કરૂં વંદના...૨૭**

અષ્ટાદશ પુરાણતો મુખપાઠ જેઓને હતા
વળી બાર વર્ષે ગૃહત્યાગી જેહ શ્રેષ્ઠ યતિ બન્યા
સંવેગી દીક્ષા ને ગ્રહી લહે બ્રહ્મવ્રતમાં નામના
**શ્રી કમલસૂરીશ્વર ચરણમાં કરૂં ભાવથી હું વંદના...૨૮**

કવિકુલમહી મુકુટ સમા વાચસ્પતિ વ્યાખ્યાનના
વાદીવિજેતા ને વળી સર્જક બહુએ ગ્રંથના
આ કાલમાં વિમાનવાસી દેવતા કરે પૂજના
**શ્રી લબ્ધિસૂરીશ્વર ચરણ કમલે ભાવથી કરૂં વંદના...૨૯**

સૂરિમંત્ર ભક્તામરતણા સાધક ગુરુવરને કહું
વાત્સલ્ય હૃદયી આપ છો હું આપની કૃપા ચહું
તુજ વચન સિદ્ધિથી થયા વિક્રમ અનેકો વિશ્વમાં
**વિક્રમસૂરીશ્વર ચરણમાં હું ભાવથી કરૂં વંદના...૩૦**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભલે આજ તીર્થંકર પ્રભુનો વિરહ પૃથ્વી પર રહ્યો
પણ સત્ય પ્રરૂપણ થકી આચાર્ય જિનવર સમ કહ્યો
વંદુ તે સઘળા સૂરિવરો સમ્યક કરે જે પ્રરૂપણા
**શ્રી ભાવાચાર્ય ચરણ કમલે ભાવથી કરૂં વંદના...૩૧**

**રચયિતા - મુનિશ્રી સંસ્કારયશ વિ. મ. સા.**

કલિયુગ વિષે સિદ્ધિસૂરિ, નેમિસૂરિ, નીતિસૂરિ,
આનંદસાગર, બુદ્ધિસાગર, ભક્તિ પ્રેમ મોહનસૂરિ,
કેસર, કનક, સુરેન્દ્ર, કર્પુર, લબ્ધિ, વલ્લભસૂરીશ્વરા
**વિરતિધરા વીરતાધરા વીર વંશને કરૂં વંદના...૩૨**



સકલાગમોના મર્મ જાણી ભવિક જીવને બોધતા
પટધાર પંચોતેરમાં, જિનશાસને જે દીપતા
શ્રી વીરવાચક શિષ્ય શૂરા, વિજય દાનસૂરીશ્વરા
**વિરતિધરા વીરતાધરા વીર વંશને કરૂં વંદના...૩૩**

તપ ત્યાગને સંયમતણો જેમાં સુભગ સંગમ થયો
જેઓ તણો વૈરાગ્ય આજે સહુને હૃદયંગમ બન્યો
જેના બ્રહ્મચર્યનો નાદ આજે વિશ્વમાં ગાજી રહ્યો
**એવા ગુરુશ્રી પ્રેમસૂરિજીના ચરણમાં કરું વંદના...૩૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



પ્રવચન સુધા વરસાવીને યુવા હૃદય પરિવર્તન કર્યું,
રસના વિજેતાનું બિરુદ સૂરીશ્વરે અર્જન કર્યું,
અતિતીવ્ર મેધાના બળે શાસ્ત્રો તણું સર્જન કર્યું,
**એવા ગુરૂ શ્રી ભુવનભાનુ સૂરિ ચરણમાં વંદના...૩૫**

શાસન તણા ઉદ્યાનમાં, કંઈ કેટલાં પુષ્પો ખીલ્યા,
તેમાંહી આગમપ્રજ્ઞ સૂરીશ્વર, સુરભિ પુષ્પ સમા મળ્યા
સાગર સમી ગંભીરતાથી, સંઘ હિત કાર્યો કર્યા
**એવા ગુરુશ્રી જયઘોષસૂરિજીના ચરણમાં કરૂં વંદના...૩૬**

મેવાડ પગરણ માંડીને, જિનધર્મ ને સમજાવતા
સમતા સમાધિ સહિષ્ણુતા નો; માર્ગ સહુ ને બતાવતા
મુખડું સદા પ્રસન્ન રહેતું, કષ્ટો અધિકા વેઠતા,
**એવા ગુરૂ શ્રી જીતેન્દ્રસૂરિજીના ચરણમાં કરૂં વંદના...૩૭**

ગુણવારિધિ, શુદ્ધસંયમી તારક બન્યા જે શિષ્યોના
ગુણવૈભવે સૂરિ પ્રેમની જેણે કરી હતી સેવના
ગુણની સુવાસ પ્રસારતા એ સારથી બને મોક્ષના
**એવા ગુરૂ શ્રી ગુણરત્નસૂરિજીના ચરણમાં કરું વંદના...૩૮**

તીર્થંકર સમ સૂરીશ્વરા, ગુણોની તુલના થાયના,
મનના મલિન ભાવો નિહાળે, તો યે અમ પર રોષ ના
ગુણરૂપી રત્નો પ્રાપ્ત કરવા, આશિષની કરું યાચના
**ઉપકારકારી સર્વ સૂરીશ ચરણે "મુનીશ" ની હો વંદના...૩૯**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




કેવું પરમ ! છે ભાગ્ય મારું, દેવ-ગુરુ ભેટ્યાં મને
કરું ઝંખના ગુરુ-ગુણ તણી, મુજ અંતરે જે રણઝણે
ચમકાર કરતો હૃદયમાં, ગુરુદેવ ! તુમ આચાર છે
ઓ પ્રાણ - પ્યારા ! ગુરુવરા ! તમને સદા નમસ્કાર હો
ઓ જીવન સારથિ ! ગુરુવરા તુમને સદા નમસ્કાર હો. ઓ...૧
મુજ જીવનના કુરુ-ક્ષેત્રમાં, શ્રીકૃષ્ણ બની મુજને મળ્યાં
શબરી સમા આ ભક્તને, શ્રી રામ સમ બનીને ફળ્યાં
તુમ સ્મરણ મુજ તન-મનમહિં, દિન-રાત-સાંજ-સવાર હો ઓ...૨
શું, ચન્દ્રની જ્યોત્સ્ના કહું, કે વૃક્ષની છાયા કહું ?
સંસારના દાવાનલે, બસ ! આપની માયા ચહું
તુમસુ પ્રભાવે ચાલતાં, મુજ હૃદયના ધબકાર હો. ઓ...૩
જિન-તત્વનું વર્ણન કરી, મમ જીવન પરિવર્તન કર્યું
સાંનિધ્ય પામી આપનું, મુજ હૃદયનું પાનું ફર્યું
મુજ જીવનના ઈતિહાસમાં, અતિ-ભવ્ય આ ચમત્કાર હો. આ...૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવી મધુરી વાણી છે ! મમ કર્ણમાં રણક્યાં કરે
તેજસ્વી છે મુખ સૂર્ય સમ, મમ નેત્રમાં ચમક્યાં કરે
અને સ્મિત નિરખતાં આપનું, આનંદ અપરંપાર હો. ઓ...૫
જિમ મોર ચાહે મેઘને, તિમ તુમ સહ મુજ પ્રીત છે
તુમ નામના સંસ્મરણથી, મમ સાધનામાં જિત છે
વાહ ! રણમહિં જિમ ઝરણ તિમ, તુમ પામી હર્ષ અપાર હો. ઓ...
તુમ દષ્ટિમાં શું જાદું છે, બસ ! નિરખતાં મુજ દિલ ઠરે
વળી, કામ-ક્રોધાદિ શમે અને પાપની બુદ્ધિ ફરે
સુણજો સહુ ! ઓ ગુરુવરા, મુજ જીવન - ખેવણહાર હો. ઓ...૭
અંતરતણા ઉપવનમહિં પુષ્પો અનેરા શોભતાં !
વાત્સલ્યતા ને સૌમ્યતાદિ ગુણ સદા મનમોહતા
ગુણ કેટલાં વર્ણન કરું ? જે તરણ-તારણહાર. હો. ઓ...૮
સાગર સમા ગંભીર છો ને ચંદ્ર જેવો સ્વભાવ છે
વીતરાગ મુજને બનાવવા, તુમ હૃદયનો શુભ ભાવ છે.
પણ, રાગ-વનમાં રાચતો, મુજને અરે ! ધિક્કાર હો. ઓ...૯
કદિ યાદ ને ફરીયાદમાં, મુજ અશ્રુ અનરાધાર હો
કદિ વેદના-સંવેદનાનો, હૃદય પર અતિ ભાર હો
સન્માર્ગ ત્યારે બતાવીને, કિધો ઘણો ઉપકાર હો. ઓ...૧૦
હું વાસનાની ગીચ ગલીમાં, હિંડતો પ્રાણી હતો
મોહાંધ ને લોભાંધથી, ઉન્માર્ગમાં ડુબ્યો હતો
પણ, શરણ તુમ પામી હવે, ખુલી ગયા શુભ-દ્વાર હો. ઓ...૧૧
મેં અજ્ઞતાની ગંદગીમાં, કેવા પાપો આચર્યા ?
આસક્તિઓની માંદગીથી વિષયના સેવન કર્યા
ભવ-સાગરેથી ઉગરવા, તુમ હાથનો ઇંતજાર હો. ઓ...૧૨


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુજ જીવનના સહુ દુર્ગુણો ઉદ્ધારનારા છો તમે
ભાવી જીવનની ભવ્યતા અજવાળનારા છો તમે
કલિકાલમાં તુમ પ્રાપ્તિ તો, શુભ પુણ્યનો ઉપહાર હો. ઓ...૧૩
મુજ દુર્મતિ ને દીનતા દફનાવનારા છો તમે
મુજ પાપ ને સંતાપને પ્રશમાવનારા છો તમે
મમ કવચ બની રક્ષા કરો, વિનંતિ વારંવાર હો. ઓ...૧૪
મુજ મૂઢતાને છેદનારા પરમ ઉપકારી તમે
અર્હમ્-પ્રભુ ઓળખાવનારા, અનંત ઉપકારી તમે
તુણ ગુણતણો અનુરાગ તો મુજ અજ્ઞતા હરનાર હો. ઓ...૧૫
મુજ દોષરૂપી રોગના છો વૈદ્ય - ધનવંતરી તમે
બેડોળતાં નિવારવાં, મુજ શ્રેષ્ઠ શિલ્પી છો તમે
સર્વસ્વ સમ મમ ગુરુવરા મુજ ભાવી સર્જનહાર હો. ઓ...૧૬
મુજ ભાગ્યોદયથી સુરમણિ ને ચિંતામણિ મુજને મળ્યાં
આ પતિતને કરવા પુનિત, પારસમણિ સમ મુજ ફળ્યાં
અનમોલ-મણિ સમ આપથી, હવે તૃપ્તિનો ટંકાર હો. ઓ...૧૭
મમ અણુ-અણુ પરમાણુમાં, પ્રતિ શ્વાસમાં કહુ છું, સુણો !
તુમ વાસ છે, સુવાસ છે, સંબંધ છે જુગ - જુગ જુનો
તુમ ચરણ - કમલને પામીને, થયો ધન્ય મુજ અવતાર હો.ઓ...૧૮
ઉપકારો જ્યારે સંસ્મરું, રોમાંચ ત્યારે અનુભવું
અતિ ગાઢ છે સંકલ્પ મુજ, હવે તુમ વિના કહો ! ક્યાં જઉં?
શબ્દો નથી જડતાં મને, મન-મોરનો ટહુકાર હો. ઓ...૧૯
તમે પ્રાણ છો ને ત્રાણ છો, વળી રયણ કેરી ખાણ છો
સગર્વથી કહું છું તમે, મુજ જિંદગીની શાન છો
હવે દાસને જો વિસરશો તો, તુમ વિના મુજ હાર હો. ઓ...૨૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમે માત છો ને તાત છો વળી, મિત્ર પણ સાચા તમે
દિલથી કહું ચાતક સમાં, સેવક તણાં સ્વામી તુમે
પ્રિયંકરી તુમ વાણી તો, અધ્યાત્મની અમીધાર હો. ઓ...૨૧
તમે કૃષ્ણ તો અર્જુન છું, ને રામ તો હનુમાન હું
તુમ ચરણને પામી બનીશ, ગૌતમ સમો ગુણવાન હું
હવે, તુમ સહ આ વિશ્વના સંબંધ સર્વ સ્વીકાર હો. આ...૨૨
વરસાદ જ્યારે વરસતો, પ્રતિબિંબ છે પ્રતિ બિંદુમાં
તુમ નામના આ દિવ્ય-મોતી, ચમકતાં મન-સિંધુમાં
ભુલતાં નહિ તુમ હાથમાં, મુજ મન-વિણાનો તાર હો. આ...૨૩
આ ઉછળતાં સાગરમહિં જલ-બિંદુઓ જિમ ઝગમગે
ઉંચે રહેલા ગગનમાં, વળી, તારલાઓ ટગમગે
તેથી અનંતા સ્નેહનો, મુજ હૃદયમાં રણકાર હો. ઓ...૨૪
જિમ લુણ વિના ભોજન તણી, નહિ સંભવે કદિ મધુરતાં
અને ખાંડ જો નહિ મિષ્ટમાં, તો લાગે કેવી અધુરતાં !
કહું છું ખરું, તિમ તુમ વિના, મનડું સદા બેકરાર હો. ઓ...૨૫
જિમ સૂર્યમાં ઉજાસ છે ને પુષ્પમાં સુવાસ છે
તિમ રોમ-રોમે વ્યાપ્ત ને, વિશ્વાસનો પણ શ્વાસ છે
તુમ શક્તિ મુજ સંગાથ છે, એવો સદા અણસાર હો. ઓ...૨૬
મુજ દિલમહિં તુમ સાધનાના સૂર્ય-કિરણો ઝળહળે
અને પ્રતિ - પળે મુજ ઘટમહિં, તુમ નામનો દીવો બળે
દશ પ્રાણમાં પ્રતિ રોમમાં, તુમ ભક્તિનો સંચાર હો. ઓ...૨૭
સંયોગના સહસાવને, નહિં અન્ય કાંઈ મુજ ગમે
વિયોગના વડવાનલે, આ હૃદય-તન-મન અતિ ભમે
સુણજો ! હવે, મુજ જીવનમાં, અરે ! તુમ વિના અંધાર હોઓ...૨૮


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવી મઝાની ભાવના મુજ હૃદય આ ઝંખ્યા કરે
સાંનિધ્ય નિશદિન પામવા, મુજ મન ઘણું ઉછળ્યાં કરે
તુમ સાથ છે, સહકાર છે, નૈયા હવે ભવપાર હો. ઓ...૨૯
વિશ્વાસ મારો ડગમગે, ત્યારે તમે મને ચેતજો
હિંમત ધરી આગળ વધુ, સામર્થ્ય મુજને આપજો
તુમ સાદ નિશદિન સુણવા, દિલમાં ભર્યો દરબાર હો. ઓ...૩૦
અધ્યાત્મના પીયૂષથી, બુઝાવજો મુજ પ્યાસને
પ્રતિ શ્વાસ ને ઉચ્છવાસમાં, રાખું સદા તુમ આશને
આ જિંદગીના જંગમાં, તુમ સાથનો પોકાર હો. ઓ...૩૧
જ્યારે કરું ઘણી યાદ હું તુફાન ત્યાં સરજાય છે
સમજાવું છું મુજ જાતને, પણ ! મન ઘણું કરમાય છે
કરું યાદ ત્યારે પધારજો ! મીઠો સદા લલકાર હો. ઓ...૩૨
ઉપસર્ગો મારા જીવનમાં, અનુકૂલ કે પ્રતિકૂલ હો
આશિષ દેજો ડગમગું ના, ફુલ કે ભલે શુલ હો
મુજ વેલડી સમ આતમાનો, તુમ થકી ઉદ્ધાર હો. ઓ...૩૩
મુજ જીવનની સંધ્યા ઢળે, ત્યારે જરૂર પધારજો
સમભાવ મારો ટકાવીને, નવકારને સંભળાવજો
હવે મૃત્યુનો પણ ભય નહિ, તુમ નામનો જયકાર ...૩૪
સૌભાગ્ય-યશ-કલ્યાણને વિકસાવનારા છો તમે
ચૈતન્યની સહુ સિદ્ધિને વિલસાવનારા છો તમે
મુજ યોગ-ક્ષેમ કરો સદા, ભલે આંધિયો હજાર હો. ઓ...૩૫
ઓ તરણ-તારણ ગુરુવરા ! તુમે સાધના-શણગાર છો
ઓ પતિત-પાવન ગુરુવરા ! તુમે સાધ્ય સમ અણગાર છો
પામી કૃપા તુમ ગુરુવરા ! આ જીવન મુજ સાકાર હોઓ...૩૬


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# મહાવ્રત વંદના







અહિંસા સત્યાસ્તેય બ્રહ્મ ત્યાગ પરિગ્રહનો વ્રતં,
ને રાત્રિ ભોજન ત્યાગ છઠ્ઠું જ્ઞાન વિરાગ શોભિતં,
પ્રત્યેક વ્રતના ભાવનું સંક્ષેપથી કરું વર્ણનં,
અહોભાવથી તે વ્રતને વંદુ નમો લોએ સવ્વસાહૂણં. અહો.૧

જે પૂર્ણ અહિંસા વ્રત પ્રથમ જે સૂક્ષ્મ બાદર રૂપ છે,
ને દ્રવ્ય-ભાવ ભેદથી જે પરને સ્વ સ્વરૂપ છે,
છે પાંચ ભાવના યુક્ત જે ને તીવ્ર શિવગતિ કારણં. અહો.૨

જે અભિહતાદિ દશ ૪ રૂપે નાશ પીડા ક્લેશ છે,
ત્રિકાળ ક્રીત કર્તન પચન જે કરણ યોગ ત્રિવિધ છે,
તેનું છકાય જીવ અંગે સર્વથા જ્યાં વિરમણં. અહો.૩

પ્રમાદ હિંસારૂપ ગણે નિશ્ચયનો તે પરિણામ છે,
પ્રમાર્જના પ્રતિલેખના વળી જયણા અહીં પ્રધાન છે,
જેથી મળે શુભ દીર્ઘઆયુ દેહ સુંદર જ્વરહીનં. અહો.૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૃષાવાદ વિ.મ.

દ્વિતીય વ્રત છે સત્ય જેમાં જીવ વસ્તુ સજ્જનો,
તેઓ તણા હિતકર ને તથ્ય મિત પ્રિય ઉચ્ચારણો,
સાવધ તુચ્છ જકારવાણી સર્વથા નહીં ભાવનં અહો.૫
જે ક્રોધ લોભને હાસ્ય ભયથી રાગ દ્વેષને મોહથી,
નિંદા પ્રશંસા પરને નિજની વચન જે આદેશથી,
તે ત્યાગથી છે વચનસિદ્ધિ સ્વર આદેય પ્રાપણં. અહો.૬
ભાષા સમિતને વચનગુપ્ત કલહ ચારી રહિત જે,
વાચંયમાને મૌન મુનિ દેશના ઉપકાર જે,
સ્વાધ્યાય મગ્નને જે કરે સમાચારી દસનું પાલનં. અહો.૭

અદત્તાદાન વિ.મ.

માલિક જીવ અરિહંત ગુરુ ચારની સંમતિ વિના,
લેવું નહીં તૃણમાત્ર પણ માંગે અવગ્રહ પાંચના,
અસ્તેય તે વ્રત તૃતીય જે મનઃ શુદ્ધિ કારણં. અહો.૮
અણુજાણહુ જસ્સુગ્ગહો કહી ટાળતા અદત્તને,
દૌર્ભાગ્ય અંતરાય કર્મ હટશે તે વ્રત કારણે,
નીતિ તથા ઈમાન પામે અયશ પામે વિનાશનં અહો.૯

મૈથુન વિ.મ.

છે બ્રહ્મચર્ય વ્રત જ ચોથું ભેદ જેના અઢાર છે,
શબ્દાદિમાં નહીં રાગ દ્વેષ જે વાડ નવે રક્ષાય છે,
જે આત્મરૂપે રમણતા તે બ્રહ્મરૂપ સંવેદનં. અહો.૧૦
એકાંતવાસનો ત્યાગ કરતા હોય ભલે મા સાથમાં,
નીચા કરે નેત્રો તરત જો લલના આવે દષ્ટિમાં,
સ્ત્રી પશુ પંડક રહીત જે આવાસ જસ છે પાવનં અહો.૧૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ બ્રહ્માવ્રત પાલન થકી લબ્ધિ તથા સિદ્ધિ વરે,
પ્રકૃતિ અનુકૂળતા કરે શાંતિ સમાધિને વરે,
શ્રી નેમિ જંબુ સુદર્શનં ને સ્થૂલભદ્રને વંદનં. અહો.૧૨

અપરિગ્રહ વ્રત પાંચમું નિસ્પૃહતા ગુણ કારણં,
ને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવે મુક્ત મમતા બંધનં,
આસક્તિને મૂર્ચ્છા વિના ધર્મોપકરણનું ધારણં. અહો.૧૩

સંતોષ ઋદ્ધિ પ્રસન્નતા એ વ્રતપાલનથી થાય છે,
અંતિમ વ્રત વિકલ્પ ચારે નિશિ ભોજનનો ત્યાગ છે,
ને એક ભક્ત જ ભોજનં તે સાર છે જિનશાસનં. અહો.૧૪

નવકોટી શુદ્ધ એ વ્રતો પાળી જીવનભર શુભ ભાવથી,
પ્રભાવ પાથરી ધર્મનો ને 'અજિત' થઈને મોહથી,
ને શુદ્ધિ સિદ્ધિ લબ્ધિ પામે તે મુનિઓને નમન. અહો.૧૫

## ઓઘો છે અણમૂલો

(તર્જ : હોઠો સે છૂલો તુમ)

ઓઘો છે અણમૂલો, એનં ખૂબ જતન કરજો,
મોંઘી છે મુહપત્તિ એવું રોજ રટણ કરજો. ઓઘો છે અણમૂલો...
આ વેશ આપ્યો તમને, અમે એવી શ્રદ્ધાથી,
ઉપયોગ સદા કરશો, તમે પૂરી નિષ્ઠાથી,
આધાર લઈ એનો, ધર્મારાધન કરજો.... ઓઘો..૧

આ વેશ ઉગારે છે, એને જે અજવાળે છે,
ગાફેલ રહે એને, આ વેશ ડૂબાડે છે,
ડૂબવું કે તરવું છે, મનમાં મંથન કરજો. ઓઘો..૨

દેવો ઝંખે તો પણ જે વેશ નથી મળતો,
તમે પુણ્ય થકી પામ્યા, એની કિંમત પારખજો,
દેવોથી પણ ઊંચે તમે સ્થાન ગ્રહણ કરજો. ઓઘો..૩


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પંચસૂત્ર પરિભાવના

## પ્રથમ સૂત્ર

(રાગ - મંદિર છો મુક્તિ તણાં)

જે ચાર ભેદો ધર્મના, પ્રભુ તે બતાવ્યાં વિશ્વમાં,
વળી તેહમાં શિરદાર ને, નાયક સમો જે જગતમાં,
તિહુંકાળમાં પણ જીવની, મુક્તિ નથી જેના વિના,
શ્રી પંચસુત્ર થકી કરૂં, તે ભાવધર્મ આરાધના...૧

મંગલ

વીતરાગ સર્વજ્ઞ વળી, દેવેન્દ્રથી પૂજિત જે,
વસ્તુ યથાસ્થિત ભાખતા, ત્રૈલોક્યગુરુ અરુહંત જે,
ચોત્રીશ અતિશય ધારકા, ભગવંત જે ત્રણ ભુવનના,
તે જગપતિ અરિહંતને, કરું ભાવથી હું વંદના...૨

સંસાર સ્વરૂપ

કૈવલ્યમાં નિરખી કહે, ભવિજીવને પરમાતમા,
વસતા અનાદિકાળથી, સવિ જીવ આ સંસારમાં,
ભવસાગરે તસ ભવભ્રમણ, પણ છે અનાદિકાળના,
તસ મૂળ કારણ છે અનાદિકર્મની સંયોજના...૩
દુઃખરૂપ ને દુઃખફળપ્રદા, દુઃખાનુબંધિ જગ સદા,
તેનો કરે વિચ્છેદ જે, લહે શુદ્ધધર્મની સંપદા,
તે શુદ્ધધર્મની પ્રાપ્તિ પણ, લહે પાપના વિગમન થકી,
કરે પાપવિગમન પણ તથાભવ્યત્વના પરિપાકથી...૪

પરિપાક સાધન

ભાખે પ્રભુ પરિપાક સાધન તે તથાભવ્યત્વના,
અરિહંત-સિદ્ધ-સુશ્રમણ ને, શરણાં ગ્રહો જિનધર્મના,
ઈહ-પરભવેકૃત દુષ્કૃતોની ભાવથી કરો ગર્હણા,
સત્કૃત્ય જે સવિ જીવકૃત, તેની કરો અનુમોદના...૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિપાક સાધન

ભવનાશ કરવા મોક્ષઅર્થી ભવ્યજીવો શુભમને,
કરજો સદા પ્રણિધાનપૂર્વક પંચસૂત્રના પાઠને,
સંક્લેશની ક્ષણમાં સદા કરજો નિરંતર સેવના
ને સ્વસ્થતાએ પણ ત્રિસંધ્યામાં કરો સંભારણા...૬

અરિહંત શરણ

ત્રણલોકના જે નાથ છે, ભંડાર અનુત્તર પુણ્યના,
ક્ષીણરાગ-દ્વેષને મોહ જસ, વળી નાવ ભવજલધિતણા,
અચિંત્ય ચિંતામણી સમા, એકાંત શરણું જેહનું
જાવજ્જીવમ્ લઉં શરણ હું, અરિહંત ભગવંતો તણું...૭

સિદ્ધ શરણ

જે જન્મ-મરણ રહિત બન્યા, કાઢી કલંકો કર્મના
ક્ષીણવિઘ્ન જસ વળી સ્વામી કેવલજ્ઞાન ને દર્શન તણા,
નિરૂપમ સુખોથી યુક્ત જે, ને સર્વથા કૃતકૃત્ય જે,
શરણું ગ્રહું તે સિદ્ધભગવંતોનું શીવપુરસ્થ જે...૮

સાધુ શરણ

સુપ્રશાંત ગંભીર આશયા, સાવદ્યયોગથી વિરમતા,
આચાર પંચ જે જાણતા, ને પર સહાયે નિત રતા,
પદ્માદિ સમ ઉપમા વરે, સ્વાધ્યાય ધ્યાને મગ્ન જે,
શરણું ગ્રહું તે શ્રમણનું રહે ચઢત ભાવે નિત્ય જે...૯

ધર્મ શરણ

સુરઅસુરનર પૂજિત, મોહતિમિરરવિ ને શિવપ્રદા,
હરે રાગ-દ્વેષ રૂપી વિષોને મંત્ર બની જે સર્વદા,
હેતુ સકલ કલ્યાણનો, જ્વાલા બની કહે કર્મવન,
તે જિનપ્રરુપિત ધર્મનું, શરણું ગ્રહું યાત્વજીના...૧૦


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




ઈમ શરણ ગ્રહી સવિ દુષ્કૃતોની હૃદયથી કરું ગર્હણા,
અરિહંત-સિદ્ધાચાર્ય-વાચક-સાધુ ને સાધ્વી તણા,
વળી ધર્મપ્રેમી શ્રાવકો ને શ્રાવિકાના વૃંદના,
અપરાધ જે મુજથી થયા, કરું ભાવથી તસ ગર્હણા...૧૧

માતા-પિતા-બંધુ અને, મિત્રો વળી ઉપકારીના,
સન્માર્ગ કે ઉન્માર્ગમાં, સ્થિત સર્વ જીવસમૂહના
ઉપકરણ ને અધિકરણ વળી, સવિ જડ અને ચેતન તણા
અપરાધ જે મુજથી થયા, કરું ભાવથી તસ ગર્હણા...૧૨

તે સર્વના સંબંધમાં, વિપરીત આચરણા કરી,
દુષ્ટાચરણ અનિચ્છનીય કર્મલીલા આદરી,
પાપાનુબંધિ પાપ જે, અતિ સૂક્ષ્મ વળી બાદર ઘણા,
તન-મન-વચનથી આદર્યા, કરું ભાવથી તસ ગર્હણા...૧૩

તે પાપ મેં કીધાં - કરાવ્યાં ને કરી - અનુમોદના,
અતિ રાગ-દ્વેષ કે મોહથી, ઈહભવ તણા-પરભવ તણા,
અતિનિંધ તે દુષ્કૃત્ય નિશ્ચય યોગ્ય છે પરિત્યાગના,
મન-વચન-કાયાએ કરું, હું ભાવથી તસ ગર્હણા...૧૪

કલ્યાણમિત્ર સમા ગુરુથી વાત આ જાણી કરી,
સાચી જ છે આ વાત ઈમ, નિજ હૃદયમાં શ્રદ્ધા ધરી,
અરિહંત - સિદ્ધની સાક્ષીએ, દુષ્કૃત્યની કરૂં ગર્હણા,
મિચ્છામિ દુક્કડં દઈને, કરું ત્યાગ નિજ પાપો તણા...૧૫


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગર્હા કરી જે આજ મેં, સમ્યગ્ બની મુજને ફળો,
પાપો કરું ના હું ફરી, એવી મને શક્તિ મળો,
બહુમાન્ય આ મુજને બનો, ઈચ્છું સદા અનુશાસના,
અરિહંત ભગવંતો તણી, ને ગુરુ તણી હિતશિક્ષણા...૧૬

નિત દેવગુરુ સંયોગ હો, સાચી બનો મુજ પ્રાર્થના,
બહુમાન હો આનું મને, બને મોક્ષબીજ એ કામના,
તે દેવગુરુ સાન્નિધ્ય મળતા કરીશ ભાવથી સેવના,
અતિચાર વિણ આણા ધરીને પાર પામીશ ભવ તણા... ૧૭

## સુકૃતાનુમોદન

સંવિજ્ઞ થઈ યથાશક્તિએ, કરું સુકૃતની અનુમોદના,
જે ધર્મ અનુષ્ઠાનો સવિ, અરિહંત ભગવંતો તણા,
શાશ્વત સ્વરૂપે સ્થિર જે, શુભભાવ સવિ સિદ્ધો તણા,
તન-મન-વચનથી હું કરું, તસ ભાવથી અનુમોદના...૧૮

જે સર્વ આચાર્યો તણા, શુભ પંચવિધ આચારની
ને સર્વ ઉવજ્ઝાયના, સ્વાધ્યાય વળી શ્રુતદાનની,
દશઅષ્ટસહસ શીલાંગ યુત, યતિધર્મ જે સવિ શ્રમણના,
તન-મન-વચનથી હું કરું, તસ ભાવથી અનુમોદના...૧૯

સવિ શ્રાવકો ને શ્રાવિકાના મોક્ષસાધક યોગની,
ને દેવ - દાનવ-ભવ્યમાનવ-અલ્પભવી સવિ જીવની,
માર્ગાનુસારી કૃત્યની, જેથી લહે ફળ શિવ તણા,
તન-મન-વચનથી હું કરું, તસ ભાવથી અનુમોદના...૨૦


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે પરમગુણ સંપન્ન અરિહંતાદિના શુભબળ થકી,
આ માહરી અનુમોદના, સમ્યગ્ બનો સુવિધિ થકી,
સમ્યગ્ બનો શુદ્ધાશયા, સમ્યગ્ ક્રિયાપૂર્વક સદા,
સમ્યગ્ નિરતિચારી બની, પુણ્યાનુબંધિ પુણ્યદા...૨૧

સર્વજ્ઞ ભગવન વીતરાગ અચિંત્ય શક્તિયુક્ત જે,
ભવિજીવના કલ્યાણમાં કારણ, પરમ આધાર જે,
હું મૂઢ પાપી ને અનાદિ મોહથી વાસિતમના,
તે દેવગુરુ નવિ ઓળખ્યા, છે તેવી મુજ વિડંબના !...૨૨

અણજાણ છું હું સર્વથા, મુજ હિત-અહિતના ભાવથી,
વિરમું અહિતથી હિતતણું, સેવન કરું શુભ ભાવથી,
સવિ જીવ પ્રતિ ઔચિત્ય ધરી, કરું ધર્મની આરાધના,
ઈચ્છું સદા કરતો રહું, સત્કૃત્યની અનુમોદના...૨૩

## ફળ વર્ણન

આ સૂત્ર જે સુભણે-સુણે-ચિંતન કરે ભાવિતમના,
તસ ભવ અનંત તણા અશુભ, અનુબંધ સવિ કર્મોતણા,
સુશિથિલ બની, થઈ ક્ષીણ ને, સવિ નાશ પામે યુગપદા
શુભધ્યાનની ધારા થકી, શુદ્ધિ લહે જીવ સર્વદા...૨૪

જિમ મંત્ર બંધિત સર્વવિષ, તિમ કર્મ નિજ આતમ પ્રતિ,
અતિ અલ્પફળદાયી, સુખેથી દૂર થાયે આત્મથી,
બંધાય ના ફરી વાર કદી, સેવા બને નિર્બળ સદા,
આ સૂત્ર પરિભાવન પ્રભાવે નાશ થાયે આપદા...૨૫


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી શુભ કરમ અનુબંધ આકર્ષિત બને જસ પાઠથી,
પોષણ થકી સંપૂર્ણ બની, શુભકર્મ સાનુબંધથી,
પ્રકૃષ્ટ થઈ, નિયમા ફળે, જિમ શ્રેષ્ઠ ઔષધ વિધિવતા,
શુભ ફળપ્રદા, સુપ્રવર્તકા, આપે પરમસુખ શાશ્વતા...૨૬

તેથી નિદાનરહિત અને સવિ અશુભ ભાવરહિત સદા,
શુભભાવબીજક સૂત્ર આ, પ્રણિધાન શુભ ધરી સર્વદા,
સમ્યગ્ ભણો, સમ્યગ્ સુણો, સમ્યગ્ કરો પરિચિંતના,
શિવ-અચલ-અરુજ-અનંત-અક્ષય ગુણ વરો આતમતણા...૨૭

સાર

અરિહંત - સિદ્ધ-સુશ્રમણ ને, જિનધર્મ શરણું હું વરું,
ભવોભવતણા સવિ પાપનું મિચ્છામિ દુક્કડં હું કરું,
સવિ જીવકૃત સત્કૃત્યની, કરું શુભમને અનુમોદના,
સવિ જીવ કરું, શાસનરસીની, ભાવું નિત શુભ ભાવના...૨૮

અંત મંગલ

અતિપૂજ્ય પૂજિત પરમગુરુ વીતરાગને મુજ વંદના,
વળી જે નમસ્કરણીય સહુને ભાવથી કરું વંદના,
જય હો અપ્રતિહત વિશ્વમાં, સર્વજ્ઞ શાસન સર્વદા,
પામો પરમ સમકિત થકી, સુખ જગતના જીવો સદા...૨૯

કળશ

ક્યાં શ્રુતનિધિ શ્રીચિરંતનાચાર્યે રચેલું સૂત્ર આ,
ક્યાં મૂઢમતિ સમ માહરૂં, તસ કાવ્ય રૂપે કાર્ય આ,
તોએ કર્યું ભક્તિવશે, કલ્યાણ કાજે વિશ્વના,
જિનગુણરતન રશ્મિથી પ્રગટે 'હીર' સવિ જીવો તણા...૩૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# સમતા સમાધિ યાચના
## મૃત્યુ સંવેદના





જ્યારે અચાનક આવશે યમદેવ મારા આંગણે,
જનમોજનમના ચિરપ્રવાસે લઈ જશે જ્યારે મને
હે વીતરાગ જિનેન્દ્ર ! એક જ છે વિનંતિ આપને
ત્યારે સમાધિ-બોધિનું પાથેય દેજો પ્રભુ ! મને...૧

જે છોડશે તે પામશે એવું અહીં કહેવાય છે,
કહે છે પ્રભુ, જે મૃત્યુભય તજશે સુખો તે પામશે !
આ જીવ ગર્ભાવાસથી પૂરાય જે તનપિંજરે,
પિંજર થકી છોડાવનારું કોણ છે વિણ મરણ રે !...૨

વ્યાધિ અને બંધન અને ઘડપણતણી જાલિમ વ્યથા
સંયોગ ને વિયોગ સઘળી દેહની કાતિલ કથા,
મૃત્યુસખાની મદદથી આ દેહથી છૂટાય છે
આ સત્યને સ્વીકારનારા મુક્તિસ્વામી થાય છે !...૩

જ્યારે ઊગ્યું મૃત્યુરૂપી સુરવૃક્ષ રૂડું આગણે,
ત્યારે સમાધિ-આત્મઋદ્ધિ મેળવી ના જેમણે,
તે માનવો જનમોજનમ દારિદ્રય દારુણ પામશે,
તનમાં અને મનમાં અનંતા દુઃખ-દુર્ગુણ જામશે...૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાશ્વત વિરહ તન-ધન-સ્વજનનો જે કરાવે તે મરણ-
આસક્તિવાળા જીવને લાગે સળગતું રેત-રણ !
સંસાર છે નિઃસાર એવું જાણનારા જીવને -
લાગે મરણ, સુખનું કિરણ, અંધારઘેરા ભવવને !...૫

મૃત્યુસમયની વ્યાધિની કાળી અકારી વેદના -
અજ્ઞાનીને પીડા જગાડે, જ્ઞાનીને સંવેદના !
જ્ઞાની વિચારે વેદના તો દેહમોહવિનાશનું -
સાધન સરસ છે, તે થકી છે મરણ, ભવના ત્રાસનું !...૬

પામે પરમ જે ફલ મુનીશ્વર વર મહાવ્રત આચરી,
તે ફળ મળે સહેજે, મરણમાં જો સમાધિ આદરી !
બની ધર્મધ્યાને મગ્ન, પીડા અવગણી, શાન્તિ ધરી
જે નર સમાધિમય થયો તેણે પરમપદવી વરી...૭

વરસો અને વરસો સુધી જે ઘોર તપકિરિયા કરી,
જે જીવનભર સંયમધુરા શૂરા બની કાંધે ધરી,
ને આદર્યું દિનરાત શાસ્ત્રોનું મનન અધ્યયન જે,
તે સર્વનું ફલ એક, અંતે તો સમાધિમરણ છે !...૮

## ચાર દિવસનાં ચાંદરડાં

ચાર દિવસનાં ચાંદરડાં પર જૂઠી મમતા શા માટે
જે ના આવે સંગાથે... તેની માયા શા માટે?...૧

આ વૈભવ સાથે ન આવે... પ્યારા સ્નેહી સાથે ન આવે
તું ખૂબ મથે જેને મેળવવા તે યૌવન સાથે ન આવે;[૨]
અહીંનું છે તે અહીં રહેવાનું... એની ચિંતા શા માટે?...૨


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





# સમાધિ દાયક ગીતો

## "આટલું તો આપજે"

આટલું તો આપજે ભગવન્ ! મને છેલ્લી ઘડી,
ના રહે માયા તણાં બંધન મને છેલ્લી ઘડી...આટલું...૧
આ જિંદગી મોંઘી મલી, પણ જીવનમાં જાગ્યો નહિ,
અંત સમયે મુજને રહે, સાચી સમજ છેલ્લી ઘડી...આટલું...૨
જ્યારે મરણ શય્યા પરે, મીંચાય છેલ્લી આંખડી,
તું આપજે ત્યારે પ્રભુમય મન બને છેલ્લી ઘડી...આટલું...૩
આ હાથ-પગ નિર્બળ બને ને શ્વાસ છેલ્લો સંચરે,
ઓ દયાળુ ! આપજે દર્શન મને છેલ્લી ઘડી...આટલું...૪
હું જીવનભર સળગી રહ્યો સંસારના સંતાપમાં,
તું આપજે શાંતિભરી નિંદ્રા મને છેલ્લી ઘડી...આટલું...૫
અંત સમયે આવી મુજને, ના દમે ઘટ દુશ્મનો,
જાગ્રત પણે મનમાં રહે, તારું સ્મરણ છેલ્લી ઘડી...આટલું...૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## એક પંખી આવીને

એક પંખી આવીને ઊડી ગયું... એક વાત સરસ સમજાવી ગયું.
આ દુનિયા એક પંખીનો મેળો...કાયમ ક્યાં રહેવાનું છે...
ખાલી હાથે આવ્યા એવા... ખાલી હાથે જવાનું છે.
જેને તે તારું માન્યું તે તો... અહીંનું અહીં રહી ગયું..એક...૧

જીવન પ્રભાતે જનમ થયોને... સાંજ પડે ઊડી ગયું
સગા સંબંધી માયા મૂકી... સહુ છોડી અલગ થયું
એકલવાયું આતમ પંખી... સાથે કાંઈ ન લઈ ગયું. એક...૨

પાંખોવાળું પંખી ઊંચે, ઊડી ગયું આ આકાશે
ભાનભૂલી ભટકે ભવરણમાં... માયા મૃગજળથી નાશે
જગતની આંખો જોતી રહીને... પાંખ વિના એ ઊડી ગયું.એક...૩

ધર્મ પુણ્યની લક્ષ્મીની ગાંઠે... સત્કર્મોનો સથવારો
ભવસાગર તરવાને માટે...અન્ય નથી કોઈ આરો
જતાં જતાં પંખી જીવનનો... સાચો ધર્મ સમજાવી ગયું..એક...૪

## મારું આયખું ખૂટે

મારું આયખું ખૂટે જે ઘડીએ, ત્યારે મારા હૃદયમાં પધારજો,
છે અરજી તમોને બસ એટલી, મારા મૃત્યુને સ્વામી સુધારજો. મારું...૧

જીવનનો ના કોઈ ભરોસો, દોડાદોડીના આ યુગમાં,
અંતરિયાલે જઈને પડું જો, ઓચિંતા મૃત્યુના મુખમાં,
ત્યારે મારા સ્વજન બની આવજો, થોડા શબ્દો ધરમના સુણાવજો છે અર. ૨


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દર્દો વધ્યા છે આ દુનિયામાં, મારે રિબાવી રિબાવીને,
એવી બીમારી જો મુજને સતાવે, છેલ્લી પળોમાં રડાવીને,
ત્યારે મારી મદદમાં પધારજો, પીડા સહેવાની શક્તિ વધારજો છે અર. ૩

જીવવું થોડું ને જંજાળ ઝાઝી, એવી સ્થિતિ આ સંસારની,
છૂટવા દે ના મરતી વેળાએ, ચિંતા મને જો પરિવારની,
ત્યારે દીવો તમે પ્રગટાવજો, મારા મોહ તિમિરને હટાવજો છે અર. ૪

## સમતાથી દર્દ સહુ...

સમતાથી દર્દ સહુ પ્રભુ એવું બળ દેજો
મારી વિનંતી માનીને મને આટલું બળ દેજો

કોઈ ભવમાં બાંધેલાં, મારા કર્મો જાગ્યા છે
કાયાના દર્દરૂપે, મને પીડવા લાગ્યા છે,
આ જ્ઞાન રહે તાજું, એવું સિંચન જળ દેજો... **સમતા. ૧**

દર્દોની આ પીડા, સહેવાથી મટશે નહિ
કલ્પાંત કરું તો પણ, આ દુઃખડા ઘટશે નહિ,
દુર્ધ્યાન નથી કરવું, એવું નિશ્ચય બળ દેજો... **સમતા. ૨**

છોને આ દર્દ વધે, હુ મોત નહિ માગું,
વળી છેલ્લા શ્વાસ સુધી, હુ ધર્મ નહીં ત્યાગું,
રહેભાવ સમાધિનો, એવી અંતિમ પળ દેજો... **સમતા. ૩**

નથી થાતી ધર્મક્રિયા, એનો રંજ ઘણો મનમાં,
દીલડું તો દોડે છે, પણ શક્તિ નથી તનમાં,
મારી હોંશ પૂરી થાઓ, એવા શુભ અવસર દેજો... **સમતા. ૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# માતૃવંદના





**માતપિતા : શુશ્રૂષણં પ્રધાનમંગલં શુભકાર્યાદૌ !**

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રંથમાં જણાવ્યું છે કે, "માતા-પિતાની સેવા એ સર્વ શુભકાર્યોમાં શ્રેષ્ઠ મંગલ છે. "મા" નો શબ્દાર્થ શબ્દકોષમાં મળે જ્યારે ભાવાર્થ હૃદયકોશમાં."

માતા એટલે મમતાનો મહાસાગર... માતા એટલે સ્નેહની પાવનગંગા... માતા એટલે વ્હાલનું ઉદ્યાન. માતા એટલે હૃદયની ધડકન..માતા એટલે સર્વસ્વનો સમાવેશ.."મા તે મા બીજા વગડાનાવા" દેવ-ગુરુની સાચી ઓળખ કરાવી તેમની સાથેનો સંબંધ જોડાવી આપનાર જો કોઈ હોય તો તે છે માઁ.

હે મા ! તારી ધીરજ અને સહનશીલતા ધરાને શરમાવે... તારા સ્નેહમાં બદલાની બદબૂ નથી... તારાં પગલે પગલે સુસંસ્કારોની સુવાસ મહેંકે છે... 'મા' તારા ગૌરવભર્યા સ્થાનને શત શત વંદન...

- મા-બાપની આંખમાં બે વખત આંસુ... દીકરી ઘર છોડે ત્યારે અને દિકરો તરછોડે ત્યારે
- મરતી 'મા' રડતા દીકરાનો વિચાર કરે... કમાલ છે... જીવતો દીકરો રડતી માનો વિચાર નથી કરતો...
- બચપનમાં ગોદ દેનારને ઘડપણમાં દગો દેનારો ના બનતો...
- બચપનમાં તને બોલતાં શીખવાડનાર મા-બાપને ઘડપણમાં તું ચૂપ રહેતા શીખવાડે છે !!! ધિક્કાર છે તને...!!
- આંધળી 'મા'ને દીકરો દેખાય... દેખતા દીકરાને મા નથી દેખાતી
- તો ચાલો, માતાએ કરેલા ઉપકારોને યાદ કરી તેના ઋણમાંથી મુક્ત થવાનો યત્ કિંચિત્ પ્રયત્ન કરીએ એજ માતૃવંદનાનો સારછે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# મારી માવડી એ કે હજાર

(રાગ : કહે દો કોઈના કરે યહાં પ્યાર)









મારી માવડી એકે હજાર, મારા સુખે સુખી, મારા દુઃખે દુઃખી
એને પોતાનો ના વિચાર.... **મારી માવડી...૧**

ભાન નો'તું મને આ તનનું, વાચા નો'તી મારી આ જીભમાં
રડતો રડતો જ્યારે, માતા દુઃખી થાયે મને આપતી શાતા અપાર...**મારી.૨**

પાંચ પાંચ બાલુડાને એ સાચવે, પ્રેમની હેલીએ નવરાવે
ધન્ય ધન્ય માતા, હૈયે આનંદ થાતાં, એના રોમે રોમે સંસ્કાર... **મારી.૩**

ભૂખે રહી ભોજન અમને આપે, તરસે રહે મારી પ્યાસ છૂપે
હૃદયે સમતા ધરે, ક્રોધ કદીના કરે એના ગુણ ગાયે ભગવાન... **મારી.૪**

મોટા થઈ કરીયે એનું અપમાન, ગણી સન્માન એ, સહે અપમાન
હૈયું અંતર બળે, છાનુ છાનુ રડે, એ તો ચહેરો રાખે ખુશહાલ... **મારી.૫**

સ્વાર્થી સંતાનો સાથ છોડે, તોયે આ માવડી એનુ હિત ચાહે
એને લાખ વંદન, કરે જગ આનમન, એને મળશે મુક્તિનો દ્વાર...**મારી.૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## ઉપકાર કર્યા મુજ પર



ઉપકાર કર્યા મુજ પર એનાં ગુણ હું વિસારું છું,
કેવો બદલો મેં વાળ્યો ? હું એ જ વિચારું છું, **ઉપકાર કર્યા મુજ પર...૧**
પરમાત્મા ઉપકારી, મને મંઝિલ દર્શાવી,
મારાં દુર્ગુણ ના દેખ્યા, બસ ! કરુણા વર્ષાવી,
એની કંઠી ધરવામાં હું હીણપણ માનું છું, **કેવો બદલો મેં વાળ્યો....૨**
માબાપ મને ખૂંચે, મને જન્મ દીધો જેણે,
મારા પાલનપોષણમાં, ઘણો ભોગ દીધો જેણે,
એની વૃદ્ધાવસ્થામાં, મારું ઘર છોડાવું છું, **કેવો બદલો મેં વાળ્યો...૩**



## યાદ આવે મોરી મા...



યાદ આવે મોરી મા.... યાદ આવે મોરી મા
જનમદાતા જનની મોરી, યાદ આવે મોરી મા
નાનો હતો ત્યારે લાડ લડાવતી, મોઢામાં ભોજન દેતી
નાના રસોડે જમવા બેસી... ચાનકી ધરી દેતી
કેવી માયાળુ મા !... કેવી પ્રેમાળું મા... **જનમદાતા...૧**
રડતો હું તો જ્યારે જ્યારે... દુઃખી એ બહુ થાતી
દીકરા મારા જોઈએ તને શું ! બોલ બોલ એમ કહેતી.
મારાં આંસુ લોતી મા... માથે હાથ ફેરવતી મા... **જનમદાતા...૨**
પા-પા પગલી ભરતો જ્યારે... રાજી એ બહુ થાતી
કાંઈ બોલું ને...કાંઈ ચાલું તો ઘેલી ઘેલી થાતી
કેવી પ્રેમાળુ મા !... કેવી માયાળુ મા !... **જનમદાતા**
મારું સાચું તીરથ મા, મારું મોટું તીરથ મા...**જનમદાતા...૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




# ભૂલો ભલે બીજું બધું





ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહીં...૧

અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનનાં કાળજાં, પથ્થર બની છૂંદશો નહિ...૨

લાખો લડાવ્યાં લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડ પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહીં...૩

લાખો કમાતા હો ભલે, મા બાપ જેના ના ઠર્યાં,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહીં...૪

સંતાનથી સેવા ચાહો, સંતાન છો સેવા કરો,
જેવું કરો, તેવુ ભરો, એ માનવું ભૂલશો નહીં..૫

ભીને સૂઈ, પોતે અને, સૂકે સુવાડ્યા આપને,
એની અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહીં...૬

પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહીં...૭

ધન ખરચતાં મળશે બધું, માતા-પિતા મળશે નહીં,
પલ પલ પુનિત એ ચરણ કેરી ચાહના ભૂલશો નહીં...૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## જો મા કી ના સુનેગા



માતા કો જો પ્યાર કરે વો લોગ નિરાલે હોતે હૈં
જિન્હેં માઁ કા આશિષ મીલે વો કિસ્મતવાલે હોતે હૈં...
જો માં કી ના સુનેગા, તેરી કૌન સુનેગા
જો માં કો ઠુકરાયેગા, દર-દર કી ઠોકર ખાયેગા... જો માં કી...૧

જિસ માતા ને જન્મ દિયા થા, ઉસ માતા કો ભૂલ ગયા
જિસ માતા ને બડા કિયા થા, ઉસ માતા સે રુઠ ગયા
તકલીફ કિતની ઉસને સહી થી, નૌ મહિને ગર્ભ લેકે ફિરી થી
યાદ કરો તો હાલ પુરાના, જબ થા નહીં તુ ઈતના સયાના
તુમ પર માં કે કિતને ઋણ હૈ કૈસે ઈન્હેં ચૂકાયેગા...જો માં કી...૨



## મીઠાં મધુ ને મીઠાં



મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...૧

પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે જનનીની...૨

અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે. જનનીની...૩

હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે. જનનીની...૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# અષ્ટપ્રકારી પૂજા સંવેદના



## અષ્ટપ્રકારી પ્રાર્થના

અભિષેક જળના પ્રભાવથી તનુરોગ કેઈ જનના ગયા,
નેત્રો તણી ગતદૃષ્ટિ પાછી આવતા, જોતા ગયા,
છે દ્રવ્યરોગોથી ભયાનક ભાવરોગ, નિવારજો,
પ્રભુ ! આપને છે નિમન્ત્રણા લ્યો કળશ મુજને પખાળજો ...૧

## જળ પૂજા

જે સ્વચ્છતા ધારણ કરે ને સ્વચ્છતા કારણ બને,
જે શીતલતા અર્પણ કરે તે જલગુણોનો ખપ બને,
જે ગુણ વર્યા જલદ્રવ્યને તે મુજ જીવનમાં ઉતારજો,
શીતલદશા નિર્મળદશા દઈ નીરદીક્ષા આપજો ...૨

## ચંદન પૂજા

જસ વૃક્ષનું છેદન કરે તે ધારને સૌરભ દીયે,
જન કોઈ ઓરસિયે ઘસે તે શીઘ્ર શીતલતા લિયે,
તે સહજ સુરભિવંત ચંદનના ગુણો મને આપજો,
પ્રભુકાજ રોજ ઘસાવવાનું ભાગ્ય મુજને આપજો ...૩

ક્યારેક પીડા દેહની કે અર્થ કેરી જે પળે,
કે સ્વજનના થાતા વિયોગે જીવ ક્યારે ના બળે,
મુજ જીવનની આંતરદશાને આ રીતે અજવાળજો,
ચંદન તાણી તે સહજ સિદ્ધ શીતલદશા મને આપજો ...૪

## પુષ્પ પૂજા

સૌંદર્યની સાથે રહે સુરભિ જિહાં સદ્‌ભાવથી,
સુકુમાળતા આવી ભળી વળી જેહમાં નિજ ભાવથી,
કંટક ભલે ચોપાસ રહે પણ વિકસતું રહે જે મુદા,
પ્રભુ ! પુષ્પસમ જીવન થજો કરૂં યાચના હું સર્વદા ...૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





પુષ્પ પૂજા

નહીં રૂપનું પણ શીલનું સૌંદર્ય હું ધારણ કરૂં,
સદ્ગુણ તણી સૌરભ અનેરી ચોતરફ હું પાથરૂં,
સહુ જીવ પ્રતિ કોમળ દશા મુજ હૃદયમાં પ્રગટાવજો,
ગુણબાગ ! પ્રેમરાગ ! મુજને પુષ્પદીક્ષા આપજો ...૬

મુજ જીવનના સુખકાજ હું કંઈ જીવસૃષ્ટિ પ્રજાળતો,
પરપીડનવૃત્તિ મુજ જીવનની આજ પ્રભુજી પરિહરો,
કરૂણાનિધિ ! બલિદાન કેરી ભાવના મુજમાં ભરો ...૭

ધૂપ પૂજા

નિજ દેહ બાળીને સદા પરને સુગંધ જે અર્પતું,
તે ધૂપસમ ક્યારે બનુ પ્રભુ ! એમ મુજ મનમાં થતું,
પરમાર્થ કેરી ભાવના દઈ ઉર્ધ્વગામી બનાવજો,
નિષ્કારણે વત્સલ પ્રભુ ! મને ધૂપદીક્ષા આપજો ...૮

દીપક પૂજા

છે ધન્ય તે દીપક પ્રભુ ! જે આપ ગર્ભગૃહે રહે,
ને સતત આપ મુખારવિંદે તેજકિરણો પાથરે,
'જોવા સમું બસ એક છે પ્રભુરૂપ' કહેતા ઝગમગે,
અસ્તિત્વ સઘળું પ્રભુચરણમાં ભાવ એવો રગેરગે ...૯

ઘૃતબળે ઝિલમિલ થતા દીપક તણા અજવાસને,
પ્રભુ ! આપજો મુજ જીવનમાં તવ વચન કેરી સુવાસને,
છે દ્રવ્યદીપક તમનિવારક, ભાવદીપ પ્રગટાવજો,
દઈ હેય-જ્ઞેયનો બોધ મુજને દીપદીક્ષા આપજો ...૧૦

અક્ષત પૂજા

પ્રભુ આગળે સ્વસ્તિકરૂપે રહે ભાલતિલકે પ્રતિકરૂપે,
ગુણીજનતણાએ વધામણામાં જે રહે મૌક્તિકરૂપે,
જે સતત શુભસાંનિધ્ય માણી ઉચ્ચગૌરવને વર્યા,
તે અખંડ અક્ષતભાગ્ય મળતા માનું કે ભવજલ તર્યા ...૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અક્ષત પૂજા

અમ જીવનની જે ધર્મકરણી તે અખંડિત રાખજો,
અકરણનિયમથી પાપવૃત્તિને પ્રભુ ! અટકાવજો,
જે ફરીથી ના ઊગે અક્ષત ગુણો મને આપજો,
ભવપૂર્ણ થાતા શીઘ્ર આપ સમીપમાં બોલાવજો ...૧૨

નૈવેદ્ય પૂજા

જે સ્વાદથી ને સુગંધથી પણ દૂરથી જનમન હરે,
નજરે નિરખતા મુખ થકી પાણી ઝરે, શબ્દો સરે,
'કેવો મજાનો પિંડ આ' બસ જીવન એવું આપજો,
આનંદ અર્પે સર્વને નૈવેદ્યદીક્ષા આપજો ...૧૩

ફળ પૂજા

કો વૃક્ષડાળીએ ઉગેલું રૂડું ફળ આવે અહીં,
પ્રભુને સમર્પી માંગજો ફળ એહવું શીખવે અહીં,
સર્વવિરતિતરુવરે સત્ક્રિયા શાખા ઉતરે,
શુભમતિ અને શુભપરિણતિનું ફળ દીયો મુજને ખરે ...૧૪

આજ લગી અષ્ટોપચારી અર્પણા પ્રભુ ! મે કરી,
આજે અનેરી ભાવસૃષ્ટિ આપની સામે ધરી,
અષ્ટપ્રકારી પ્રાર્થના કરજોડી કરું, સ્વીકારજો,
યાચક દશાએ રઝળતાની જીંદગીને સુધારજો ...૧૫

ફળ પૂજા

છે પૂર્ણતા પ્રભુ આપમાં તેથી કરે સૌ અર્પણં,
જો પાત્રતા જાણો અમારી તો કરો પ્રત્યર્પણં,
ભરી કૃપાકળશ સમતામૃતે સર્વાંગ મુજને પખાળજો,
ચારિત્ર ચંદનના વિલેપનથી પ્રભુ ! મને ઠારજો ...૧૬

સદ્ગુણસુવાસી હે પ્રભુ ! ગુણપુષ્પ મુજને અર્પજો,
શુભભાવધૂપ ધરી અને શ્રદ્ધાદીપક પ્રગટાવજો,
જીવનમહીં શુભકરણીના સ્વસ્તિક અનેરા રચાવજો,
ફલદષ્ટિ મારી અપહરી નિષ્કામના ફળ આપજો ...૧૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિભાગ - ૧ હોટ ફેવરીટ ભક્તિ ગીતો







## કૃપા કરો કૃપા કરો

કૃપા કરો કૃપા કરો કૃપા કરો રે આદિનાથ દાદ મોપે, કૃપા કરો રે
તારી કૃપાએ મારા કાજ સરો રે... **આદિનાથ...૧**

શત્રુંજય ગિરિના સાંઈ સોહામણા, દેવાધિદેવ કરું દિલમાં પધરામણા,
અંતર પધારી મારું શ્રેય કરો રે... **આદિનાથ...૨**

ભવની ગલી નો હું તો ભૂંડો ભિખારી, રૂડા હે નાથ ! તારી કરું આજ યારી,
શિવપુરના વાસી મને યાદ કરો કે... **આદિનાથ...૩**

તારે ને મારે નાથ અંતર ઝાઝેરું, આવો અંતર તો મારા પાપો વિખેરું,
પાપો વિખેરી દિલ આવી મળો રે... **આદિનાથ...૪**

તારો વિરહ મારા દિલડાને ડંખતો, તેથી તમારું દર્શ દિલથી હું ઝંખતો,
મોંઘેરી ઝંખના ને પૂર્ણ કરો રે... **આદિનાથ...૫**

મંથન સ્વરૂપ તારી યાત્રાના ભાવથી, ટળશે વિયોગ તારો, તારા સદ્ભાવથી,
મળવા એકાંત મન મારું મળો રે... **આદિનાથ...૬**

પ્રેમે સકળસંઘ સાથે તને વંદતો, ભુવનભાનુ તારો ભક્ત આનંદતો,
સકળસંઘ તણી પીડ હરો રે... **આદિનાથ...૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# દૂરદૂરથી તારા દરબારે આવ્યો



દૂરદૂરથી તારા દરબારે આવ્યો,
પાર્શ્વનાથ દાદા તારા દરબારે આવ્યો.
દર્શન કરવાને હું તો શંખેશ્વરજી આવ્યો,
દર્શન દેજો દાદારે[૨]... દાદારે દાદારે દાદારે...૧

તું છે સમર્થ દાદા એવું મેં જાણ્યું,
હું છું અજ્ઞાની કાંઈ વધુ ના હું જાણું,
આવ્યો છું તારે દ્વાર, હૈયામાં ધરી હામ,
વળશે મુજને નિરાંત હવે થાવું ના નિરાશ હો[૩]...હો[૩]...હો[૩],
એવા એવા મનસૂબા, ઘડી હું તો આવ્યોર,
પૂરજો હો પૂરજો દાદારે[૨]... દાદારે દાદારે દાદારે...૨

જન્મો જનમથી દાદા મુજને તું જાણે,
પ્રીત તારી મારી દાદા લોકો શું જાણે.
કહેવું શું જગને આજ, તારી મારી આ છે વાત.
સાચવજે મુજને નાથ, વિનંતી છે મારી આજ....હો[૪]...હો[૪],
અંતરની પ્રાર્થના તું જાણે અજાણે[૨],
સુણજો હો સુણજો દાદારે[૨]... દાદારે દાદારે દાદારે...૩

કરને કસોટી હવે બંધ મારા દાદા,
કર્મોના લેખ હવે બદલ મારા દાદા,
સહેવાની શક્તિ ખૂટી, જીવનની આશ તૂટી,
લોકો જાય લાજ લૂંટી, હવે મારી ધીરજ ખૂટી, હો[૪]...હો[૪]..



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રડતો રઝળતો હું તો તારે દ્વાર આવ્યો[૨],
તારજો હો તારજો દાદારે[૨]... દાદારે દાદારે દાદારે...૪

આવજોહો આવજો દાદારે[૨]... પૂરજોહો પૂરજો દાદારે[૨]...
સુણજોહો સુણજો દાદારે[૨]... તારજોહો તારજો દાદારે[૨]...
મળજોહો મળજો દાદારે[૨]... દાદારે દાદારે દાદારે... દૂર દૂરથી...

## મને વ્હાલું લાગે

મને વ્હાલું લાગે, પ્રભુ તારું નામ, તન મન ધન પ્રભુના ચરણોમાં
પ્રભુજી તમે મારા હૃદયમાં વસજો, આપ આવીને મારો હાથ પકડજો.
દીન જનોના નાથ છો, સેવકના રખવાળ છો,
તમે મારા ચિતડાના ચોર. **તન...૧**

પ્રભુ તમે મારા પરમપિતા છો, કરૂણાસાગર માત તમે છો,
તમારો આધાર છે, તુજ તારણહાર છે,
તમે મારા હૃદયના પ્રાણ, **તન...૨**

કરૂણાભીની મૂર્તિ તમારી, ભવોભવના તમે છો ઉપકારી,
ઉપકારી પ્રભુ નાથ છો, વિશ્વંભર વિખ્યાત છો,
જો જો બાળક થાય ના નિરાશ. **તન...૩**

ભવસાગરથી વ્હાલા અમને ઉગારજો, ડુબતી નૈયાને વ્હાલા પાર ઉતારજો,
દેવોના પણ દેવ છો, ત્રણ ભુવનના નાથ છો,
શ્રાવકની (સાધુની) લેજો રે સંભાળ. **તન...૪**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# તારે દ્વારે આવીને



તારે દ્વારે આવીને કોઈ, ખાલી હાથે જાય ના
કરૂણાનિધાન... કૃપાનિધાન[૨]
આ દુનિયામાં કોઈ નથી રે, તુઝ સરીખો દાતાર...,
અપરંપાર દયા છે તારી, તારા હાથ હજાર,
તારીજ્યોતિ પામીને કોઈ[૨], અંધારે અટવાયના... કરૂણા...૧

શરણે આવેલાનો સાચો, તું છે રક્ષણહાર,
ડગમગતી જીવન નૈયાનો, તું છે તારણહાર,
તારા પંથે જનારો કદીયે[૨], ભવરણમાં ભટકાય ના... કરૂણા...૨

ખૂટે નહિ કદાપિ એવો, તારો પ્રેમ ખજાનો,
મુક્તિનો માર્ગ બતલાવે, એવો પંથ મજાનો,
તારા શરણે જે કોઈ આવે[૨], રંક પણ રહી જાય ના... કરૂણા...૩

# અજવાળાં દેખાડો

પ્રભુજી... અજવાળાં દેખાડો, જીનજી... અંતર દ્વાર ઉઘાડો.
અજવાળા દેખાડો, અંતર દ્વાર ઉઘાડો, પ્રભુજી...

કામ, ક્રોધ મને ભાન ભૂલાવે, માયા મમતા નાચ નચાવે,
મોક્ષ માર્ગ ભૂલી ભટકું છું, રાત સૂઝે ના દહાડો... પ્રભુજી...૧

વિપદના વાદળ ઘેરાતા, મને અશુભ ભણકારા થાતા,
ચારે કોર સંભળાતી મુજને, આજ ભયંકર રાડો... પ્રભુજી...૨

નરક નિગોદથી તે પ્રભુ તાર્યો, મને અનન્ત દુઃખોથી ઉગાર્યો,
એક ઉપકાર કરો હજી મુજ પર, જન્મ મરણ ભય ટાળો. પ્રભુજી.૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## દીવડો ધરો રે પ્રભુ



દીવડો ધરો રે પ્રભુ દીવડો ધરો,
મારા તન મન કેરાં તિમિર હરો... દીવડો.

માયાનગરનાં રંગરાગમાં, કાયા આ રંગાણી રે,[૨]
ભવસાગરમાં ભમતાં ભમતાં, પીધા ખારા પાણી રે,[૨]
દુઃખડાં સર્વે દૂર કરો... દીવડો...(૧)

જાણી જોઈને મારગ વચ્ચે, મેં તો વેર્યા કાંટા રે,[૨]
અખંડ વહેતી પ્રેમ નદીના, પાડ્યા હજારો ફાંટા રે,[૨]
દેખાડો પ્રભુ રાહ ખરો.. દીવડો...(૨)

સ્વાર્થ તણી આ દુનિયા માંહે, આશા એક તમારી રે,[૨]
જીવનના સંગ્રામમાં જો જો, જાઉના હું હારી રે,[૨]
હૈયે ભક્તિભાવ ધરો, હૈયે મારા વાસ કરો,
અંતરાયો સર્વે દૂર કરો... દીવડો...(૩)



## આંખડી મારી પ્રભુ



આખડી મારી, પ્રભુ ! હરખાય છે[૨]
જ્યાં તમારા મુખના દર્શન થાય છે. આંખડી મારી.

પગ અધીરા દોડતા દેરાસરે[૨]
દ્વારે પહોંચું ત્યાં અજંપો થાય છે... જ્યાં તમારા...૧

દેવનું વિમાન જાણે ઉતર્યું[૨]
એવું મંદિર આપનું સોહાય છે... જ્યાં તમારા...૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાંદની જેવી પ્રતિમા આપની[૨]
તેજ એનું ચોતરફ રેલાય છે... જ્યાં તમારા...૩

મુખડું જાણે શરદ પૂનમનો ચંદ્રમાં[૨]
દિલમાં ઠંડક અનેરી થાય છે... જ્યાં તમારા...૪

બસ ! તમારા રૂપને નિરખ્યા કરું[૨]
લાગણી એવી હૃદયમાં થાય છે... જ્યાં તમારા...૫

## આવ્યો દાદાને દરબાર

આવ્યો દાદાને દરબાર, કરો ભવોદધિ પાર,
ખરો તું છે આધાર, મોહે તાર તાર તાર. ૧

આત્મગુણનો ભંડાર, તારા મહિમાનો નહિ પાર,
દેખ્યો સુંદર દેદાર, કરો પાર પાર પાર. ૨

તારી મૂર્તિ મનોહાર, હરે મનના વિકાર,
મારા હૈયાનો હાર, વંદુ વાર વાર વાર. ૩

આવ્યો દહેરાસર મોઝાર, કર્યો જિનવર જુહાર,
પ્રભુ ચરણ આધાર, ખરો સાર સાર સાર. ૪

આત્મ કમલ સુધાર, તારી લબ્ધી છે અપાર,
એની ખુબીનો નહિ પાર, વિનંતી ધાર ધાર ધાર. ૫

સૂરિ ગુણરત્નસાર, આવે ભાવનગર મોઝાર,
કરે વિનંતી અપાર, મોહે તાર તાર તાર. ૬

દીઠો ભાગ્યે દેદાર, થયો સફળ અવતાર,
સાચો તું છે તારણહાર દુઃખો વાર વાર વાર. ૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## વિભાગ - ૨



# હૃદયસ્પર્શી વેદનાશીલ ગીતો

## કર્મો કરેલાં મુજને

કર્મો કરેલાં મુજને નડે છે, હૈયું હીબકાં ભરીને રડે છે,
જીવવાં ચાહું તો જીવાતું નથી, મરવા મથું તો મરાતું નથી,
હો...હો...હો...હો...હા...હા...હા...હા... **કર્મો કરેલાં...૧**

કોઈ જન્મે કરમ્ મેં હસીને કર્યાં, આંસુડા આજ મારા નયનમાં ભર્યાં,
મેં પ્રયાસો કર્યા માણવા જિંદગી,
કર્મ મુજને સફળ ના થવા દે ફરી... **કર્મો કરેલાં. ૨**

જિંદગી ના મળે મોત આવે અગર, મોત પણ ના મળે કર્મ તૂટ્યા વગર,
જાણ ન્હો'તી મને આ પરિણામની,
તો કરત નહિ હું સંગત બૂરા કામની... **કર્મો કરેલા...૩**

## એક ઘડી પ્રભુ

એક ઘડી પ્રભુ ઉર એકાંતે, આવીને સ્નેહે મળે,
સોનામાં સુગંધ ભળે, સોનામાં સુગંધ ભળે...
ખોયું હોય જીવનમાં જે જે, પાછુ આવી મળે,
જ્યાં જ્યાં હાર થઈ જીવનમાં, ત્યાં ત્યાં જીત મળે, **સોનામાં...૧**

ના કાંઈ લેવું, ના કાંઈ દેવું, ચિંતા એની ટળે,
ના હોય જીવન ના હોય મૃત્યુ, ફેરા જો ભવના ટળે, **સોનામાં...૨**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્મ કીધા હોય જે જીવનમાં, સઘળાં સાથે બળે,
કરુણાસાગર વીર પ્રભુનો, સાચો સંબંધ મળે, **સોનામાં...૩**

વિનંતિ કરું છું પ્રભુ હું તમને, જીવનની છેલ્લી પળે,
મુઝ મનડાની વીણાના તારોમાં, ઝંકાર તારો મળે, **સોનામાં...૪**

જિમ બાળ ઝાલે, માતનો હાથ, તિમ તારો ઝાલ્યો છે મે,
ચિંતા કરજે તું ભવોભવ મારી, જ્યાં લગી ન મુક્તિ મળે, **સોનામાં...૫**

## પ્રભુ એ વિનંતી

પ્રભુ એ વિનંતી, હવે તો સ્વીકારો, નથી ગમતું ભવમાં, હવે તો ઉગારો,
કદી ક્રોધનાં તો, વાદળ ચઢે છે, સમજના સૂરજને, તે આવરે છે...
સમીર થઈ ક્ષમાના, હવે તો પધારો... **પ્રભુ. ૧**

કદી માન હાથી આવી ચઢે છે, વિનયના શિખરથી ગબડાવી દે છે,
સમર્પણની સરગમ, બની ને પધારો... **પ્રભુ. ૨**

કદી તો કપટના, કાંટા ઊગે છે, નિખાલસ વિચારોનાં ફૂલોને વીંધે છે,
માળી બનીને, હવે તો પધારો... **પ્રભુ. ૩**

લાલસાનો સાગર, તુફાને ચઢે છે, તપ અને ત્યાગના, વહાણો ડૂબે છે,
સુકાની બનીને, હવે તો પધારો... **પ્રભુ. ૪**

આત્મકમળમાં, જો તું પધારે, જીવનની નૈયા, પહોંચે કિનારે,
કરુણા કરીને હવે તો પધારો...**પ્રભુ. ૫**

છેલ્લી વિનંતી પ્રભુજી તમોને, વિસારીના દેશો, ભક્તજનોને,
શ્વાસોની ધડકન, બનીને પધારો... **પ્રભુ...૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## હે કરુણાના કરનારા

હે કરુણાના કરનારા ! તારી કરુણાનો કોઈ પાર નથી.
મારા સંકટને હરનારા.... **તારી...૧**
મેં પાપ કર્યા છે એવાં, હું ભૂલ્યો તારી સેવા
મારી ભૂલોને ભૂલનારા.... **તારી...૨**
હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી,
અવળી સવળી કરનારા... **તારી...૩**
ઓ પરમ કૃપાલુ વ્હાલા, મેં પીધાં વિષના પ્યાલા
વિષને અમૃત કરનારા... **તારી...૪**
કદી છોરું કછોરું થાયે, તું તો માવિતર કહેવાયે.
મીઠી છાયાના દેનારા...**તારી...૫**
મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો,
મોક્ષ મારગના દેનારા...**તારી...૬**
છે ભક્તનું જીવન ઉદાસી, તારા શરણે લે અવિનાશી
મારા સાચા ખેવન હારા...**તારી...૭**

## અવતાર-માનવીનો

અવતાર માનવીનો, ફરીને નહીં મળે,
અવસર તરી જવાનો[૨] ફરીને નહીં મળે... **અવતાર...૧**
સુરલોક માંયે ના મળે, ભગવાન કોઈને,
અહીં આ મળ્યા પ્રભુ તે[૨], ફરીને નહીં મળે. **અવતાર...૨**
લઈ જાય પ્રેમથી તને, કલ્યાણ મારગે,
સંગાથ આ ગુરુનો[૨] ફરીને નહીં મળે... **અવતાર...૩**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે ધરમ આચરીને, કરોડો તરી ગયા,
આવો ધરમ અમૂલો[૨] ફરીને નહીં મળે... **અવતાર...૪**

કરશું ધરમ નિરાંતે, કહે તું ગુમાનમાં,
જે જાય ઘડી તે[૨] ફરીને નહીં મળે... **અવતાર...૫**

## બધી મિલકત

બધી મિલકત તને ધરું તો પણ, તારી કરુણાની તોલે ના આવે,
તેં મને પ્યાર જે કર્યો ભગવંત, મારાથી એનું મૂલ ના થાયે,
જિંદગીભર તને ભજુ તો પણ, તારી મમતાને તોલે ના આવે,
તે મને પ્રેમ જે દીધો ભગવંત, મારાથી એનું મૂલ ના થાયે...૧

અનાદિ કાળથી ભટકવામાં, કોઈ સ્થાને મિલન થયું તારું,
યાતો ઉપદેશ મેં સુણ્યો તારો, જેને બદલી દીધું જીવન મારું[૨],
ભોમિયા તો ઘણા મળ્યા મુજને, કોઈ પ્રભુ તારી તોલે ના આવે,
તેં મને રાહ જે બતાવ્યો છે, મારાથી એનું મૂલ ના થાયે...૨

મને સાચી સલાહ તેં દીધી, એથી આચરણ મેં કર્યું એનું,
સાચી કરણી કરી કોઈ ભવમાં, આ ભવે ફળ મને મળ્યું એનું[૨],
મારા ઉપકારી છે ઘણાં જગમાં, કોઈ પ્રભુ તારી તોલે ના આવે,
તે મને ધર્મ જે પમાડ્યો છે, મારાથી એનું મૂલ ના થાયે...૩

મળ્યા છે જે સુખો મને આજે, એ બધા ધર્મના પ્રભાવે છે,
તારા ચરણે બધું ધરી દેતાં, મને આનંદ અતિ આવે છે[૨],
તારું આ ઋણ ક્યારે ચૂકવાશે, મને અંદાજ એનો ના આવે,
ભવોભવ સેવના કરું તારી, તોય સંતોષ મુજને ના થાયે...૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પ્રભુ તે મને જે આપ્યું છે

પ્રભુ તે મને જે આપ્યું છે, તેનો બદલો હું શે વાળું?
બસ તારી, ભક્તિ કરી કરીને, મારા મનડાને વાળું. પ્રભુ...૧

પ્રભુ ! નરક નિગોદથી તેં તાર્યો, મને અનંત દુઃખોથી ઉગાર્યો,
તારા ઉપકારો અનંતા છે, તેનો બદલો હું શે વાળું ? પ્રભુ...૨

અહીં લગી પહોંચ્યો, પ્રભુ તારી કૃપા, તુજ શાસન પામ્યો, તારી કૃપા
જીન ધર્મ તણી બલિહારી છે, તેનો બદલો હું શે વાળું ? પ્રભુ...૩

પ્રભુ મોક્ષ નગરનો સથવારો, હું મોહનગરમાં વસનારો,
તું ભવોભવનો ઉપકારી છે, તેનો બદલો હું શે વાળું ? પ્રભુ...૪

## તારા શરણે આવ્યો છું

તારા શરણે આવ્યો છું સ્વીકારી લે, મને લઈ જા પ્રભુ તારા ધામમાં
તારુ શરણું પ્રભુ હું સ્વીકારું છું, મને લઈ જા પ્રભુ તારા ધામમાં....તારા

ઘડી ઘડી નાથ તારો વિરહ સતાવે,
હું અહીં સબડું ને તું ત્યાં બિરાજે છે,
ક્યાં રે હોતું હશે આવું પ્રેમમાં...તારા...૧

અંતરની વાત મારે, કોને જઈને કહેવી,
હૈયાની વેદના મારે, કેમ કરી સહેવી
અંતરયામી છે, પ્રતીતિ કરાવી દે પછી...૨

ક્યારે મળે નાથ હું તો જોઉં તારી વાટડી,
રોઈને રાતી થઈ છે, હવે મારી આંખડી,
પદ્મનંદીની વિનંતી તું માની લે પછી. તારા...૩


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મારા વ્હાલા પ્રભુ



મારા વ્હાલા પ્રભુ, ક્યારે મળશો મને
મારી આશા પૂરી, ક્યારે કરશો તમે, મારા...

કરુણાસાગર બિરુદ છે તમારું પ્રભુ.
કરુણા કરશો એ આશ ધરું હું પ્રભુ.
રાત-દિવસ હું સમરું છું પ્રભુ તુજને, **મારી આશા...૧**

મારી કબૂલાત છે કે, પતિત હતો હું.
પણ પતિતોને તારનારો, એક જ તું.
પતિત પાવન બની, ક્યારે આવશો તમે, **મારી આશા...૨**

તુજને નિરખી શકું, એવી દૃષ્ટિ તું દે...
તુજને ઓળખી શકું, એવી શક્તિ તું દે...
તારી છાયાની માયામાં રહેવું ગમે, **મારી આશા...૩**

## તુજને જોયા કરું

તુજને જોયા કરું, તારી સન્મુખ રહું
તારા હોઠ ફડફડે એની રાહ જોઉં છું
વ્હાલા રાહ જોઉં છું, દાદા રાહ જોઉં છું. **તુજને... ૧**

તને મનથી હું અહર્નિશ સમરતો રહું,
તારી આશામાં જુગ જુગથી રાહ જોઉં છું...
તારી આંખો પટપટે હો... હો... હો...
તારી આંખો પટપટે એની રાહ જોઉં છું...
હું તો રાહ જોઉં છું, વ્હાલા રાહ જોઉં છું... **તુજને...૨**

કોઈ પરભવની પ્રીત મારી જાગી ગઈ,
તને મળવાથી ભીતિ બધી ભાગી ગઈ,
તારી અમી દૃષ્ટિ માટે... હો[૩]... હું તો તલશ્યા કરું[૨]... **તુજને...૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## યુગોથી હું પુકારું છું, પ્રભુ !

યુગોથી હું પુકારું છું, પ્રભુ ! ક્યારે કૃપા કરશો ?
વિનંતી હું ગુજારું છું, પ્રભુ ! ક્યારે કૃપા કરશો ? યુ. ૧

પ્રવાસી કોઈ જંગલમાં સલામત આશરો શોધે,
ગરમ રણમાં તરુવરનો મુસાફર છાંયડો ગોતે,
તમોને એમ ચાહું છું, પ્રભુ ! ક્યારે કૃપા કરશો ? યુ. ૨

સમાવી લે સરિતાને, સમંદર જે ઉમળકાથી,
તમે દિલમાં સ્વીકારી લો, મને એવી જ મમતાથી,
વિયોગે હું સુકાઉ છું, પ્રભુ ! ક્યારે કૃપા કરશો ? યુ. ૩

જનેતા જેમ ડગમગતા, શિશુની આંગળી ઝાલે,
તમે આપો સહારો તો સરળ મારી સફર ચાલે,
તમારો સાથ માંગુ છું, પ્રભુ ! ક્યારે કૃપા કરશો ? યુ. ૪

## તમે મન મૂકીને વરસ્યા

તમે મન મૂકીને વરસ્યા, અમે જનમ જનમના તરસ્યા
તમે મૂશળધારે વરસ્યા, અમે જનમ જનમના તરસ્યા...૧

હજારે હાથે તમે દીધું પણ, ઝોળી અમારી ખાલી,
જ્ઞાન ખજાનનો તમે લૂટાવ્યો, તોયે અમે અજ્ઞાની
તમે અમૃતરૂપે વરસ્યા, અમે ઝેરના ઘૂંટડા ફરસ્યા, તમે...૨

સ્નેહની ગંગા તમે વહાવી, જીવન નિર્મળ કરવા
પ્રેમની જ્યોતિ તમે જગાવી, આતમ ઉજ્જવળ કરવા
તમે સૂરજ થઈને ચમક્યા, અમે અંધારામાં ભટક્યા, તમે...૩

શબ્દે શબ્દે શાતા આપે, એવી તમારી વાણી
એ વાણીની પાવનતાને, અમે કદીના પીછાણી
તમે મહેરામણ થઈ ઉમટ્યાં, અમે કાંઠે આવી અટક્યાં, તમે...૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# મંદિર પધારો સ્વામી સલુણા

મંદિર પધારો સ્વામી સલુણા,
તમારા વિના નાથ ક્યાંયે ગમે ના... **મંદિર...**

અંતરની વાતો આ આંસુ કહે છે,
પ્રભુ મુખ જોવા, આ દૃષ્ટિ ચાહે છે,
હવે નાથ ઝાઝું તલસાવશો ના... **મંદિર....૧**

સ્મરણ જન્મ જૂના, સ્મૃતિમાહે આવે,
નયન શોધતા તમને, પ્રભુ આર્દ્ર ભાવે,
કે મુખ પરથી દૃષ્ટિ હટાવી હટેના... **મંદિર...૨**

હરખાતા પલપલ પ્રભુ તમને જોઈ,
હવે દિન વિરહના વીતે રોઈ રોઈ,
વિયોગનું દુઃખ આવું હશેના,
વિયોગનું દુઃખ, કોઈને મળેના... **મંદિર... ૩**

તમે જઈ વસ્યા સ્વામી સ્વરૂપ રમણમાં
રઝળતા રહ્યા અમે, સંસાર વનમાં,
હવે નાથ અંતરથી, અળગા થશોમાં... **મંદિર... ૪**

પ્રભુ અમને તારો, ઉગારો બચાવો,
મૂકી મસ્તકે હાથ, પાર ઉતારો,
કૃપાવંતને ઝાઝું, કહેવું ઘટે ના... **મંદિર...૫**

અંતરની જ્યોતિ, પ્રગટાવી જાવો,
અમી આતમમા, છલકાવી જાવો,
ક્ષમાવંતને ઝાઝું, કહેવું ઘટે ના...**મંદિર....૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુર્ગણને કોઈ કહી આવો (રાગ : ધીરે ધીરે બોલ)

દુર્ગુણને કોઇ કહી આવો, કહી આવો કોઇ કહી આવો,
સંદેશો મારો દઇ આવો, દઇ આવો, કોઇ દઇ આવો,
તારા તાબે થવું નથી અને દુર્ગતિમાં હવે જવું નથી... દુર્ગુણને...૧

ક્રોધને કહેજો આવે લઇ હથિયાર, ઢાલ ક્ષમાની રાખી મેં તૈયાર,
કોઇ ગાળ દે, એને પ્યાર દઉં, શક્તિ છતાં, સમતા ધરૂં,
પણ ક્રોધી મારે થવું નથી અને દુર્ગતિમાં હવે જવું નથી... દુર્ગુણને...૨

માનને કહેજો આવે રણમેદાન, નમ્ર બનીને ખેલું હું સંગ્રામ,
મને જે મળ્યું, મારૂં નથી, બીજા થકી, સારૂં નથી,
અભિમાની મારે થવું નથી અને દુર્ગતિમાં હવે જવું નથી...દુર્ગુણને...૩

માયાને કહેજો કે છોડે બાણ, નિર્મળ થઇને આપુ છું આહ્વાન,
સુખ ના મળે, તો ના મળે, દુઃખ ના ટળે, તો ના ટળે,
પણ કપટી મારે થવું નથી અને દુર્ગતિમાં હવે જવું નથી... દુર્ગુણને...૪

લોભને કહેજો તું સૌનો સરદાર, મારે પણ સંતોષ તણો સહકાર,
તું ઘા કરે, તૃષ્ણા તણો, હું સાથ લઉં, તુપ્તિ તણો,
પણ લોભી મારે થવું નથી અને દુર્ગતિમાં હવે જવું નથી... દુર્ગુણને...૫

## તારા ગુણોનો સ્પર્શ

તારા ગુણોનો સ્પર્શ મને આપ મારા સ્વામી,
મને તારા મારગ તણા ઓરતા,
તારૂ વિરતી વરદાન મને આપ મારા સ્વામી,
મને તારા મારગ તણા ઓરતા..તારા...૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સંસારે માન મદારી, નાચ નચાવે ક્રોધ કરાવે,
કુરગડુની ક્ષમા તુ મને, આપ મારા સ્વામી,
મને હળવા થવાના ઘણા ઓરતા.. **તારા... ૨**

કપટી છે સંસારની માયા, કામણગારી એની કાયાં,
સ્થુલીભદ્રનું વ્રત મને આપ મારા સ્વામી,
મને સત્વ ફોરવવાના ઘણા ઓરતા.. **તારા... ૩**

બુધ્ધીનો વંટોળ જો આવે, શ્રધ્ધાની નાવલડી ડોલે,
સુલસાની શ્રધ્ધાતું મને આપ મારા સ્વામી,
મને ધર્મલાભ સુણવાના ઓરતા
મને સમ્યગ્ દર્શન તણા ઓરતા.. **તારા... ૪**

અહંકાર ના અગ્નિ ઝલતા, જેમાં આતમ પલપલ બળતા,
અર્હમ્ ની આરાધના તું આપ મારા સ્વામી...
મને અરિહંત થવાના ઘણા ઓરતા.. **તારા... ૫**



## કેવાં કેવાં દુઃખડા સ્વામી...



**(તર્જ-(૧) પહેલા પહેલા જુગમાં)**

કેવાં કેવાં દુઃખડા સ્વામી, મેં સહ્યા નારકીમાં,
એક રે જાણે છે મારો આતમા પરમાત્મા... **હોજી રે, એક રે...**
લબકારા લેતી કાલી વેદનાઓ સહેતા સહેતા,
**વરસોનાં વરસો સ્વામી મેં વિતાવ્યા ત્રાસમાં.**હોજી રે, વરસો...
ઈણરે મલકનું જ્યાં પૂરું થયું આયખું ત્યાં,
થયો રે જનમ મારો જાનવરના લોકમાં. હોજી રે, **થયો રે. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુઃખડા નિવારો મારા જનમ મરણના પરમાત્મા,
કેવા કેવા જુલમો વેઠ્યાં, જાનવર બનીને સ્વામી,
એક રે જાણે છે મારો આતમા પરમાત્મા... હોજી રે, એક રે...
બોજો અલખામણો ને લાકડીના માર ખાતા,
વહેતી'તી આંસુડાની ધાર મારી આંખોમાં, હોજી રે...
ઈણરે મલકનું જ્યાં પૂરું થયું આયખું ત્યાં,
થયો રે જનમ મારો દેવતાના લોકમાં, હોજી રે.. દુઃખડા.૨

કેવાં કેવાં મંથન સ્વામી મેં કર્યા દેવલોકે,
એક રે જાણે છે મારો આતમા પરમાત્મા... હોજી રે...
રિદ્ધિને સિદ્ધિ તોયે તમારા વિયોગે સ્વામી,
જન્મારો ગાળ્યો જાણે ઘોર કારાવાસમાં, હોજી રે...
હેજી... આરે મલકનું જ્યાં પુરું થયું આયખું ત્યાં,
થયો રે જનમ મારો માનવીના લોકમાં. હોજી રે... દુઃખડા.૩

કેવા કેવા નાટક સ્વામી, હું કરું આ જનમમાં,
એક રે જાણે છે મારો આતમા પરમાત્મા... હોજી રે...
મનડાની માયા કાજે ધરવા પડે છે મારે,
ડગલે ને પગલે નવલાં રુપ આ સંસારમાં, હોજી રે...
હેજી... આરે મલકનું જ્યારે પુરું થાય આયખું ત્યાં,
તેડાવો મુજને સ્વામી, ત્યાં તમારા લોકમાં, હોજી રે... દુઃખડા.૪

હે... કેવા કેવાં વર્ણન સ્વામી મેં સુણ્યા એ મલકનાં,
અધીરો બન્યો છે મારો આત્મા પરમાત્મા...
જન્મ, જરા, મૃત્યુ કેરાં દુઃખડાને બદલે સ્વામી,
રહેવાનું ત્યાં તો સુખનાં શાશ્વતા સહેવાસમાં, હોજી રે...
હેજી... ચાર ચાર ગતિના ફેરા, હવે નથી કરવા મારે,
કરવો છે કાયમનો વસવાટ, પંચમ લોકમાં, હોજી રે... દુઃખડા.૫


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# વિભાગ - ૩



## ભાવયાત્રા ના સુપરહીટ ભક્તિગીતો

### ચલો બુલાવા આયા હૈ

દુહો:- દાદા જિનકો યાદ કરેં, વો લોગ નિરાલે હોતે હૈં,
દાદા જિનકા નામ પુકારે, વો કિસ્મતવાલે હોતે હૈં,
ચલો બુલાવા આયા હૈ, દાદાને બુલાયા હૈ,
હો...પાર્શ્વ પ્રભુ કે ચરણો મેં, હમ ભક્તિ કરને આયે હૈં,
ચલો બુલાવા...જય દાદા કી, ચલો બુલાવા આયા હૈ...૧

મહિમા તેરી સુનકર પ્રભુવર, દ્વાર પર તેરે આતે હૈં,
ભક્તો કે રખવાલે પ્રભુજી, તેરા ધ્યાન લગાતે હૈં,
તાર દિયા લાખોં પ્રાણી કો, હમભી ક્યાં પરાયે હૈં. ચલો...૨

પાર્શ્વપ્રભુ કે સુમરિન સે, કષ્ટ સભી મિટ જાતે હૈં,
રોતે રોતે આતે હૈં ઔર હસતે-હસતે જાતે હૈં,
જિસને તેરા ધ્યાન લગાયા, ઉસકા બેડા પાર હુઆ. ચલો...૩

જોર સે બોલો-જયદાદાકી, પ્રેમ સે બોલો - જયદાદાકી
નૈયા તારે-જય પારસકી, સબમિલ કર બોલો જયદાદાકી
ઓ...જિસને જિતના દુ:ખસહા હૈં, ઉતના હી સુખ પાયેગા. ચલો...૪

### આ તો મારા પ્રભુજીનો

આ તો મારા પ્રભુજીનો સુંદર દરબાર[૨], આવો દરબાર મેં ક્યાંય નથી જોયો
આજે થયો પ્રભુજીનો સુંદર શણગાર[૨], આવો શણગાર મેં ક્યાંય નથી દીઠો[૨]. આવો. ૧
પંચવરણના ફૂલ લઈ આવ્યો, મઘ મઘ મઘ મઘ સુગંધ રેલાઈ[૨]. આવો. ૨
ટમટમ ટમટમ દીવડાઓ પ્રગટે, ઝગમગ ઝગમગ જ્યોતિ ફેલાય[૨]. આવો. ૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઝગમગતાં તારલાનું દેરાસર હોશે



ઝગમગતાં તારલાનું દેરાસર હોશે,
એમા મારા પ્રભુજીની આંગી રચાશે,
સુંદર સોહામણી મુરત હો જો,
એમાં મારા પ્રભુજીની આંગી રચાશે...(૧)



અમે અમારા પ્રભુજીને સોનાથી સજાવીશું,
સોનું ના મળે તો અમે રૂપાથી સજાવીશું,
રૂપાથી સુંદર હિરલા હોશે, એમાં મારા પ્રભુજીની...(૨)

અમે અમારા પ્રભુજીને ફૂલોથી સજાવીશું,
ફૂલો ના મળે તો અમે કળીઓથી સજાવીશું,
કળીઓથી સુંદર ડમરો હોશે, એમાં મારા પ્રભુજીની...(૩)

અમે અમારા પ્રભુજીને મંદિરમાં પધરાવીશું,
મંદિરમાં પધરાવી અમે હૈયામાં પધરાવીશં,
હૃદય સિંહાસને બેસણાં હો જો.
એમાં મારા પ્રભુજીની પ્રતિમા હોશે. ઝગમગતાં... (૪)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઊંચા અંબરથી આવોને

ઊંચા અંબરથી આવોને પ્રભુજી, દર્શન કરવાને તરસે આંખડી[૨]
સૂરજને ચાંદના મેં દીવડા પ્રગટાવ્યા
ટમટમતા તારલા ને રસ્તે બિછાવ્યા,
થયો રે અધીર હું તો જોઉં તારી વાટડી... દર્શન...૧
આવો તો નયનોમાંથી અમીરસ વરસાવજો
કાપો ને કર્મ અમારા ભક્તિ સ્વીકારજો
મુખડું જોવાં હું તો નિરખું છું વાટડી... દર્શન...૨
લાખ લાખ દીવડાંથી દેરાસર સજાવ્યું,
હૃદય સિંહાસનમાં આસન બિછાવ્યું,
આવો મારા અંતરમાં પધારો મારા પ્રભુજી... દર્શન...૩

## તું તારજે

તું તારજે ડુબાડજે, જીવાડજે કે મારજે
સઘળું તને સોંપી દીધું આદીશ્વર ભગવાન રે....
ડુબાડજે, ઉગારજે, તરછોડજે સ્વીકારજે... સઘળું...૧
સેવા તારી આપજે કે દૂર તુજથી રાખજે
સ્મરણ તારું આપજે કે માયામાં લપટાવજે... સઘળું...૨
સત્સંગ કોઈને આપજે કે, દુસંગમાં તું રાખજે
દર્શન તારા આપ કે રખડતો તું રાખજે... સઘળું...૩
સઘળું તારું રાખજે પણ વાત મારી માનજે
સદ્ગુરુનાં ચરણોમાં બાળને સ્થાન આપજે.. સઘળું...૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મનનો મોરલીયો

મનનો મોરલીયો, જપે પારસ નામ
મારે મંદિરિયે, પધારો મારા નાથ
એકવાર આવી પૂરો, હૈયા કેરી આશ...મારે...૧

સૂરજ ઊગેને મારી, ઊગતી રે આશા,
સંધ્યા ઢળેને મને, મળતી નિરાશા
રાત-દિવસ મને, સુજે નહીં કામ ...મારે...૨

આંખલડીયે મને, ઓછું દેખાય છે,
દર્શન વિના મારું, દિલડું દુભાય છે
નહીં રે આવો તો વ્હાલા, જાશે મારા પ્રાણ ...મારે...૩

એકવાર વ્હાલા તારી, ઝાંખી જો થાયે,
આંસુનાં બિંદુથી, ધોઉં તારા પાયે
માંગુ સદા તારાં, ચરણોમાં વાસ ...મારે...૪

પાર્શ્વ પ્રભુને હું, બહુ રે યાચું
દાન મુક્તિનું, કરી દ્યોને સાચું
સપનું સાકાર, કરો મારા નાથ...મારે...૫

## આજના આ અવસરનો (તર્જ-આજનો ચાંદલિયો)

આજના આ અવસરનો લઈ લ્યો રૂડો લ્હાવો
પ્રભુના દર્શન કરવા દેરાસર હાલો... પ્રભુના.૧

ઉરના આકાશમાં થાય અજવાલા, ભક્તિથી ભીતરના ભેદે અંધારા,
પી લ્યો સૌ ભક્તિના ભાવ કેરો પ્યાલો... પ્રભુના.૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પકડો, પકડો પ્રભુજી, મારો હાથ પકડો

પકડો પકડો પ્રભુજી મારો હાથ પકડો
મને પડી જવાની ઘણી બીક....**પ્રભુજી મારો...**

મારા મારગમાં છે કાંટા ને પથરા,
મને વાગી જવાની ઘણી બીક... **પ્રભુજી મારો...**

મારા મારગમાં છે ખાડા ને ટેકરા,
મને પડી જવાની ઘણી બીક... **પ્રભુજી મારો...**

## પ્રભુ ! મારો હાથ ઝાલી લેને... (રાગ : ગોરી તેરા ગાંવ ...)

પ્રભુ ! મારો હાથ ઝાલી લે ને, સાથ તારો દે ને,
પડ્યા કરું છું, પડ્યા કરું છું,
તું તો ગયો ખૂબ ઊંચે, હું તો નીચે નીચે
ખડ્યા કરું છું, ખડ્યા કરું છું, પ્રભુ ! **મારો...૧**

પર્વત પરથી પથ્થર ગબડે, એવું જીવન મારું,
ક્યારે અટકું ક્યાં જઈને હું, કોઇ નથી કહેનારું,
નિશદિન દુર્ગતિના કડે, હું તો અતિ વેગે,
દડ્યા કરું છું, દડ્યા કરું છું, પ્રભુ ! **મારો...૨**

પડનારાને જલદી પાડે, આ ડુંગરના ચીલા,
ઊંચે ચડતાં સાથ મળે ના, જગની એવી લીલા,
નથી કોઈ ટેકો જેનો, ખ્યાલ કરી એનો,
રડ્યા કરું છું, રડ્યા કરું છું, પ્રભુ ! **મારો...૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દાદાજીના દેરા ઉપર



દાદાજીના દેરા ઉપર ટેહુંક ટેહુંક બોલે,
ઓ મોરલા તારી[૨] બોલી મને મીઠી મીઠી લાગે[૨],
શેત્રુંજયના ડુંગર ઉપર, મસ્ત થઈ તું ડોલે... **ઓ મોરલા.૧**

કાનમાં કુંડળ શોભે, તારા માથે મુગટ શોભે[૩]...
દાદા તારી આંગી આજે, ઝાકમ ઝોળ લાગે **ઓ મોરલા...૨**

ભક્તોને તું દર્શન દેતો દુઃખડાં દેતો ટાળી[૩]...
ત્રણે લોકના સ્વામી તમે, સર્વે શક્તિશાળી...**ઓ મોરલા...૩**

તારા ગુણલા ગાતા સ્વામી, હૈયું મારું ડોલે...
તારા શરણે આવે સહું, હળીમળીને ઝોલે[૩]...**ઓ મોરલા...૪**

## બોલો : Thank you

બોલો થેંક્યુ, બોલો થેંક્યુ, બોલો થેંક્યુ વેરી મચ
ઉપકાર કર્યા જેણે - જેણે તેને થેંક્યુ વેરી મચ ...૧

વ્હાલા એવા પ્રભુ વીરને બોલો ભાવથી થેંક્યુ
પ્રતિક્રમણનો માર્ગ બતાવે તેથી ડબલ થેંક્યુ ...૨

વ્હાલા એવા નવકારને બોલો ભાવથી થેંક્યુ
અહમ ગાળી અર્હમ બનાવે તેથી ડબલ થેંક્યુ ...૩

વ્હાલા એવા ગુરૂદેવને બોલો ભાવથી થેંક્યુ
સંસાર સાગરથી પાર ઉતારે તેથી ડબલ થેંક્યુ
ભાવયાત્રાથી ભાવિત કરાવે તેથી ડબલ થેંક્યુ ...૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# તમારી ભક્તિ હો ભવોભવ




(રાગ : અમારી નાવને...)

તમારી ભક્તિ હો ભવોભવ, પછી શું માંગવું જિનવર
કરૂણાદષ્ટિ હો અમ પર, પછી શું માંગવું જિનવર... તમારી.૧

જીવન તંતુ તણા તારે, બજાવું સ્નેહની વીણા
તમારી કૃપા એ ગુંજે, મધુરા ભાવ અંતરના
બને શાસન રસિક હૈયુ, પછી શું માંગવુ જિનવર... તમારી.૨

હૃદયમાં તુ વચનમાં તુ, વિચારોમાં વિભુ વસજે,
નયનમાં તું શ્રવણમાં તુ, રગેરગમાં વિભુ વસજે,
ટળે સવિ તાપ તનમનના, પછી શું માંગવુ જિનવર... તમારી.૩

વામાદેવી તણા નંદન, શંખેશ્વર પાર્શ્વ હો વંદન
પ્રભુ નિષ્કામ નિર્બંધન નિવારો દાસના બંધન
પ્રાણાંતે હો સ્મરણ તારૂ પછી શું માંગવુ જિનવર... તમારી.૪

## આ ભવ મળીયાને...

આ ભવ મળીયાને પરભવ મળજો
શાસન તમારુ દાદા ભવોભવ મળજો.
કુમકુમના પગલે નાથ પધારો હૃદયમંદિરમાં નાથ બિરાજો
શ્રદ્ધા નથી મને અન્ય કનેરી, આશા નથી મને અન્ય કનેરી
હું છું અનાથ દાદા, તમે મારા નાથ હાથ ધરો ને ઓ આદિનાથ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## હૈયાની નૈયામાં...

હૈયાની નૈયામાં આવો ખેવૈયા[૨]
તરાવો ને ભવનો સાગર, અમે તારા છૈયા.. તરાવોને...૧

હૈયુ સિતારીને પ્રભુ તમે સરગમ, સુર રેલાવે મીઠો અર્હમ્ અર્હમ્
મુક્તિ નિલય ના તમે છો બજવૈયા..તરાવોને.. તરાવોને...૨

અષાઢી મેહુલા પ્રભુજી તમે તો, મનડા નો મોરલો રણકા કરે તો,
તારે મંદરિયે હું નાચું તા થૈયા.. તરાવોને...૩

હૈયાની તિજોરી માં તમે છો રૂપૈયા, હૈયાના ખજાનામાં તમે છો સોનૈયા
આતમ મંદિરના તમે છો ઘડવૈયા.. તરાવોને...૪

અમે છીએ ચાતક અને તમે મેઘ ધારા, ભવોભવની પ્યાસના છો બુઝાવનારા
અમે છીએ બાલ અને તમે અમ મૈયા.. તરાવોને...૫

## દાદા તેરે ચરણો કી

દાદા તેરે ચરણોકી થોડી ધૂલ જો મિલ જાયે.
સચ કહેતા હું મેરી, તકદીર બદલ જાયે. દાદા...(૧)

યે મન બડા ચંચલ હૈ, તેરી ભક્તિ કૈસે કરુ
જિતના ઉસે સમજાઉં, ઉતના હિ મચલતા હૈ. દાદા...(૨)

કહતે હૈ તેરી રહેમત દિનરાત બરસતી હૈ,
ઈક બુંદ જો મિલ જાયે, દિલ કી કલી ખીલ જાયે દાદા...(૩)

દાદા ઈસજીવન કી મેરી, બસ એક તમન્ના હૈ
તુમ સામને હો મેરી, ઔર પ્રાણ નીકલ જાયે. દાદા...(૪)

દાદા તેરા સેવક હું, પલ પલ તેરા ધ્યાન ધરુ
ઈસ દાસ કી અરજી હૈ, ભવભ્રમણા મિટ જાયે. દાદા...(૫)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## રજા આપો, હવે દાદા...

રજા આપો હવે દાદા, અમારી વાત થઈ પુરી[૩]
અધૂરી વાત છે તો પણ, આ મુલાકાત થઈ પુરી,
અમારી વાત થઈ પુરી[૩].., ૧

કર્યાકામણ તમે એવા, અમે તારા બની બેઠા.
તમારી પ્રીતમાં ઘાયલ, અમે ઘેલા બની બેઠા.
તમે આધાર થઈ બેઠા, અમે લાચાર થઈ બેઠા, અમારી. ૨

જિગર પર જુલ્મ કે રહેમત, ઘટે જે તે કરી જો જો
અમારા મહેલના મહેમાન, ની સામે જરી જોજો
કટોરા ઝેરનાં પીતાં, જીવુ છું એ વફાદારી
કસોટી જો ગમે કરવી, બીજો પ્યાલો ધરી જો જો
દિવાઓ સાવ બુઝયા તેલ ખૂટ્યુ, રાત થઈ પુરી... અમારી. ૩

અમારા દર્દની તમને, જરા જો કલ્પના આવે
કસમથી આપના મુખે, સદા સો-સો દુઆ આવે.
અમારો કંઠ થાક્યો, ગાન થંભ્યુ વાત થઈ પુરી, અમારી. ૪

ઘણા પુષ્પો તણી ખુશ્બુ, ઘણી ભક્તિ ઘણી લિજ્જત
અમે મિસ્કિન મુસાફિર ગાનના શોખીન નહિ ઇજ્જત
અમારા રાહ જુદાને છતાં આ દર્દ કાં થાતુ, અમારી. ૫

અમે તો રાતને દિવસ તમારા ગુણલાં ગાતાં,
તો યે શાને આ દુનિયામાં દુઃખો ના વાયરા વાતા,
તમે મોક્ષે જઈ બેઠા અમે સંસારમાં પેઠા, અમારી. ૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમારી આશને સ્વામી તમે નિરાશ ના કરશો,
તમે સિંધુ અમે બિંદુ, જુદાઈના હવે ધરશો,
વિયોગે હું સુકાવુ છું, મને દિલમાં સમાવી લો, **અમારી.૭**

ફરુ હું ક્યાં સુધી વનવન, પ્રતીક્ષા આપની પલપલ
તલસતી આંખડી મારી, નીરખવાને તને હરપલ,
ચાહું છું હું ઝલક તારી, હટાવી દ્યો હવે અંતર.. **અમારી.૮**

હૃદયમાં તુ વચનમાં તુ, વિચારોમાં પ્રભુ વસજે,
નયનમાં તુ શ્રવણમાં તુ, રગેરગ માં પ્રભુ વસજે,
તમારા મુખને જોયુ, હવે ફરિયાદ થઈ પુરી, **અમારી.૯**

## પ્રભુ તારું મંદિર તો

(તર્જ-બાબુલ કા યે ઘર બહેના)

પ્રભુ તારું મંદિર તો, આ જગનો સહારો છે ૨
સુખીયા કે દુઃખીયાનો, પ્રભુ તું તો સહારો છે ૨
મોહ ને માયાના, અહીં વાદળ છવાયા છે ૨
એમાં પ્રભુ પ્રતિમાજી, સૌને ધર્મ પમાડે છે ૨ **પ્રભુ તારૂં.૧**

મારા ને તારામાં, સૌ જીવન વિતાવે છે ૨
મારૂ કહી તે મરે, તારૂં કહી તે તરે ૨ **પ્રભુ તારૂં.૨**

આ દોરંગી દુનીયા પ્રભુ, જેમ તેમ બોલે છે ૨
પ્રભુ સાચો સહારો છે, જે અંતર બોલે છે ૨ **પ્રભુ તારૂં.૩**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સંઘવીજી સંઘને યાત્રા કરાવો



પેલે ડુંગરી-યે મેં તો આદિનાથ વાંદો,
બીજે ડુંગરિયે નેમીનાથ, સંઘવીજી સંઘને યાત્રા કરાવો,
યાત્રા કરાવો સંઘને જીમણ જીમાવો,
ઠંડી મટક્યો રો પાણી પાવો... **સંઘવીજી...૧**

હાથીજી આયા સંઘ મેં, ઘોડાજી આયા,
પ્રભુજી રો રથ સાથે લાયો... **સંઘવીજી...૨**

## ઊંટગાડી આવી

ઊંટગાડી આવી શ્રી સંઘનો માલ લાવી...
જુઓને મારાભાઈઓ આ ઊંટગાડી આવી....**જુઓને...૧**
ગાડીમાં ભર્યા ખજૂર, પારસજી મારાં હજૂર... **જુઓને...૨**
ગાડીમાં ભર્યા લોટા, ગુરુદેવ મારાં મોટા... **જુઓને...૩**
ગાડીમાં ભર્યા માટલાં, સાધ્વીજી બધા આટલા. **જુઓને...૪**
ગાડીમાં ભર્યા થેલા, સંઘવીજી અલબેલા. **જુઓને...૫**
ગાડીમાં ભરી તવઈ, આ સંઘની ઘણી નવઈ. **જુઓને...૬**
ગાડીમાં ભર્યા વાલો, સહુ સિદ્ધાચલ ચાલો... **જુઓને...૭**
ગાડીમાં ભર્યા મેવા, સંઘવીજી કરે સેવા... **જુઓને...૮**
ગાડીમાં પાણીપૂરી સહુ ચાલો મુક્તિ પુરી... **જુઓને...૯**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સેવા હો મુક્તિ મેવા

સેવા હો મુક્તિ મેવા[૨] મારી હૈયાની સેવા સ્વીકારો પ્રભુ !
મને મુક્તિના મેવા ચખાડો પ્રભુ ![૨] સેવા...૧

આપુ જનમોજનમથી પરીક્ષા, હવે પરિણામની છે પ્રતિક્ષા
મારા જનમોનો અંત, ક્યારે આવે ભગવંત
મોટી મનડાની ચિંતા મટાડો પ્રભુ ! મટાડો પ્રભુ સેવા...૨

મેં તો રાખી નથી કોઈ ખામી, તોયે રીઝ્યા નહીં કેમ સ્વામી ?
મારો શું છે અપરાધ ? હું તો શોધું દિનરાત
મારી ભક્તિની ખામી સુધારો પ્રભુ ! સુધારો પ્રભુ સેવા...૩

બોજો ભવનો ઘણો મેં ઉપાડ્યો, લાંબો મારગ પ્રભુ ! મેં ખુટાડ્યો
હવે લાગે છે થાક, થોડો લંબાવો હાથ
મારે માથેથી બોજો ઉતારો પ્રભુ ! ઉતારો પ્રભુ સેવા...૪

## મુક્તિ મળે કે ના મળે...

મુક્તિ મળે કે ના મળે... મારે ભક્તિ તમારી કરવી છે.
મેવા મળે કે ના મળે... મારે સેવા તમારી કરવી છે. મુક્તિ.૧

મારો કંઠ મધુરો ન હોય ભલે, મારો સૂર બેસૂરો હોય ભલે,
શબ્દો મળે કે ના મળે, મારે સ્તવના તમારી કરવી છે. મુક્તિ.૨

આવે જીવનમાં તડકા છાયા, સુખદુઃખના પડે ત્યાં પડછાયા,
કાયા રહે કે ના રહે, મારે માયા તમારી કરવી છે. મુક્તિ.૩
હું પંથ તમારો છોડું નહીં ને દૂર દૂર ક્યાંય દોડું નહિ,
પુણ્ય મળે કે ના મળે, મારે પૂજા તમારી કરવી છે. મુક્તિ.૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## વિભાગ-૪



# પ્રભુ મિલનના ગીતો

## મેરે દોનો હાથોં મે

મેરે દોનો હાથો મેં એસી લકીર હૈ
દાદાસે મિલન હોગા મેરી તકદીર હૈ
લીખા હે ઐસા લેખ દાદા²... મેરે..૧

લિખતા હૈ લીખનેવાલા સોચ સમજકર,
મિલના બિછડના દાદા, હોતા સમય પર,
ઈસમેં ન મીન મેખ દાદા²...લીખા હૈ ઐસા²... મેરે..૨

કિસ્મતકા લેખ કોઈ મીટા નહીં પાયેગા,
કૈસે મિલન હોગા સમય હી બતાયેગા,
મિટતી નહીં હૈ રેખ દાદા²...લીખા હૈ ઐસા²... મેરે..૩

ના યે દીન રહેના વો દીન રહેંગે
દાદા તુમ દેખ લેના, જલદી મિલેંગે
ઈન હાથો કો દેખ દાદા²... લીખા હૈ ઐસા²... મેરે..૪

ભક્ત મેં તેરે, શરણ મેં આયા
આકર કે ચરણો મેં, શિશ નમાયા
ઈન ભક્તો કો દેખ દાદા²... લીખા હૈ ઐસા²... મેરે..૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ભટકું છું ભવની વાટમાં

ભટકું છું ભવની વાટમાં, આંસુ વહે છે આંખમાં
તારી યાદમાં, તારી યાદમાં, તારી યાદમાં, તારી યાદમાં...
મારે કોઈનો સંગાથ ના, બળતો વિરહની આગમાં...**તારી યાદમાં. ૧**
દર્શન વિના આ દિલને, ના સુખ કે શાંતિ મળે,
ભેટો પ્રભુ ક્યારે થશે, બેઠો છું તારી આશમાં...**તારી યાદમાં. ૨**
જોયો તને મેં જ્યારથી, પ્રીતિ બંધાણી ત્યારથી
ઉતારજે ના તુ દિલથી, એવી છે દીલની પ્રાર્થના...**તારી યાદમાં. ૩**
તારા વિનાની આ જિંદગી, લાગે મને સૂની સૂની
મારો ને તારો દેહતું, નાતો રહે આ સંસારમાં...**તારી યાદમાં. ૪**
સંસારનો ફેરો ફર્યો, એકેય ફેરો ના ટળ્યો..
મુજ તારનારા નાથ છો, ભવોભવ કરું છું ભાવના...**તારી યાદમાં...૫**

## સમજુને શું કહેવાય ?

ઓ નાથ ! તારા મિલન વિના, મારું જીવન કેમ જીવાય
નયનો અધિરા થાય...**ઓ...૧**

તું સોળે કળાએ પૂરો, તારી સામે સાવ અધૂરો
મારાથી ક્યાં પહોંચાય ?... **ઓ નાથ ! ૨**

નયનોના નૂર ખોયાં, રંગરાગ જગતના જોયા
બળતામાં ઘી હોમાય... **ઓ નાથ ! ૩**

પ્રભુ પાર્શ્વ સદાયે હસતા, મારા મનમંદિરમાં વસતાં
છોડીને ના જવાય... મારી ખામી ક્યાં દેખાય ? **ઓ નાથ !...૪**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## તું મને ભગવાન

તું મને ભગવાન એક વરદાન આપી દે,
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે,
હું જીવું છું એ જગતમાં જ્યાં નથી જીવન,
જિંદગીનું નામ છે બસ બોજ ને બંધન,
આખરી અવતારનું મંડાણ બાંધી દે...**જ્યાં...૧**

આ ભૂમિમાં ખૂબ ગાજે પાપના પડઘમ
બેસૂરી થઈ જાય મારી પુણ્યની સરગમ,
દિલરુબાના તારનું ભંગાણ સાંધી દે.**જ્યાં...૨**

જોમ તનમાં જ્યાં લગી છે સૌ કરે શોષણ,
જોમ જાતાં કોઈ અહિંયા ના કરે પોષણ,
મતલબી સંસારનું જોડાણ કાપી દે.**જ્યાં...૩**

## તારી જ્યોતિને મેં જોઈ

(તર્જ : તેરે હોઠો કે દો ફૂલ)

તારી જ્યોતિને મેં જોઈ જ્યારે જ્યારે,
મારે કોઠે કોઠે પ્રગટ્યા દીવા ત્યારે,
પ્રભુ ! તારા મિલનની બલિહારી, બલિહારી. **તારી...૧**

તારી ધારાને મેં ઝીલી જ્યારે જ્યારે.
મારે રોમે રોમે ફૂલ ખીલ્યાં ત્યારે,
પ્રભુ ! તારા વચનની બલિહારી, બલિહારી. **તારી..૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## દાસને પ્રભુનો જવાબ

(રાગ : બસ યહી અપરાધ;)

દાસને પ્રભુએ હવે ઉત્તર ખરો દીધો,
ભક્તને ભગવાન બનવા માર્ગ આ કીધો,
મેં સહન જેવું કર્યું, તિમ તું પણ સહન કરે,
**આજ ને આજે ભલે, તું સ્થાન મારૂં લે...૧**

સાધના કરવી નથી, બસ વાત કરવી છે,
સાધનોમાં જિંદગી બરબાદ કરવી છે,
ધર્મ જે હાઠે વસ્યો, તે હૈયે લાવી દે...**આજ.૨**

પ્રીત આ સંસારની જો તું નહીં તોડે,
ક્રૂર આ કર્મો પછી ક્યાંથી તને છોડે,
રક્તના હર બુંદમાં મુજને વસાવી લે. **આજ.૩**

ભોગ સુખમાં લીન તું, મુજને સ્મરે ક્યારે?
માર પડતા કર્મની, મુજને તું સંભારે,
સુખભર્યા સંસારથી પણ જો તું કંટાળે. **આજ.૪**

સ્વપ્નમાં પણ પાપથી જો તું નહીં ધ્રુજે,
ધર્મની વાતો પછી ક્યાંથી તને સુઝે,
ના મને માને ભલે પણ મારૂં જો માને. **આજ.૫**

દોહિલો માનવ જનમ ક્યારે ફરી મળશે?
મોક્ષ ને વૈરાગ્યની ક્યાં વાત સાંભળશે?
જિંદગીની હર ઘડીમાં 'હીર' લાવી દે. **આજ.૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મેરા છોટા સા જીવન

મેરા છોટા સા જીવન, પ્રભુ આ જાઓ એકબાર
પ્રભુ આ જાઓ, પ્રભુ આ જાઓ(૨)...૧
મૈં તો જુઠે જગત કા સતાયા, અબ દ્વાર તુમારે આયા
પ્રભુ દેદો મુજે અપના પ્યાર...પ્રભુ...૨
તુમ દીનાનાથ કહાતે હો, દુઃખીયો કો પાર લગાતે હો,
પ્રભુ મેરી ભી સુન લો પુકાર... પ્રભુ...૩
લાજ મેરી બચાની પડેગી, નૈયા પાર લગાની પડેગી
મેરી નૈયા કે તારણહાર...પ્રભુ...૪
છોડ આયા હું મૈ સબ સહારે, છોડે મૈને અબ સારે દ્વારે
તુજે ઢુંઢા મૈંને દ્વારો દ્વાર...પ્રભુ...૫
મેરે આંખો કે આંસુ કો દેખો, ચોરાશી કે ચક્કર કો મેટો
તુમ જીતે મેરી હુઈ હાર...પ્રભુ...૬

## દેવાધિદેવ તણાં....

(રાગ - ઉપકાર કર્યા મુજ પર)

દેવાધિદેવતણાં, દિલથી દર્શન કરીયે,
એના ગરવા ગુણોનું, ચાલો ગુંજન કરીએ...
આ ભૌતિકસુખોમાં, તેણે કેવળ દુઃખ જોયું,
દુખિયા જીવો દેખી, તેનું કોમળ દિલ રોયું(૨)
કરૂણાના ધારકને, ચાલો વંદન કરીએ... એના...(૧)
લખચોરાશી ભવમાં, જીવ શાને ભટકે છે,
તેણે જાણ્યુ કે જીવની, પ્રગતિ ક્યાં અટકે છે.(૨)
તે પાવન જ્ઞાનીનું, ચાલો પૂજન કરીએ... એના...(૨)


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુઃખમાંથી છુટવાનો, તેણે મારગ અપનાવ્યો,
સૃષ્ટિના સૌ જીવને, નિઃસ્વાર્થે બતલાવ્યો(૨)
એવા પરમાર્થી પ્રભુને, હૈયુ અર્પણ કરીએ... **એના...(૩)**

આ ત્યાગી પરમાત્મા, સૌના ઉપકારી છે,
ઊંચા સન્માન તણાં, પૂરા અધિકારી છે(૨)
તેનાં ગુણો અપનાવી, સાચું તર્પણ કરીએ... **એના...(૪)**



## અમારી નાવને....



અમારી નાવને વ્હાલા કિનારે લાવશો ક્યારે
દયા સાગર કહાવો છો, દયા વરસાવસો ક્યારે... **અમારી.(૧)**

મુંઝાયો જીવ માયામાં, કશી સમજણ નથી પડતી
બુઝાવે આગ દિલડાની, જગા એવી નથી જડતી
અમારા ઉરની અરજી, પ્રભુ સ્વીકારશો ક્યારે... **અમારી.(૨)**

અમે તો રાત ને દિવસ, તમારા ગુણલા ગાતા
તોય શાને આ દુનિયામાં, દુઃખોના વાયરા વાતા
અમારી આંખના આંસુ, આવીને લુંછશો ક્યારે ... **અમારી.(૩)**

અમારી આશને સ્વામી, તમે નિરાશ ના કરશો,
તમે સિંધુ-અમે બિંદુ, જુદાઈ ના હવે ધરશો,
અમારો હાથ ઝાલીને, પ્રભુ ઉગારશો ક્યારે ... **અમારી.(૪)**

## ઓ પાલનહારે

ઓ પાલનહારે નિર્મલ ઔર ન્યારે તુમરે બિન હમરા કોનુ નહિ.
હમરી ઉલઝન સુલઝાઓ ભગવંત, તુમરે બિન હમારા કોનુ નહિ,
તુમહિ હમકા હો સહારા, તુમ્હી હમકા હો રખવાલા, **તુમરે બિન...૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ખુલ્લા મૂક્યા છે.

ખુલ્લા મુક્યા છે, મે તો દિલડાના દ્વાર,
પ્રભુજી આવોને એકવાર, [૨] મારા જીવનની સુની પગથાર,
મુજ મંદિર પધારો એકવાર. પ્રભુજી...૧

વર્ષોથી મીટ માંડી વાટડી નિહાળુ,
શમણાની સોડમાં, હું તુજને પુકારું,
તુજને વિસરી શકું ના પલવાર. પ્રભુજી...૨

તારા વિના ઉરના આ આસનીયા ખાલી,
છલકાવી દ્યોને પ્રભુ કરુણાની પ્યાલી,
તુજને સ્મર્યા કરું વારંવાર. પ્રભુજી...૩

અંતરની આરસીમાં રહેજે છબીલા,
મારા રે અંતરમાં તારા જ પગલા,
તારો મહિમા છે અપરંપાર. પ્રભુજી...૪

ભક્તો તમારા એવા રે ભોળા,
શાને લીધા છે પ્રભુ અમથી અબોલા,
અમને ઉતારોને ભવપાર. પ્રભુજી...૫

## લગની લાગી છે

લગની લાગી છે, કે અગની જાગી છે, તારી મિલનની પ્રભુ !
પલેપલ ઝંખ્યા કરું તને, કે લગની લાગી છે...૧

ઘેલું લાગ્યું મુજને, હું ક્યારે તુજને ભેટું ?
તારા પાવન ખોળે, મીઠી નીંદરમાં લેટું ?
શમણાંમાં રોજ હું, રોજ હું નીરખ્યા કરું તને, કે લગની લાગી છે...૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## સહેલી નથી મારી સફર...

(રાગ- માતાસરસ્વતિ)

સહેલી નથી મારી સફર પહોંચાડવા તારા સુધી
શંખેશ્વરા...પરમેશ્વરા...(૧)
અડખેને પડખે આ ડુંગરા આ કોતરોને કંદરા,
કંટક ભર્યા રસ્તા ભલે, સંભાળ લ્યો મારી જરા,
તડપુ જીવનભર મુજખબર, પ્હોંચાડવા તારા સુધી શંખેશ્વરા...(૨)

તારા ચરણની છાપને હું શોધતો ક્યાં છો તમે
વનકુંજ માં જોવા તને, મુજ બહાંવરા નયનો ભમે,
તારા સુધીની આ કેડીને લંબાવજો મારા સુંધી શંખેશ્વરા...(૩)

રાત્રી થઈ તારા ખીલ્યા, ને ચોતરફ અંધકાર છે,
નહિ રોશની નહિ ચાંદની, ને ભયતણો ઓથાર છે,
ઉદયાચલે થી ઉજાસને પથરાવજો મારા સુધી શંખેશ્વરા...(૩)

## શંખેશ્વરના સ્વામી મારા

શંખેશ્વરના સ્વામી મારા, શું કરું વ્હાલા
તારા નામે પ્રગટે જીવનમાં અજવાળા... શું...૧
તારૂ દર્શન મુજને વ્હાલા જિમ ચકોરને ચંદ,
તારા સ્મરણો સાચવી રાખું, રુદીયામાં અકબંધ,
મારા શિર પર હાથ મુકોને, નાથ સુવાળા ... શું...૨
જનમ જનમની પ્રીતિનો આ, જો જે તૂટે ના તંત,
વિતરાગી તું તો ય પ્રભુજી, નીભાવજે સંબંધ,
ભવ જંગલમાં ભટકી રહેલા, મારા રખવાળા ... શું...૩


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## તુજ કરૂણાધાર માં... (રાગ- તુમ ગગન કે ચંદ્રમાં હૈ...)

તુજ કરૂણાધાર માં હુ, નિત્ય ભિંજાતો રહું,
વ્હાલા પારસનાથ પ્રભુજી, સ્મરણ હું તારૂ ગ્રહું. તુજ...(૧)

તું જ છે મારૂ જીવન, તારા વિના ચિત્તના ઠરે,
નામ તારૂ હરપલ, મારા ઉરમાં ધબક્યા કરે(૨)
વિયોગની વસમી અવસ્થા, કેમ હું જીવીત રહું. તુજ...(૨)

તું વસે છે કેટલે દૂર, હું અહીં સબડ્યા કરૂ,
તું મજે થી મહાલતો હું અહીં તહીં ભટક્યા કરૂ૨,
પ્રાણપ્યારા નહિ મળો તો આયખુ પુરૂ કરૂ તુજ...(૩)

પ્રીતડી તારી ને મારી, કેટલી ઉમદા હશે,
એક ઘડી તુજને ના ભુલુ, કેવા ઋણબંધન હશે૨,
મનમનાવું ક્યાં સુધી હું, વિયોગમાં ઝૂર્યા કરૂ તુજ...(૪)

આંસુઓ એક દિવસ મારા, તુજને પીગળાવશે,
આશ છે એવી હૃદયમાં, કદી તું મળવા આવશે,
તુજ ભરોસે છે આ જીવન, એથી વધારે શું કહુ તુજ...(૫)

## ઓમ્ શંખેશ્વરાય... (તર્જ-ઓમ્ નમઃ શિવાય...)

ઓમ્ શંખેશ્વરાય, ઓમ્ શંખેશ્વરાય, જય જય બોલો, પાર્શ્વનાથાય
પરમેશ્વરાય બોલો જિનેશ્વરાય બોલો
ભવ દુઃખ ભંજન પાર્શ્વનાથાય...ઓમ્ શંખેશ્વરાય ...૧

ધૂનઃ અંતરનો એક તારો બોલે શ્રી પ્રભુવીર શરણં મમ
દેવલોકના દેવી બોલે શ્રી પ્રભુ.... પરમ પાવન એક જ નામ
શ્રીપ્રભુ... મારા માથે એક જ નાથ શ્રીપ્રભુ ...૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વિભાગ - ૫

# શંખેશ્વર પાર્શ્વપ્રભુના ભક્તિગીતો



## હે શંખેશ્વર સ્વામી

હે શંખેશ્વર સ્વામી પ્રભુ જગ અંતર્યામી,
તમને વંદન કરીએ શિવ સુખના સ્વામી, હે શંખેશ્વર...૧

મારો નિશ્ચય એક જ, સ્વામી બનું તમારો દાસ[૨]
તારા નામે ચાલે[૨], મારા શ્વાસોશ્વાસ... હે શંખેશ્વર...૨

દુ:ખ સંકટને કાપો, સ્વામી વાંછિતને આપો[૨]
પાપ અમારા હરજો[૨], શિવ સુખને દેજો... હે શંખેશ્વર...૩

નિશદિન હું માંગું છું, સ્વામી તુમ ચરણે રહેવા[૨]
ધ્યાન તમારું ધ્યાવું[૨], સ્વીકારજો સેવા...હે શંખેશ્વર...૪

રાત દિવસ ઝંખું છું, સ્વામી તમને મળવાને[૨]
આતમ અનુભવ માંગુ[૨] ભવદુ:ખ ટળવાને... હે શંખેશ્વર...૫

કરુણાનાં છો સાગર, સ્વામી કૃપા તણાં ભંડાર[૨]
ત્રિભુવનના છો નાયક[૨], જગના તારણહાર... હે શંખેશ્વર...૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## કહું છું શંખેશ્વર પાર્શ્વજીની વારતા



કહું છું શંખેશ્વર પાર્શ્વજીની વારતા, **એતો શરણે આવેલાને તારતા,**
એની મૂરતિ છે મોહનગારી, ભવોભવના તે દુઃખ હરનારી,
જેના દર્શને દેવતાઓ આવતા, **એ તો શરણે...૧**
વ્હાલો પાતાળમાંથી પધારતા, દુઃખિયા કુળના દુઃખ નિવારતાં,
રૂડા શંખેશ્વર ગામે બિરાજતાં, **એ તો શરણે...૨**
દૂર દેશોથી યાત્રાળુ આવતાં, એની ભક્તિની ધૂન મચાવતાં,
જેના દરવાજે નોબત વાગતાં, **એ તો શરણે...૩**
એના મુખડા ઉપર જાઉં વારી, નાગ બળતાને લીધો ઉગારી,
મારા શમણાંમાં પાર્શ્વપ્રભુ આવતાં, **એ તો શરણે...૪**

## આ પારસ મારા પોતાના

આ પારસ મારા પોતાના, મારા પોતાના નહીં બીજાના,
**પણ પારસ મારા પોતાના....**
તમે વામાદેવીના નંદ ભલે, તમે અશ્વસેન કુલચંદ ભલે. **પણ...૧**
તમે વઢિયાર દેશ નરેશ ભલે, તને પૂજે આખો દેશ ભલે. **પણ...૨**
ભલે રાજા મહારાજા ચરણે નમે, તારા ચોંસઠ ઈન્દ્રો ચરણો ચૂમે. **પણ...૩**
તમે વારાણસીના રાજા ભલે, તમે ત્રણ ભુવન મહારાજા ભલે. **પણ...૪**
તારા એકસોને આઠ નામ ભલે, તારા ગામે ગામ ધામ ભલે. **પણ...૫**
તમે ધરણેન્દ્ર દેવનાં વ્હાલા ભલે, તમે પદ્માવતીના પ્યારા ભલે. **પણ...૬**
તમે મણિભદ્ર વીરના વ્હાલા ભલે, તમે સકલસંઘના પ્યારા ભલે. **પણ...૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org







આંખ મારી ઊઘડે ત્યાં શંખેશ્વર દેખું,
મંદિરિયામાં બેઠા મારા પારસનાથ દેખું,
પારસનાથ દેખું તો મન હરખાતુ,
ધન્ય ધન્ય જીવન મારું કૃપા એની લેખું... **આંખ...૧**

અંતરની આંખોથી દરિશન કરતાં,
નયણા અમારા નિશદિન ઠરતાં,
તારી રે મૂરતીયે મારું મન લલચાણું. ધન્ય.. **આંખ...૨**




ન્હવણ કરાવીને અંતર પખાળું,
કેશર ચઢાવી મારાં કર્મોને બાળું,
ચંદન ચઢાવી મનને શીતલ બનાવું. ધન્ય... **આંખ...૩**

સોના રૂપાના ફૂલડે વધાવું,
અંતરથી હું તારી આરતી ઉતારું,
ભવોભવ મારે શરણું તમારું ધન્ય... **આંખ...૪**




અક્ષત પૂજા કરી, અક્ષયપદ પામું,
નૈવેદ્ય ધરી અણહારી બની જાઉં,
ફળ ચડાવી હું તો, મુક્તિ ફળ માંગું. ધન્ય.. **આંખ....૫**




નિશદિન તારા ગુણલા હું ગાવું,
શિવમસ્તુ સર્વની ભાવના હું ભાવું,
જ્યારે જ્યારે યાદ કરું તુજને હું દેખું. ધન્ય... **આંખ..૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આશ ધરીને આવ્યો સ્વામી...

આશ ધરીને આવ્યો સ્વામી, ભક્તિમાં નહીં રાખું ખામી,
પૂરજો અમારી આશ... **ઓ શંખેશ્વરા**[૨]**...**
તારો તારો પ્રભુજી, હું જેવો છું તેવો તમારો,
કોઈ નથી અહીં મારું, પ્રભુ આપી દે મુજને સહારો,
પાર કરો, ઉદ્ધાર કરો, વિનંતિ સુણો મહારાજ...**ઓ શંખેશ્વરા...૧**
ભાન ભૂલી ગયો છું, આજે સન્મતિ મુજને તું દેજે,
રાહ ભૂલી ફર્યો છું, મને રાહ બતાવી તું દેજે,
માયા કેરી આ દુનિયામાં, રઝળી પડ્યો છું આજ...**ઓ શંખેશ્વરા...૨**

## તને રાત દિવસ

તને રાત દિવસ હું યાદ કરું, શંખેશ્વર પારસનાથ પ્રભુ
તારા દર્શનની હું આશ કરું,
મારા દિલની તને શું વાત કરું ! **તને...૧**
અંતર્યામી જગવિશ્રામી, સહુ જીવનો પ્રભુ તું હિતકામી,
કલિકાલનો છે તું કલ્પતરુ,
વીતરાગ પ્રભુ છે વિઘ્નહરું, **તને રાત...૨**
મોહે ઘેર્યા લોચન મારા, કીધા નહીં મેં દર્શન તારાં,
એથી દુ:ખ ભર્યું જીવન મળિયું,
બહુ પાપ કરમ મુજને નડિયું. **તને રાત...૩**
ઓ દીન બંધુ કરુણાસાગર, શરણાગતના સ્નેહ સુધાકર,
સ્વામી ભક્ત બની નમતો તુજને,
દુ:ખ મુક્ત તુરત કરજે મુજને. **તને રાત...૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મારી આંખોમાં

મારી આંખોમાં શંખેશ્વર આવજો રે, હું તો પાપણના પુષ્પે વધાવું...
મારા હૈયાના હાર બની આવજો રે, હું તો...૧

તમે વામા દેવીના જાયા, ત્રણલોકમાં આપ છવાયા;
મારા મનના[૨] મંદિરમાં પધારજો રે... હું તો...૨

ભવસાગર છે બહુ ભારી, ઝોલા ખાતી આ નાવડી મારી;
નૈયાના[૨] સુકાની બની આવજો રે... હું તો...૩

મને મોહ રાજાએ હરાવ્યો, મને મારગ તારો ભુલાવ્યો;
જીવનના[૨] સારથી બની આવજો રે... હું તો...૪

મારા દિલમાં રહ્યા છો આપ, મારા મનમાં ચાલે છે તારો જાપ,
મારા મનના[૨], મયુર બની આવજો રે... હું તો...૫

## અમી ભરેલી નજરું

અમી ભરેલી નજરું રાખો, શંખેશ્વરના પારસનાથ
દર્શન આપો, દુઃખડા કાપો, શંખેશ્વરના પારસનાથ

ચરણ કમળમાં શીશ નમાવી, દર્શન કરું પાર્શ્વનાથ રે.
દયા કરીને ભક્તિ દેજો શંખેશ્વરના પારસનાથ... અમી. ૧

હું દુઃખિયારો તારે દ્વારે, આવી ઊભો પાર્શ્વનાથ રે.
આશિષ દેજો, ઉરમાં લેજો શંખેશ્વરના પારસનાથ... અમી. ૨

તારે ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો પાર્શ્વનાથ રે,
બની સુકાની પાર ઉતારો શંખેશ્વરના પારસનાથ... અમી. ૩

ભક્તો તમારા કરે વિનંતી, સાંભળજો પ્રભુ પારસનાથ,
જૈનમંડલની અરજી સુણજો શંખેશ્વરના પારસનાથ... અમી. ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# તમે દર્શન વહેલા



તમે દર્શન વહેલા દેજો શંખેશ્વરવાળા પાર્શ્વજી
હે... તારે રે દ્વારે હું તો આવ્યો મારા નાથજી.. **તમે દર્શન...૧**
કહો તો રે દાદા જળના કળશા લઈ આવું
તારો રે પૂજારી થઈને આવું મારા નાથજી. **તમે દર્શન...૨**

# આણી શુદ્ધ મન આસતા

આણી શુદ્ધ મન આસતા દેવ જુહારું શાશ્વતા
**ચિંતામણી મારી ચિંતા ચૂર પાર્શ્વનાથ મનવાંછિત પૂર..૧**
અણિયાલી તારી આંખડી જાણે કમળની પાંખડી
મુખ દીઠે દુઃખ જાયે દૂર, **ચિંતામણિ....૨**
લોકો કોઈ કોઈને નમે, મારા મનમાં તું હી ગમે
સદા જુહારું ઉગતે સૂર, **ચિંતામણિ....૩**
શંખેશ્વરના સાચા દેવ, અશુભ કરમને પાછા ઠેલ
તું છે મારે હજરાહજુર, **ચિંતામણિ....૪**
મુજ મન લાગી તુમશું પ્રીત, બીજો કોઈ ન આવે ચિત્ત
કર મુજ તેજ પ્રતાપ પ્રચુર, **ચિંતામણિ....૫**
આ સ્તોત્ર જે મનમાં ધરે, તેહના કાજ સદા સરે
આધિ વ્યાધિ દુઃખ જાયે દૂર **ચિંતામણિ....૬**
ભવોભવ દેજો તુમ પદ સેવ, શ્રી ચિંતામણી અરિહંત દેવ
સમયસુંદર કહે ગુણ ભરપૂર, **ચિંતામણી....૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## શંખેશ્વર કા નાથ હૈ



શંખેશ્વર કા નાથ હૈ હમારા તુમ્હારા, તુમ્હારા હમારા
પાર્શ્વપ્રભુ કે દરિશન પાકે, જીવન હૈ સુખકારા... શંખેશ્વર...૧
કૈસી સુંદર કાયા, ભક્તો કે મન ભાયે,
કાન મેં કુંડલ સોહે, મસ્તકે મુકુટ સુહાયે,
મન કી ઈચ્છા પૂરી હોવે, આયે દ્વાર તિહારા..શંખે.૨
ઈસ તીરથ કે કંકડ, પથ્થર હમ બન જાયે,
ઈન પાંવો સે ચલકર, તીરથ તેરે આયે,
સચ્ચે મન સે ધ્યાન લગાયે, હોવે જગ સે ન્યારા..શંખે.૩
તીરથ કે દરિશન કો, ભક્ત હજારોં આયે,
કરકે પ્રભુ કા પૂજન, અપને પાપ ખપાયે,
યુવક મંડલ આજ પુકારે ! તારો તારણ હારા..શંખે.૪

## પાર્શ્વનાથ દાદા તારી

(રાગ : આઓ બચ્ચો તુમે સુનાવો )

પાર્શ્વનાથ દાદા તારી મૂર્તિ અલબેલડી
મૂર્તિ અલબેલડી જેવી સાકરસેલડી... પાર્શ્વ
ભવોભવના તાપ શમાવે, હરખ કેરી વેલડી
આફત ને તોફાનો તોડે, મોડે વિઘ્નોની જડી...૧
દૂરદૂરથી દર્શન કરવા, આવી ઊભો આગળી
દર્શન આપો દિનદયાળા, વીનવું છું ચરણે પડી...૨
તું શિવસુખમાં લહેર કરે છે, મહેર કરો મુજ પર ઘણી
હું પાપો ના પુંજે ઘેર્યો, કાઢું છું દુઃખમાં ઘડી...૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## એક જન્મ્યો રાજ દુલારો



એક જન્મ્યો રાજ દુલારો, દુનિયાનો તારણહારો,
વર્ધમાનનું નામ ધરીને, પ્રગટ્યો તેજ સિતારો. એક...
પૃથ્વી પરથી અંધકારના, વાદળ જાણે વીખરાયાં,
ગાયે ઉમંગે ગીત અપ્સરા, દેવોનાં મન હરખાયાં,
નારકીના જીવોએ નીરખ્યો, તેજતણો ઝબકારો રે... એક..૧

ધાન વધ્યા ધરતીનાં પેટે, નીર વધ્યા સરવરિયામાં,
ચંદ્ર સૂરજનાં તેજ વધ્યાને, સંપ વધ્યા સૌ માનવના,
દુઃખના દિવસો દૂર ગયાને, આવ્યો સુખનો વારો... એક..૨

રંકજનોનાં દિલમાં પ્રસર્યું, આશ ભરેલું અજવાળું,
બેલી આવ્યો દીનદુઃખિયાનો, રહેશે નાકોઈ નોંધારું,
ભીડ જગતની ભાંગે, એવો સૌનો પાલનહારો... એક..૩

વાગે છે શરણાઈ ખુશીની સિદ્ધાર્થના આંગણીએ,
હેતે હિંચોળે ત્રિશલારાણી, બાલકુંવરને પારણીએ,
પ્રજા બની આનંદે ઘેલી, ઘર ઘર ઉત્સવ પ્યારો.... એક..૪

## મારા પ્રભુજી નાના છે...

મારા પ્રભુજી નાના છે... દુનિયા ભરના રાજા છે.
માથે મુગટ શોભે છે દુ. કાને કુંડલ શોભે છે. દુ.
કેટલા સુંદર લાગે છે. દુ. જગના તારણહારા છે.દુ.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## હે વીર... મહાવીર

હે વીર... મહાવીર[૨], જગમાં સાચું નામ... હે વીર...૧
તું છે માતા, તું જ પિતા છે[૨], તું તો છે તારણહાર... હે વીર...૨
તું છે દાતા, વિશ્વ વિધાતા[૨], તારાં ચરણોમાં તીર્થધામ... હે વીર...૩
તું અંતરયામી જગનો સ્વામી[૨], તું તો છે રક્ષણહાર... હે વીર...૪
તું દીનબંધુ તૂ જગબંધુ[૨], તું તો સવાર ને સાંજ.... હે વીર...૫

## ઝૂલો રે, ઝૂલો થે તો

ઝૂલો રે ઝૂલો, થે તો ત્રિશલાના જાયા,
થાને ઝૂલાવે આખો મારવાડ રે આખો ગુજરાત રે.. થે તો ત્રિશલાના..૧
સોનાના પારણિયા માંહી, રત્નોની ઘૂઘરિયા લગાઈ,
ફૂલો સે એને સજવાઈ, મોતીયોની ઝાલરીયા લગાઈ,
રેશમની નીલી દોરી હાથ રે હો... થે તો ત્રિશલાના..૨
મોમા મોમી થારે કાજે, ઝભલાં ટોપી લાવે આજે,
ગાલો મે ગુલાલ છાંટે, આંખો મેં કાજલિયા લગાવે,
લાડુ મંગાવે થારે મોતીચૂર હો... થે તો ત્રિશલાના..૩
ત્રિશલા માતા હરખે હરખે, ધીરે ધીરે હળવે હળવે,
વીરને પોઢાવે મલકે, હાલરિયા ગાવેને લલકે,
જન્મ્યા રે માની કૂખે તારણહારા હો... થે તો ત્રિશલાના..૪
ધન્ય ધન્ય હો ત્રિશલામાતા, જુગ જુગ જીવો, જગતના ત્રાતા,
જન્મ્યા જ્યારે ત્રિભુવનનાથ, સંઘ રે માથે રાખજો હાથ,
સંઘ ઝૂલાવે વીરને પારણિયે, હો... થે તો ત્રિશલાના..૫


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





**ધૂન :** જયજયશ્રી પારસનાથ, અમને વ્હાલા... તમને વ્હાલા...
સૌના પ્યારા... મારા હૈયે... હૈયે હૈયે... રોમે રોમે...
અણુ અણુમાં... પરમાણુમાં... નાથ નિરંજન... ભવભયભંજન
દુઃખડા કાપે... સુખડા આપે... દર્શન... જ્ઞાન... સંયમ આપે
ઓઘો આપે... કર્મ ખપાવે...મોક્ષ આપે...ધરતી બોલે...આકાશ બોલે
પ્રેમ સે બોલો... ભાવ સે બોલો...બોલો રે બોલો...જોરસે બોલો...

## તાળી પાડીને (ધૂન)

તાળી પાડીને તમે બોલજો.... જય જય પારસનાથ
દાદાના દરબારે બોલજો....જય જય પારસનાથ... તાળી પાડીને...૧
કલીકાળનો કલ્પતરુ છે તારો મહિમા ભારી
તારા શરણે આવે છે આ લાખો નર ને નારી... તાળી પાડીને....૨
તારી મારી પ્રીત પુરાણી જનમ જનમનો નાતો
આજે તો કરવી છે મારા હૈયા કેરી વાતો... તાળી પાડીને...૩
તું છે મારો હું છું તારો, એવો મારો દાવો
ભક્તિ કરતા મુક્તિ પામું, હૈયામાં છે ભાવો... તાળી પાડીને...૪

**ધૂન :** ૐ નમો ભગવતે શ્રી પાર્શ્વનાથાય,
પાર્શ્વનાથાય પ્રભુ પાર્શ્વનાથાય, શંખેશ્વરા પ્રભુ પાર્શ્વનાથાય,
ધરણેન્દ્ર પદ્માવતી પરિપૂજિતાય, શંખેશ્વરા પ્રભુ પાર્શ્વનાથાય.
માણીભદ્ર દેવ પરિપૂજિતાય, શંખેશ્વરા પ્રભુ પાર્શ્વનાથાય.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# વિભાગ - ૬



## પ્રભુ વીર જીવન ઝરમર ગીતો

### હે ત્રિશલાના જાયા

અંતરના એક કોડિયામાં, દીપ બળે છે ઝાંખો,
જીવનના જ્યોતિર્ધર એને, નિશદિન જલતો રાખો,
ઊંચે ઊંચે ઊડવા કાજે, પ્રાણ ચાહે છે પાંખો,
તુજને ઓળખું નાથ નિરંજન, એવી આપો આંખો... ૧

માનવતાના મૂલ્ય ઘટ્યાને દાનવતા રહી જામી,
પાપને પુણ્યની વાતો જાણે, થઈ ગઈ સાવ નકામી,
દુનિયાની આ પરિસ્થિતિને, કોઈ શકે ના પામી,
સાચો રાહ સુઝાડો સ્વામી, હે પ્રભુ મહાવીર સ્વામી... ૨

હે ત્રિશલાના જાયા, માંગુ તારી માયા,
ઘેરી વળ્યા છે મુજને મારા, પાપોના પડછાયા... **હે ત્રિશલાના...૧**

બાકુળાના ભોજન લઈને... ચંદનબાળા તારી ૨,
ચંડકૌશિકના ઝેર ઉતારી, એને લીધો ઉગારી ૨...
રોહિણી જેવા ચોર લૂંટારા ૨, તુજ પંથે પલટાયા... **હે ત્રિશલાના...૨**

જુદા થઈને પુત્રી જમાઈ, કેવો વિરોધ કરતાં ૨,
ગાળો દે ગોશાળો તોયે, દિલમાં સમતાં ધરતાં ૨...
ઝેરના ઘૂંટડા ગળી જઈને ૨, પ્રેમના અમૃત પાયા... **હે ત્રિશલાના...૩**

સુલસા જેવી શ્રાવિકાને, કરુણા આણી સંભારી ૨,
વિનવું છું હે મહાવીર સ્વામી, દેશો નહીં વિસારી ૨,...
સળગંતા સંસારે દેજો, સુખની શીતલ છાયા.... **હે ત્રિશલાના...૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## ભગવાનની દયાનો...

ભગવાનની દયાનો... ભરપૂર છે ખજાનો
ખૂટે નહિ કદાપિ, એની પ્રીતનો ખજાનો... ભગવાન...
લેનાર હોય તેને આપે હજાર હાથે
ખાલી ન જાય કોઈ દાતાર છે મજાનો...ભગવાન...

## છોટી છોટી અખિયાં

છોટી છોટી અખિયા, છોટે છોટે બાલ[૨]
છોટો સો[૨] મેરો ત્રિશલાનો લાલ[૨]
છોટે છોટે પ્રભુજી કો મેરુ પે લઈ જાય[૨]
મેરુ કંપાવે મારો ત્રિશલાનો લાલ... છોટી...૧
છોટે છોટે હાથ તેરે, ગોરે ગોરે ગાલ[૨]
સોન વરણ મારો ત્રિશલાનો લાલ... છોટી...૨
ત્રાસ આપે સંગમ, આંસુ આપે વીર[૨]
કરે "કરુણા" મારો ત્રિશલાનો લાલ... છોટી...૩
છોટે છોટે પ્રભુજી તો ખેલન કો જાય[૨]
પ્યારો લાગે છે મારો ત્રિશલાનો લાલ...છોટી...૪

## અમને અમારા પ્રભુજી

અમને અમારા પ્રભુજી વ્હાલા છે.
"કરુણા" ના સાગર છે... તારણહારા છે.
જીવોના પ્યારા છે... અમને અમારા..



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# મારા હૈયે વિરાજતા આદિનાથજી

મારા હૈયે વિરાજતા આદિનાથજી, જિનવરજી, મહાવીરજી
જેના દર્શન કરીને થયું પાવન આ મન
જેનાં મુખડાંને જોઈ બન્યું જીવન આ ધન્ય
મારા વીર રે પ્રભુજી....૧

હું તો વીર પ્રભુજીની ભક્તિ રે કરું
મારું જીવન આખું એના ચરણે ધરું
તારા મુખડાં ને જોઈ દાદા નમન કરું,
મારું મોહી લીધું મન...મારા...૨

હું તો નામ રટણ કરું ઘડી રે ઘડી
હવે સાંભળજો દાદા મારે ભીડ રે પડી
તારી આંખોમાં જોઈ છે મેં પ્રેમની ઝડી,
મારા તારણતરણ....મારા...૩

મારો આતમ બન્યો છે આજ બડભાગી
મેં તો હૈયા મેલ્યાં છે આજ શણગારી
તમે વહેલા પધારો ઉરના આંગણિયે...
મારા વીર રે પ્રભુ...મારા...૪

---

એ મનડો લાગ્યો રે ભક્તિ મેં....તનડો લાગ્યો રે ભક્તિમેં
સબ મિલ મંદિર ચાલો રે... અ ર ર ર - ર રા... મનડો...
જીવન બીત ગયો બાતો મેં... કે અવસર ફિર નહીં આવે રે...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# વિભાગ - ૭



## પશ્ચાત્તાપની પાવનગંગા



**પાપકર્મથી પાછા ફરવું**

(રાગ : મેરા જીવન)

પાપ કર્મથી પાછા ફરવું પ્રતિક્રમણ કહેવાય
સાંજ સવારે ભાવથી કરજો એવી શ્રી જિનવાણ...
પાપ કર્મથી પાછા ફરવું પ્રતિક્રમણ કહેવાય...૧

રાત-દિવસની પ્રવૃત્તિ કરતા, કર્મનો બંધ થાય[૨]
પાપોનું પ્રક્ષાલન કરતી, આ પાવન ગંગા કહાય[૨]
વ્રત-નિયમમાં[૨] છિદ્ર પડ્યા તે પ્રાયશ્ચિતથી પૂરાય. પાપ...૨

ભાવથી પ્રતિક્રમણ કરતા, કર્મનિર્જરા થાય[૨]
અઈમુત્તા ઈરિયાવહિ સૂત્રે, જીવદયા વિચાર[૨]
પરિણામોની[૨] અવિચલ ધારે પામે કેવલજ્ઞાન. પાપ...૩

મિચ્છામિ દુક્કડમ સર્વપાપોનું, કરતા શુભભાવે[૨]
પાપશુદ્ધિ આત્મગુણવૃદ્ધિ પ્રતિક્રમણ માંહે
કર્મમલ[૨] સવિ દૂર થાયે આત્મ નિર્મળ થાય. પાપ...૪

પશ્ચાતાપ સાબુના સંગે મેલીચાદર ધોવાય[૨]
સૂત્ર-અર્થમાં લીન બનીને, ધ્યાન-અગ્નિ લગાય[૨]
ગુણવૈભવથી[૨] 'મુનીશ' બનીને મુક્તિદ્વાર પમાય. પાપ...૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## મૈલી ચાદર ઓઢ કે કૈસે



મૈલી ચાદર ઓઢ કે કૈસે, દ્વાર તુમ્હારે આઉં
હે પાવન પરમેશ્વર મેરે, મન હી મન શરમાવું... મૈલી. ૧

તુંને મુઝકો જગમેં ભેજા, દેકર નિર્મલ કાયા,
આ કર કે સંસાર મેં મૈંને, ઉસકો દાગ લગાયા,
જનમ-જનમ કી મૈલી ચાદર, કૈસે દાગ છુડાઉં... મૈલી. ૨

નિર્મલ વાણી પાકર તુઝસે, નામ ન તેરા ગાયા,
નૈન મિલાકર હે પરમેશ્વર, કભી ન તુઝકો ધ્યાયા,
મન વીણા કી તારેં તૂટી, અબ ક્યા ગીત સુનાઉં... મૈલી. ૩

ઈન પૈરોં સે ચલકર તેરે, મંદિર કભી ન આયા,
જહાં જહાં હો પૂજા તેરી, કભી ન શીશ ઝુકાયા,
હે મહાવીર મૈં હાર કે આયા, અબ ક્યા હાર ચઢાઉં...મૈલી.૪

## મિચ્છામિ દુક્કડં (રાગ : તુમ્હી હો માતા)

મિચ્છામિ દુક્કડં (૨) મિચ્છામિ દુક્કડં તેના રે હોજો,
કીધી ઘણી રે જીવનમાં ભૂલો, મિચ્છામિ દુક્કડં તેના રે હોજે...૧
જીવો ને માર્યા ખૂબ સતાવ્યા, પીડા ઊપજાવી ખૂબ તપાવ્યા
કીધી જીવનમાં જીવોની હિંસા - મિચ્છામિ દુક્કડં૨...૨
જૂઠું રે બોલ્યા જૂઠું રે આચરી, ખોટું રે કીધું અસત્ય આદરી
પાપો રે બાંધ્યા ઘણાં જીવનમાં - મિચ્છામિ દુક્કડં૨...૩
પાપો રે બાંધ્યા અઢારે જાતનાં, પુણ્ય ન આદર્યાં માનવ જીવનમાં
દેવ ગુરુ ના પૂજ્યા જીવનમાં - મિચ્છામિ દુક્કડં૨...૪


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# પાપીને તું પ્યાર



(રાગ : ચાંદ કી દીવાર)

પાપીને તું પ્યાર કરી લે, પાપીનો ઉદ્ધાર થશે
તારા નામે ધર્મ તણો, દુનિયામાં જય જયકાર થશે..**પાપી.૧**

પથ્થરને પણ ઘાટ ઘડી તું, દેવ તણો આકાર ધરે
પાવન એનું રૂપ ખીલવવા, મંત્રોનો ઉચ્ચાર કરે
પથ્થરથી શું માનવ ભૂંડો, એને કાં ધિક્કાર કરે
ઝેર જશે જો આંખોમાંથી, અમૃતનો સંચાર થશે...**પાપી...૨**




# પાપ કરતા માપ

(રાગ : આંખડી મારી)

પાપ કરતાં માપ રાખ્યું હોય તો
આજ મારી આ દશા ન હોત તો...**પાપ...૧**

કર્મરાજા કોઈને મૂકતાં નથી
સત્ય એ મેં યાદ રાખ્યું હોત તો...**પાપ...૨**

સુખમાં રહેવું ગમે છે સર્વને
અન્યને મેં દુઃખ દીધું ના હોત તો...**પાપ...૩**

સો ગણો બદલો મળે છે પાપનો
એ વચનને માન આપ્યું હોત તો..**પાપ...૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## પાપ અને પ્રાયશ્ચિતનો...



પાપ અને પ્રાયશ્ચિતનો આ કેવો અજબ ચકરાવો
રોજ કરું હું પાપ અને હું રોજ કરું પસ્તાવો...
પાપ કરતાં પાછું ન જોયું... જાણે અનેરો લહાવો.. પાપ...૧

પરમેશ્વરનો ડર ન લાગે... ના ડર છે પરભવનો
જીવતર એળે જતું તોયે...ખ્યાલ નથી પરભવનો
રંગરાગની પાછળ આવે... છે વારો રડવાનો. પાપ...૨

ધર્મને મેં તો જીવનમાંથી જુદો પાડી દીધો
ધન પ્રાપ્તિમાં નડે ન એવો... સગવડિયો કરી દીધો
જીવવું એવી રીતે જાણે... કદીયે ના મરવાનો. પાપ...૩

## પાપ બધાથી થાય છે...

પાપ બધાથી થાય છે, પાપ બધાથી થાય છે,
કિન્તુ કોઈ કોઈ જ વિરલા પાપ કરી પસ્તાય છે. પાપ...૧

સ્થુલિભદ્ર નંદીષેણે, ગણિકાના સંગ કીધાં
રંગ રાગમાં ડૂબી જઈને, જામ વિષયના પીધાં
કિન્તુ પશ્ચાતાપ કરીને, મુક્તિ પહોંચી જાય છે... પાપ...૨

પશ્ચાતાપ હશે જો દિલમાં, પાપને બાળી દેશે
અગ્નિ પરીક્ષા દઈને અંતર, શુદ્ધ બનાવી દેશે
દોરી ઉપર નાચ કરંતા, ઈલાચી તરી જાય છે... પાપ...૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## વિભાગ - ૮

### ટોપમોસ્ટ હિન્દી ભક્તિ ગીતો



### યહ હૈ પાવનભૂમિ

યહ હૈ પાવનભૂમિ, યહાં બાર-બાર આના,
આદિનાથ કે ચરણો મેં, આકર કે ઝુક જાના... યહ હૈ...૧
તેરે મસ્તકે મુકુટ હૈ, તેરે કાનોં મેં કુંડલ હૈ,
તું તો કરૂણાસાગર હૈ, મુઝ પર કરૂણા કરના... યહ હૈ...૨
તેરા તીરથ સુંદર હૈ, હમેં પ્રાણો સે પ્યારા હૈ,
મેરી વિનતી સુનલે નાથ, બેડા પાર લગા દેના.. યહ હૈ...૩
તું જીવનસ્વામી હૈ, તું અંતર્યામી હૈ,
મેરી નૈયા ડૂબ રહી, નૈયા કો તિરા લેના... યહ હૈ...૪
તેરી મનોહર મૂરત હૈ, મેરે મનકો લુભાતી હૈ,
પ્રભુ મેરી ભક્તિ કો, સ્વીકાર તું કર લેના... યહ હૈ...૫

### મેરે સર પર રખ દો

મેરે સર પર રખ દો પ્રભુજી, અપને યે દોનો હાથ
અરે દેના હો તો દીજીયે જનમ જનમ કા સાથ
તેરા અહેસાન હોગા, તેરા ઉપકાર હોગા...૧
સુના હૈ તુમ તો શરણાગત કો, અપને ગલે સે લગાતે હો[૨]
ઐસા હમને ક્યા માંગા જો, દેને સે ગભરાતે હો[૨]
લોહી તણાં આ બુંદે બુંદે, શાસન પ્રેમ વધારું...તેરા...૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## નામ હૈ તેરા તારણહારા

નામ હૈ તેરા તારણહારા, કબ તેરા દર્શન હોગા,
જિનકી પ્રતિમા ઈતની સુંદર, વો કિતના સુંદર હોગા.[૨]

તુમને તારે લાખોં પ્રાણી, યે સંતો કી વાણી હૈ[૨],
તેરી છબી પર મેરે ભગવન, યે દુનિયા દીવાની હૈ[૨],
ભાવ સે તેરી પૂજા રચાઉ[૨], જીવન મેં મંગલ હોગા... **જિનકી...૧**

સુરવર મુનિવર જિનકે ચરણે નિશદિન શીશ ઝુકાતે હૈ[૨],
જો ગાતે હૈ પ્રભુ કી મહિમા, વો સબ કુછ પા જાતે હૈ[૨],
અપને કષ્ટ મિટાને કો[૨] તેરે ચરણોં મેં વંદન હોગા. **જિનકી..૨**

મન કી મુરાદે લેકર સ્વામી, તેરે શરણ મેં આયે હૈ[૨],
શ્રી જૈન મંડલ કે બાલક, તેરે હી ગુણ ગાતે હૈ,
ભવસે પાર ઊતરને કો[૨] તેરે ગીતોં કા સરગમ હોગા...૩

## મેરા જીવન તેરે હવાલે

મેરા જીવન તેરે હવાલે પ્રભુ ઈસે, પલ પલ તુંહી સંભાલે[૨],
ભવસાગર મેં જીવન નૈયા, ડોલ રહી હૈ ઓ રખવૈયા[૨],
ઈસે અબ તું આકે બચા લે... **પ્રભુ ઈસે...૧**

મોહ માયા કે બંધન તોડો, હે પ્રભુ અપની શરણ મે લેલો[૨],
ઈસ પાપીકો અપના લે.... **પ્રભુ ઈસે...૨**

યે જીવન ધન તુમસે પાયા, સબકુછ તેરા નાહી પરાયા[૨],
ઈસે સ્વીકારો રખવૈયા,.... **પ્રભુ ઈસે...૩**

---

જબ કોઈ નહીં આતા, મેરે દાદા આતે હૈ,
મેરે દુઃખ કે[૨], દિનો મેં વો બડે યાદ આતે હૈ. **જબ કોઈ...**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આશરા ઈસ જહાં કા...

આશરા ઈસ જહાં કા મિલે ના મિલે
મુજકો તેરા સહારા સદા ચાહિયે...આશરા.

યહાં ખુશીયાં હૈ કમ ઔર જ્યાદા હૈ ગમ
જહાં દેખો વહાં હૈ ભરમ હી ભરમ
મેરી મહેફિલ મેં[૨] શમાં જલે ના જલે
**મુજકો તેરા ઉજાલા સદા ચાહિયે...૧**

મેરી ધીમી હૈ ચાલ ઔર પથ હૈ વિશાલ
હર કદમ પર મુસીબત હૈ... અબ તો સંભાલ
પૈર મેરે થકે હૈ...[૨] ચલે ના ચલે...**મુજકો તેરા...૨**

## ઈતની શક્તિ હમેં દે ના...

ઈતની શક્તિ હમેં દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના.
હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલકર ભી કોઈ ભૂલ હો ના...**ઈતની શક્તિ...**

દૂર અજ્ઞાન કે હો અંધેરે, તૂં હમેં જ્ઞાન કી રોશની દે.
હર બુરાઈ સે બચકર રહે હમ, જિતની ભી દે ભલી જીંદગી દે...
વૈર હો ના કિસી કા કિસીસે, ભાવના મન મેં બદલે કી હો ના...
**હમ ચલે...**

હમ ન સોચે હમે ક્યાં મિલા હૈ, હમ યે સોચે કિયા ક્યાં હૈ અર્પણ...
ફૂલ ખુશીયોં કે બાટે સભીકો, સબકા જીવન ફિર બન જાયે મધુવન..
અપની કરૂણા કા જલ તું બહા કે, કર દે પાવન હર ઈક મન કા કોના...
**હમ ચલે...**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## ઐસા ચિદ્રસ દિયો ગુરુ મૈયા (રાગ : મૈલી ચાદર ઓઢકે...)

ઐસા ચિદ્રસ દિયો ગુરૂમૈયા, પ્રભુ સે અભેદ હો જાઉં મેં,
સબ અંધકાર મિટા દો ગુરૂમૈયા, સમ્યગ્ દર્શન પાઉં મે...ઐસા.૧

પ્રભુ સ્વરૂપ હૈ અગમ અગોચર, કહો કૈસે ઉસે પાઉં મેં,
કરો કૃપા કરૂણારસ સિંધુ, મેં બાલક અજ્ઞાન હું...ઐસા.૨

શિવરસ ધારા વરસાવો ગુરૂમૈયા, સ્વાર્થ વ્યાધિ મિટાવોરે,
સવિ જીવ કરૂ શાસન રસિયા, ઐસી ભાવના ભાવું રે... ઐસા.૩

સિદ્ધરસ ધારા વરસાવો ગુરૂમૈયા, પરમાતમકો પાઉં મે,
આનંદરસ વંદન કરકે ગુરૂજી, પરમાનંદ પદ પાઉ રે...ઐસા.૪

વિશ્વકલ્યાણી પ્યારી ગુરૂમૈયા, તેરી કૃપા મેં ખો જાઉ મેં,
દો એસા વરદાન ગુરૂજી, તેરે ગુણ કો ધ્યાવું રે...ઐસા.૫

## ઓ મારા ગુરૂદેવ

ઓ મારા ગુરૂદેવ કરો મારું સારું, અંધારું ટાળીને આપો અજવાળું;
જનમજનમનું તોડો મારું તાળું, જેથી હું અરિહાને અંતરમાં ભાળું..ઓ મારા...૧

જોઈ નથી ગુરૂદેવ તુજ સમી માતા, નજરે નિરખતા હું પાયો સુખ શાતા,
કૃપા કરો તો મારું જીવન સુધારું... અંધારું....૨

વ્હાલપ તમારું માનું વાત્સલ્ય ઝરણું,
આજે સ્વીકાર્યું મેં તો આપનું જ શરણું, શરણે રહીને મારું હિત વધારું..અંધારું...૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## શ્વાસોની માળા



શ્વાસોની માળામાં સમરૂ છું તારૂ નામ[૨]
બની જાઉ તારો ગુરુમા, કરૂણાનિધાન[૨] **શ્વાસો...**
સંતોની સેવા કરતો રહુ હું- ચરણોમાં મસ્તક ધરતો રહુ હું[૨]
કરીદે તું જોડી, ગુરુમા ઓ ગુરુમા[૨] **શ્વાસો...**
ઈચ્છા છે મારી તારા જેવો થાઉ- સંયમ સ્વીકારીને મોક્ષે હું જાઉ[૨]
તન-મન મારૂ ગુરુમા તુજ પર કુરબાન[૨] **શ્વાસો...**
કૃપા કરો એવી ખીલે સત્વ મારૂ- છોડીને જંજાળો બની જાઉ તારો[૨]
જે દિન હું વિસરૂ તુજને છુટે મારા પ્રાણ[૨] **શ્વાસો...**
ઝાલો મારો હાથ હું ભટકી ન જાઉ- સુખોમાં રત તુજને વિસરી ન જાઉ[૨]
તારો સમજી મુજને આપી દે ચરણોમાં સ્થાન[૨] **શ્વાસો...**
ભક્તોના દિલમાં છે જેનું સ્થાન- ચન્દ્રશેખરવિજયજી જેનું નામ[૨]
શાસનના કાજે કર્યુ છે જીવન કુરબાન[૨] **શ્વાસો...**
ગુરુવર તેરી પરમ કૃપાકા, ઈસ જગમે કોઈ પાર ન આયે
કૃપા કરો કૃપા કરો કૃપા કરો ઓ ગુરુવર

## ગુરુમા તેરે ચરણોં કી

ગુરુમા તેરે ચરણોં કી, મુજે ધૂલ જો મિલ જાએ,
સચ કહતા હુઁ મેરી, તકદીર સંવર જાએ, **ગુરુમા તેરે...**
નજરોસે ગિરના નહિ, ચાહે જો ભી સજા દેના
નજરોસે જો ગિરજાઊ, મુશ્કિલ હૈ સંભલ પાના, **ગુરુમા તેરે...**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુનતે હૈં દયા તેરી, દિન રાત બરસતી હૈ... ૨
એક બૂંદ જો મિલ જાએ તકદીર સંવર જાએ, ગુરુમા તેરે...
મેરા મન બડા ચંચલ હૈ, કૈસે તેરા ધ્યાન ધરું... ૨
જિતના ઈસે સમજાઊં ઉતના હી મચલ જાએ, ગુરુમાં તેરે...
મેરે ઈસ જીવન કી, બસ એક તમન્ના હૈ... ૨
તુમ સામને હો મેરે, ઔર પ્રાણ નિકલ જાએ, ગુરુમા તેરે...



## ગુરુમા તેરે આંસુ કે



ગુરૂમા તેરે આંસુકે, દો બુંદ જો મિલ જોએ,
યહ બુંદકે પાકર કે યહ જીવન બદલ જાએ...૧

એક ભટકે રાહીકો, તુને રાહ બતાયા હૈ,
કિચડમે પડે ફુલ કો, મસ્તક પે ચડાયા હૈં...૨

અજ્ઞાન કે બિસ્તરસે, મુઝે તુને ઉઠાયા હૈ,
ઉપશમ કે આસન પે, અબ તુજને બિઠાયા હૈ...૩

દુર્ગતિ કે દુઃખો મેં, મુઝે ગીરતે બચાયા હૈ,
દુર્લભ માનવભવ કો, અબ સફલ બનાયા હૈ...૪
નજરો કે અમૃત સે, પ્રક્ષાલન કર દેના...૫

તેરી અમૃત વાણીને, સંસાર છુડાયા હૈ,
મહાવીર કે મારગ નેં, મુજે સંત બનાયા હૈ...૬

તેરે વત્સલરસો સે, મેરે વિષય સફા કરના,
તેરે કૃપાભરે જલ સે, મેરે કષાય દફા કરના...૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# ગુરુદેવ...! ઓ ગુરુદેવ...!





યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા

મારે કરવા છે દર્શન આપનાં,
કરું છું પ્રેમે વંદના[૨]...ઓ ગુરુદેવ...!
જૈન જગતમાં વાજાં વાગે, ડંકો શાસનનો ગાજે
દૂર દૂરથી અમે આવ્યા છીએ, ગુરુમાને મળવા કાજે
આપ મિલનના આનંદ અશ્રુ[૨]... નયનમાં... કરું છું..૧

વિધવિધ ગામમાં આપ વિચરો તોયે, રહો અમ મનમંદિરમાં,
ગુરુની આણા દિલમાં ધારી, રહીએ આ જીવનમાં,
શશી રવિ પરે વાત્સલ્ય આપનું[૨] રહે સદા.. .કરું છું..૨

ગૌતમ ને મળિયા વીર પ્રભુ એવા તારક અમોને મળિયા,
શમણું આપનું પૂરણ કરીશું, બનશું શાસન રખવાળા...
શક્તિ અમોને દેજો એવી,[૨] કૃપાળુ... કરું છું..૩

માગું છું આશિષ આપના... ગુરુદેવ...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## ગુણરત્નસૂરિજી કો માના



ગુણરત્નસૂરિજી કો માના, ગુરુવર ચરણો કા મૈં દીવાના,
નાતા હૈ યે ભક્ત કા પુરાના, **ગુરુવર ચરણોં કા મૈં દીવાના...૧**

પિતા હીરાચંદ માતા મનુબાઈ, જિતેન્દ્રસૂરિકે છોટે હૈ ભાઈ,
પાદરલી કા ભાગ્ય ખિલાના... **ગુરુવર...૨**

હૈ પ્રેમસૂરીશ્વર ગુરુઓ મેં ગુરુવર, ભુવનભાનુ જિતેન્દ્ર કૃપા કર,
ભક્તિ કા યહ જામ પિલાના... **ગુરુવર...૩**

યે પાનમસાલા હૈ મોત મસાલા, સિગરેટ ઔર બીડી હૈ કેન્સર કી સીડી,
હમકો ટીવી જલદી છુડાના, હમકો ઈનકી સોગંદ દિલાના. **ગુરુવર...૪**

સંસાર કો છોડો, ઈન કર્મો કો તોડો, મુક્તિ મંજિલ મેં યે મુખડે કો મોડો,
હમકો ઓઘા જલદી દિલાના, રશ્મિકા યહ ગીત બજાના
થોડી થોડી તાલી બજાના, સોયા મેરા આતમ જગાના... **ગુરુવર...૫**

## થોડા ધ્યાન લગા

(રાગ : એક તેરા પ્યાર)

થોડા ધ્યાન લગા, ગુરુવર દોડે ચલે આયેંગે થોડા ધ્યાન લગા[2]
ગુરુવર દોડે દોડે આયેંગે, તુજે ગલે સે લગાયેંગે
અખિંયા મનકી ખોલ[2] તુજકો દર્શન વો કરાયેંગે[2]... તુજે ગલે સે...**થોડા ૧**
કૃપા કી છાયા મેં તુજકો બિઠાયેંગે કહા તુમ જાઓંગે
ઉનકી દયા દૃષ્ટિ જબ જબ પડેગી તુમ યે ભવ તર જાઓગે
હો...હો...ઓ ઐસા હૈ વિશ્વાસ[2] મનમેં જ્યોત વો જલાયેંગે તુજે...**થોડા ૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## ગુરૂ પ્રેમરોગ હૈ



ગુરૂ પ્રેમરોગ હૈ,[2]
જીસે લગ ગયા સમજ પ્રભુ સંગ યોગ હૈ,... **ગુરૂ.૧**
ગુરૂ જ્ઞાન મિલતા નહી મોલ સે, ગુરૂ પ્રેમ મિલતા નહી તોલ સે,
શ્રદ્ધા રહે ધીરજ રહે તો, ખુદ હી આગે યોગ હૈ,... **ગુરૂ.૨**
ગુરૂ મીલ ગયે મુઝકો હરી મીલ ગયે, ચમન સે લગા જૈસે ફુલ ખીલ ગયે,
હરશ્વાસ મેં જબ વો બસે તો, ખુદ હી લાગે યોગ હૈ,... **ગુરૂ.૩**
મેરે સત્ગુરૂ મેરે ભગવાન હી તું, મુજ મેં સમાયા હૈ બનકર ગુરૂ,
તું મુજ મેં હૈ મેં તુજ મેં હું તો, ખુદ હી લાગે રોગ હૈ,... **ગુરૂ.૪**
ગુરૂ દિવ્ય દૃષ્ટી જો મુઝ પર પડે, સજાગ હુઈ જીંદગી હરપલ હરઘડી,
ગુરૂ કે સંગ કીયા સત્સંગ તો, છુટે માયા રોગ હૈ,... **ગુરૂ.૫**

## મોહે લાગી લગન

મોહે લાગી લગન ગુરુચરણકી,[3]
ચરણ બિના મોહે કછુ નહી ભાવે, જગ માયા સબ સપનન કી...**મોહે ૧**
ભવસાગર સબ સુખ ગયોરે, ફીકર નહીં મોહે તરણન કી...**મોહે ૨**
મીરાં "કે" પ્રભુ ગીરધરનાગર, આશ ગ્રહી ગુરુ શરણનકી...**મોહે ૩**

## ચરણોમે તેરે રહ કર ભગવન્

ચરણો મેં તેરે રહકર ગુરુવર પ્યાર હી પ્યાર મીલા
શ્રધ્ધા સે જબ પુજા કી મેંને બ્રહ્મ કા જ્ઞાન મીલા...**ચરણો મે તેરે...૧**
તુમ સંગ કૈસી પ્રીત લગીથી છુટા જગ મુજસે
જાદુ તુને ઐસા કીયા કી છુટા જગ મુજસે
બંધન સારે તૂટ ગયે જબ તુને બાંધ લિયા... **ચરણો મે તેરે...૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વિભાગ - ૧૦





# વૈરાગ્ય સભર દીક્ષા પ્રસંગના ગીતો

## જા સંયમ પંથે દીક્ષાર્થી

જા સંયમ પંથે દીક્ષાર્થી... તારો પંથ સદા ઉજમાળ બને,
જંજીર હતી જે કર્મોની, તે મુક્તિની વરમાળ બને...જા સંયમ.

હોંશે હોંશે તું વેશ ધરે, તે વેશ બને પાવનકારી,
ઉજ્જવળતા એની ખૂબ વધે, જેને ભાવથી વંદે સંસારી,
દેવો પણ ઝંખે દર્શનને, તારો એવો દિવ્ય દેદાર બને..જા..૧

જે જ્ઞાન તને ગુરુએ આપ્યું, તે ઊતરે તારા અંતરમાં,
રગરગમાં એનો સ્રોત વહે, તે પ્રગટે તારા વર્તનમાં,
તારા જ્ઞાનદીપકના તેજ થકી આ દુનિયા ઝાકઝમાળ બને.જા...૨

વીતરાગતણાં વચનો વદતી, તારી વાણી હો અમૃતધારા
જે મારગ ઢૂંઢે અંધારે, તારાં વેણ કરે ત્યાં અજવાળા,
વૈરાગ્ય ભરી મધુરી ભાષા, તારા સંયમનો શણગાર બને..જા.૩

જે પરિવારે તું આજ ભળે, તે ઉન્નત હો તુજ નામ થકી,
જીતે સહુનો તું પ્રેમ સદા, તારા સ્વાર્થ વિહોણા પ્રેમ થકી,
શાસનની જગમાં શાન વધે, તારા એવા શુભ સંસ્કાર બને.જા..૪

અણગારતણાં જે આચારો, તેનું પાલન તું દિનરાત કરે,
લલચાવે લાખ પ્રલોભન પણ... તું ધર્મતણો સંગાથ કરે,
સંયમનું સાચું આરાધન, તારા તરવાનો આધાર બને.જા..૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# સાધનાના પંથે આજે



(રાગ : સાથિયા પુરાવો...)

સાધનાના પંથે આજે, એક ઊંચો આતમ જાય,
**આજ એને આપીએ અંતરના રૂડા આશીર્વાદ**
વહેલી વહેલી મળજો એને મુક્તિની મંઝિલ[૨]...૧

જ્યાં જુઓ ત્યાં લોકો આજે સુખનાં સાધન માંગે છે
ને દુ:ખથી છેટા ભાગે છે,
વિરલા કોઈ નીકળે છે જે સુખ સામગ્રી ત્યાગે છે
ને કષ્ટ કસોટી માંગે છે,
વડલાનો છાંયો છોડીને[૨], રણના રસ્તે તપવા જાય..**આજ.૨**

ધર્મ તણાં મારગમાં જાતા લોકો હાંફી જાય છે
ને વચમાં બેસી જાય છે,
અભિનંદન એ આત્માને જે વીરની સફરે જાય છે ને હોંશે હોંશે જાય છે,
નાનું એવું બાળક જાણે[૨] મોટો ડુંગર ચઢવા જાય..**આજ..૩**

રાગ-દ્વેષના આ દરિયામાં કેઈક જીવો ખેંચાય છે
ને અધવચ્ચે ડૂબકાં ખાય છે,
એ આત્માને વંદન હો જે સમયે ચેતી જાય છે ને ડુબતાં ઊગરી જાય છે,
સંયમનો સથવારો લઈને[૨] ભવનો સાગર તરવા જાય.. **આજ.૪**

## : ધૂન :

જયજય કાર[૨] શ્રમણ ધર્મનો જય[૨]કાર, જયજયકાર[૨] ત્યાગ માર્ગનો જય[૨]કાર.
જયજયકાર[૨] સંયમ ધર્મનો જય[૨]કાર, જયજયકાર[૨] ચારિત્ર્ય માર્ગનો જય[૨]કાર.
જયજય કાર[૨] વીરતી ધર્મનો જય[૨]કાર, જયજયકાર[૨] મોક્ષ માર્ગનો જય[૨]કાર.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ક્યારે બનીશ હું સાચો રે સંત

ક્યારે બનીશ હું સાચો રે સંત, ક્યારે થશે મારા ભવનો રે અંત...
લાખ ચોરાશીના ચોરે ને ચૌટે, ભટકી રહ્યો છું મારગ ખોટે[२],
ક્યારે મળશે મુજને મુક્તિનો પંથ, ક્યારે થશે ?...૧

કાળ અનાદિની ભૂલો છૂટે ના, ઘણુયે મથું તોયે પાપો ખૂટેના[२],
ક્યારે તૂટશે એ પાપોનો તંત, ક્યારે થશે ?...૨

છ કાય જીવની હું હિંસા રે કરતો, પાપો અઢારે જરી ના વિસરતો[२],
મોહ માયાનો હું તો રટતો રે મંત્ર, ક્યારે થશે ?...૩

પતિત પાવન પ્રભુજી ઉગારો, રત્નત્રયી નો હું યાચક તારો[२],
ભક્ત બની મારે થાવું રે મહંત, ક્યારે થશે ?...૪

## રૂડા રાજમહેલને ત્યાગી...

રૂડા રાજમહેલને ત્યાગી, પેલો ચાલ્યો રે વૈરાગી,
એનો આતમ ઊઠ્યો છે આજ જાગી[२] રૂડા..૧

નથી કોઈ એની એની રે સંગાથે, નીચે ધરતીને આભ છે માથે,
એ તો નીકળ્યો છે ખાલી હાથે[२] રૂડા...૨

એનો આતમ બન્યો છે બડભાગી, એને સંયમની તલપ છે લાગી,
એનો આતમ બન્યો છે મોક્ષગામી... રૂડા...૩

ધૂન : હોજો જયજયકાર વીરાત્માનો હોજો જયજયકાર
જિનશાસનમાં જનમ લઈને સફળ કીધો અવતાર.

## સંયમ જીવનનો લીધો...

સંયમ જીવનનો, લીધો મારગડો, પ્રભુ તારા જેવા થાવાને...
દુ:ખના ડુંગર તૂટી પડે પણ, કર્મોના બંધન તૂટે છે ત્યારે[२],
લીલા લહેર છે પ્રભુના પંથે, મોક્ષના માર્ગે જાવાને... સંયમ...


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# જેના રોમ રોમથી



જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા, ...આ છે અણગાર અમારા
દુનિયામાં જેની જોડ જડે ના, એવું જીવન જીવનારા.. આ.છે..૧

સામગ્રી સુખની લાખ હતી... સ્વેચ્છાએ એણે ત્યાગી[૨],
સંગાથ સ્વજનનો છોડીને... સંયમની ભિક્ષા માંગી[૨],
દીક્ષાની સાથે પંચમહાવ્રત... અંતરમાં ધરનારા. આ.છે..૨

ના પંખો વીંઝે ગરમીમાં.. ના ઠંડીમાં કદી તાપે,
ના કાચા જળનો સ્પર્શ કરે... ના લીલોતરીને ચાંપે[૨],
નાનામાં નાના જીવોનું પણ.... સંરક્ષણ કરનારા. આ.છે..૩

જૂઠ બોલીને પ્રિય થવાનો... વિચાર પણ ના લાવે,
યા મૌન રહે યા સત્ય કહે... પરિણામ ગમે તે આવે[૨],
જાતે ન લે કોઈ ચીજ કદી... જો આપે તો લેનારા ! આ.છે..૪

ના સંગ કરે કદી નારીનો... ના અંગોપાંગ નિહાળે,
જો જરુર પડે તો વાત કરે... પણ નયનો નીચા ઢાળે[૨],
મનથી વાણીથી કાયાથી... વ્રતનું પાલન કરનારા. આ.છે..૫

ના સંગ્રહ એને કપડાંનો... ના બીજા દિવસનું ખાણું,
ના પૈસા એની ઝોળીમાં...ના એના નામે થાણું[૨],
ઓછામાં ઓછાં સાધનમાં... સંતોષ ધરી રહેનારા. આ.છે..૬

ના છત્રધરે કદી તડકામાં... ના ફરે કદી વાહનમાં,
મારગ હો ચાહે કાંટાળો... પહેરે ના કંઈ પગમાં[૨],
હાથેથી સઘળા વાળ ચૂંટે... માથે મુંડન કરનારા. આ.છે..૭
કલ્યાણ જીવોનું કરવા કાજે... વિચરે દેશ વિદેશે,
ના રાયરંક કે ઊંચનીચ... સરખા સૌને ઉપદેશે[૨],
અપમાન કરો યા સન્માનો... સમતાભાવે રહેનારા. આ.છે..૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## સાધુ બને કોઈ

(તર્જ : જબ હમ જવાં હોંગે)



સાધુ બને કોઈ, સંસારને છોડી,
એવા વિરાગીનું બધા બહુમાન કરે છે, **સન્માન કરે છે.સાધુ...૧**

આશા એના અંતરની ફળવાની છે,
માળા એને મુક્તિની મળવાની છે,
એ મુક્તિગામીને સહુ ફૂલહાર કરે છે, **સન્માન કરે છે.સાધુ...૨**

ઉજ્જવળ જેણે કુળ બનાવ્યું પોતાનું,
જન્મભૂમિને સ્થાન બનાવ્યું શોભાનું.
એ ધન્ય આત્માના બધા ગુણગાન કરે છે, **સન્માન કરે છે.સાધુ...૩**

## યૌવનવયમા

(તર્જ : સોલહ બરસ કી)

યૌવનવયમાં સુખ છોડનારા મહાન,
આ કાળમાં સાધુ થનારા મહાન[૨]... **આ કાળમાં...**

યૌવનનું પતન કરાવે એવો છે આ સમય,
વિષયોનું વ્યસન કરાવે એવો છે આ સમય,
આવા સમયમાં સઘળી વાસનાઓ જીતી ને,
મનને વિરાગમાં વાળનારા મહાન.... **આ કાળમાં...૧**

જેણે ગુરુ કનેથી તત્ત્વો ગ્રહણ કર્યા.
શાસ્ત્રોમહીં રહેલાં સત્યો શ્રવણ કર્યા,
ભવમાં ભમાડનારાં કર્મોથી છૂટવાં,
સંયમ ભણી કદમ માંડનારા મહાન... **આ કાળમાં...૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## જિનશાસનમાં જન્મ ધરીને

જિનશાસનમાં જન્મ ધરીને સફળ કીધો અવતાર,
હોજો જયજયકાર...દિવ્યાત્મા... **તવ હોજો જયજયકાર...૧**

પૂર્વ જન્મનાં પુણ્ય પ્રભાવે, કરી સાધના ભારી[૨],
પિતૃ-ભાતૃનાં, નામ દિપાવ્યા, માંની કુખ ઉજાળી[૨],
તરી ગયા સંસાર, વીરાત્મા... **તવ હોજો જયજયકાર...૨**

તનમાં મનમાં રોમરોમમાં, સ્મરણ પ્રભુનું વ્યાપ્યું[૨],
ચંચલ ચિત્તને પ્રભુમયતામાં, સ્થિર કરીને સ્થાપ્યું[૨],
કર્યો અડગ નિર્ધાર... ભવ્યાત્મા- **તવ હોજો જયજયકાર...૩**

માયા મમતા મોહના બંધન, મૂળથી અળગા કિધા[૨],
વાંધા-દંભી દુનિયાના, પળભરમાં ફગાવી દિધા[૨],
સજ્યો સંયમ શણગાર... પૂન્યાત્મા...**તવ હોજો જયજયકાર...૪**

## આ કેશનું લુંચન છે...

(રાગ : યહ હૈ પાવનભૂમિ...)

આ કેશનું લુંચન છે, આ કર્મનું લુંચન છે,
કષાયો છે કાળા, તેનું આ લુંચન છે... **આ કેશનું. ૧**

નરકમાં દુઃખ વેઠ્યા, તિર્યંચમાં દુઃખ વેઠ્યા,
આ તો જિન આણા છે, ભવ દુઃખનું ભંજન છે... **આ કેશનું. ૨**

મહાસત્ત્વના ધારક જે, મહાપુણ્યના ધારક જે,
તે લોચ કરે હોંશે, અવિચલ જેનું મન છે... **આ કેશનું. ૩**

હસતા બાંધ્યા કર્મો, તે રોતા ના છૂટે,
લુંચન કરતા કરતા, પલમાં બંધન તૂટે... **આ કેશનું. ૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## મને વેશ શ્રમણનો મળજો રે



મને વેશ શ્રમણનો મળજો રે, મને વેશ પરમનો મળજો રે,
મહાવિદેહમાં પ્રભુ તારી પાસે, સમોસરણમાં પ્રભુ તારી પાસે,
આજ જનમમાં પ્રભુ તારી પાસે.મને..મને મન શ્રમણનું મળજો રે ²
મમતા, મોટાઈ, મોહમાયાના, બંધન ટળજો રે — મને...૧

પંચ મહાવ્રત પાળુ પાવન, નિર્દોષને નિષ્કલંક,
સમતામાં લયલીન રહેવું, સરિખા રાયને રંક,
આંખ ઈર્યાસમિતે ઢળજો રે... — મને...૨

આઠ પહોરની સાધના કાજે, વહેલી પરોઢે હું જાગુ,
શ્વાસો લેવા માટે પણ હું, ગુરૂની આજ્ઞા માંગુ,
મન ગુરૂઆજ્ઞાએ, ઢળજો રે... — મને...૩

સૂત્ર અર્થને સ્વાધ્યાય સાધી, શાસ્ત્રો સઘળા હું વાચું
જિનવાણીનું પરમ રહસ્ય, પામી અંતર યાચુ,
મારી અજ્ઞાનતા સવિ ટળજો રે... — મને...૪

આહારમાં રસ હોય ન કોઈ, ઘર ઘર ગોચરી ભમવું,
ગામોગામ વિચરતા રહેવું, કષ્ટ અવિરત ખમવું,
મારા દોષો(કર્મો) દૂરે થાજો રે... — મને...૫

આ જીવન અણિશુદ્ધ રહીને, પામુ અંતિમ મંગલ,
સાધી સમાધિ મોક્ષના પંથે, આતમ રહે અવિચલ,
મારી સદ્ભાવનાઓ ફળજો રે... — મને...૬

મને સ્પર્શ પરમનો મળજો રે, મને સ્પર્શ ગુણોનો મળજો રે,
મારી વિનંતી સવિ ફળજો રે... — મને...૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વિરતીધરનો વેશ (ત્રણતાલી)

વિરતીધરનો વેશ પ્યારો પ્યારો લાગે રે,
સંસારીનો સંગ ખારો ખારો લાગે રે... વિ.૧
જિનાજ્ઞા ગુર્વાજ્ઞા મારે હૈયે વસાવું રે,
એ બંને ને પામી પેલેપાર જાવું રે... વિ.૨

## ગુરુજી ! માગું તમારી

ગુરુજી માંગુ તમારી પાસ, મારી સંભાળજો એક વાત,
માંગી માંગી ને માંગુ ગુરુજી એટલું
મને ઓઘો જલ્દી આપજો, મારી હૈયાની વિનંતી સ્વીકારજો,
મારા ભવોભવના ફેરા મીટાવજો, મને ઓઘો. ૧

## ભગવાન મેરી નૈયા

ભગવાન મેરી નૈયા ઉસ પાર લગા દેના
અબ તક તો નિભાયા હૈ આગે ભી નિભા લેના
સંભવ હૈ ઝંઝટો મૈં તુજકો ભૂલ જાઉં
પર નાથ મેરે તુમ ભી મુજકો ન ભૂલા દેના. ભગવાન મેરી...

દલ દલ કે સાથ માયા ઘેરે જો મુજે આકર
તુમ દેખતે ના રહેના ઝટ આકે બચા લેના. ભગવાન મેરી...

તુમ દેવ મેં પુજારી, તુમ ઇષ્ટ મેં ઉપાસક
યહ બાત અગર સચ હૈ, સચ કરકે દિખા દેના. ભગવાન મેરી...

## ઓ સંયમસાધક શુરવીરો

ઓ સંયમસાધક શુરવીરો તુજ માર્ગ સદા મંગળ હોજો,
તું કર્મો સાથે યુદ્ધ કરી જય જય મુક્તિમાળા વરજો...૧
સંયમપંથ છે કંટકભર્યો ઉપસર્ગ પરિષહ નો દરિયો,
હૈયામાં હામ ભરી પૂરી નીજ આત્મ સ્વરૂપે લીન રહેજો. તું કર્મો...૨
જિન આણા તણુ પાલન કરજો, ગુરૂભક્તિ ના રસીયા સદા બનજો,
સવિ જીવ પ્રતિ સમભાવ ધરી, તપત્યાગ વિરાગે મન ધરજો. તું કર્મો...૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શ્રી સરસ્વતી વંદના



આ જગતમાં છે દેવદેવી કૈક વિધવિધ રુપમાં,
પણ કોઈ નહિ મુજને દીસે છે, સર્વમાન્ય સ્વરુપમાં
નરપતિ મુનિપતિ ધનપિત પણ તુજને ચાહે સદા,
**મુજ પર બનો સુપ્રસન્ન સરસ્વતી ભવગતી દેવી તમે...૧**

ઐં નમઃ એવો મંત્ર તારો, બીજ મંત્ર ગણાય છે,
ૐ હ્રીં અને ક્લીં બ્લીં તથા શ્રી જોડી જેહ ગણાય છે;
સ્વર રહિત હસકલ હ્રીં સહિત ઐં નમઃ એ મહામંત્ર છે. **મુજ પર...૨**

મા સરસ્વતી તુજ નામને, જપનાર જગમાં છે ઘણાં,
હું પણ જપું તુજ નામને, સન્મુખ થઈ એકલ મના,
વરદાન દો મુજ જ્ઞાનલક્ષ્મી, વૃદ્ધિ પામે સર્વદા. **મુજ પર...૩**

કવિજન હૃદયમાં વાસ કરતી, કાવ્યશક્તિ તું જ છે,
વક્તૃત્વ શક્તિ પ્રદાન કરવા, સર્વથા તું સમર્થ છે;
સૂરિમંત્ર જાપે પ્રથમ વિદ્યાપીઠની અધિષ્ઠાયિકા. **મુજ પર...૪**

સૂરિ હેમચન્દ્ર અને વળી, હરિભદ્ર મુનિસુંદર સૂરિ,
બપ્પભટ્ટી સૂરિ યશોવિજય વાચક, વૃદ્ધવાદી મહાસૂરિ;
રામચન્દ્રસૂરિ પણ મંત્ર જાપે, સિદ્ધ સારસ્વત બન્યાં. **મુજ પર...૫**

નિર્ગ્રંથ મુનિગણ લક્ષ્મીને, આરાધ્ય રુપે ના ગણે,
એ પણ ધરે હૃદયે સરસ્વતી, ભગવતી તુજ ધ્યાનને;
આરાધ્ય રુપે વિવિધ મંત્રે, સાધના સહુ તુજ કરે. **મુજ પર...૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુજ હાથમાં રમતી સદા, જપમાલિકા જોયા કરું,
તુજ હાથમાં મહાશાસ્ત્ર ગ્રંથો, જોઈને હરખ્યાં, કરું,
તુજ હાથ વીણા પર ફરે, વળી હંસવાહિની તું દીસે. **મુજ પર...૭**

કરું યાદ જ્યારે આપને, જીભ ઉપર આવી બિરાજજો,
અસ્ખલિત મુજ વાણી તણી, ગંગોત્રી વહેતી રાખજો;
મુજ હૃદયમાં 'મુક્તિકિરણ'ની જ્ઞાનજ્યોત જલાવજો. **મુજ પર...૮**



## હે શારદે મા...

**(સરસ્વતી દેવીની પ્રાર્થના)**



હે શારદે મા...હે શારદે મા, અજ્ઞાનતાસે હમે તાર દે મા
તું સ્વર કી દેવી... યે સંગીત તુજસે, હર શબ્દ તેરે.... હર ગીત તુજસે
હમ હૈ અકેલે... હમ હૈ અધૂરે
તેરી શરણ મેં હમે પ્યાર દે મા... **હે શારદે મા...૧**

મુનિઓને સમજી, ગુણીઓને જાણી, સંતો કી ભાષા.. આગમો કી વાણી
હમ ભી તો સમજે હમ ભી તો જાને
વિદ્યા કા હમકો અધિકાર દે મા... **હે શારદે મા...૨**

તું શ્વેતવર્ણી કમલ પે બિરાજે, હાથો મેં વીણા મુગટ સર પે છાજે
મન સે હમારે મિટાદે અંધેરા
હમ કો ઉજાલોં કા પરિવાર દે મા...**હે શારદે મા...૩**

---

**હું કરું વિનંતી મા આપને, કે સુધારજો મારી મતિ,**
માતા સરસ્વતી, મા ભગવતી, માતા સરસ્વતી, મા ભગવતી.
ઐં નમઃ જાપ જપે અજ્ઞાન તિમિર નિવારિત,
કરુણામયી ભવતારિણી, શ્રુતજ્ઞાનની છો અધિપતિ માતા...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# વિભાગ - ૧૧

## શિબિર તથા જિનશાસનના શૌર્યવંતા ગીતો




### શાસન ધ્વજવંદન

જૈનં જયતિ શાસનં કી, અલખ જગાના જારી હૈ
હે જિન શાસન ! તું હૈ મૈયા, તેરી હી ફુલવારી હૈ
**વંદે શાસનમ્ જૈનમ્ શાસનમ્, વંદે શાસનમ્ જૈનમ્ શાસનમ્..૧**

હિમાલય સા ઉત્તુંગ હૈ વો, જિન શાસન હમારા હૈ
ગંગાસા નિર્મલ ઔર પાવન, જિનશાસન હમારા હૈ
પતિતોં કો ભી પાવન કરતા, શાસન વો સહારા હૈ
તારણહારા તારણહારા, જિનશાસન હમારા હૈ
દેખો ભૈયા નૌજવાનોં, પાપોં કો ચિનગારી હૈ..**હે.જિન.૨**

રોહિણિયા જૈસા ચોર લુટેરા, ઉસકો તૂને તારા થા
અર્જુનમાલી સા ઘોર પાપી, ઉસકો ભી ઉગારા થા.
ક્રોધી વિષધર ચંડકૌશિક કો, તૂને હી સુધારા થા,
કામી રાગી સ્થૂલીભદ્ર કો, તૂને હી સ્વીકારા થા,
આઓ ઝંડા જિનશાસન કા, ફૈલાને કી બારી હૈ..**હે.જિન.૩**

મિટા દેંગે હસ્તી ઉસકી, જો હમસે ટકરાયેગા,
અહિંસા કી ટક્કર મેં દેખો, હિંસા નામ મીટ જાયેગા,
ગલી-ગલી ઔર ગાંવ ગાંવ મેં, બચ્ચા બચ્ચા ગાયેગા,
વીર પ્રભુકા શાસન પાકર, મુક્તિ સુખ કો પાયેગા,
દુઃખી દુનિયા મુક્ત બનેગી, શાસન કી બલિહારી હૈ.**હે.જિન.૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ના સમઝો તુમ કાયર હમકો, શેરો કે ભી શેર હૈ.
ન્યોચ્છાવર કર દેતે તન-મન, વીરો કે ભી વીર હૈ.
દેવ ગુરુ અપમાન કભી ના, સહતે હમ બલવીર હૈ.
પ્રાણ ફના હો જાયે ચાહે, મરને કો ભડવીર હૈ.
જિનશાસન કા ઝંડા ઊંચા, લહરાઓ તૈયારી હૈ..

વિશ્વ શાંતિ ફૈલાને વાલા, જૈન ધર્મ હમારા હૈ,
શાંતિ માર્ગ દિખલાને વાલા, જૈન ધર્મ હી પ્યારા હૈ,
વિશ્વ ધર્મ કહલાયે સો હી, જૈન ધર્મ સિતારા હૈ,
પ્રાણી માત્ર કા ચંદા સૂરજ, જૈન ધર્મ હમારા હૈ,
ગર્વ સે કહો દોસ્તો મિલ હમ, જિનશાસન પૂજારી હૈ..

સુદીગ્યારસ વૈશાખમાહકી, ધ્વજવંદન સબ કરલો તુમ
મૈત્રીભાવ કો દિલ મેં બસાકર, શત્રુ ભાવ મિટાઓ તુમ,
પ્રાણીમાત્ર કો ગલે લગાકર, મુક્તિ માર્ગ બતાઓ તુમ,
સૂરિગુણરત્ન કી રશ્મિ પાલો, જનમ જનમ સુખ પાઓ તુમ,
હૈ જિનશાસન ! તુઝ કો વંદન, તેરા ધ્વજ જયકારી હૈ.



## મહાવીર કે સંતાન હૈ હમ




મહાવીર કે સંતાન હૈ હમ, મહાવીર કે અનુયાયી હૈ,
સારે જગમેં વીર પ્રભુ કા, શાસન જયજયકાર હૈ...જૈનં શાસનમ્.૧

સભી જીવો કી રક્ષા કરના, મહાવીર કા આદેશ હૈ,
ક્ષમા હમારા ધર્મ હૈ ઔર દયા હમારા કર્મ હૈ...જૈનં શાસનમ્.૨

હમ સબ જૈની એક હૈ, મહાવીર કે સંતાન હૈ,
અહિંસા મેરા પ્રાણ હૈ, સંયમ તપ મેરા જીવન હૈ..જૈનં શાસનમ્.૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## ઓ વીર તારું શાસન...



ઓ વીર ! તારું શાસન મુજને... પ્રાણ થકી પણ પ્યારું
તારા શાસન કાજે જીવી ફીટવાની હિંમત ધારું
જૈનં જયતિ શાસનમ્...(૨)

વૈશાખ સુદિ અગિયારસ દિવસે શાસન સ્થાપ્યું તેં તો
ભવ તરવા કાજે એ નાવડું તરતું મૂક્યું તેં તો
જન્મ્યા અમે જિનશાસન માંહી, ગૌરવ એનું ધારું.. તારા...૧

ચોર લૂંટારું ડાકુ તર્યા, તારા આ શાસનથી
આશા છે નિશ્ચય અમે તરશું, ભીમ ભયંકર ભવથી
લોહી તણાં આ બુંદે બુંદે, શાસન પ્રેમ વધારું... તારા...૨

તુજ શાસનની રક્ષા કાજે, કુરબાની છે મારી
અંગે અંગે વ્યાપી ગઈ છે, જિનશાસન ખુમારી
પ્રાણ અમારો ઋણ તમારું, હે વીર ! શાસન તારું... તારા...૩

વિષયો કેરી આગને ઠારે, શાસનરૂપી પાણી
પાપીને પણ પુનિત કરતી, વીરની મધુરી વાણી
રગરગમાંહી નસનસ માંહી, વસજો શાસન તારું... તારા...૪

જુગજુગ સુધી જગહિત કાજે, જીવો આ જિનશાસન
એનાં ચરણે ધરશું અમે આ, તનમન ને આ નરજીવન
શાસન કેરી જ્યોતિ કાપે, પાપતણું અંધારું... તારા...૫

શાસનકેરી ભક્તિ કરતાં, દેહ ભલે છૂટી જાતો
મોત મળે શાસન ખાતર તો, અંગે હરખ ન માતો
જયવંતુ જિનશાસન પામી, લાગે જગ આ ખારું... તારા...૬


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org





## વીર બાળકો...

વીર બાળકો.... વીર બાળકો.... વીર બાળકો !
જિનશાસનને વંદન કરતાં આનંદ અતિ ઊભરાય...
એની રક્ષા કરવા કાજે જીવન અર્પણ કરીએ... **વીર બાળકો[3]...૧**
સ્વનું જીવન પ્રથમ આપણે, શુદ્ધિયુક્ત કરશું[2]...
પછી મૈત્રી ને ભક્તિના દાવે, વિશ્વમાત્રમાં ફરશું[2]...
જિનશાસનની દિવ્ય ધજાને ગગને લહેરાવીએ... **એની રક્ષા..૨**
સાચા છે વીતરાગ ને, સાચી છે એની વાણી[2]
આધાર છે પ્રભુઆજ્ઞા, ને બાકી ધૂળધાણી[2]
એ જીવન મંત્ર છે આપણો, ચાલો મંત્રિત થઈએ... **એની રક્ષા...૩**



## ગાજે રે ગાજે



(રાગ : મેરે દેશ કી ધરતી)
ગાજે રે ગાજે, ગાજે રે ગાજે[2]...
મહાવીરનું શાસન ગાજે, મારા વીરનું શાસન ગાજે[2]... ગાજે રે ગાજે[4]...૧
આ દુઃષમકાળની કાળરાત્રિમાં જયજયકાર મચાવે
મહાવીરનું શાસન ગાજે, મારા વીરનું શાસન ગાજે... ગાજે રે ગાજે[4]...૧
પાવનકારી તીર્થભૂમિઓ, જિનબિંબોને જિનાલયો[2]...
સોહે જગમાં પુણ્યભૂમિઓ, જિનાગમો વળી ઉપાશ્રયો[2] ગાજે...૨
જિન શાસનની રક્ષા કરતાં, આચાર્યો સંઘ ધોરી છે[2]...
મુનિગણમાતા પ્રવચનમાતા[2], ઉપાધ્યાય ઉપકારી છે[2]...૩
જ્ઞાન ધ્યાનમાં મસ્ત મુનિઓ, મોહરણે ટંકાર કરે[2]...
વિરતિસંગી શાસનરંગી[2], જિનભક્તો જયકાર કરે[2]..ગાજે...૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# આ વાત કદી ના ભૂલાય



આ વાત કદીના ભુલાય[૨] જય અરિહંત બોલો[૨], જય મહાવીર[૨].

ઊઠી સવારે હાથ જોવાય, ચોવીશ પ્રભુનાં દર્શન કરાય,
હાથ જોડી આઠ નવકાર ગણાય... **આ વાત...૧**

ઉપકારીનું સ્મરણ કરાય, માત-પિતાને નમન કરાય,
મંદિરિયે પ્રભુ દર્શન કરાય... **આ વાત...૨**

નવકારશીએ પચ્ચક્ખાણ પરાય, મુઠ્ઠીવાળી ત્રણ નવકાર ગણાય,
રોજ ઉકાળેલું પાણી પીવાય. **આ વાત...૩**

ખાતાં ખાતાં કદી ના બોલાય, ખાતાં ખાતાં કંઈ ના વંચાય...
મનફાવે તેમ કદી ન ખવાય. **આ વાત...૪**

નાહી ધોઈને દેરાસરે જવાય, ચાંદલો કરી પ્રદક્ષિણા દેવાય,
કેસર ઘસી પ્રભુની પૂજા કરાય... **આ વાત...૫**

પૂજા કરીને આંગી રચાય, ધૂપ કરીને દીપક કરાય,
સાથિયો કરી નૈવેદ-ફળ ધરાય. **આ વાત...૬**

(અગ્ર) પૂજા કરી ચૈત્યવંદન કરાય, નવા નવા સ્તવન બોલાય,
પછી સારો સંકલ્પ (અભિગ્રહ) કરાય... **આ વાત...૭**

(ભાવ) પૂજા પછી ગુરુને વંદન કરાય, વંદન કરીને શાતા પૂછાય,
ગોચરી માટે ઘેર લઈ જવાય... **આ વાત...૮**

વ્યાખ્યાન-વાણી રોજ સંભળાય, લેશન કરીને સ્કૂલે જવાય...
ટીચરનો પણ વિનય કરાય... **આ વાત...૯**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org






રાત્રિ ભોજન કદી ના કરાય, નરકનું પહેલું દ્વાર કહેવાય,

કાંદા-બટેટા કદી ન ખવાય... **આ વાત...૧૦**

બેઠા બેઠા જમે તે માણસ કહેવાય, ઉભા ઉભા ખાય તે ભેંસ કહેવાય,

દ્વિદળ અભક્ષ્ય કદી ના ખવાય... **આ વાત...૧૧**

ચોકલેટ-કેડબરી કદી ના ખવાય, હોટલ-લારીએ કદી ન જવાય,

ઠંડા-પીણાં કદીના પીવાય... **આ વાત...૧૨**

ટી.વી. વીડિયો કદી ના જોવાય, ડીસ્કો ડાન્સ કદી ન કરાય,

જૂઠ ચોરી કદી ના કરાય... **આ વાત...૧૩**

રોજ પાઠશાળામાં જવાય, નવાં નવાં સૂત્રો ગોખાય,

સારું ભણીને સારા બનાય... **આ વાત...૧૪**

ભાઈ બહેનને કદી ન મરાય, મોટા સામે કદી ના બોલાય,

અપશબ્દો કદી ના બોલાય... **આ વાત...૧૫**

નાની વયે વજસ્વામી બનાય, સાધુ બનવાનું કદી ના ભૂલાય,

કુમારપાળ જેવા ધર્મી બનાય... **આ વાત...૧૬**

"પાપ" કરીએ તો નરકે જવાય, નરકમાં બહુ દુઃખ પમાય,

માટે પાપ જલદી છોડાય... **આ વાત...૧૭**

ધર્મ કરીએ તો પુણ્ય બંધાય, પુણ્યથી સારી ગતિમાં જવાય,

કર્મથી છૂટી મોક્ષે જવાય... **આ વાત...૧૮**

સંસ્કારગીતનો પાઠ કરાય, ગુણરત્નસૂરિજી ના આશિષ પમાય,

તો જ આપણાથી ગ્રેઈટ બનાય... **આ વાત...૧૯**

મુનીશરત્નવિજયજીની નિશ્રા પમાય, બાળકોના હૈયા હરખાય,

આવી શિબિર (સામાયિક)માં ફરી અવાય.... **આ વાત...૨૦**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## કમ કમ કમ કમ જિનેશ્વરા (અંગ્રેજી)

કમ કમ કમ કમ જિનેશ્વરા, ગિવ મી દર્શન આદેશ્વરા,
ઓલવેઝ ડુ આઇ પૂજા સેવા, લવ આઇ આગમ શાસન સેવા ...૧
ઓલ ધીસ ફર્સ્ટ ઓફ સિદ્ધાચલા, ધેર ઈઝ દાદા આદેશ્વરા,
ઓહ ગોડ ઓહ ગોડ દયાલુ દેવા,
વૉન્ટ યોર ચિલ્ડ્રન મોક્ષમેવા, વેલકમ વેલકમ જિનેશ્વરા ...૨

## અંગ્રેજી મેં કહતે હૈ (અંગ્રેજી)

અંગ્રેજી મેં કહતે હૈ કિ, કમ ટુ ટેમ્પલ યુ,
ગુજરાતીમાં કહે છે દેરાસર જાઉં છું,
મારવાડી મેં કહતે હૈ કિ મંદિર જાઉં સા...
ઔર પંજાબી મેં કહતે હૈં સુનોજી,
મંદિર જાના હૈ, દર્શન કરના હૈ, પાર ઊતરના હૈ..હો જી હો..હો...૧
દેખો મંદિર કી બ્યુટી, દુનિયા સારી હૈ જૂઠી,
ઔર કહી ન જાઓ, યહ હૈ તુમ્હારી ડ્યુટી...
દેખો સુંદર યે નાઇટ, કર્મો કો દેના ફાઇટ,
પ્રભુ કી મૂરત હૈ બ્રાઈટ, માય ડીયર યુ આર રાઇટ...અંગ્રેજી મેં ...૨

## એ બી સી ડી (અંગ્રેજી)

એ બી સી ડી ઈ એફ જી, આદીશ્વર અલબેલાજી.
એચ આઈ જે કે એલ એમ એન, પ્રભુ દર્શન કા કરલો નેમ.
ઓ પી ક્યુ આર એસ ટી યુ, ભક્તોં કા રખવાલા તૂ.
વી ડબલ્યુ એક્સ વાઈ ઝેડ, સબ મિલ બોલો જય જય જય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## હે વીર પ્રભુના પુત્રો

(રાગ : એ મેરે વતન કે લોગો)



હે વીર પ્રભુના પુત્રો, એક વાત હૃદયમાં ધરજો,
મહાવીર તણાં શાસનને, બદનામ કદી ના કરજો.
જો થઈ શકે તો રોશન, એનુ નામ જગતમાં કરજો,
પણ વીર તણાં શાસનને, બદનામ કદી ના કરજો. હે...૧

જે જૈન બને વ્યાપારી, એ જૂઠ કદી ના બોલે,
એ ખોટું કદી ન માપે, એ ઓછુ કદી ના તોલે,
ધંધા માં હોય અનીતિ, એનો ત્યાગ તુરંતમાં કરજો. હે...૨

## હે વીર પ્રભુના પુત્રો

હિંસા પીડિત વિશ્વરાહ મહાવીર દે શક્તા હૈ,
પાપો કે દલદલ મેં ફસકર ધર્મ સીશકતા હૈ,
વર્તમાન કો વર્ધમાન કી આવશ્યકતા હૈ...૧

હિંસા કે બાદલ છાયે સંસાર પર, સર્વનાશ કે દુનિયા ખડી કરાર પર,
નહિ શાસ્ત્રો મેં અબ શસ્ત્રો મેં હોડ હૈ, માનવતા રુકી હૈ અપની હાર પર,
મહાવીર હી પથ ભૂલો કો સમજો શકતા હૈ... વર્તમાન...૨

વર્તમાન કે આદર્શો પર ધ્યાન દો, હિતોપદેશો કો અંતર મેં સ્થાન દો,
તુમ કિસ કે વંશજ કિસકી સંતાન હો, હોકર એક ઉસે પુરા સન્માન દો,
પ્રભુ કે નયનો સે કરુણા કા નીર છલકતા હૈ,... વર્તમાન...૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# પ્રભુ પાસે યાચના



સંસારની નિઃસારતા, નિર્વાણની રમણીયતા,
ક્ષણક્ષણ રહે મારા સ્મરણમાં, ધર્મની કરણીયતા;
સમ્યક્ત્વની જ્યોતિ હૃદયમાં, ઝળહળે શ્રેયસ્કરી,
પ્રભુ ! આટલું જનમોજનમ, દે જે મને કરુણા કરી (૧)
સવિ જીવ કરું શાસનરસી, આ ભાવના હૈયે વહું,
કરુણા ઝરણમાં રાતદિન, હું જીવનભર વહેતો રહું;
શણગાર સંયમનો સજું, ઝંખું સદા શિવસુંદરી!પ્રભુ...૨
ગુણીજન વિશે પ્રીતિ ધરું, નિર્ગુણ વિશે મધ્યસ્થતા,
આપત્તિ હો, સંપત્તિ હો, રાખું હૃદયમાં સ્વસ્થતા;
સુખમાં રહું વૈરાગ્યથી દુઃખમાં રહું સમતા ધરી.પ્રભુ...૩
સંકટ ભલે ઘેરાય ને, વેરાય કંટક પંથમાં,
શ્રદ્ધા રહો મારી સદા, જિનરાજ ! આગમગ્રંથમાં;
પ્રત્યેક પલ પ્રત્યેક સ્થલ, હૈયે રહો તુજ હાજરી.પ્રભુ...૪
તારાં સ્તવન ગાવા હંમેશાં, વચન મુજ ઉલ્લસિત હો,
તારાં વચન સુણવા હંમેશાં, શ્રવણ મુજ ઉલ્લસિત હો;
તુજને નિરખવા આંખ મારી, રહે હંમેશાં બહાવરી.પ્રભુ...૫
સંસારસુખનાં સાધનોથી, સતત હું ડરતો રહું,
ધરતો રહું તુજ ધ્યાનને, આંતરવ્યથા હરતો રહું;
કરતો રહું દિનરાત બસ, તારા ચરણની ચાકરી.પ્રભુ...૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવનગરમાં સિધ્ધાચલ છગાંવની ભાવયાત્રામાં ભાવ વિભોર બનેલો ભક્તજન



ગણિપદ પ્રસંગે કલ્પેશ વિ. શાહનું બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ. કુમારપાળ વિ. શાહ દ્વારા કામળિ અર્પણ (અમદાવાદ)... પૂ.આ.ગુણરત્નસુરિજી દ્વારા પન્યાસપદ અર્પણ (સુરેન્દ્રનગર).







સુરતમાં ભાવયાત્રાનો અદ્‌ભુત માહોલ... પં.ભ. દ્વારા સં. ૨૦૫૩ થી સં. ૨૦૬૯ સુધીમાં ૨૨૫ ભાવયાત્રા - વંદનાવલી કાર્યક્રમ સંપન્ન.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હૃદયકમળથી થાય એ પ્રાર્થના

વદનકમળથી થાય એ સ્તવના

કરકમળથી થાય એ વંદના

નયનકમળ સજળ થાય એ સંવેદના..



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org